ईशोपनिषद.

ક્લીઓપૅત્રા.

કરતા

ડી. એન. એલ, જે. બી. વી. સી.

તે

ગંગાબાંણુ—ઓસ્તનો ગુલામ—અનારકલી—કાળાં મેંઢાં

—લૈલા—કૅનૅથ—વીક્ટર આલબમ—ફેરાઉન—

હાબીલ વીગેરે બીજાં પુસતકોના કરતા.

" While yet elate.
With wine, breathed ruin to the Roman state.
Surrounded by a tainted train
Of men, effeminate and vain,
She raved of empire—nothing less—
Vast in her hopes, and giddy with success.

* * * * *

With fearless hands she dared to grasp
The writhings of the wrathful asp,
And suck the poison through her veins,
Resolved on death and fiercer from its pains."—

Horace.

બીજી આવૃતી માટે સોલ એજન્ટસ:—
ડી. લખમીદાસની કું., મુંબઈ,

(આવૃતી બીજી)

કીમત રૂ. ૨—૮.

મુંબઈ,

એપરીલ ૧૯૦૪.

ક્લિયોપૅત્રા.

મિસંર દેશની પ્રખ્યાત રાણી દાખલ આ વાર્તા સાથનો તેનો સંબંધ.

પેહલી આવરતી માટે લખાએલું વિવેચન.

વિવેચન કર્તા—**મી. પાહુલનજી બરજોરજી દેસાઇ.**

"While yet elate.
With wine, breathed ruin to the Roman state.
Surrounded by a tainted train
Of men, effeminate and vain,
She raved of empire—nothing less—
Vast in her hopes, and giddy with success.

* * * * *

With fearless hands she dared to grasp
The writhings of the wrathful asp,
And suck the poison through her veins,
Resolved on death and fiercer from its pains."—
Horace.

કલીઓપૅત્રા ! મહાન **કલીઓપૅત્રા** ! પુરાતન જમાનાની સર જમીનોમાં સર્વેથી પુરાણી ગણાતી અને સર્વેથી સુધરેલી મનાતી મિસર ભૂમિની રૂપસુંદરી **કલીઓપૅત્રા** ! પ્રાચિન કાળની તેજસ્વી બાનુઓમાં બહુવખણાયલી, પણ તેજ વખતે તે પુરાણા કાળની રૂપગુણસુંદરીઓથી તદ્દન જુદીજ કિસમની મનમોહન નાર **કલીઓપૅત્રા** ! આજ બરાબર બે હજાર વરસો પછી અમારી હિંદ સર જમીન ઉપર—અને તેથી આ મુંબઇ

શેહર ગુલઝારની પચરંગી આલમમાં—અને સાથે વળી ગુર્જર જેવી અસંપૂર્ણ ગણાતી ભાષામાં—તારાં કદમની કોણે વકી રાખી હશે? **જુલ્યસ સીઝર** સરખા મહાન રૂમી જોધ્ધાને તેના પાકા અનુભવ છતાં મોહબતની જાળીમા લપેટી લેનાર **કલીઓપૅત્રા**! **માર્ક એન્ટની** જેવા બાહદુર રૂમી લડવૈયા કને રોમની શેહનશાહાતનો લોભ પડતો નખાવી દામે ઉલફતમાં પોતાના ઝુલ્ફની પેચદાર આંકડી વડે ખેંચીને પોતાના પાઉં નીચે સરો-ચસ્મથી હાજર થવાની મનગમતી ફરજ પાડી અંતે તે બીચારાની ઇજત અને જાનના નાશનું કારણ થઇ પડનારં **કલીઓપૅત્રા**! પોતાના મા જણ્યા ભાઇની મોહરદાર બનવા જોડે તેનીજ ખૂની બનવાનો કલંક સરપર ખેંચી લેનાર, હે તું છટેલ, છેકલ, છેલછબીલી **કલીઓપૅત્રા**! અમારી ગરીબડી ગુજરાતી ભાષામાં તારાં નાઝોઅદાનો ચિતાર દોરવામાં આવશે—તારાં એક મકારે ઓરત દાખલનાં ફેલોનો નક્ષ ખેંચવામાં આવશે—તારાં એક મગરૂર શેહનશાહબાનુ દાખલનાં પરાક્રમોનું બયાન આપવામાં આવશે—એમ કોણે વમાસ્યું હશે?

પણ સબર. તારી કહાણીનાં આ પુસ્તકનો આધાર એક રસીલાં ઇંગ્રેજી નૉવેલ ઉપરથી લેવામાં આવ્યો છે, તોપણ તે લેનાર એક પારસી બચ્ચો છે, અને તે પારસીની આખી કોમને અગરજો તારી પોતાની સાથે અંગત સંબંધ નથી તોપણ તારા પુરાણા સ્વદેશ સાથે તો છેજ; અને તેટલા માટે, હે **કલીઓપૅત્રા**! ઓ તું ખુબસુરતીની રાણી! તારાં સ્ત્રી ચરિત્રનું બયાન એક પારસી કલમથી લખાય તો તે કેવળ સ્વભાવિક ગણાય. અમારાં પુરાતન વહાલાં ઇરાન દેશની સરજમીન ઉપર આજ બરાબર હડી હજાર વરસોની વાત ઉપર પહેલવહેલી પારસી પાદશાહાતનો પાયો નાખનાર મહાત્મા **કાઇરસ** અથવા **કુરૂશ** પાદશાહે તારો સ્વદેશ જીતવાની પ્રથમ ઇછા કરી હતી તે પાર નહિ પડવાથી તેના બાહદુર બેટા **કમ્બાઇસીસે** એ તારૂં વતન જીતીને ઇરાનને તાબે કરી લીધું હતું અને ત્યારબાદ તે ઘણાં ઘણાં વરસો સુધી અમારા પુરાતન નેયાગાનોના વાસામાં રહ્યું હતું અગરજો તેજ જમાનામાં તું બી હસ્તી ભોગવી ગઇ હોત તો તું બી અમારી

પારસી પાદશાહાતની એક રૈયત ગણાત—જે મિસાલે કે ઉગમણે હિંદુસ્તાનથી તે આથમણે યુનાન સુધીના તમામ મુલ્કોના રહેવાસીઓ તેજ શેહનશાહાતની પ્રજા ગણાવામાં માન સમજતા હતા;—કે જેવું માન આજે અમે અમારાં બખ્તાવર મહારાણી શ્રી વિજયી **વિકટોરિયા**નાં * રાજ્યમાં તેમની વફાદાર રૈયત દાખલ સુખી અને સંતોષી જીંદગી ગુજારવામાં સમજીયે છિયે, અને મગરૂરી માની લઇયે છિયે. પણ એમ છતાંબી તારી આગમજનાં ત્રણસો વરસો ઉપરનો મિસર દેશ પારસી પાદશાહોને તાબે હતો માટે તારા જેવી મીસરની એક પ્રખ્યાત રાણી તરફ આજનો એક પારસી બચો ખેંચાય, પોતાનાં આ પુસ્તક મારફતે પારસી વાંચક વર્ગને ખેંચે, અને તારી ગમે એટલી ખામીઓ છતાં તારી મોહ પમાડનારી ખુબસુરતી તરફ, અને તે ખુબસુરતીજ તારૂં અકાળ મરણ લાવવાનું કારણ થઇ પડી હતી માટે તારા તે શોકજનક અંત તરફ વાંચનારની દિલસોજી પેદા કરે, એ હું ફરીથી કહું છું કે કેવળ સ્વાભાવિક છે.

એસીર્યા દેશની **સેમિરામિસ** જેવી મહાન બાહદુર રાણીની કથા કલ્પિત છે; તોપણ તે કલ્પિત કહાણીના જોડનારાએ પોતાની સઘળી ચાલાકી છતાં વાર્તાની કડી એવી નથી ગુંથી કે જેની આગળ **કલીઓપૅત્રા**ની ખરી બનેલી કહાણી ઝાંખી પડે. "Truth is stranger than fiction;" **કલીઓપૅત્રા**ની કહાણી **સેમિરામિસ**ની કહાણી કરતાં વધારે સાચી છે એટલુંજ નહિ પણ વધારે અજાયબ જેવી છે. તેની એ નવાઇ જેવી સચાઇનાં વાંચવા જોગ વર્ણનથી પાછવાડેના સફાઓ ભરેલા છે.

હવે આ પુસ્તક શું છે--તેની નેમ શી છે—તેની ખુબી શી છે—તે મારે આ ઠેકાણે ટુંકમાં દર્શાવવું જોઇયે એવી કાંઇ વાંચનાર ખાહેશ દેખાડશે. પણ હું ધારૂં છું કે પાછળા સફાઓમાં જે રસીલી વાર્તા વાંચવામાં આવશે તેમાં આ ગ્રંથની તમામ ખુબીઓ આપોઆપ નજર આવશેજ. માટે આ પુસ્તકમાં જે કાંઇ નથી, અને જે વગર વાર્તાની નાયિકા તથા

---

* મી૦ દેસાઇનું આ લખાન. ૧૬ મી જુન ૧૮૯૭ મા થયલું હતું કે જે વખતે મરહુમ માહારાણી વિકટોરીયા હૈયાત હતાં.

તેણી જોડે સંબંધ ધરાવનારા ઐતિહાસિક પાત્રો વિશે વાંચનારને જે અધુરાપણું લાગે છે, તેજ પૂર્વેણી દાખલ અહીં ટુકમાં ટપકાવી લેવાની જરૂર જોઉં છું, કે જેથી કરીને આ વાર્તા સ્પષ્ટ રીતે સમજવાનું વાંચનારને સહેલ થઇ પડશે.

ક્લીઓપૅત્રા કોણ હતી ?—પહેલાં તો નાયિકા (Heroine) બાબે થોડુંક જ્ઞાન લેવું જોઇએ. જેહ બાનુનું આ વાર્તાને નામ આપવામાં આવ્યું છે તે કોણ હતી ? જ્યારે મહાત્મા **સેકંદરનું** રાજ્ય તેના સરદારોએ વહેંચી લીધું ત્યારે મિસર દેશ **ટૉલેમી લાગુસ** નામે ધણીના હાથમાં આવ્યો. આ શખ્સ **સેકંદરના** બાપ મેસિડનવાળા **ફિલિપનો** એક રાખેલીને પેટનો બેટો હતો. તેની પછી તેના વંશજોએ ઇજીપ્તમાં આસરે ૩૦૦ વરસો સુધી " ટૉલેમી " નાં સામાન્ય નામથી રાજ્ય ચલાવ્યું. એ વંશનો છેલો પાદશાહ **ટાલેમી ઓલેટિસ** નામનો હતો. જેની શાહજાદી તે આપણી વાર્તાની નાયિકા **કલીઓપૅત્રા** હતી. આ રાજા ક્રાઇસ્ત પૂર્વે ૫૧ માં મરણ પામ્યા પછી તેનાં તખ્ત ઉપર, તેના બે સરદારો **પોથિનાસ** અને **એકિલાસે** તેના વડા બેટાને **ટૉલેમી ડાયોનાઇસૉસનાં** નામથી બેસાડયો, તો જોકે મરનાર પાદશાહની નસીહત તો એવી હતી કે આ શાહજાદાએ પોતાની વડી બહેન **કલીઓપૅત્રા** જોડે શાદી કરવી અને બંનેએ સરખી સત્તાથી રાજ્ય ચલાવવું. પણ ઉપલા સરદારો પાદશાહની બાળ વયમાં સઘળો એખ્તિયાર પોતાનાજ હાથમાં રાખવા માંગતા હતા માટે તેઓએ તેની મજકુર બહેનને રાજ્ય વહિવટમાંથી બાતલ કીધી, જે ઉપરથી તે મિસર છોડી સીર્યા ખાતે નાહસી ગઇ અને ત્યાં લશ્કર ભેગું કરી ભાઇ સામે લડાઇ લાવવાની તૈયારી કરવા લાગી.

પોમ્પી અને સીઝર—આ વખતે **જુલ્યસ સીઝર** સાથની ફારસૅલ્યાની લડાઇમાં જબરી શિકસ્ત પામીને રૂમી યોધ્ધો **પોમ્પી** નાસભાગ કરતો ઇજીપ્તમા આવ્યો અને સિકંદરિયા પાયતખ્ત ખાતે ત્યાંના નાના પાદશાહ (ટૉલેમી) નો આશ્રો માંગયો. આ મદદ આપવાને મિસરનો પાદશાહ બંધાયલો હતો, કેમકે તેના બાપને બીજી મરતબે તેનાં તખ્ત ઉપર મુસ્ત-

કીમ કરનાર આ **પોમ્પી** પોતે હતો. પણ પાદશાહના સલાહકારોએ **સીઝરથી** બીહીને **પોમ્પીનું** તેની બાયડીનાં દેખતાંજ ખુન કરી ઉપકારનો બદલો અપકારથી વાળી આપ્યો. હવે પેલી તરફથી **સીઝર** પોતાના શિકસ્ત પામેલા શત્રુ અને જમાઇને શોધતો મિસર તરફ આવી લાગ્યો, જ્યાં તેને શરણે આપણી નાઠેલી શાહજાદી **કલીઓપૅત્રા** ગઇ, જેણીની વય આ વખતે માત્ર ૧૭ વરસની હતી. તેણી અતિ ઘણી રૂપાળી, અને જેઓ ઘણી પોતાની તરફ નજર નાખે તેને એકદમ ખેંચી લે એવી મોહ પમાડનારી હતી. આવી એક રૂપસુંદરીની મોહજાળમાં **સીઝર** લપટાયો, અને તેનાં પેટથી આ કુમારિકાએ એક બેટાને જન્મ આપ્યો. **સીઝરે** હવે આ બંને વઢતાં ભાઇ બેહન **ટૉલેમી** તથા **કલીઓપૅત્રાને** પોતાની દરબારમાં બોલાવી ચુકાદો આપ્યો કે ભાઇએ બેહન સાથ શાદી કરી તેણીને પોતાની રાણી બનાવવી અને રાજ્યવહિવટમાં તેને સરખી સત્તા આપવી. આથી **ટૉલેમીના** સરદારો ઉશ્કેરાયા અને **સીઝર** સામે લડવા ગયા, જેમાં બે મોટી ખરાબી થઇ. એક તો **ટૉલેમી** દરિયામાં ડુબી ગયો તે, અને બીજી વધારે મોટી તો **સેકંદરે** પોતેંજ વસાવેલાં એલેકઝાંડરિયા શેહેર ખાતેનું ગંજાવર પુસ્તકખાનું બળી ગયું તે. કહેછે કે આ પુસ્તકખાનામાં એ વેળાએ ૪,૦૦,૦૦૦ કીમતી ગ્રંથો હતા. **સીઝરે** ઉપલી લડાઇને દરમયાન મીસરી કાફલાને સળગાવી મેળવાથી આ આગ લાગી હતી.

સીઝર મોહબતમાં દીવાનો બને છે—ભાઇનાં મરણથી **કલીઓપૅત્રા** હવે નચિંત થઇ, પણ તેણીનો એક બીજો નાનો ભાઇ હતો, જેને **સીઝરે** નાના **ટૉલેમી** દાખલ તેણી સાથ નામને ખાતર પરણાવી આપ્યો અને તેણીનાં તખ્તનો જોડિયો બનાવ્યો. પણ આ રૂપસુંદરીને તો એકલે હાથે અમલ ચલાવવા ગમતું હતું, માટે તેણીએ પોતાના આ બાળક ભર્તાર અને ભાઇનું ખુન કીધું, કે જેની વય આ વખતે માત્ર ૧૧ વરસની હતી. **સીઝરે** મિસર સાથની ઉપલી ખુનખાર લડાઇમાં ઝીપલાવ્યું અને લાંબી મુદત મિસરના દરિયામાં ગુજારી તેનું મૂળ કારણ **કલીઓપૅત્રા** સાથની તેની મોહબત હતી. આ છટેલ રાણીની મોહમાં લપટાનારા નામીચા

નરોમાં સૌથી મોટો અને સૌથી પેહલો **સીઝર** હતો, કે જેની આ પાપી પ્રીતથી રૂમના હકમાં ઘણી ખરાબી થઇ હતી. **સીઝર** તેણીના ફાંદામાં એટલો બધો ફસ્યો હતો કે આ વાર્તામાં દર્શાવેલા શૂરા નર **એનટનીની** માફક આ મોટો શેહનશાહ પણ તેણીની પાછળ ગોયા દીવાનો બની ગયો હતો. તે તેણી જોડે એશઅશરત અને ખાનપાનમાં આખી આખી રાતો ગુજ્જરતો હતો; અને તેણીને રોમ લઇ જઇ તેણી જોડે શાદી કરીને તેને પોતાની રાણી બનાવવા માંગતો હતો. રૂમીઓ એકજ બાયડી પરણતા હતા, પણ **સીઝરે કલીઓપૅત્રા**ની મોહબ્બતને ખાતર એવો ધારો સેનેટની સભામાં પસાર કરાવવાની ધારણા રાખી હતી કે રૂમીઓએ ગમે એટલી બાયડી પરણવી. એક આપખુદ પાદશાહ સ્વાર્થને થકી શું નહિ કરી શકે!

એનટની સાથની કલીઓપૅત્રાની પાપી પ્રીત—કલીઓપૅત્રાએ જેમ પોતાના નાના ભાઇનો જીવ લીધો તેમ પોતાની **આરસીની** નામે નાની બેહનને પણ તેણીએ મારી નંખાવી હતી. તેણી તરફથી આ ખુન કરનાર **માર્ક એનટની** હતો, કે જેની સાથની આ રાણીની પાપી મોહબતનું કેટલુંક બયાન આ વાર્તામાં જોવામાં આવશે. **સીઝર**નું રોમમાં ખુન થયા પછી ખુનીઓ સામે તેના મિત્ર દાખલ **એનટની**એ લડાઇ ઉઠાવી તેમનો પરાજય કીધો, અને પછી એશિયા માઇનરમાં સીલીસ્યાના પાયતખ્ત ટાર્સસ ખાતે રૂમને તાબેના સઘળા રાજયવંશીઓની એક દરબાર ભરીને તેમાં ઇજીપ્તની સુંદર રાણીને પણ હાજર થવાની તાકીદ ફરમાવી. તેણે તેણી ઉપર આપણી વાર્તામાં જણાવ્યું છે તેવું ઇજીપ્તમાં બલવો ઉઠે એવી રીતનો જુલ્મી રાજકારોબાર ચલાવવાનું નહિ, પણ **સીઝર**ના ખુનીઓ જેવા રોમના શત્રુઓને લશ્કરી મદદ આપવાનું તોહમત મૂકી તેનો જવાબ માંગ્યો. **કલીઓપૅત્રા** દરબારમાં હાજર થઇ ખરી, પણ તેથી પરિણામ શું નિપજ્યું તે આ વાર્તામાં અછી મજાહથી બતાવ્યું છે. આટલી વાત અતરે જાણવા જોગ છે કે **એનટની** પોતે પણ **કલીઓપૅત્રા** જેવોજ વ્યભિચારી અને શીલંપટ હતો. તેણે **જુલ્યસ સીઝર** પછી તખ્તે બેઠેલા તેના ભાણેજ

ઓકટેવ્યસ સીઝર સાથની દોસ્તીના હકમાં તેની બેહન **ઓકટેવ્યા** સાથ શાદી કરીને પોતાની પહેલી ઓરત **ફુલ્વ્યા** ને તર્ક કીધી હતી. પણ જ્યારે પોતે ઇજીપ્તની રાણીના મોહમાં પડયો ત્યારે આ બીજી બાયડી **ઓકટેવ્યા**ને પણ તેણે તરછોડી. આથી **સીઝર** તેના ઉપર છેડાયો, મિસર અને રોમ વચ્ચે બીજી વારની લડાઇ જાગી, અને એક્ટ્યમ ખાતે **એનટની**ની શિકસ્ત થઇ. પણ એ આગમજ તો **એનટની**એ રોમના જીતેલા ઘણાએક પ્રાંતો પોતાની માશુકને આપી દીધા હતા. તે તેણી ઉપર એટલો ફિદા હતો કે તેણીને રોમના તાબામાં રાખવાને બદલે રોમની બરાબરી કરનારી હરીફ જેવી તેને બનાવી દીધી હતી. તેણીને ખાતર તેણે રોમના નવા **સીઝર**ની અને ત્યાંની આખી રાજસભાની ખફગી ખેંચી લીધી, એટલુંજ નહિ પણ પોતે જે એક પાદશાહ જેવો કાબુ ધરાવતો હતો તે પણ એક ઓરતને ખાતર તેણે છોડી દીધો. પાપી પ્રીતનું પરિણામ હમેશાં બુરૂંજ હોય છે.

કલીઓપૅત્રાના બાપની કુછંદી દરબાર—એનટનીનાં મરણ પછી બલકે તેની હૈયાતીમાંજ **કલીઓપૅત્રા**એ **ઓકટેવ્યસ**ને પણ પોતાના ફાંદામાં ફસાવવાની અનેક તદબીર રચી હતી, પણ તે જવાન પાદશાહ ફસ્યો નહિ. ૧૭ વરસની નવ જવાન વયથી આ રાણી મોજમજાહ અને લંપટાઇમાં પડી ત્યારથી ૩૯ વરસની વયે તેણીએ આપઘાત કીધો ત્યાં સુધીની તેણીની જીંદગી એક જાહેર નાલેશી અને એબ સમાન હતી; તો જોકે આ રાણી તે વખતની દુનિયામાં જણાયલી અનેક ભાષાઓ જાણતી હતી, દેશ પ્રદેશના એલચીઓ સાથ તેમનીજ ભાષામાં તે સવાલ જવાબ કરતી હતી, વિધ્યા હુનરનો વધારો અને ખિલવણી કરતી હતી, અને પોતે ઘણા ખરા એલમમાં કુશળ ગણાતી હતી. પણ જે કુછંદમાં તેણીને આપણે જોઇયે છિયે તે તેણીને મનથી તેવા બદ યા હલકા ન હતા. **કલીઓપૅત્રા**ને ગોયા એવા કુછંદોની નાનપણથી તાલીમજ મલેલી હતી એમ કહીશું તો ચાલશે. તે વખતની રૂમી દરબાર પોતે કુછંદી હતી—ત્યાં નીતિનો કશો તાલો નહતો. તે વખતનાં મિસરના પાદશાહોપણ તેવાજ હતા. તેઓ અસલ યુનાની ધર્મે

અને રાહ રસમના હોવાથી તેમની દરબાર નીતિભ્રષ્ટ અને એબલગામણા રેવાજોને ઉત્તેજન આપતી હતી. ખુદ **કલીઓપૅત્રા**નો બાપ પણ તેવોજ બુરો હતો. તે દરબારી ઓરતોમાં આખો વખત ગુજારતો અને તેઓ જોડે એક ઓરતનોજ લેબાસ પહેરીને પોતે ફરતો, ખેલતો, અને પોતાની હવસી જીંદગી ગુજારતો હતો. મિસરના ટોલેમી વંશના બાદશાહોમાં એક મહા પાપી રેવાજ ભાઇએ પોતાનીજ બહેન સાથે પરણીને તખ્તનશીન થવાને લગતો હતો—કે જેવો રેવાજ આજ સુધી બરમાના રાજાઓમાં હતો. એજ રેવાજની રૂએ **કલીઓપૅત્રા**નો બાપ તેણીને તેના ભાઇ સાથ પરણવાનું ફરમાન આપી ગયો હતો. આ પાદશાહને "**ઑલેટિસ**" એટલા માટે કહેતા હતા કે તે વાંસળી વગાડી ઓરતોના દિલ જીતી લેવામાં બહુજ કુશળ હતો. તેની વાંસળીના સરોદ ઉપર ઓરતો મોહી પડતી—જે મિસાલે કે, હિંદુઓના કૃષ્ણની વાંસળી ઉપર ગોપીઓ મોહિત થતી હતી. આવા છટેલ, છેલ, નીતિભ્રષ્ટ બાપની દરબારમાં ઉછરેલી અને ઉધરેલી કુંવરી તેવીજ નિવડે તેમાં કાંઇ નવાઇ છે ?

કલીઓપૅત્રાના કીમતી મોતીની કહાણી—આ રાણી પણ તેના બાપના જેવીજ મિસરના રહેવાસીઓને અપ્રિય હતી, કેમકે તેઓ બંને જુલ્મગાર હતાં. તેઓનો યુનાની દેવતાઓને માનવાનો ધર્મ મિસરના અસલી દેવતાઓના ધર્મ ઉપરથીજ નિકળેલો હોવા છતાં બંને વચ્ચે તફાવત હતો;—બાકી બંને પ્રજાઓ વેહેમી તો એકસરખીજ હતી. એટલા માટે ટોલેમીનાં યુનાની વંશ તરફ મિસરનો અસલી ધર્મ પાળનારી પ્રજાને ભારી અભાવ હતો. મેં આ વાર્તાને લગતાં જે થોડાંક ઐતિહાસિક પાત્રો સંબંધી થોડીક નોંધ કીધી છે તે ઉપરાંત વાર્તામાં આવેલાં બાકીનાં સર્વ કલ્પિત છે. તેઓ બાબે અતરે કશું પણ વિવેચન કરવાની જરૂર નથી, કેમકે **કલીઓ-પૅત્રા**ની વાર્તાને તવારીખ સાથ શી અને કેટલી નિસ્બત છે તે દેખાડવા માટેજ મેં આ વિવેચન લખવાનું માથે લીધું છે; માટે કર્તાની કલ્પનાનાં ફળ બાબે અહીં બોલવાનો કશો સબબ નથી. તોપણ એક ઇશારા દાખલ એટલું જણાવીશ કે **રાઇડર હેગર્ડે** પોતાની આ વાર્તા ("Cleopatra")

ની કરેલી કલ્પણા તેની એ શક્તિને જોબ દેનારી અને એક નવલ કર્ત્તા દાખલની તેની પ્રતિષ્ટાને કેવળ ખરી પાડી આપનારી છે.

ઇજીપ્તની રાણી **કલીઓપૅત્રા** બહુ મોજીલી, શોખીલી અને ઉડાઉ હતી. પોતાની ખુબસુરતીથી તે છકી ગયલી હતી—તે માટે તે મગરૂર હતી; અને તે છતાં કુદ્રતે બક્ષેલાં એ આભુષણ કરતાં વધારે ઉત્તમ દેખાવાના ખોટા અભખરાને ખાતર તેણી ઘરેણાં ગાંઠાનો ભારી શોખ ધરાવતી હતી. મિસરી લોકોની મોટી દેવી માતા **આઇસીસ**નાં નામથી ઓળખાઇ ગઇ છે, જેણી બહુ ખુબસુર્ત મનાતી હતી; માટે તેણીના જેવીજ પોતેબી દેખાવા અને લેખાવાનો તેણીને બહુ લોભ હતો, અને તેથી તે દેવીના જેવો તેણી પોશાક સજતી હતી. મોજમજાહમાં ઉતરવા અને ઉતારવા થકી લખલૂટ દોલત તેણી કાંકરાની માફક ખરચતી હતી, તેનો એક યાદગાર દાખલો સફેદ સરકામાં એક મોટું આબદાર બેમૂળું મોતી પીગલાવીને **એનટનો**ની તનદુરસ્તી ઇછતાં તે પી જવામાં આપણુ વાર્તાની શેવટે જોઇએ છિયે. પણ તવારીખમાં નોધાયલા આ દાખલાની સચાઇ શકભરેલી મનાય છે. **ડૉ૦ બ્રુઅર**નાં મત મુજબ કોઇ પણું જાતનો સરકો એવો જલ્લદ હોતો નથી કે જે મોતી જેવા પદાર્થને પીગલાવી શકે. વળી જો સરકાને બદલે મોતી પીગલાવનાર કોઇ તેજાબ હોય તો તેવો જલ્લદ તેજાબ માણુસજાતથી પોતાના જાનની ખતમગી સિવાય કદી પણ ગળે ઉતારી શકાય નહિ, એટલા માટે ઉપલો વિદ્વાન એવો અભિપ્રાય આપેછે કે રાણીએ આ મોતી કોઇ માતબર યહુદીને વેચ્યું હશે અને તેનાં ઉપજેલાં નાણાંની **એનટની**ને ભેટ થઇ હશે. મોતી પીગલ્યુ એટલે વેચાયું, અને **કલીઓપૅત્રા**એ પોતાના આસ્નાની તનદુરસ્તીમાં તે પીધું એટલે તે મારફતે તેણીએ તેને હાથ કરી લીધો.

૧૫૦૦૦ પૌંડનો હીરો પીવાનો દાખલો—પણ ત્યારે સર **ટોમસ ગ્રેશેમ** નામે અમીર ઇંગ્લંડની રાણી **એલિઝાબેથ**ની તનદુરસ્તીની સલામતીમાં ૧૫૦૦૦ પૌંડની કીમતનો હીરો વાટી, તેનો ભૂકો બનાવી, શરાબમાં પીગલાવી પોતે પી ગયો હતો તેનું કેમ? કવિએ આ શબ્દોમાં

એ બનાવ યાદગાર કીધો છે[1] :—

"Here £15,000 at one clap goes
Instead of sugar; Gresham drinks the pearl
Unto his queen and mistress. Pledge it, lords."

કલીઓપૅત્રાની કહાણીનાં જુદાં જુદાં પુસ્તકો—એક તવારીખ દાખલ આ વાર્તામાં ઘણું જાણવાજોગ નથી—બલકે તવારીખના ચોકસ બનાવોને અહીં આપણ ફેરવાયલા જોઈયે છિયે. પણ એમ તો **કલીઓપૅત્રાનું** દાસ્તાન જે જે કવિઓએ ચિતાર્યું છે અને લેખકોએ લખ્યું છે તે સર્વેમાં આપણ એકકથી ઉલટું ઘણું જોઈયે છિયે. રાણીનાં મરણના સંબંધમાં વાર્તામાં આપણ જોઈયે છિયે કે તેણીને અગ્નિના જવાળા ઉંડું એવું ઝેર આપવામાં આવ્યું હતું. **શેકસ્પિયર** અને બીજા લખનારાઓ મુજબ આસ્પ (asp) નામના ઝેરી સર્પને જળો દાખલ શરીર ઉપર વળગાડીને તેણી મુઇ હતી. વળી કેટલાક તવારીખ નવેશો મુજબ તેણીએ ભુખમરાથી અને બીજી એવીજ રીતે જીવ કહાડી નાખવાની તજવીજ કીધી હતી, અને તેમાં નહિ ફાવ્યાથીજ તેણીએ અંતે ઝેર લીધું હતું.

કલીઓપૅત્રાની કહાણી એટલી તો મોહક છે કે ઘણા લખનારાઓએ પોતાની ઉસ્તાદી કલમ તે ઉપર ચલાવી છે. પ્લિની, પ્લુટાર્ક, હોરેસ વગેરે બીજા અનેક અસલી લખનારાઓને બાજુએ મૂકિયે તો અર્વાચિન કાળમાં યુરોપમાંજ અરધી ડજનથી વધારે કવિઓએ તેણીના સંબંધમાં નાટકો અને કાવ્ય લખ્યાં છે. **શેકસ્પિયર**ના "Antony and Cleopatra" ના નાટકથી આપણ સર્વ જાણીતા છિયે; પણ એ મહાગુરૂની આગમજ ૧૫૫૦ માં ઇ. **જોડેલ** નામે લખનારે ફ્રેંચ ભાષામાં **કલીઓપૅત્રાનો** કરૂણારસિક ખેલ લખ્યો હતો. **શેકસ્પિયર** પછી ૧૬૩૦ માં **જીન મેરેટે** એવોજ એક બીજો નાટક એજ ભાષામા લખ્યો હતો; અને ત્યાર બાદ

---

૧ જુઓ ટામસ હેવુડનું "If you know not me, you know nobody" નામનું કાવ્ય.

૧૬૭૦ માં **આઇઝેક ડિ બેન્સીરેડ**, ૧૭૫૦ માં **જે એફ. માર્મોન્ટેલે**, અને ૧૮૪૭ માં **મેડમે ડિ ગિરાડિને** એવાજ કરૂણામય ખેલો ફ્રેંચ ભાષામાં લખ્યા હતા. ઇંગ્રેજી ભાષામાં આ વિષય ઉપર પહેલી કલમ ચલાવનાર **એસ. ડેન્યલ** નામે ધણીનું નામ મળેછે, જેણે ૧૬૦૦ માં "Cleopatra" નામનો ખેલ લખ્યો હતો. આ ખેલ પછી માત્ર આઠજ વરસની મુદતમાં યાને ૧૬૦૮ માં **શેકસ્પિયરે** પોતાનો પ્રખ્યાત ખેલ લખ્યો હતો. છેલે **કવિ ડ્રાઇડને** ૧૬૮૨ માં એજ બાબત ઉપર એક કાવ્ય રચી તેને "All for Love, or the world well lost" એવું નામ આપ્યું હતું. યુરોપની બીજી ભાષાઓમાં પણ આ રાણીની મોહબતની કહાણીઓ અનેક રૂપે પ્રગટ થયલી છે: અને તેમ મી૦ **રાઇડર હેગર્ડની** ઇંગ્રેજી કહાણીને આધારે ગુજરાતી ભાષામાં પણ એજ કાહણી જન્મ લે તો તેમાં નવાઇ નથી. વાર્તા મનહર છે; નાયિકા ખુબસુરત છે: બાબત મોહબત છે, તો જોકે તે પાક નહિ પણ નાપાક મોહબત છે. આપણી નાયિકાનો ભવ મોહબતના વૈભવથી ભરપૂર પસાર થાય છે, પણ તે પાક મોહબતથી કેવળ જુદીજ અને ધિકારને પાત્ર છે. પણ બોધ ? આ વાર્તા ઉપરથી લેવાનો બોધ ઉતમ છે.

વાર્તાની શાહનામા સાથ સરખામણી—હવે આ વાર્તાના સંબંધમાં મારે થોડુંજ કહેવાનું રહ્યું છે. આ પુસ્તકને અસલ ઇંગ્રેજી ગ્રંથની જોડેજોડે વાંચતાં મને કેવી લાગણી થઇ છે, મને કેવો અનુભવ મલ્યો છે, તે અહીં ટુંકમાં ટપકાવીશ. જેઓએ આપણા પુરાતન પેશદાદ પાદશાહ **ફરેદુન** અને **ઝોહાકનું** દાસ્તાન વાંચ્યું હશે તેઓને આ વાર્તાનો શરૂઆતનો ભાગ ઘણી રીતે તે દાસ્તાનને મળતો જણાશે. જેમ ઇરાનમાં **જમશેદ** પાદશાહનાં ખાનદાનનો નાશ કરીને એક પ્રદેશી જુલ્મી પાદશાહ **ઝોહાકનાં** નામથી તખતે બેઠો હતો, તેમ અહીં આપણ જોઇયે છિયે કે **મિસૅર** દેશના આગળા "ફારાહો" અથવા "ફેરાઉન" પાદશાહોનાં રાજ્યની સમાપ્ત આણીને "ટોલેમી" નો યુનાની વંશ મિસરમાં હકુમત ચલાવતો હતો. જેમ **ઝોહાકને ફરેદુન** જેવા રાજવંશી નબીરાની હસ્તીની ખબર

મળવાથી તે તે શાહજાદાને મારી નાખવા માટે માણસો દોડાવે છે અને તેની મા તેને બચાવી લે છે, તેમ આ વાર્તામાં પ્રદેશી જુલ્મી પાદશાહ ટોલેમી અસલી ફરાઉન ખાનદાનના **હારમેચીસ** નામે નબીરાને મિસરનુ રાજ્ય મળશે એવી ખબર મળવાથી તેને મારી નાખવા માણસો મોકલે છે અને એ શાહજાદાને તેની વફાદાર દાયા બચાવી લે છે. **ફરેદુનની** માફક **હારમેચીસ** પણ અનેક સંકટો વચ્ચે જીવતો રહેવા પામે છે, અને શેવટે **ફરેદુનની** માફકજ લશ્કર ભેગું કરીને તે પોતાના સ્વદેશના શત્રુનાં પાયતખ્ત ઉપર છુપ્યો ધસારો લઇ જાય છે. અહીં આપણી સરખામણી બંધ થાય છે; પણ આ વાત જાણવા જોગ છે કે **ઝોહાકનો** પ્રદેશી અમલ જેમ ઇરાનીઓને મનથી જુલ્માત ભરેલો અને તેટલા માટે નાકબૂલ હતો, તેવોજ ટોલેમી જેવા પ્રદેશી વંશનો અમલ મિસરી લોકોને માટે ત્રાસદાયક અને નાપસંદ હતો.

એ પછી એક બીજો બનાવ આ રસીલી વાર્તામાં આપણું ધ્યાન ખેંચે છે તેની પણ કંઇક સરખામણી નામીચા **ફિરદુસી** શાયરનાં જગપ્રસિદ્ધ શાહનામામાં આપેલા રૂઇન દેઝનો કિલ્લો જીતવાના રસીલા હેવાલ સાથ થઇ શકશે. **હારમેચીસના** મામાની દીકરી **ચારમીયન** નામની છે, જેણી રાંણી **કલીઓપૅત્રાની** દરબારમાં તેણીની ખાસ સાહેલીનો દરજ્જો ભોગવતી હોવા છતાં તેણી પોતાની એ શેઠાણીનો પરાજય કરવા માટે રચાયલાં કાવત્રાંમાં મોટી મદદ આપવાને તયાર થાય છે, કે જેવી મદદ રોઇતન **અસ્પંદિયારને** તુરાની પાદશાહ **અર્જાસ્પના** રૂઇન દેઝ ખાતેના મેહેલમાં સપડાયલી તેની બે બેહનોએ આપી હતી; એટલુંજ નહિ પણ આ બહેનોએ પોતાના ભાઇને **અર્જાસ્પની** સર્વ છૂપી વાતોથી જેમ વાકેફ કીધો હતો તેમ વાર્તાના છેલા ભાગમાં **ચારમીયન**[1] પણ પોતાના ફુઇઆઇ ભાઇને **કલીઓપૅત્રાની** સર્વ છુપી બિનાથી જાણીતો કરે છે. તોપણ વાર્તાની વચમાં જ્યારે **હારમેચીસ** પોતાના શત્રુનું કાતલું કહાડ-

---

૧ શેકસ્પિયરના નાટકમાંબી ચારમીયનને રાણીની મુખ્ય સાહેલી દાખલ ઓળખાવી છે, પણ ત્યાંબી એ પાત્ર કલ્પિત જણાય છે.

થાને તૈયાર થાય છે-ત્યારે તો આ તેની બહેન તેનો અને પોતાના દેશ અને દેશીઓનો ત્રાપો ડુબાડે છે.

વાર્તા ઉપરથી મળતો સદ્‌બોધ—વાર્તા ઘણી બોધક છે, અને એવી બોધ આપનારી વાર્તાઓનીજ આપણા દેશીઓમા ખુટ છે. આ વાર્તામાં **હારમેચીસ** અને **ચારમીયન**નાં પાત્રો જોકે મુખ્ય અધિકાર ધરાવે છે, અને પહેલો તો જોકે વાર્તાનો નાયક છે, તોપણ એ બંને પાત્રો કલ્પિત છે. પણ એ કલ્પિત પાત્રો મારફતેજ અસલ નૉવેલ લખનાર મી૦ **રાઇડર હેગર્ડે** પોતાના વાંચનારાઓને આ દોરંગી દુનિયાનાં ફેલ ફરેબ, મકર અને ઠગાબાજીનું જ્ઞાન આપવાની મકસદ રાખેલી દિસે છે. એક મોટા ધર્મગુરૂનો એક પુરો બેટો પોતાના દેશનું કલ્યાણ કરવા માટેના પવિત્ર કસમ પોતાના બાપદાદાઓના મહાન મંદિરોમાં લેવા છતાં, પોતે એક રાજવંશી હોઇને મિસરનું તખ્ત પોતાને મળે એવી સર્વ ઉમેદો બાંધીને દુશ્મનના રંગ મેહેલના અંતઃપુર સુધી વધી ગયલો હોવા છતાં, પોતાનાં મકમપણાં અને વિશ્વાસ ઉપર ૩૫૦૦૦ વફાદાર લડવૈયાઓનો તમામ આધાર હોવા છતાં, વળી પોતે સ્ત્રી જાતની મોહબતનેં સદાની તરછોડેલી હોવા છતાં, તે **કલીઓપૅત્રા** જેવી રૂપસુંદરીને જોઇ એટલો બધો આંધળો બની જાયછે કે તે મકારે ઓરત પોતાની કોમળ આંખોની જાદુઇથી, પોતાના મધુર સ્વરોના મિઠાસથી, પોતાના ફરેબી વચનોના અમૃતથી તેને ફસાવી શકે છે, તેને પોતાની લાલચમાં લપટાવી શકે છે, તેને તેના પવિત્ર કસમથી પાછો ફેરવી શકે છે, તેને તેના દેશ અને દેશીઓ તરફ તથા તેની દીન અને દેવતાઓ તરફ બેવફા અને નિમકહરામ બનાવી શકે છે, અને છેલ્લે તેને તેના બાપદાદાનું તખ્ત હાથ કરી પોતાનો જીવ લેતો અટકાવીને આયંદેહ પોતાનોજ ગુલામ બનાવી શકે છે ! અને એ સઘળું એક ઓરતના પ્યારને થકી, એક અપવિત્ર પાપી મોહબતને થકી, બને છે. એક પાપી પ્રીતથી કેવી કેવી ખરાબીઓ જન્મ લઇ શકે છે તે અછી ઢબ છબથી આ પુસ્તકમાં દેખાડયું છે; અને તે રીતે જોતાં આ વાર્તાનો ગ્રંથ બોધ દેનારી કહાણી દાખલ પોતાની ચોકસ અગત્યતા તો જરૂર ધરાવે છે, તેમાં શક નથી.

શેવરના વિચારો—શેવરે આ ગુજરાતી ગ્રંથના સંબંધમાં થોડાક વિચારો આપી આ લગાર લાંબુ વિવેચન બંધ કરીશું. મેં ઉપર ઇસારો કીધો છે તેમ મી૦ **રાઇડર હેગર્ડની** Cleopatra નામની નવલ કથા ઉપરથી આ ગુજરાતી વાર્તા બોલેબોલના તરજુમા દાખલ નહિ પણ વાંચવા જોગ એક સંક્ષેપ અથવા ઇન્તેખાબ દાખલ ઉપજાવી કહાડવામાં આવી છે, જેની ભાષા ઘણી સરલ અને કેટલેક ઠેકાણે છટાદાર છે—ફક્ત તેની જોડણીજ ખામી ભરેલી છે. આજથી બે હજાર બરસોની વાત ઉપર હસ્તી ભોગવી ગયલાં મિસર દેશનાં અસલી રહીશો તેમજ યુનાનથી આવેલી પ્રદેશી રાજ કરતી કોમના લોકોની રાહ રસમ કેવી હતી તેનો કાંઇક ખયાલ આ નવલ કથા આપે છે; અને તેટલા માટે હું જોઇને ખુશી છું કે **ડૉ૦ પટેલે** એ પુરાણા ઐતિહાસિક ચિત્રને આજના જમાનાની પારસી જીંદગી અને પારસી સંસારને લાગુ પાડવાની તજવીજ નહિ કરતાં તેને તેનાં અસલ સ્વદેશી રંગરૂપમાંજ રહેવા દેવામાં ખરેખરૂં ડહાપણ જોયું છે. ઇંગ્રેજી ભાષામાં દરસાલ ૬૦૦૦ થી વધારે નવલ કથાઓ પ્રગટ થાય છે, જેઓમાં તરેહવાર દેશોના તરેહવાર લોકોની તરેહ કિસમની સંસારી રીતભાતો અને ધર્મ સંબંધી રાહરસમોના ચિતારો આપવામાં આવે છે. હવે તે ચિતારો તે લોકોને માટે ખરા છે, પણ તેમને જો કોઇ બીજી પ્રજાને લાગુ પાડવામાં આવે તો ખોટા છે; પણ તે ચિતારોને જો પારસી જેવી કોમને લાગુ પાડવામાં આવે તો તે વધારે ખોટા અને આવતા જમાનાની પ્રજાને કેવળ ભૂલાવો ખવાડનારા છે. આવા ખોટા ચિતારો આજે પારસીઓથી લખાતાં ચોકસ માહવારી ચોપાનિયાંઓમાં અને વાર્તાના પુસ્તકોમાં ઘણા નજર આવેછે. આ લખનારાઓમાં જો નવી વાર્તાઓની કલ્પણા કરવાની શક્તિ નહિ હોય, અને પારસી સંસારનું ખરેખરૂં ચિત્ર આપવાને જો તેઓ જરાબી દરકાર કરતા હોય તો તેઓએ માત્ર ઇંગ્રેજીમાં રચાયલી વાર્તાઓમાંના પાત્રોના તેમજ ગામો અને જગાઓનાં નામ ઠામ ફેરવીને તેમને પારસી વાર્તાનો છાપ આપવાનાં તુચ્છ અને હસી કહાડવા જોગ કામથી હાથ ઉઠાવવો જોઇયે. ગ્રંથકારમાં નામ ખપાવવાનો ફાંકો રાખનારા આવા

નાદાન લેખકોનાં એ કામથી કેવો ગેરફાયદો થાયછે તેની તેઓને થોડીજ ખબર છે, અથવા તેઓ તેની થોડીજ પરવા કરતા દિસે છે, એ બહુ દિલગીરીની વાત છે. જે બનાવો પારસી સંસારમાં કદી બન્યા નથી, યા બનતા નથી, તે બન્યા હોય યા બનતા હોય તેમ પારસીઓને માથે ઠોકી બેસાડવામાં આવે છે, જેથી ભવિષમાં આજના પારસી સંસાર બાબે ખોટો ખ્યાલ બંધાઈ જવાનો ભય પેદા થાયછે, અને વાર્તાના બેખબર પારસી, હિંદુ અને મુસલમાન વાંચકો એમજ સમજે છે કે તેમાં દર્શાવેલા બનાવો—અઘોર પાપો અને બેશરમ અનીતિઓ—પારસીઓમાં આજે બને છે અને આગળ બન્યા છે! આવી રીતે આવા થોડાક વગર જોખમના નાદાન લખનારાઓથી પારસી સંસારને નાહક કલંક લાગે છે, અને એક સહુરાઘાત ભરેલુંજ નહિ પણ ખોટું અને અપમાન કરનારૂં ચિત્ર પારસી સંસારને નામે હસ્તી ભોગવવા પામે છે.

એવા આજકાલના લેખકોનાં જોખમ ભરેલાં પગલાંની પુઠે ચાલવું નહિ કરતાં ડૉ૦ **પટેલે** આ વાર્તાને તેનાં અસલ નામ ઠામ સાથેજ પ્રજાની સનમુખ ધરી છે એ તેમને ઘણું શોભા ભરેલું છે. એક પ્રજાની રાહરસમ અને રીતભાતનું ખરેખરૂં ચિત્ર આપનારી વાર્તા, ઉપર કહેલા ટુંક ભંડોળિયા કલમ ઘસડનારાઓનાં પુસ્તકો કરતાં એક હજાર દરજ્જે સાચી અને ઉત્તમ હોવાથી તેટલીજ હદ સુધી વધારે પસંદ કરવા અને આશ્રા આપવા જોગછે. આ કારણને થકીજ હું " **કલીઓપૅત્રા** " ની વાર્તાને બહુ પસંદ કરૂં છું અને પસંદ કરવાની ભલામણ કરૂં છું. પણ આ વાર્તાના સંબંધમાં ખુશાહાલી ભરેલું એટલુંજ નથી. તેની પ્રજાને ભલામણ કરવા માટે બીજાબી ખાસ સબબો છે. **ડૉ૦ પટેલે** પોતાના વાચકવૃંદની લાગણી તપાસીને, અને પોતાનાં આગળાં વાર્તાનાં પુસ્તકો વેળા પોતાને મળેલા અનુભવ ઉપરથી, આ વાર્તાને બીજી બાબતોમાંબી સ્વચ્છ બનાવવા અને રાખવાની તારીફ લાયક તજવીજ કીધી છે. " **કલીઓપૅત્રા** " જેવી છકેલ રાણીના આચાર વિચારો જેવા હોય તેવાજ દેખાડવા માટે **મી૦ હેગર્ડે** તેણીનાં મુખમાં કેથે કેથે કેટલાક લંપટી સખુનો મુકયા છે, તેમજ કેથે કેથે તેવા બિભત્સ

બનાવોનું વર્ણન આપ્યું છે. હવે એ સર્વ પોતાનાં આ પુસ્તકમાંથી ડા૦ **પટેલે** બાતલ કીધેલું જોઇ ખુશી ઉપજે છે. હું ઇછું છું કે એકાદ બે સફાઓમાં જે શબ્દરૂપી ચિતાર હજુબી રહી ગયાછે તે નહિ હોત, યા તેમાં હજુ ઘણી કાપકુપ થઇ હોત. દાખલા તરીકે સફે ૮૫ મેં **હારમેચીસ**નાં મુખમાં મૂકાયલા સખુનો બધાજ પસાર થવા જોગ નથી.

બે હજાર વરસો ઉપર થઈ ગયલી એક પુરાણી પ્રજાના લોકોના શબ્દ રૂપ ચિત્રો ઉપરાંત તેમનાં પોશાક વગેરેનું બાચનારને જ્ઞાન આપવા માટે આપણા આ પારસી લેખકે આ પુસ્તકમાં ૧૬ તસ્વીરો અસલ ઇંગ્રેજી પુસ્તકને આધારે પ્રગટ કીધીછે. આ એક નવો પસંદ કરવા જોગ વધારો છે—તો જોકે તેઓમાંનાં એકાદ બેની અર્ધ નગ્ન હાલત કોઇ અતિ કોમળ લાગણીના સ્ત્રી પુરૂષોને મોં કુમળાવવાનું કારણ આપશે. સામટી રીતે લેતાં આ વાર્તાનાં પુસ્તકની ફતેહને થકી એક અદના લેખક દાખલ હું મારી તરફથી ડૉ૦ **પટેલ**ને મુબારકબાદી આપી શકીશ.

મુંબઇ, તા૦ ૧૬ મી જુન ૧૮૯૭.

ક્લિઓપૅત્રા.

બીજી આવૃત્તિ માટે લખાયલું વિવેચન.

વિવેચન કર્તા—મી. રૂસતમ બરજોરજી. પેમાસ્તર, બી. એ., એલ. એલ. બી., વકીલ, હાઇ કોર્ટ.

વેટરીનરી સરજયન ધનજીભાઇ નવરોજજી પટેલે પોતાની " કલીયોપૅત્રા " નામની તવારીખરૂપી નવલકથા પહેલ વહેલી ૧૮૯૬ ના સાલમાં પ્રગટ કીધી હતી તેની સર્વે નકલો ખપી જવાથી હાલ તેવણ એજ વાર્તાની બીજી આવૃતિ બહાર પાડે છે તે ઉપર કાંઇક ટીકકારૂપી વિવેચન લખવાને મને ફરમાશ થઇ છે. મી. પટેલ જેવા એક કસાયલા ગુજરાતી નોવેલ લખનારને વાંચનારી આલમ સનમુખ કાંઇ પણ સિફારશ જોઇએ એ હું માનતો નથી. વલી નોવેલ લખવાનો મને પોતાને કશો માહાવરો ન હોવાને લીધે મે આ માનને ઉપકાર સાથે ના પાડયું તે છતાં તેવણની ચાલુ આગ્રહને તાબે થઇ તેવણની આ નવલકથા એક ઉપરટપકેથી વાંચી જનારના મન ઉપર કેવી અસર કરે છે તથા તેના મનમાં કેવા વિચારો ઉત્પન કરે છે તે અત્રે હું ટપકાવી લઉછું.

મી. પટેલની પહેલી આવૃતિ ઉપર મારા એકમાર્ગી માનવંત મિત્ર મી. પાહલનજી બરજોરજી દેસાઇએ વિવેચન કીધું હતું તે એટલું તો વજનદાર તથા પુરતું છે કે હવે એ કથા વિષે મારે માટે ઝાઝું લખવાનું રહ્યું નથી. તેવણે અસલી ઇજીપશીયન તેમજ રોમન તવારીખના બનાવોની ઉપયોગી સમજણ આપી છે અને તે સાથ મી. પટેલની આ નવલકથામાં મલતા બનાવોનું ઇરાની તવારીખના બનાવો સાથ અગત્યનું મળતાપણું બતાવ્યું છે. માટે અત્રે હું એ વાર્તા ઉપરથી જે એક બે અગત્યના બોધ મલે છે અને જે આ જમાનાના આપણા જવાન્યાઓને ગોખી રાખવા જોગ છે તે દર્શાવીશ.

કલીયોપેત્રા આજની વાર્તાઓથી કેમ જુદી પડે છે.

આજકાલ ઘણીખરી ગુજરાતી વાર્તાઓ હાલના ઇંગ્રેજી સંસાર ઉપરથી લેવામાં આવે છે અને થોડાક માનવંત અપવાદ સિવાય• તે આપણા પારસી સંસારને લાગુ પડે છે કે નહિં તે જોયા વિના તરજુમો કરી ફકત નામો બદલી પારસી વાર્તા તરીકે રજુ કરવામાં આવે છે. મી. પટેલની હાલની વાર્તા તેના જમાનામાં, તેની બાબદમાં, તેના ભાવાર્થમાં, તેના વિચારોમાં, તેના પાત્રમાં જુદી છે, તો જોકે તેને રસીલી બનાવવા માટે પ્યારના કેટલાંક વળાં તેમાં ઉમેરવામાં આવ્યાં છે. એ વાર્તા અસલ જમાનાની ઇજીપ્ત તેમજ રોમન તવારીખને આધારે રચવામાં આવી છે માટે તેમાં જણાવેલા એ અસલી લોકોના આચાર વિચારો, તેમની રીતભાત અને તેમના રિવાજ રસમોનું તે આપણને રસીલું જ્ઞાન પુરૂં પાડે છે. વળી ફકત તે તવારીખ યા બ્યાનરૂપીજ નથી પણ આજના કાહાણી કિસ્સાને હઠાવે એવી તેમાં પ્યારની એ માહાભારત કાહાણી આમેજ કીધી છે. એક મોટાં રાજ્યની રાણી પોતાના ફેલફરેબ, ચેન ચાલા તથા પ્યારના ઢોંગથી દુન્યા જીતનાર મોટા મોટા શાહનશાહો તથા લડવૈયાઓને કેવા માહાત કરે છે તેનો એક બોધકારક ચિતાર અત્રે રજુ કીધો છે જે આપણને આજે પણ બહુ ઉપયોગી થઇ પડે છે. પ્યારનો જોસો અંગના કૌવત કરતાં પણ બળવાન છે, એ અંગત લાગણીને ખાતર પોતાના માત પીતા યા ખેશીઓ અને દેશનો વટીક ભોગ કેવી રીતે આપવામાં આવે છે તે અત્રે દર્શાવ્યું છે. નાપાક હવસ જે ધણી ધરાવે છે તેને પોતાને નહી પણ તેના ઉંપર આધાર રાખનારા સર્વ તેના કુટુંબીઓ, ખેશીઓ તેમજ સ્વદેશીઓને તેની આગમાં તે બાલી મારે છે એ ધડો અત્રે આ બે હજારથી વધુ વરસ ઉપર બનેલા ભેદભર્યા બુનાવોને આધારે આપણને અછી રીતે શીખવવામાં આવ્યો છે.

એક મકકાર ઓરત.

મી. પટેલની પહેલી ખુબી એક અતિ રસિક મન મોહક ઇંગ્રેજી

નૈવલકથાની પસંદગીમાં સમાયલી છે. તેવણે રાઇડર હેગર્ડની ઉંચી કલ્પના શક્તિના આ નાદર પરિણામને હાથ ધરી તેને આપણા હાલના સંસારને લાગું પાડવાની બેહુદી તજવીજ નહી કરવામાં ડાહપણ વાપર્યું છે. અસલ ઝમકદાર લખાણને તેવાજ સુશોભિત ગુજરાતી લેબાસમાં રજુ કરી તેવણે તેનું ખેંચાણ ઓર વધારયું છે, અને એક વિપત્તીમાં સપડાયલો શખ્સ પોતાની કાહાણી પોતે જેમ કહે તેમ પહેલા પુરૂષમાં આ વાર્તા વર્ણવવામાં મી. પટેલે ઠીક સમજ વાપરી છે. "ફરેબથી ફરેસ્તો ફરે" તેમ એક મકકારે ઓરતના ફેલ ફરેબથી ખુદ એકાદ બે માણુસોનીજ કે એકાદ બે કુટુંબો યા ગામડાંવાસીઓનીજ નહી પણ બે મોટી બળવાન પ્રજાઓની, બલ્કે આખી દુન્યાની તવારીખ કેમ ફેરવી શકાય એ મહા અગત્યનું સિધાંત અત્રે ચકચકિત બનાવોના શોભિતાં ભેલાણથી રસાલી અને રંગીન એબારતમાં દેખાડયું છે. એક ઇજીપશીયન મહાગુરૂનો બેટો પોતે પોતાના દેશનું કલ્યાણ કરવા માટે જે હડહડતા પવિત્ર કસમો લે છે, તે પોતાને તથા પોતાની સાથના ૩૦ હજાર લડવૈયાને પણ કેવી રીતે એક સ્ત્રીના ફરેબથી જોખમમાં નાખે છે તે તથા બીજો એક રોમન પહેલવાન તેવીજ રીતે તેજ સ્ત્રીના આંખના પલકારા તથા નાઝ નખરાં અને દોરદમામ ઉપર પોતાના દેશનો કેવો ભોગ આપે છે, તે અને સેવટે કીનો કેવી રીતે પ્યાર ઉપર ફાવી મોત વેળા પણ પોતાની આગ સલગાવવા ચુકતો નથી તે અસલી તવારીખના બનાવોને આધારે કલ્પના શકિતની મદદથી અત્રે જેવી સ્પષ્ટ રીતે બતાવ્યું છે તેવી રીતે ઇતિહાસના ગ્રંથમાં પણ સમજાવી શકાય નહી.

એક મરદનો કીનો અને એક સ્ત્રીનો કીનો.

અત્રે જે જે કીનો અસલી નવલકથા લખનારે આપણને બતાવ્યો છે, તે આ વાર્તાના નાયક હારમેચીસનો એકલાનોજ નથી. કલીઓપેત્રાના ફેલફરેબથી ફસી પોતાના દેશનો ભોગ અપાવવા તથા પોતાનુ પવિત્ર વચન તોડાવવા માટે તે કીનો લે છે, તે ઉપરાંત એક બીજો કીનો જે અત્રે બતાવ્યો છે તે ભુલી જવો ન જોઇએ. હારમે-

ચીસનો કીનો એક મરદનો કીનો છે. પણ એક સ્ત્રીનો કીનો આ વાર્તામાં સામેલ કીધો છે, તે તો એથી પણ વધું ગંભીર પરિણામ ઉપજાવે છે. ચારમીયન પોતે પોતાની ફુઇના છોકરા સાથ પ્યારમાં પડી છે. તેના પ્યારને ઠોકરે મારી હારમેચીસ કલીયોપેત્રાના એશ્કમાં ફસે છે તે તેણીથી દેખી ન શકાવાથી પોતાના દેશની સેવાના જે કારણસર તેણીએ દેશવટો લીધો, તેને પણ પગ તળે દાબી તેણી પોતાની પ્યારની મૂરતીને કચડી નાખવા માટે તે કલીયોપેત્રા રાણી આગળ જઇ સઘલો ભેદ ભરમ ફોડી નાખે છે, અને પોતાના પ્યારના કીનામાં તેણી એટલી આંધલી બને છે કે તે તેમ કરતાં પોતાના ૩૦ હજાર હમવતનીઓનો જાન પણ જોખમમાં નાખવાને ડરતી નથી. આ એક સ્ત્રીનો કીનો થયો. હારમેચીસ તો કલીયોપેત્રાનેજ સજા કરવા મથે છે, પણ ચારમીયન તો પોતાના પ્યારમાં નિરાસી પામવા માટે પોતાના દેશનું સત્યાનાશ વાલવાને પણ ડરતી નથી. સેવટે તેનો પ્યારજ ફાવે છે. આખરે જયારે અદેખાઇની ઝાંઝ તેની આંખમાંથી દુર થાય છે ત્યારે તે પોતાના આશક તરફજ પાછી વફાદાર બની તેને કલીયોપેત્રાના ધારેલાં કુકર્મની છુપી ખબર આપે છે, તેનો જાન બચાવે છે, અને ૯ વરશવેર તેના ઉપરજ વફાદાર રહી તેને પાછો કલીયોપેત્રાની દરબારમાં એક વૈદના વેશમાં બોલાવે છે અને પોતાની આંખની આગળ અને આગળ પોતાની પ્યારની આ મુર્તિને રાખે છે અને શેવટે હારમેચીસને પોતાનો કીનો લેવામાં મદદ કરે છે. એક સ્ત્રીના અચુક, અચલ અને અખુટ પ્યારનો આ એક અપુર્વ પૂરાવો અત્રે આપણને મલે છે.

શું કલીયોપેત્રાનું પાત્ર બિભિત્સ લેખાય ?

અસલી કલીયોપેત્રા રાણીની કાહાણી એટલી રસીલી માહાગુરૂ શેકસ્પીયર જેવા એક કવિરાજને પોતાને લાગી, કે તેણે પણ એજ સ્ત્રીનું પાત્ર પોતાની "એન્ટની એન્ડ કલીયોપેત્રા"ના નાટકમાં રજુ કરવાને દરૂસ્ત દીઠું છે. કેટલાક ટીકાકારોએ કલીયોપેત્રાની ચાલચલણ અને તેનાં આખાં પાત્રને બિન મલાહઝાનુ અને બિભિત્સ લેખી આ

ચોપડી આબરૂદાર કુટુંબના હાથમાં આપવી ન જોઇએ એવા મતલબિયા ટીકા કીધા છે, તે ટીકા કેટલા બેજા તથા બેઅદબ છે તે અત્રે લંબાણથી બતાવવાની અગત્ય નથી. જ્યારે નામાંકિત કવિ શેકસ્પીયર જેવા કલીયોપેત્રા બાબે નાટક લખે અને તેમાં મિસરની એ રાણીના પરાક્રમોનું બ્યાન કરે ત્યારે તે રાણી વિશેનું લખાણ બિભિત્સ યા વાંધાભરયું કેમ લેખાયે! મહાન નાટક ગુરૂ શેકસ્પીયરનો "એન્ટની એન્ડ કલીયોપેત્રાનો" ખેલ છેક ૧૭મી સદીમાં કવિ ડ્રાઇડનના વખતથી વખણાતો આવ્યો છે. એન-ટની જેવા એક કુશળ લડવૈયાની ખરાબી એક સ્ત્રીના છંદમાં પડયાથી કેવી થઇ અને તેથી તેનો પરાજય કેવો થયો એ ધડો આ નાટકમાંથી મલે છે. કલીયોપેત્રાની મોહબતમા જે કોઇ ફસી પડે છે તે આખરે પોતાનો કેવો નાશ કરે છે તે બોધ આ મહાન શીક્ષા ગુરૂ પોતાની કવિ કલ્પના શકિત અને જાદુઇ કલમના જોડયાં બળથી શીખવે છે. દુન્યાની મોજશોખ તથા લાલચ લંપટમાં જેઓ પડે છે તેઓના કેવા હાલ થાય છે, તે જેમ કવિ શેકસ્પીયરના ઉપલા નાટકમાંથી તેમ આપણી હાલની વાર્તામાંથી જાણવાનું મલે છે. એમ તો શેકસ્પીયરના નાટકોમાંના એક બીજા નાટકનો નાયક—રાજા હેનરી ૫ મો—ખરાબ સંગતમાં તથા ઉડાઉંપણામાં પડયો હતો પણ એ બહાદુર રાજા કાંઇ એન્ટની યા હારમેચીસની માફક ખરાબીની જાલમા એટલો વીટલાયલો ન હતો કે જેમાંથી તેનાથી પાછું નીકલી શકાતું ન હતું. હારમેચીસ પણ પોતાની અદભુત મગજશકિત તથા ઉંડા જ્ઞાનના બળથી પોતાનો નાશ થતો અટકાવી શકયો હતો.

વતન તરફની ફરજ.

વતન તરફની ફરજ અને તે બજાવવા માટે દ્રઢ વિચારની જરૂર, એ વિશય ઉપુર જાણે આ કાહાણીરૂપી વાર્તા લખાયલી છે. વળી વચન તોડવાથી કેવી નામોસી અને પસ્તાવો લાગે છે તથા કેવું વેઠવું પડે છે તે અત્રે વિસ્તારીને બતાવ્યું છે. શરૂઆતમાંજ જે તદબીરથી બાળક હારમેચીસનો ફેરાઉનના સિપાહોના હાથમાંથી બચાવ થાય છે, તે જાણવા

જોગ છે. જેવી ફેરાઉનને ખબર પડી કે અબુથીસના પવિત્ર મંદીરના વડા ધર્મગુરૂની બાનુએ મરતી વખતે પોતાના ફરજંદ વિષે અગમચેતી કરી હતી, કે તે મીસરનો ફેરાઉન થશે, તેવીજ તેણે પોતાની રાજ્યની તથા પોતાના જીવની આશા છોડી. તેને દુન્યા અકારી લાગી અને જેમ ઝોહાકે જવાન ફરેદુનને પકડી મંગાવવાને હુકમ કીધો હતો, તેમ ફેરાઉને આ બાળક હારમેચીસનું ડોકું કાપી લાવવાને પોતાના વિશ્વાસુ સિપાહોને ફરમાવ્યું.

હારમેચીસનો ગેબી બચાવ.

આ સિપાહોને નાઇલ નદીમાં ભારે તુફાન લાગ્યુ અને તેઓ દુબી જવાની અણી ઉપર હતા, તેવામાં સાંમા કિનારા ઉપરથી માછીમારોએ તેમને મદદ કીધી અને આ સિપાહો નદી ઓલંગી આ બાળકના પીતાના મકાન તરફ દોડયા. તેની આગમજ તેનું પાલણ કરનાર બુઢી સ્ત્રી અટુવાને જેવી આ ખબર મલી તેવીજ તેણી સાહુચેતીમાં રહી. તે વેળા બાળક હારમેચીસ બુઢી અટુવાની બેટીના બાળક સાથ ખેલતો હતો. તેજ વખતે તેણીએ પોતાની દીકરીના બાળકને ઉઠાવી એક રેશમના દુપેટામાં લપેટી હારમેચીસના પાલણામાં સુવાડી દીધો અને એ શાહઝાદાના આંગ ઉપર પહેરેલાં કપડાં કાહાડી, કાદવ અને મટોડીથી તેનાં આંગને ખરડી નાખી તેને એકલો દિવાનખાનામાં ખેલતો મુકી દીધો. એટલાંમાં પેલા જાલેમ પાદશાહના સિપાહો ત્યાં આવી લાગ્યા, અને કેટલીક પરપુછ કરવા બાદ પેલાં પાલણાંમાં બાળકને ખેલતું જોઇ સવાલ કીધો કે તે બાળક કોણ છે અને તેના બાપનું નામ શું છે. પેલી ભલી ડોસીએ હિમતથી જવાબ આપ્યો કે તે ઉપલા પવિત્ર ધર્મગુરૂનું બાળક છે અને તેને બાબે તેની માતાએ મરતી વેલા એવી આગાહી કરી છે કે તે એક દીવસ મિસરનો ફેરાઉન થશે. આ સાંભલી સિપાહો મગન થયા અને પોતાની મહેનત સફળ થશે એવી મનમાં ઉમેદ બાંધી હરખાવા લાગ્યા. તેવામાં એક સિપાહે આ બાળકને પાલણામાથી ઉઠાવી લીધું અને બીજાએ પોતાની તેજી

તલવાર ખેંચી તેનું સર તેના તનથી જુદુ પાડયુ. આ પ્રમાણે બિચારી અટુવાએ પોતાની દીકરીના દીકરાને ખોહવા માટે કલાપિત કીધી, કારણ કે શાહઝાદા સાથ ખેલવાને માટેજ તેણી તેને બોલાવી લાવી હતી. શેવટે આ સિપાહો રાજા તરફથી એવું જણાવી ગયા કે એ બાળકનું માથું કાપી અમે ફેરાઉનની દરબારમાં લઇ જઇએ છીએ અને એવી ટકોર કીધી કે તેનો બાપ આવે ત્યારે તેને જણાવવું કે તેનો લાડકો સપુત મિસરના તખ્ત ઉપર બેસુવા ગયો છે.' આ વાત ગામમાં ફેલાતાં જે નિર્દોષ બાળકનું સર કાપી નાખવામાં આવ્યું હતું તેના મા બાપ કલાપિત કરતાં આવ્યાં અને આ શાહઝાદાના ખરા બાપની સમજાવટ પછીજ તેઓએ ધીરજ પકડી. તેણે ગામમાં એવું જાહેર કીધું કે શાહઝાદાને ફેરાઉનના માણસોએ જબેહ કરયો હતો અને તેથી અટુવાની દીકરીના દીકરાને શાહઝાદાના બાપે બેટો કરી લીધો હતો. આની ખબર ફેરાઉનને કાને પડવાથી તેણે ધીરજનો દમ લીધો, પણ ખરેખર તેણે કેવો ભુલાવો ખાધો હતો તે ઉપલા હેવાલ ઉપરથી જણાય છે.

દેશને ખાતંર બચ્ચાંનો ભોગ.

અટુવાએ આ તકે જે મોટું મન બતાવયુ છે તે ઘટતી પીછાંણ વિના પસાર થવું ન જોઇએ. જયારે તેણીએ પોતાની દીકરીના દીકરાને રેશમી કપડાંમાં વીટાલી શોભિતાં પાલણામાં સુવાડયું અને શાહઝાદાને મેલાં ઘેલાં કપડાંમાં ફરવા દીધો ત્યારે શું તેણીને એમ નહી લાગ્યું હશે કે એમ કરતાં આ પોતાના પેટના ફરજંદનું બાળક મારયું જશે અને પારકું બાળક કદાચ બચી જશે? મને લાગે છે કે તેણીને આ વિચાર જરૂરજ આવવો જોઇએ, અને તેમ જાણવા છતાં તેણીએ જાણી જોઇ પોતાના દેશ ઉપરથી જુલમાત દુર કરનાર, અને તેને ભવિષમાં તાર-નાર બાળકને બચાવ્યો હશે. એમ ત્યારે તેણીએ પોતાના દેશને ખાતર પોતાના પેટના ફરજંદનો ભોગ આપી પારકાં બચ્ચાંને ઉછેરયો હતો. તે વેલાની સ્ત્રીની પોતાના વતન તરફની ફિદાગીરીનો આ એક નમુનો છે.

અસલી ઇજીપશીયનોમા બચ્ચાંની તાલીમ.

અસલી જમાનાના જવાનને કેવી રીતની તાલીમ મલતી હતી, તે આ કેતાબમાં આપણને આડકત્રી રીતે જાણવાને બને છે. . જે મિસાલ અસલી ઇરાનીઓમાં એક બચ્ચાંને ઘોડેસ્વારી તથા તીર મારવાની તાલીમ સાથ સાચુ બોલવાની તરબીયત મલતી હતી, તે મિસાલની તાલીમ આ અસલી મિસરના લોકોમાં મલતી હતી એમ દીસે છે. તેનો એક નાદર નમુનો બાળક હારમેચિસ હતો જે કુસ્તી ખેલવામાં, ભાલા મારવામાં, નિશાનબાજી તેમજ ગોફન મારવામાં એકકો હતો. વલી તેણે તો એક જુદીજ વિદ્યાની ખાસ તાલીમ મેલવી હતી. ગુપ્ત એલ્મ તેમજ માણસની મગજશક્તિ ઉપર કાબુ મેલવી તેને બળહીણ બનાવી કેમ તાબે કરી લેવી તે તે શીખ્યો હતો. તેણે ધર્મશાસ્ત્ર તથા સેતારાશનાસીનું જ્ઞાન મેલવ્યું હતું. તે ઉપરાંત તે ઉપલી ગુપ્ત વિદ્યાઓ શીખ્યો હતો. આજના જમાનાંમાં જે ગુપ્ત વિદ્યાઓનો ઘણાકો અભ્યાસ કરે છે અને જે ખરી મનાવવા લાગી છે તે વિદ્યાઓ બે હજારથી વધુ વરસ ઉપર અસલી મિસર દેશમાં જાણીતી હતી એમ આ કેતાબ ઉપરથી પણ જણાય છે. આ વિદ્યાઓના બળથીજ જવાન હારમેચિસ ફાવ્યો હતો. એ વિદ્યાઓનું તેને જ્ઞાન મલ્યું એજ તેના ઉપર તે કિરતારની ખાસ મહેરબાની જાણવી અને એજ તેના દેશના તારણ કરવા માટેનું બળવાન હથિયાર હતું.

અસલી ઇરાનીઓ ઇજીપ્તમાં.

ફેરાઉનનાજ ખાનદાનને આપણા અસલ ઇરાનીઓએ એકવાર મિસરમાંથી હાંકી કાહાડી પોતે મિસરના માલેક થયા હતા. એ નામીચી પાદશાહી ઓલાદને પાછલથી મેસિડોન્યનોએ મિસરમાંથી હાંકી કાઢયા હતા તે વિષેના ઇશારાઓ આ કેતાબમાં મલે છે.

રાજદવારી નરોએ કેવા ભોગ આપવા જોઇએ.

દેશની સેવા કરનારે કેવા ગુણો ધરાવવા જોઇએ, કેવા કેવા ભોગો આપવા જોઇએ તે બાબે હારમેચીસનો બાપ એમનામાહાત જે શીખામણ દેછે તે આપણા આ જમાનાના રાજદ્વારી યોદ્ધાઓએ યુદ રાખવા

જોગ છે. આજે તો દેશના ભલાં માટે લાંબા લાંબા ભાશણો કરવાને આપણો રાજદ્વારી સુધારક તૈયાર થાય છે, પણ જયારે પોતાના ગજવામાં હાથ નાખી રાજદ્વારીખાતાંઓને મદદ કરવાને તેને અરજ કરવામાં આવે છે ત્યારે તે કાન ઉપર હાથ મુકે છે યા ઉભી પુછડીએ નાહાસવા માડે છે. તેવાઓને એમનામાહાતના સખુનો યાદ રાખવા જોઇએ:—

"દેશ અને ખેશની સેવા કરનારાં નરો અને ધરમ ઉપર જીવ આપનારાઓએ આ ફાની દુન્યામાં લોભ લાલચ અને કામ ક્રોધને તજી દેવાં ઘટે છે. પ્રિત અને પ્રેમનો ત્યાગ કરવો ઘટે છે. પોતાના મનને તેઓએ વશ કરવું ઘટે છે. પોતાની છાતીને સંગ જેવી કઠણ અને દિલને બે-રહેમ કરવું ઘટે છે."

એજ માફક ધાર્મિક સુધારા કરનારાઓએ પણ પહેલાં કામક્રોધને મારવા જોઇએ અને મન ઉપર જંબરો કાબુ રાખવો જોઇએ. દેશના સુધારા કરવા પહેલાં જાતી સુધારાની પહેલી જરૂર છે. દેશની સેવા કરવા અગાઉ ખેશની (પોતાની) મનશાની સુધારવાની પહેલી અગત્ય છે. જે માણસ પોતાના મન ઉપર કાબુ રાખી ન શકે તે એક મહાન પુરૂષ લેખાવાને લાયક નથી.

ધર્મ તથા વચન ઉપર જાનફેશાની? દ્રઢ મનની જરૂર.

હારમેચીસના પિતાએ કહ્યું કે "ધર્મ ઉપર જાન આપવા આપણ ડરતા નથી." તેણે પોતાના આ બહાદુર બેટાને કસમ આપ્યા કે "જો તું ફેરાઉનના તખ્ત ઉપર બેસે તો ત્હારા દેશ અને ખેશ, તથા ધર્મ તરફ વફાદાર રહેજે અને કદીબી તેને તજતો નાં." કેટલા પારસી બાપો આજે પોતાના બેટાઓને પોતાના ધર્મ અને ફરજ ઉપર ઉસ્તવાર રહેવાને શીખામણ આપતા હશે? આજનો કેલવાયલો જવાન, ધર્મ શું તેની લેશ ભાર પણ દરકાર કરતો નથી. તે તેને હસી કાઢે છે. તે એક પીડાસમાન માને છે અને તેમ કરતાં તે પોતાની એક વાહાલાંમાં વાહાલી અંને કીમતીમાં કીમતી મિરાસ ખોહે છે. ઉપલો બોધ પોતાના પ્રિય પિતા

તરફથી મલતાને વાર હારમેચીસનું દિલ પોતાના, પ્યારાં વતનની ઉંડી દાઝથી દુખી થઇ બલવા લાગ્યું. તેણે દ્રઢ મન કીધું પણ સેવટે એક સ્ત્રીના ફરેબથી ભુલાવો ખાઇ તેણે પોતાના દેશનો ભોગ આપ્યો. દુશમનને પોતાના વતનમાંથી મારી કાહાડવા અને વતનને પરદેશીઓના હાથમાંથી છોડવવા જોકે તેના દિલના જુસ્સા હરખાઇ ઉછાલા મારતા, તે છતાં કલીયોપેત્રાના નરમ મીઠા સ્વરો આગલ તે ઠંડાગાર પડયા અને આખરે તેણે પોતાના દેશ તરફની ફરજને વિસારી મેલી. તે કલીયોપેત્રા ઉપર કિનો લેવા માગતો હતો, પણ પ્યારે કિના ઉપર સર્વોપરીપણું મેલવી તેને ફાવવા દીધો નહી. તે એટલું દ્રઢ મન રાખી શકયો નહી કે જેથી તે એક મકરબાજ સ્ત્રીના ફેલફરેબને પુરો પડી શકે. અને આખરે જયારે તેના હાથમાં એક સુંદર તક આવી, જ્યારે દુશમન આગળ ચાલી ચલાવીને તે ગયો, ત્યારે એક બીજી સ્ત્રીના કાવત્રાંથી અને પોતાના મનની દ્રઢતા ખોહી દેવાથી તે પોતાના વતન તરફ બેવફા બન્યો. એજ મિસાલ માહાશુર શેકસ્પીયરનો હૅમલેટ પોતાના મરહુમ પિતાના ખુનનો કીનો લેવાને તત્પર હતો, પણ તે દ્રઢ મન કરી ન શકવાથી આખરે તેનો પોતાનો નાશ થયો :—

> " And thus the native hue of resolution,
> Is sicklied o'er with the pale cast of thought,
> And enterprises of great pith and moment,
> With this regard, their currents turn away,
> And lose the name of action."

બુઝર્ગ સેપા ચારમીયનને શીખામણ દેછે કે "તારૂં વચન તુંને પાલવું ઘટે છે. વચન, જીંદગીની કીમતે દરેક આદમીએ પાલવું ઘટે છે. આદમીની જીંદગીનું જીવતર અને તેની કીમત તેના વચનની સાબેતી ઉપર છે. જીંદગી દરમ્યાન રદ ગયલું વચન ઝેર સમાન છે. સુખન ઉપર જીંદગીનો આધાર છે."

અસલી રોમન દેશહિતકારી માતા.

એક રોમન માતા પોતાના બચ્ચાં ઉપર કાંઇ જેવું તેવું વાહાલ

રાખતી ન હતી, પણ. પોતાના દેશ માટેનો પ્યાર તેની રગોમાં એટલાં જોશથી વહેતો કે તે દેશને પોતાના બચ્ચાં કરતાં પણુ આલા ગણી પોતાના દેશની છુટકારા માટે પોતાના એક નહી પણ દસ બેટા હોય તો તેમને પણ લડાઇમાં ઉતારવાને આનાકાની કરતી ન હતી. બહાદુર "કોરયોલેનસ" વિષેના મહાન શેકસ્પીયરના નાટકમાં આ દલેર નરની માતા તેની ધણીયાણીને જે દિલાસાના સુખનો કહે છે તે જીગરમાં કોતરી રાખવા જોગ છે. તે પોતાની વહુને કહેછે:—

"If my son were my husband I should freelier rejoice in that absence wherein he won honour, than in embracements of his bed, where he would show most love. When yet he was but tender-bodied, and the only son of my womb; when youth with comeliness plucked all gaze his way; when, for a day of king's entreaties, a mother should not sell him an hour from her beholding; I, considering how honour would become such a person, that it was no better than picture like to hang by the wall, if renown made it not stir, was pleased to let him seek danger when he was likely to find fame. To a cruel war I sent him; from whence he returned, his brows bound with oak. I tell thee daughter, I sprang not more in joy at first hearing he was a man-child, than now on first seeing he had proved himself a man."

આપણી દેશી માતાઓ પોતાના બચ્ચાંઓને પોતાની આંખ આગલથી ખસાડતી નથી અને તેમને દેશાવર નોકરી ધંધે જવા દેતી નથી પણ ઘરે સબડી નાની કમાઇ પર તેમને સંતોષ પામવા કહે છે. તેઓને અસલી રોમન તથા ઇજીપશીયનોનો દાખલો યાદ રાખવા જોગ છે. ઉપલી બિચારી કગલતી વહુ પુછે છે કે જો કીર્તિ મેલવતાં તમારા બેટાનું મરણ નિપજ્યું હતે તો? શું ત્યારે તમે તમારો બેટો નહી ખોહી બેસતે? તેનો જવાબ આ બહાદુર માતાએ દીધો કે "જો તે લડાઇમાં

મારયો જતે તો તેની સારી કીર્તિ મારો દીકરો કહેવાતે. તેમાંજ હું મારૂં બચ્ચું માની લેતે." :—

"Then his good report should have been my son; I therein would have found issue. Hear me, profess sincerely :—

"Had I a dozen sons, each in my love alike and none less dear than them and my good Marcuis,—I had rather had eleven die nobly for their country, than one voluptuously surfeit out of action."

વલી તે વધુ કહેછે.

"The breasts of Hecuba
When she did suckle Hector, look'd not lovelier
Than Hector's forehead, when it spit forth blood."
At Grecian swords contending.

વલી જો બેટો લડાઇ જીતી સાથે તલવારના જખમો લઇ આવતો તો તે ઉપર તેની માતા વધારે ખુશ થતી અને બોલતી "O he is wounded! I thank the gods for't." અને વલી પોતાનો દીકરો આગલી એકજ લડાઇમાં ૨૫ જખમો લઇ આવવા માટે બડાઇ મારતી. જાણે જખમ તે માનના ચાંદ માનવામાં આવતા. તે વેલા એક બચ્ચાંને નિશાળની કેલવણી કરતાં પટા ખેલવાનું વધારે પસંદ કરવામાં આવતું. કોરીયોલેનસની માતા વોલમન્યા કહે છે તેમ "મારૂં નાનું બાળક સ્કુલમાસ્તરને જોવા કરતાં તલવાર અને લડાઇના પીકચરને જોતું તે હું વધારે પસંદ કરતી."

ઓરત ઉપર અતીશ્ય વિશ્વાસ.

હારમેચીસનો, તેના લશકરનો, અને તેના દેશનો આધાર, ઉપર જણાવ્યું તેમ એક ઓરત જે તેના ઉપર ફિદા થઇ હતી તેના ઉપર હતો. તેણે તેણી ઉપર અતીશય વિશ્વાસ મેલ્યો અને તેથી તેને અને તેના દેશને અતીશ્ય વેઠવું પડયું. બુઝર્ગ સેપાએ તેને જે સલાહ આપી હતી તે તે ભુલી ગયો અને તેથી તેના આવા હાલ થયા. સેપાના

બોધકારક સુખનો અત્રે ટાંકુ છું:—

"માટે હારમેચીસ આ ચારમીયનથી તું હુસ્યાર રહેજે. આ છોકરીના હાથમાં આપણુ સર્વની જીંદગી જઇ પડી છે. અફસોસ કે એક ઓરત સાથ આપણને કામ પડયું છે! પણ લાચાર!! અરે! રખે કોઇ પોતાની મુરાદનો કોટ ઓરતના હવાઇ વિશ્વાસ ઉપર ઉઠાવે! ઓરત! કેવી બેરંગી બદલાતી ઓરત!! જયાં સુધી તે તુને ચાહતી રહેશે ત્યાં સુધી તે તુને વફાદાર અને નિમકહલાલ રહેશે. પણ તારી ઉપરનો તેનો પ્યાર જયારેબી જરા ઓછો થયો તો તે તેજ વખત બેવફા અને નિમકહરામ થવાની. મરદોના જેવા દ્રઢ વિચાર ઓરતોના નથી,"

મરદોના પણ દ્રઢ વિચાર કયા હોય છે.? સઘળા મરદોના મક્કમ વિચાર આવતા નથી. એ તો હજારે એકજ મરદના તેવા હોય છે. ચારમીયને અદેખાઇના આવેશમાં કલીયોપેત્રા સનમુખ જે વાત ફુકી મારી તેથી આપણો આ દેશહિતકારીક નાયક દીન અને દુન્યાથી, દેશ અને ખેશથીજ નહી પણ પોતાના ધર્મ અને ખુદાથી ઉખડી ગયો. કિનો લેવાના કહેરમાં એ સ્ત્રીની આસપાસ એવા અંધકારના પરદા ફરી વલ્યા કે તેણી પોતાના પ્યારનેજ નહી પણ પોતાના વચન અને વતનને પણ ભુલી ગઇ. પણ જયારે અદેખાઇનો હુમલો નરમ પડયો ત્યારે પાછું તેની રગોમાં પ્યારનું પવિત્ર લોહી દોડતું થયું અને તેણે ફરીથી પોતાના આશક—બલ્કે માશુક—ઉપરની જાનફેશાની બમણા જોશમાં ચાલુ કીધી.

દેશ ઉપરની ફીદાગીરી.

હારમેચીસના બચાવને ખાતર મારે જણાવવું જોઇએ કે તે પોતાનું વચન તોડે છે તે કાંઇ ફકત કલીયોપેત્રાની હવસી લંપટમાંજ નહી પણ જયારે આ કલાબાજ રાણી તેમ કરી તેના દેશ ઉપરની અરધી સરદારી આપવા કહે છે ત્યારેજ તે લોભાઇ જઇ તોડે છે. તે પીરેમીડને તલ્યે દટાયલો ખજાનો ત્યારેજ બતાવે છે કે જયારે એ રાણી તેને સમજાવે છે કે "અગરજો પુરાણી અફવા ખરી હોય તો તારા દેશને ખાતર, તારા વતનને ખાતર, તારા પવિત્ર દેવતાઓના મંદિરોની સલા-

મતીને ખાતર આ વખતે કહી દે, કે તે ખજાનો મેલવી **પરદેશી દુશ્મનોને હાથ જતું આપણું વતન આપણ સદાનું . છોડવી લઇએ."** આના જવાબમાં હારમેચીસ શું કહે છે તે જુઓ:—

"કશાંને માટે નહી તો **મારાં વતન મિસરને માટે,** અને એનટનીના હાથમાંથી **મિસરને બચાવવા ખાતર** તે ખજાનો હું જરૂર તુંને દેખાડીશ......**પણ તારે કસમ લેવા જોઇએ કે તે ખજાનો ફકત મિસરને બચાવવા માટેજ ખરચવો."**

આ ઉપરથી ખુલ્લુ દીસે છે કે હારમેચીસે કાંઇ ખાનગી હવસી મતલબને લીધે નહી પણ પોતાના વતનને ખાતરેજ અસલના વારેનો ખજાનો બતાવ્યો હતો. ફરેબથી ઉપલી પરાક્રમી રાણીએ તેને વચન આપ્યું હતું, બલ્કે કસમ લીધા હતા, કે "તેની સાથ લગ્નના ગાંઠથી જોડાઇ તેનાં એ રાણીના અને મીસરના માલેક તરીકેનો હક તે દુન્યામાં જાહેર કરશે" એજ વચન ઉપર ઇતબાર રાખી, પરણવાના પવિત્ર કોલની લાલચે તથા પોતાના દેશનાં ભલાં માટે વાપરવાના નિર્મળ હેતુથીજ હારમેચીસે પીરેમીડ તળેનો છુપો ખજાનો ઉપલી મતલબી મકરબાજ ઓરતને બતાવ્યો હતો. એ તો જયારે આ ઢોંગી ઓરતે પોતાના ફેલફરેબ આ ભલા પણ ભોલા પહેલવાન સનમુખ કબુલ કીધાં ત્યારેજ તેણે તેનું તરકટ પકડયું. એ રાણી લગ્ન વિષે કેવા બેહુદા વિચાર ધરાવતી હતી તે અત્રે જણાવી લખનારે તેના ઉપર આપણો તીરસ્કાર ઉશકેરયો છે. હાલ કેટલાંક "સુધરેલાં" મુલકમાં લગનના ગાંઠથી જોડાવાને કેટલાંક "આગળ વધેલાં" ચકાશી ગયલાં ભેજાંઓ હેબતી જાય છે તેવાઓને અતરે લગાર નરમ પણ અચુક ચીમકી લગાવી છે, તેમના કમસમજ વિચારનેજ અત્રે હસી કાહાડયા છે. આ નાપાક રાણી લગ્નના પાક નામ વિશે જે પાપી ગંધીલા વિચારો જણાવે છે. તેવા આજના ઓખલી ગયલાઓના મોહમાંથી પણ કોઇ કોઇ વાર નીકલે છે.

હવસ વિરૂધ સાચો પ્યાર.

જો કલીયોપેત્રા હવસને બદલે આરમીયનના જેવો સાચો ચોખ્ખો

પ્યાર ધરાવતી હતે તો દુન્યાની તવારીખ જુદીજ વળણુ લેતે. માટે આ પુસ્તકમાં જે બીજો અગત્યનો બોધ અસરકારક રીતે મલે છે તે ખરો પ્યાર' શું છે તેની ખોટા હવસ સાથની સરખામણી કરવામાં સમાયલો છે. જે પ્રિતે હારમેચીસ અને એન્ટની જેવા દુન્યાના બે મહાન યોદ્ધાઓની ખરાબી કીધી તે પ્રિત નહી પણ ઠાલી હવસ હતો તે વિશે એન્ટની પોતે જણાવે છે કે :—"શું એ પ્રિતે મ્હારી આવી હાલત બનાવી નથી ? તેની પાપી પ્રિતમાં ભોરવાઈ, ભંભેરાઇ હું નામોશીમાં ગરક થયોછું. એક ઓરતની પ્રિતે મ્હારા જેવા બળવંતની આ હાલત કરી છે. જા ઓ ઓરત ? તું જા અને મ્હારી હાલતનો ખરો હેવાલ કોઇ તવારીખના લખનારને જઇને કેહ, કે આવતી ઓલાદને ઓરતની પ્રિતમાં ફસતાં અટકાવવા માટે મ્હારી હકિકતની નોધ કરી નસિયતના સખુનો લખે."

એન્ટનીનો મરણુ વેળાનો દેખાવ અને કલીયોપેત્રાની તે વેળાની ગમખારીનો અતી કરૂણારસિક હેવાલ આ કેતાબમાં અછી રીતે આપ્યો છે. વલી ચારમ્યન હારમેચીસને પ્યારના વધું પાઠ સમજાવે છે કે—

"સાંભળ હારમેચીસ, આ જગમાં પ્યાર જેવી ચીજ બીજી એકે નથી. એ પ્યારની અગન સાંખી શકે એવું જગકર્તાએ કોઇબી આદમી દુન્યામાં પેદા કીધુંજ નથી."

મોટા લોકની રમત.

મોટા લોકની રમત, રાજયવંશીઓના મોજશોખ અને રાજયકર્તાઓના અખતરા કેવા હોય છે, તે બિચારા ગરીબોને કેવા ભારી પડે છે તેનો એક જાણવા જોગ દાખલો આ કલીયોપેત્રાની વારતામાં આપણુને જાણવાને મલે છે. મરતી વેળા પણ એ મગરૂર મક્રબાજ ઓરત ૧૨ જુદી જુદી જાતનાં ઝેરો માણુસ ઉપર કેવી અસર કરે છે અને દરેક ઝેર કેટલી પળમાં માણુસનો જીવ લેછે તેની તપાસ તે પોતાના એક દુર્જન માણુસો ઉપર કરે છે. આવી તેની ઘાતકી, કમકમાટભરી અજમાયશ છે. તે મરતાં મરતાં પણુ પોતાના ગરીબ નોકરોનો નિર્દયપણે જીવ લેવાને ચુકતી નથી.

એક ગરીબ દાસીની નીમકહલાલી.

પણ એક હાથપર જયારે આ રૈયતની પાલનહાર, રૈયતની પાસબાની કરનાર, રૈયતની માતા જેવી પોતાની રૈયતના ૧૨ જણાનોં ધાણ ફકત પોતાની ઠાલી જીજ્ઞાસાને ખાતર કાહાડે છે ત્યારે બીજા હાથપર એક ગરીબ બિચારી દાસી પોતાની આવી ઠગારી, ફિસ્યારીખોર, મગરૂર, ક્રૂર, કુછંદી રાણી ઉપર કેવો જીવ કાઢી આપે છે તે જોવાજોગ છે. કલીયોપેત્રાએ કાંઇ પોતાના માણસો તરફ એવી દિલસોજી બતાવી નથી કે તેઓ તેના ઉપર જાન નિસાર કરે, તે છતાં પંકિતએ ગરીબ, પૈસામાં ગરીબ, દુન્યાઇ દરજજામાં હલકાં પણ ખુદરતના ખરાં ખમીર ધરાવનાર, ખુદરતના સાચાં અમીરો હોય છે. કલીયોપેત્રા પોતે ઝેર પીયે છે તેમાં રખેને કાંઇ દગો હોય તેની પોતાના ઉપર અજમાસ લેવા તેની એક વફાદાર દાસી તૈયાર થાયછે. જે વેળા પોતાની રાણી પોતાનો જીવ ખોહવા બેઠી છે, જે વેળા આ દાસીને પોતાને તેના તરફથી ભવિષમાં કશો પણ બદલો મેલવવાની આશા નથી તે વેળા પોતાની શેઠાણી તરફની વફાદારીને ખાતર, તેનુ નિમક હલાલ કરવાને ખાતર આ એક કમીની ચાકરડી પોતાનો જીવ આપવામાં માન માને છે. એ તે ખરાં ગરીબ! એ તે ખરાં અમીર!

એક બાપનો શ્રાપ.

એક બાપ પોતાના દીકરાને પોતાના દેશ તરફની ફરજ બજાવવામાં ગફલતી કરવા માટે કેવો હરધુત કરેછે, તેને કેવા હરડતા શ્રાપ દેછે, તેણે પોતાનું વચન તોડયું તે માટે તેનું મોહ જોવાને પણ તે કેવો કમકમે છે તે આગલા જમાનાના ખરા શુરવિરોની પોતાના દેશ તરફની ઉંડી લાગણીની ગવાહી આપે છે. હારમેચીસ એલેકઝાન્દ્રીયા છોડી નાસી જઈ પોતાને સ્વદેશ જાય છે ત્યાં તેનો બાપ અમનામાહાત તેની "દગલબાજ સિકલ" પોતાની નજરે જોવા આગમજ તે પોતાની આંખો અપંગ થઇ જાય છે તે બહેતર ગણે છે, નહી તો (તે કહે છે કે) તે દગલબાજની "પલીદ સીકલ જોતાંજ તે અપવિત્ર થતે." એક મકરબાજ ઓરતનો ભોગ થયલો બેટો પોતાના બાપ પાસ દયા માટે ઘણીબી મીન્તેઝારીભરી અરેજ

કરે છે પણ તે તેને ગણકારતો નથી અને તેને શ્રાપ દે છે :—

"દયા! કોણ ઉપર!! એક દગલબાજ, જેણે પોતાના વતન અને ધરમને તારાજ કીધાં તેની ઉપર દયા!! જેણે મીસરની પવિત્ર અને ગુપ્ત દોલત એક કુછંદી ઓરતની પ્રિત ખાતર ખરાબ કીધી તેની ઉપર દયા? આ પવિત્ર અબુથીસના મંદિરોનો જેણે હક ડુબાડયો તેના ઉપર દયા! ઓ કમઅકલ કપુત, મિસર સર જમીનની તેં ખુવારી કીધી?? તેના ધરમગુરૂઓને પાયમાલ કરી તેં જાનથી માર્યા, અને હું એખલો તે ખુવારીની ગણત્રી કરવા જીવતો રહયો. હારમેચીસ, કુલની લાજ લુટાવનાર, હેફ છે તારી ઉપર? લ્યાનત અને ફીટકાર ત્હારી સીકલ ઉપર?? કદીબી આ ધરતી ઉપર તું સુખ જોવા જીવતો ના??? દુખ અને વિપત્તીમાં તું ત્હારી જીંદગીના બાકી રહેલા દાહડા આ જગમાં પુરા કરજે, અને મુવા પછી દોજખના ઉંડામાં ઉંડા ગારમાં જઇ પડજે. જો, ત્હારી આંખો ફાડી જો. કે ત્હારાં પલીદ કામોની ખબર મને પડતાં હું રડી રડી સેવટે આંધલો થઇ ગયોછું. ત્હારી અંદર મેં દુનીઆની આશા ભરી હતી, પણ હવે તું મ્હારે મન જીવતો છતાં મુવો બરાબર છે."

અપવિત્ર હવસથી ઉલટો સાચો પ્યાર એક માણસના વિચારો કેવા શુદ્ધ બનાવે છે અને તેને કેવો સ્વાર્થથી નિરાળો બનાવે છે તે વિષે હારમેચીસના ઉપર ફિદા થયલી ચારમીયન તેને સમજાવે છે. એક પ્યાર વિનાનું માનસ સંપુર્ણ લેખાયજ નહી. "Love is not love which alters when it alteration finds" એ મહાન શેકસપિયરનો અનુભવી વિચાર હારમેચિસને તેની ઉપલી આશક સમજાવે છે તે નોધી લેવા જોગ છે :—

સાચો પ્યાર.

"સાંભલ હારમેચીસ, ત્હારી આટલી બધી ફીલસુફી અને ત્હારાં ડાહપણ છતાં એક ઓરતના ખરા અને સાચ્ચા પ્યારની એમુલ ખુબીથી તું બેખબર રહી ગયો છે. સાંભલ, સાચ્ચી મોહબત અને સાચ્ચો પ્યાર માણસના રૂપ સ્વરૂપ બદલવાથી બદલાતો નથી, પણ સરવે

મુસીબતો અને સંકટોમાં સેવટ સુધી તે પ્યાર વફાદાર જેવો ને તેવોજ રહેછે અને મરણ પછીબી તે પોતાની માશુકના જીવ પાછલ ભમતો ફરે છે. જ્યારે આ ફાની દુનીઆના સ્વપનાનું ચક્કર બંને આશક અને માશુક ફરી રહેછે, ત્યાર પછી તેઓ પોતાના નવા ભવમાં, નવા આકારે પાછાં મલે છે. મ્હારો પ્યાર તેવી કિસમનો છે. હજી તે જેવો ને તેવોજ છે, અને ત્હારાં રૂપ સ્વરૂપ સાથ તેને જરાબી નીસબત નથી. તું વગર હવે તે મ્હારી લાસ સાથ મ્હારા કફનમાં દફન થશે, અને આ ભવનો સ્વપનો પુરો કરી બીજા નવા ભવમાં તે ત્હારી દામન પકડી પાડવા ચુકશે નહી."

સારાંશ.

ઉપર જણાવ્યું તેમ આ પુસ્તક ઉપરથી કેટલાક અતી ઉપયોગી ધડા મળે છે અને તેથીજ તેની ભલામણ કરી શકાશે. પોતાના દેશના લાભ અંગત લાભ કરતાં કેટલા ચઢતા છે અને દેશ તરફની ફરજ સાચવટ સાથ બજા લાવવાનું વચન આપી પછી તોડવાથી કેવું માઠું પરિણામ નીપજે છે, પવિત્ર પ્યાર અને પાપી હવસ વચ્ચે કેટલો ફરક છે અને એ બંનેના ફળ કેટલાં જુદાં હોય છે તે સઘળું આ એક આગળા જમાનાની નવલ કથામાં આપણને અછી રીતે જાણવાનું મળે છે. આ કારણસર મી. પટેલની કેતાબ પ્રજામાં માનીતી થઇ પડે તેમાં કશી નવાઇ નથી. સાહિત્ય તરફ જે સુસ્તી આપણા દેશમાં પથરાઇ છે તે જોતાં મી. પટેલની પહેલી આવૃતિ આટલા થોડા વખતમાં ખપી ગઇ છે તે તેની પ્રજા પ્રસંશાનો પુરતો પુરાવો પૂરો પડે છે માટે તે બાબે હવે ઝાઝું લંબાણથી બોલવાની જરૂર નથી. મી. પટેલે આ પોતાની બીજી આવૃતીમાં લીપિ ઉપર વધુ ધ્યાન આપ્યું છે તે જોઇ સંતોષ ઉપજે છે. અને સેવટે એટલુંજ ઇચ્છીશ કે આ કેતાબ વાચી પોતાના દેશ તરફનો પ્યાર આપણા જવાન્યાઓના દિલમાં વધુ અને વધુ વહેતો રહે અને તેઓ દેશ તરફની ફરજ બજાવવાને જાતી ભોગ આપવાને હંમેશ જાગૃત રહે.

તા. ૩૧મી મે ૧૯૦૪,
મુંબઇ.

રૂસ્તમ બરજોરજી પેમાસ્તર.



ક્લિઓપૅત્રા.

કલીઓપૅત્રા

અને

હારમેચીસ.

પ્રકરણ ૧ લું.

હારમેચીસનો જનમ—તેની માતાએ કરેલી અગમચેતી—ફેરાઉનનો જુલમ—નાઇલ નદીનો કેહેર—નિરદોશ બાળકની કતલ.

હે! જગકરતા, જગરક્ષક, સર્વપાલક દાતાર; ગગન મંડળ ઉપર પ્રકાશતા ચકચકિત તારાઓ, તથા સુર્ય અને ચંદ્રના ઓ માલેક મેહરબાન, સર્વ સ્રસ્ટિના ખાવિંદ, તારાં પવિત્ર નામના પાક કસમ લઇ હું જણાઉ છું કે મારી જીંદગીનો આ હેવાલ કાંઇબી સરાહગાત વિના લખવો મે શરૂ કીધો છે.

જે પવિત્ર જમીન ઉપર મેં જનમ લીધો છે, તે પવિત્ર જમીનના, અરે! વ્હાલાં વતંન, બળવંત લડવૈયાઓના ઓ પુરાતન વતન, ઓ પવિત્ર *મીસર, તારા કસમ લઇ હું જણાઉછું કે જે કાંઇ મેં લખ્યું છે તે સર્વ ખરૂં અને સરાહગાતથી બીલકુલ મોકલું છે. મારાં સર ઉપર યંમનો દુત ભમી રહ્યોછે, અને હવે જે પળ જાએછે તેમાં મારૂં સર છેદાવાની તૈયાંરી થશે. મબાદા તેવી તૈયારી થઇ ચુકીબી હશે, માટે તેવે વખતે કદીબી હું ખોટું લખી મારાં પાપમાં ઉમેરો નહી કરીશ.

---

*હાલના જમાનામાં જણાયલું ઇજીપ્ત શેહર.

હે, વાંચનાર ! મારૂ નામ **હારમેચીસ** છે. મારી રગોમાં મીસરના રાજકરતાનું બાદશાહી લોહી વેહછે, અને તમામ મીસર દેશની શેહનશાહાતનો હું ખરો અને એખલો વારેસ છું.

પણ કમનસીબે મેં મારા હમવતનીઓની આશાની ધુલધાની કરી. કિરતી અને ઇજ્જતનો રસતો છોડી, પવિત્ર દેવતાઓના પાક અવાજોને સાંભળવાના મુકી, હું એક ઓરતના ફરેબથી ફેરવાઇ ખોટે મારગે ઉતરી પડયો. ધીક ! ધીક !! મારા જેવા પાપી ઉપર !!!

હું કમનસીબ **હારમેચીસ** જેની અંદર મીસરની તમામ ખલકતની આશા ભરી હતી, તેની નામોશીનો પાર રહ્યો નહી. તે એક ઓરતની ઠગાઇથી ઠગાયો. જંગલનાં ખુંખાર ફાડીખાનારાં જાનવરોથી જે ડરતો નહી હતો, તે એક ઓરતના નાંજ ઉપર મોહી પડી પાયમાલ થઇ ગયો. તે પોતે ખુવાર થયો, અને બીજાને પણ તેણે ખુવાર કીધાં. એટલુંજ નહી, પણ પોતાનાં વ્હાલાં વતનને વટીક પડતું નાખી તેને દગો દીધો.

ઓ મીસર ! ઓ હીનભાગ્ય વતન !! જે ભુમી ઉપર હું ઉછરી મોટો થયો, અને જે ભુમીનુ ભલુ કરવાના મારા વિચાર છતાં ભુલમાં ભુલાવો ખાઇ મેં તેને ખુવાર કીધી, તેના પવિત્ર દેવતાઓ—મીસરના નીગેહબાનો—તમો કે જેઓને મેં વચન આપ્યા પછી દગો દીધો છે તેમના ; મીસરના મશહુર મંદીરો કે જેઓના ગુંબજની ટોંચ ગગન સાથ ગરૂરીથી વાત કરતી ઉભી છે, અને જે સરવે મારાથી પાયમાલ થયાં છે તેમના ; ઓ બાદશાહી તોખમના બાહાદુર મીસરના શેહનશાહો, તમારીજ તોખમનું સુરીલું લોહી જે મારી રગોમાં વેહછે, તે લોહીને મેં જે નામોશી લગાડીછે, અને નેકીનો રસતો છોડી ઉલટે રસતે હું ઉતરી ગયો, તે સરવેના કસમ લઇ મારી જીંદગીમાં જે કાંઇ મારાથી બન્યું છે તે ખરેખર હું લખુછું. જો એક હરફબી મેં ખોટો લખ્યો હોય, તો મારા મુવા પછી મારો જીવ કદીબી જંપી રહે નહી, અને આ ધરતી તથા તે પવિત્ર દુનીઆ વચ્ચે હમેશા તે ડોળતો રેહ. આમીન ! આમીન !!

* * * * * *

અબુથીસનાં મંદીરનો મારો બાપ વડો ધર્મગુરૂ હતો.

મારા જનમને દીવસેજ મીસરની રાણી **કલીઓપૅત્રા**નો પણ જનમ થયો હતો. મારી બચગીના દીવસો હું ફરીહરી હસીખુશીમાં ગુજારતો હતો. મારી માતાનું શું થયું તે વિશે મને કાંઇબી ખ્યાલ નથી, કારણ હું જ્યારે તેણીની છાતીસે વલગી દુધ પીતો હતો, તે વારનીજ તે આ જગત તજી મને નમાયો કરી ગઇ હતી. મને પાળીપોશી મોટો કરનાર એક બુઢી સ્ત્રી જેનું નામ **અટુવા** કરી હતું, તેણીએ મને પાછલથી જણાવ્યું કે મારી માતા એક દીવસે મારા પાળણાની ઉપર નજર ફેંકી મને નીચલા આશીસ દઈ તતકાળ મરણ પામી હતી.

"મારાં વ્હાલાં બાળક, મારી છાતીનું દુધ ધાવી ઉછરેલાં, અને મારાં લોહી અને માસમાંથી અવતરેલાં બાળ, તારી ફતેહ થજો. મીસરનો તું રાજ કરતા અને ફેરાઉન*ના તખતનો તું માલેક થજો. ઓ ભાગ્યવંત પુત, મીસરનો તું બચાવનાર અને તારનાર થશે, અને તમામ મીસર તારૂં ફરમાબરદાર થશે. પણ જે ફરજ તારાં વતન તરફ તુને બજાવવી છે, તે બજાવવાને લાયક જ્યારે તું થાય, અને તે ફરજ બજાવવાનો જયારે વખત આવી લાગે, તે વખતે તુ તારા વિચારો દ્રઢ રાખજે. અને જો તેમાં તું નિશફળ થયો, તારા વિચારો જો તેં ફેરવ્યા તો તમામ મીસરના બુરાંમા બુરા શ્રાપને તું પાત્ર થજો. તારા વતનની ભુમીના શ્રાપથી તું બલી ખાક થજો. જીવતી જીંદગી દરમ્યાન તું કદીબી સુખી કે ખુશી થતો ના. અને મુવા પછીબી આ ફાની અને પેલી અમર્ગ દુનયામાં કદીબી તારો જીવ જંપી રેહવા પામતો ના."

અટુવાના કેહવા પ્રમાણે મારી માતા મારા વિશે આવી રીતની અગમએતી કરી મને શ્રાપ દઇ મારા પાળણા આગલ એક ચીસ પાડી

---

*મીસરના તખ્ત ઉપર જેઓ બાદશાહ બાદશાહી કરતા તેઓ ફેરાઉનના ખેતાબથી ઓલખાતા હતા.

જમીન ઉપર પડી તતકાળ મરણ પામી, અને તેજ વખતે મારી માતાની ચીસના અવાજથી હું પાળણામાં ચમકી ઉઠી રડવા લાગ્યો.

મારો બાપ **એમનામાહાત** આ સઘળો બનાવ દીવાનખાનાના એક ખુનામાં દુર ઉભો રહી જોતો હતો. તેણે તુરતજ દીવાનખાનાના દરવાજા બંધ કરી લીધા, અને જેબી કોઇ મારા પાળણા આગળ ઉભેલાં હતાં તેઓને પવિત્ર દેવતાઓની મુરતી સમક્ષ એકઠાં કરી હડહડતા કસમ આપી મારી માતાએ કરેલી આગમચેતીવાલી બાબદ બીલકુલ છુપી રાખવા તાકીદ કરી કહ્યું કે, 'એ બીના જો કોઇનાબી કાંન ઉપર જશે તો રાજ તરફથી મારો જીવ લેવાની તુરતજ તજવીજ થશે.'

પણ આ જગતમાં એવું કાંઇ નથી કે જે એક ઓરતની છાતીમાં ભેદનો સમાવેશ કરી શકાવે. બાદ મુદતે મારી સંભાલ લેનાર દાસી **અટુવા**એ, મારી માતાએ મારા વિશે વરતેલી આગમચેતીની વારતા પોતાની એક દીકરી આગલ કહી, અને **અટુવા**ની દીકરીએ તે હકિકત પોતાના ખાવિંદ આગલ મારી તારીફ કરી જણાવી. 'હોઠ બાહાર તે કોટ બાહાર.' તેમ તે ઓરતના ખાવિંદે તે વાત પોતાના એક મીત્રને કહી, અને તે મીત્રને મોહડેથી મારી માતાએ કરેલી આગમચેતીની બીના રફતેરફતે શેહરમાં ફેલાવા લાગી, અને અંતે તે હકિકત ફેરાઉનને કાંને જઇ પુગી.

મીસરનો ફેરાઉન આ આગમચેતીની ખબર સાંભળી દીલથી ડરી પોતાનાં મનમાં કાંપવા લાગ્યો, સબબ તે જુલમગારના જબુન કાંમ અને જબરીથી મીસરની તમામ રૈયત તબાહ પામી હતી, એવું તે જાતે જાણતો હતો.

જુલમગારોને તેઓનું અંતકરણ હમેશાં ડંખે છે. પોતાના કાંમોથી ફેરાઉનને તેનુ અંતકરણ એટલું તો ડંખતું હતું, કે તે ડંખના જેહરથી તે અધમુવા જેવો થઇ ગયો હતો. આવી આફતમાંથી તે જગત દાતાર અને આકાશી દેવતાઓ તેને બચાવી તેનુ રક્ષણ કરે, માટે દેવતાઓને તે મોટા ભોગો આપતો, અને પોતાનુ ભવિષ્ય જાણવા દેશપરદેશથી નજુમીઓને બોલાવતો હતો.

આવી રીતની હાલતમાં પોતે પડેલો હોવાથી જેવી તેને ખબર પડી કે **અબુથીસ**નાં પવિત્ર મંદીરના વડા ધર્મગુરૂની નેકબખ્ત બાઇડીએ

મરતી વખતે પોતાના ફરજંદ વિશે આગમચેતી કરી છે, કે તે મીસરનો ફેરાઉન થશે, તેવીજ તેણે પોતાના રાજપાત સાથ પોતાના જીવની આશા છોડી. એશ અને આરામ તેને મન કડવાં જેહર જેવાં લાગ્યાં, અને કોઇબી રીતે મારો જીવ લેવાની તે તદબીર કરવા લાગ્યો. તુરતજ તે જુલમગારે પોતાના વિસ્વાસુ સીપાહોને **નાઇલ** નદી પસાર કરી **અબુથીસ** જઇ કાંઇબી કરી મારૂ સર કાપી લાવી પોતાની દરબારમાં હાજર કરવાનો હુકંમ કીધો.

પણ તે કીરતારની જેના ઉપર મેહરબાની હોય છે, તેને કોઇબી નુકસાન કરી શકતું નથી. ફેરાઉનના સીપાહો **એલકઝાંન્ડ્રીયાથી નાઇલ** નદી પસાર કરી **અબુથીસ** આવી પુગ્યા. પણ મારાં સારાં નસીબે તે વખતે નદીમાં ઓટ થઇ જવાથી તેમની કીસ્તી રેતીના એક ઢગ ઉપર લાઢી ગઇ. એકાએક હવામાં ફેરફાર થઇ ગયો. ઉત્તર દીસા તરફથી પવન ઘણો તુફાની ફુંકાવા લાગ્યો અને પેલાં સીપાહોની કીસ્તી દર પળે ડુબી જવાની ધાસતીમાં આવી પડી. એક ઘડી પળમાં વાદલ ઘનઘોર થઇ ગયું. આકાશ ઉપર કાળી ઘટા ચઢી આવી, અને લ્હેરની લ્હેરમાં લ્હેરાતાં પેલી સદાની શાંત **નાઇલ** નદીના પાણી જોરમાં ગડબડ કરવા લાગ્યાં.

આવી રીતે એકાએક રૂઠેલી હવા અને **નાઇલ** નદીના તુફાની પાણી સાંમે પેલા સીપાહો કીનારાથી થોડેજ છેટે હોવા છતાં પોતાની કીસ્તી બચાવી શકયા નહી, અને લાચાર થઇ કીનારે ઉભેલા કેટલાક માછીમારોની મદદ માટે પુકારો કરવા લાગ્યા.

ફેરાઉનના આ સીપાહોને જોતાંજ પેલા મીસકીન માછીમારો ડરી ગયા, અને કાંઇ નવા જુલમની વકી રાખી કીસ્તીને ડુબતી બચાવવા તથા સીપાહોને મદદ કરવાની આનાકાની કરવા લાગ્યા. તુફાનનું જોર પણ દર પળે વધતુંજ ગયું અને મોજાના સપાટામાં પેલી કીસ્તી વધુ અને વધુ અટવાતીજ ગઇ. આવો મામલો જોઇ પેલા સીપાહોમાં ફેરાઉનનો એક વિશ્વાસુ હિજડો હતો, તે મોતની ધાસતીથી ડર ખાઇ પોતાના સાથી સીપાહોને કરગરી કેહવા લાગ્યો કે "યારો, ખોદાનો કોપ આપણા ઉપર ઉતરેલો લાગે

છે! જુવો આ હંમેશની શાંત **નાઇલ** નદી આપણી ઉપર રૂઠી છે, અને આપના કાંમને નાપસંદ કરી **એમનામાહાત**ના પવિત્ર બાળકનું સર કાપવાની **નાઇલ** માતા મનાઇ કરે છે.

પેલા હિજડાના આવી કીસમના હીચકારા સખુનોથી ડરી ન જતાં, પેલા સીપાહોએ કીનારે ઉભેલા માછીમારોને ફેરાઉનના નામથી પુકારી મદદ આપવા જણાવ્યું, અને અંતે માછીમારોની ભેગી મદદથી પોતાની લાઢી ગએલી કીસ્તીને તેરવી તેઓ કીનારે લાવ્યા. પણ પેલા હિજડાના સખુનો માછીમાર માહેલા એકે જેવા સાંભલ્યા, તેવોજ તે આ નવા જુલમાતની ખબર કરવા મારા પીતા **એમનામાહાત**ના મકાન તરફ દોડયો. 'તે વખતે મારો બાપ મકાનમાં ન હતો, અને હું બુઢી **અટુવા**ની બેટીના બાળક સાથ દીવાનખાનામાં ખેલતો હતો. **અટુવા** ઉપર જેવી પેલા માછીમારની નજર પડી તેવોજ તેણે સવાલ કીધો કે, 'આ બાળક કોણનું છે **અટુવા**?'

'એ બાળક મારી બેટીનો બેટો છે.' **અટુવા**એ જવાબ દીધો. 'મે એને શાહાજાદા **હારમેચીસ** સાથ ખેલવા હીયાં રાખ્યો છે.'

'ત્યારે **અટુવા** હું તુને **અબુથીસ**ના પવિત્ર મંદીરના અને તે માહેલી સાતે પવિત્ર મુરતીઓના કસમ આપી કહુંછું, કે **હારમેચીસ**ને બચાવવાનો હવે વખત આવ્યો છે. તેની માતાએ મરતી વખતે કરેલી આગાહી ખરી પડતી જાએ છે, માટે વેહલી થા અને તેને બચાવ.'

પેલા ભલા માછીમારે બુઢી **અટુવા**ને સરવે બીના વીગતવારે જણાવી, અને તે વફાદાર અબલા તુરતજ મારો બચાવ કરવા તેયાર થઇ. તેજ વખત તેણીએ પોતાની દીકરીનો બાળક જે મારી સાથ ખેલતો હતો તેને ઉઠાવી, એક રેસમના જડાવદાર કુપેટામાં લપેટી મારાં પાળણામાં સુવાડી દીધો, અને મારા આંગ ઉપર પેહડેલાં કપડાં કાહાડી, કાદવ અને મટોડીથી મારૂ આંગ ખરડી નાખી મને એખલો દીવાનખાનામાં ખેલતો મુકી દીધો. તેટલી વારમા જુલમગાર ફેરાઉનના સીપાહો મારા બાપના મકાનમાં બેધડક જબરીથી દાખલ થઇ, બુઢી **અટુવા**ને મારા વિષે પુછપરછ

કરવા લાગ્યા. કેટલીક તુલાશ કીધા પછી પેલા હિજડાએ મારા પાળણામા પેલાં બાળકને ખેલતું જોઇ સવાલ કીધો, ' ઓરત, આ પાળણામાં ખેલતું બાળક કોણ છે અને એના બાપનું નામ શું છે?

અટુવાએ હિંમતથી જવાબ દીધો. સરદારો, એ બાળક પવિત્ર **એમનામાહાત**નું ફરજંદ છે, અને એની નેકબખ્ત માતાએ મરતી વખતે એવી આગાહી કરી છે કે એક દીવસ એ મીસરનો ફેરાઉન થશે.

પેલા સીપાહો આ સખુનો સાંભલી ખડખડ હસી પડયા, અને તેઓ માહેલા એકે પેલાં બાળકનો હાંથ પકડી પાળણામાંથી એકદમ તેને ઉઠાવી લીધો, અને તેજ વખતે એક બીજા સીપાહે પોતાની વીજળીના જેવી તેજ તલવાર મ્યાનમાંથી ખેંચી કાહાડી પેલાં નિરદોશ બાળકનુ સર જોતાં જોતાંમાં તેના તનથી કાપી જુદુ કીધું.

આ જુલમભરયો માંમલો જોઇ **અટુવા** શોર અને કલપાંત કરતી દીવાનખાનાની દીવાલો સાથ પોતાનું મસ્તક ફોડવા લાગી, સબબ જે બાળકનો જીવ જુલમગાર ફેરાઉનના માણસોએ લીધો હતો, તે તો તેણીની દીકરીનો દીકરો હતો, કે જેને ફકત મારી સાથ ખેલવા માટેજ **અટુવા** તેડી લાવી હતી. આતું જબુન કાંમ ફેરાઉનના ફરમાનને તાબે થઇ કીધુછે, એવી **અટુવાની** ખાતુરી કરવા પેલા હિજડાએ બાદશાહી મોહોરવાલુ લેખીત ફરમાન પોતાના ખીસામાંથી કાહડી તેણીને દેખાડી કહ્યું કે ' ઓરત. આ બાળકનું માથું કાપી હમો ફેરાઉનની દરબારમાં લઇ જઇએ છેએ. એનો બાપ પવિત્ર **એમનામાહાત** જયારે આવે ત્યારે તુ તેને જણાવજે કે તેનો લાડકો સપુત મીસરના તખત ઉપર બેસવા ગયો છે.'

જે બાળકનુ માથું પેલા જુલમગારોએ તેના બદનથી કાપી છુટું કીધું હતું, તે લઇ તેઓ મારી આગલથી હસતા અને વાતો કરતા ચાલી ગયા, અને તેજ વખતે ઘરડી **અટુવાને** મેં જમીન ઉપર અરધી બેભાન હાલતમા પડતી દીઠી.

એમનામાહાતના પવીત્ર મકાનમાંથી ફેરાઉનના માણસો એક બાળકનું માથું કાપી લઇ ગયાં એવી અફવા તુરતજ ગામમાં ફેલાઇ ગઇ,

અને એ બનાવ બનવાને એક કલાક નહી થયો, તેટલાં તે બાળકનાં માબાપ મારા બાપના મકાનમાં આવી પોતાના વ્હાલાં બાળકના બદનને વગર સરનું લોહીમાં ગરકાવ થાઇ પડેલું જોઇ, હાય અને વિલાપ કરવા લાગ્યાં. મારા બાપનું પણ એટલામાં ત્યાં આવવું થયું, અને તેની દાનાઇભરી સમજાવટ અને ધીરજભર્યા દીલાસાથી પેલાં માહેતમમાં પડેલાં માબાપનું કલપાંત તેણે નરમ પાડયું.

પણ આજની ઘડી સુધી હું ઇચ્છુછું કે જુલમગાર ફેરાઉનના માણસો પેલાં નિરદોશ બાળકને બદલે મારૂં માથું કાપી લઇ ગયા હતે, સબબ તેમ જો થતે તો જે નામોશી અને પસતાવામાં મને પાછળથી આવી પડવું પડયું તે મારી જીંદગીના ખતમ થવાથી નહી થતે, અને મારાં પવિત્ર વતન મીસરને મારાથી દગો નહી દેવાતે.

મારો જીવ લેવામાં ફેરાઉનની મતલબ શું હતી, તે મારો પીતા સમજી ગયો, અને તુરતજ તેણે મજકુર બનાવ બન્યા બાદ, ગામમાં એવું જાહેર કીધું કે માહાગુરૂ **એમનામાહાતે** પોતાના બેટા **હારમેચીસને** એકદર ફેરાઉનના માણસોએ જબેહ કરવાથી, મને (એટલે **અટુવા**ની દીકરીના દીકરાને) પોતાનો બેટો કરી લીધો છે. એવી ખબર હવે ગામમાં ચોતરફ ફેલાઇ ગઇ અને અંતે તે ખબર ફેરાઉનને કાને જઇ પડવાથી તેને નીરાંત થઇ, સબબ તેણે નક્ષી ધારયું કે મીસરના તખત માટે દાવો કરનાર **એમનામાહાત**નો પુત સદાનો નાબુદ થયો છે.

પ્રકરણ ૨ જું.

હારમેસીસની નાફરમાની—સિંહનો શીકાર—અટુવાએ આપેલી ખબર.

આ બનાવ બનવાને થોડાંક વર્ષો વહી ગયાં, અને તે અરસામાં કાંઇ જાણવા જોગ બન્યું નહીં. મીસરનો ફેરાઉન પેલાં નિરદોશ બાળકના જબ્બે થવાથી નિરાંત અને નિશચીંત થયો, અને મારા પીતા **એમનામાહાત**ની વધુ ખણ-ખોદ તેણે કીધી નહીં, અને જો કાંઇ કીધી હોય તો તેનું મને ધ્યાન નથી, સબબ મારી ઉંમર તે વખતે ઘણીજ ન્હાની હોવાથી મને તેની યાદ રહી નથી.

હું દેખાવમાં ખુબસુરત, કદે ઉંચો અને સીકલે સોહામનો હોવાથી મારી જવાનીમાં હું દરેકના દીલ આસાનીથી જીતી લેતો હતો. વળી હું આંગે કદાવર અને બાંધાનો મજબુત હતો. ફિકર કે ધાસતી શું, તે હું બીલકુલ જાણતો નહીં હતો. આખ્ખાં **અબુથીસ** મધે મારી ઉંમરનો એકબી એવો જવાન નહી હતો, કે જે કુસ્તીમાં મારી સાથ હાથ મેલવવાની હિંમત કરી શકે. તેમજ ભાલા મારવાની કસરત તથા નિશાનબાજી અને ગોફન ફેકવાના હુંનરમાં મારી બરોબરીઓ તે વખતે આખ્ખાં ગાંમમાં કોઇબી હતો નહીં.

મારા પીતાએ હવે મને જુદી જુદી કિસમના હુંનર અને ઇલમની તાલીમ આપવા માંડી, અને હું તે હુંનરો ઘણુંજ ધ્યાન અને ઉલટથી શીખતો ગયો. વળી મને ધર્મશાસ્ત્ર તથા આસમાની વિદ્યા ઉપરાંત ગુપ્ત ઇલમ, તથા માણસોની મગજ શક્તી ઉપર કાબુ મેલવી તેમને બળહીણુ બનાવી કેમ તાબે કરી લેવાં, તે સર્વે હુંનરોની મને તાલીમ આપવામાં આવી.

સિંહના શીકારનો મને બચપણથીજ શોખ હતો, પણ મારા પીતાએ એવો જોખમ ખેડવા મને સખત મનાઇ કરી હતી, સબબ મારી જીંદગીના આધાર ઉપર તમામ મીસરની આશા લટકેલી હતી.

એજ સમે **અબુથીસ**નાં ગીચ જંગલોમાં એક રાક્ષી કદના સિંહે દેખાવ દીધો. આ સિંહ ગામના તમામ ભરવાડોના જાનવરોનો ભક્ષ કરવા લાગ્યો, અને તેથી **અબુથીસ**ની ખલકત ત્રાહિ ત્રાહિ કરી રહી હતી. ગામમાં શોર મચી રહ્યો, પણ કોઇબી માતાના પુતે આ સિંહની સાંમે જવાની હિંમત કરી નહી. આવે સમે એ વાત મારે કાંને આવી, અને તેજ પળે હું મારા પીતાની નજર ચુકાવી મારા મકાનને પાછલે દરવાજેથી મારો ભાલો લઇ ગુપચુપ જંગલ તરફ નિકલી ગયો.

બપોરના મધ્યાન વખતે સુરજના તાપમા તપતો, જરાબી પાછલ જોયા વગર હું ગીચ જંગલમાં જઇ પુગ્યો. કઇ તરફ મારા શીકારની તલાશ કરવી તેના વીચારમાં વમાસન કરતો હું ઉભો હતો, તેટલાં મારી જમની બાજુ તરફ આવેલી ઝાડીમા મે કાંઇ ખણુખણાટ થતો સાંભળ્યો. તુરતજ મેં તે તરફ નજર ફેરવી તો મારી અજાએબી વચ્ચે એક ગંજાવર સિંહને ગીચ ઝાડીમાંથી મારી તરફ મેં આવતો જોયો. આંખના પલકારામા મારી અને તેની નજર એક થાઇ ગઇ, અને હજી તો હું મારો ભાલો ઉઠાવી મારી નેમ લેઉ તે આગમજ તેણે એક જબરી છલાંગ મારી, મારી ઉપર તે કુદી પડયો.

અરેરે દુરભાગ્યુ !! જો તેજ વખતે હું તે સિંહના સપાટામાં આવ્યો હોત તો ઠીક થાત. જો તે વખતે મારો હુંનર અને મારી સમયસુચકતા મેં ન વાપડયાં હોત તો આજે આ મારી જીંદગીનો હેવાલ લખતાં મને જે પસ્તાવો થાય છે તે કદી નહી થતે, અને કુલ મીસરને તથા મારી જન્મભુમી અને મારાં બાદશાહી લોહીને મેં જે નામોશી લગાડી છે તે કદીબી નહી લાગતે.

તે ગંજાવર સિંહે જેવી એક છલાંગ મારી તરફ મારી, તેવોજ હું મારી સમયસુચકતા વાપરી તે મારી ઉપર આવી પડે તે આગમજ હું મારી જગ્યા ઉપરથી આડો હટી ગયો, અને તેજ પળે મારો ભાલો ઉઠાવી

તેની પીઠ ઉપર મેં એક જખમ કીધો. જો હું ચાહતે તો એકજ જખમમાં આ વનરાજને આરપાર વીંધી નાખતે, પણ ફરીથી કોઇવાર સિંહ સાથ લડત કરવાની મને તક ન મલશે એમ ધારી મેં તેને પજવી પજવી મારવાનો વિચાર કીધો.

મારા ભાલાની નોકથી થાએલા જખમે આ જંગલનો રાજા વાદલ પેરે ગરજના કરી મારી તરફ ફરી જઇ ફરીથી કુદયો. તેની ગરજનાથી જંગલ હલમલી રહ્યું અને તેજ પળે હું પાછલ હટી જઇ તેના બીજા હુમલાની વાટ જોતો ઉભો. મને પોતાના બચાવમાં સજ્જ થાએલો જોઇ, તેણે એક બીજી છલાંગ મારા ઉપર મારી, અને મારો ભાલો મારી ગફલતીથી તેની છાતીમાં આરપાર ભોકાઇ જવાથી તે ચીસ પાડી જમીન ઉપર ફસડાઇ પડયો. તેજ વખતે મેં મારો ભાલો તેની છાતીમાંથી ખેંચી કાહડયો, અને તેને થએલા જખમમાંથી ધોતબંધ લોહી વેહવા લાગ્યું. તે જાનવરના ચેહરાપરથી તેને થતી વેદના હું પામી ગયો, અને મારાથી તેને થાએલી ઇજા માટે હું દલગીર થવા લાગ્યો. લોહીના વેહવાથી તે બળવંત જાનવર જે જંગલની જમીન ધ્રુજાવતો હતો, તે મારી નજર સાંમે બળહીણ બની મારી દયાનો ઉમેદવાર થાઇ પડયો, અને સેહજ વારમાં તરફડયાં મારી તે મરણ પામ્યો.

આવાં બળવંત જાનવરની કજા ઉપર હું વિચાર કરતો ઉભો હતો, તેટલાંમાં **અટુવા** મારી તલાસ કરતી ત્યાં આવી પુગી. મારી ઉપર તેણીની નજર પડતાંજ તે કાંઇ બોલવા જતી હતી, પણ તેટલાં પેલા સિંહની લાસને લોહીમાં તરફડતી જોઇ તેણીએ ગભરાટમાં એક ચીસ પાડી, અને તેજ પળે મેં જો તેણીનો હાથ નહીં પકડયો હતે તો તે ચકકર ખાઇ જમીનપર પડી હોત. મારા હાથનો સ્પર્શ થતાંજ તે હુશીઆર થાઇ ગઇ, પણ તે કાંઇબી બોલી શકી નહી. હું તેણીની મતલબ સમજી ગયો, અને ધીરજથી મેં તેણીને કહ્યું, "**અટુવા**, સિંહ મારવા એ શું ઘણું મુશકેલ કામ તું સમજે છે? એટલી ગભરાટમાં કેમ પડી છે? દુનીઆમાં ઘણાક એવાઓ થઇ ગયા છે, અને હજી હૈયાતબી હશે કે જેઓએ એખલે હાથે સેંહકડોં સિંહ મારયા હશે.'

'ઓ બાદશાહી તોખમના બાહાદુર ફરજંદ, **હારમેચીસ,**' **અટુવા** બોલી. 'તારી મરનાર માતાએ કરેલી આગમચેતી હવે રફ્તે રફ્તે ખરી પડતી જાય છે. આ સિંહને તુએ ઠાર કીધો છે, એ તારી બાહાદુરીની શરૂઆત છે. પણ એને ઠાર કરવા માટે તુને નાફરમાન થવું પડયું છે. તારા પીતા માહાગુરૂ **એમનામાહાતે** તુને સિંહના શીકાર માટે મના કરી હતી, છતાં તું નાફરમાન થયો છે. ઓ મીસૅરની આશા! ઓ મીસરના તારનાર **હારમેચીસ**!! હુશીઆર થા. આ જગતમાં તારો જય થાઓ. પણ ઓ માહાબળી યોદ્ધા, તુએ આ બાહાદુરીના કાંમ માટે કરેલી નાફરમાની મુરતમાંજ અપશુકન સમાન મને લાગે છે. **હારમેચીસ** તુએ તારા પવિત્ર પીતાનું વચન તોડયું છે. પણ તે છતાં હું ઇચ્છુ છું કે માહાગુરૂ **એમનામાહાત**ના આશીસ સફલ થાઓ, અને મીસરની મુરાદ તે પવિત્ર **ઓસાઇરીસ**[1] પાર પાડે!! આમીન!!!

મારી બાહાદુરી જોઇ **અટુવા** હરખાઇ જઇ, મારી નેકબખ્ત માતા મારે માટે કેવી આગમચેતી કરી મરણ પામી હતી, તથા મારા પીતાએ તે આગમચેતી છુપી રાખવા માટે શું શું કીધું હતું, અને તે આગમચેતી તેણીની દીકરીની ગફલતીથી ફેરાઉનને કાંને કેમ જઇ પુગી હતી, તથા તે જુલમગારના માણસો મને કતલ કરતાં કેવી રીતે **નાઇલ** નદીના તુફાનમાં સપડાઇ ગયાં હતાં, તેમજ મારે લીધે પેલાં નિરદોશ બાળકનુ સર કેવી રીતે નાહેક કપાઇ ગયું હતું, તે સરવે બીનાથી મને આજે તેણીએ જાણીતો કીધો. મારે લીધે થએલી તે નિરદોશ બાળકની કઢંગી કજાને જોકે આજ લાંબી મુદત થાઇ ગઇ હતી, તે છતાં તે ગમખાર યાદ **અટુવાનાં** જીગરમાં ગઇ કાલે બનેલા બનાવ મીસાલ તાજી હોય એમ મને લાગ્યું.

---

૧ મીસરનો મોટો દેવતા.

પ્રકરણ ૩ જું.

એમનાઆહાતનો ઠપકો—હારમેચીસનો પસ્તાવો—ફેરાઉનના તખતનો ખરો હકદાર—દેશ અને ખેશની મોહ અને માયા—નવી સફર.

આદમીને પસ્તાવો હમેશાં પાછલથીજ થાએ છે. દરેક ઉતાવલમાં કરેલાં કામનુ સેવટ પસ્તાવામાંજ આવે છે, અને પસ્તાવો થવાંજ તેને પોતાની ભુલનુ ભાણુ આવે છે.

મારા પીતાની મરજી ઉપરાંત સિંહનો શીકાર કરવામાં ખરેખર મે ભુલ કરી હતી, સબબ તેમ કરી હું નાફરમાન થયો હતો, અને તેટલાં માટે હું મારા પીતા પાસ જતાં હવે ખરેખર અચકાવા લાગ્યો, કેમકે તેના ગુસ્સાથી હું સદા ડરતો હતો. મારી ભુલ માટે હું હવે પસ્તાવા લાગ્યો. શીકારના એક નજીવા શોખ માટે મેં તેને નારાજ કીધો હતો, માટે તેની માફી ચાંહાવાનો મેં ઠેડાવ કીધો, અને મારા હકમાં તે જે સજા ફરમાવે તે માન્ય કરવા કાંઇબી ધીલ વગર હું તેની રૂબરૂ જઇ ઉભો.

અદબથી હું મારૂં સર તેની જનાબમાં નમાવી ઉભો, અને તેજ વખતે મારી તરફ નજર ફેરવી તે બોલ્યો. ‘આવી રીતે નાફરમાન થવાની તેં કેમ હિંમત કીધી. સિંહનો શીકાર કરવા મેં તુને ના કહ્યું હતું, તે છતાં તુને તેમ કરવાની શું જરૂર પડી?’

‘મારા માનવંત માહાતમા પીતા.’ મેં સર નમાવી અજબ થઇ પુછ્યું. ‘હું સિંહના શીકારે ગયો તે ખબર તુંએ કેમ જાણી?’

‘કેમ જાણી?’ મારા પીતાએ જવાબ દીધો. ‘ત્યારે શું આંખ અને કાંન સિવાય બીજી કોઇ ઇન્દ્રિયો જગકરતાએ જગતમાં બનતા બનાવો જોવા અને જાણવાંને માણસ જાતને બક્ષી નથી? બેખબર બાળક! હું પોતે નહીં પંણુ મારો આત્મા તે વખતે સિંહના શીકારવાલાં જંગલમાં તારી પાસ ઉભોં રહી તારો ખેલ જોતો હતો, અને તારા જીવમાં જોર અને જોશ વધે

એવી હું તે વખતે બંદગી કરતો હતો. બોલ, એવી રીતે નાફરમાન થવાનું તુંને શું કારણ હતુ ?'

'પીતાજી, મારાં દીલની આશા અને શીકારનો શોખ, એજ બે કારણો હતાં.' આવા અંતરના ભેદ જાણનાર એક માહાતમાંથી કાંઇબી છુંપાવવામાં સાર નથી એમ સમજી મેં કહ્યું.

'એજ. એજ બે કારણો હતાં.' મારા પીતાએ કહ્યું. 'તેં ખરૂં કહ્યું. **હારમેચીસ**, મારા પુત્ર. તારી આ પેહલી કસુર તુંને હું માફ કરૂછું. પણ સાંભલ. મારા સખુનો લોખંડની કલમથી તારાં જીગર ઉપર એવી રીતે કોતરી રાખ, કે તારી જીવતી જીંદગી દરમ્યાન તું કદીબી તે ભુલી જાય નહીં. **અટુવા**એ આજે તુંને જે કાંઇ કહ્યું તે સઘલું ખરૂં છે. સાંભલ સપુત, મીસરના પવિત્ર દેવતાઓએ પોતાની આ પવિત્ર ભુમીની જાલવની કરવા, તથા તેમના મંદીરો અને ધર્મનું રક્ષણ કરવા તુંને નેમેલો છે. પણ જો તારાં મગજની નબલાઇ તારા ઉપર ગાલેબ આવે, અને તેથી જો તું તારી ફરજ ભુલે, તો તે દેવતાઓના શ્રાપથી તું દુઃખી થઇ મરશે. આપણી ઓલાદ અસલ ફેરાઉનના ખાનદાનથી ઉતરતી આવી છે, કે જેઓને પેલા બાહાદુર **ઇરાનીઓ**એ એક વાર મીસરમાંથી મારી હાંકી કાહાડી, પોતે મીસરના માલેક થઇ બેઠા હતા. તે નામીચી બાદશાહી ઓલાદનુ લોહી આજે તારી અને મારી રગોમાં વેહ છે. **તે ઇરાનીઓ**ની સત્તા વધુ વાર ચાલી નહીં, સબબ પાછળથી **ઇરાનીઓ**ને મીસરમાંથી **મેસીદોનીયનો**એ હાંકી કાહાડયા હતા. કોઇ બુરા શ્રાપનો ભોગ થઇ પડેલી આ વ્હાલાં વતનની પવિત્ર જમીન ઉપર કોઇબી બાદશાહા સુલ્લેહ ભરી શાંતીથી આજ સુધી રાજ કરવા પામ્યો નથી. આજ ત્રણસો વર્ષ થયાં હાલમા રાજ કરતી ઓલાદ પોતાના જોરથી ફાવી, મીસરના તખત ઉપર વગર હકે રાજ ચલાવે છે. **હારમેચીસ** તે દીવસથી આપણી ઓલાદ ગઇ, આપણું રાજ ગયું, ધરમ બરહમ પામ્યો, અને આપણા પવિત્ર દેવતાઓને અપમાન થયાં. એ સરવે બનાવો તારા જન્મના દીવસ સુધી બનતા રહ્યા. પણ જેમ દરેક ચીજની હદ હોય છે; તેમ પેલા જુલમગાર ફેરાઉનના જુલમનો અંત પેલાં નિરદોશ બાળકનું માંથુ કાપ્યા પછી તુરતજ થોડી મુદતમાં આવ્યો હતો. અને જે હિજડાએ તેના

માલેકની મરજીથી પેલાં બાળકનુ માથુ કાપ્યું હતું, તેજ હિજડાએ પોતાના માલેકની મરજી વિરૂધ તેના મરણ બાદ તેના ફરમાનથી નાફરમાન થઇ, પેલી સુંદર જવાન છોકરી **કલીઓપૅત્રા**ને તખત ઉપર બેસાડવાને બદલે, તેના છોકરાને તખતનશીન કીધો.'

'આ બનાવ બન્યાથી **કલીઓપૅત્રા** હસદ ભરી બની છે. પોતાના હક ઉપર તે પોતાના ભાઇને ફાવી જવા દેતી નથી, અને તેટલાં માટે હાલ તે **સિરીયા**ના મુલક તરફ નિકલી ગઇ છે. હુ ધારૂછુ કે **સિરીયા**માં લશકર એકઠું કરી, પોતાના ભાઇ ઉપર તે લડાઇ લેઇ આવવાને ચુકનાર નથી, સબબ તેના મરનાર બાપની ખાએશ એવી હતી કે મીસરનુ રાજ બંને ભાઇ—બ્હેનોએ એક સંપથી ભેગાં મલી ચલાવવું. હવે સાંભલ મારા સપુત, ધ્યાન ધરી સાંભલ. મીસરની રૈયત પારકાના રાજ તલે રેહતાં કંટાલી ગઇ છે. **ઇરાનીઓ**ને તેઓ ધિક્કારે છે, અને **મેસીદાનીયનો**નું નામ તેમના કાંનમાં કાંટાં મીસાલ ખુંચે છે. **યુંનાનીઓ**ના તો તેઓ લોહીના તરસ્યા છે. કુલ મીસર હવે જુલમથી બેજાર થઇ દાદ માટે ફરીયાદ કરે છે. તે ફરીયાદથી આસમાનની છાતી ફાટે છે, અને સખત પાહાડોનાં જીગર ટુકડા થાય છે. લોખંડ પીગલી પાણી થયું છે, તો શું પવિત્ર **આઇસીસ**[1] અને **ઓસાઇરીસ** તેમની દાદ નહી લેશે? ઓ **હારમેચીસ**! ઓ મીસરની આશા! તે જગદાતારે તુને આ જગતમાં મીસરના મદદગાર તરીકે પેદા કીધો છે, માટે મીસરનો બચાવનાર તું સિવાય બીજો કોઇ પેદા થયો નથી, અને હવે થનાર પણ નથી, સબબ પવિત્ર **આઇસીસ**ની તારી ઉપર મેહર છે, અને પાક **ઓસાઇરીસ**નો તું માનીતો છે. ઓ મીસરના માલેક, **અબુથી એનુ** સુધીના તમામ મીસરના મંદીરોમાં વસતા માહાતમાઓને **આઇસીસ** માતાએ તારા વિશે આગમચેતી આપી છે, કે મીસરને જુલમમાંથી બચાવનાર અને મીસરની દાદનો લેનાર કોઇ નહી પણ તું **હારમેચીસ** છે. માટે તે સરવે માહાતમાઓ અને કુલ મીસરની ખલકત મીસરના બચાવ માટે તારા કામમાં મદદ કરવા એકસંપ થઇ સેવટ સુધી તારી તરફ વફાદાર રેહવા, અને પવિત્ર મંદીરોમાં દેવતાઓની રૂબરૂ કસમ લેવા તૈયારછે. પણ જરા થોબ. હે મારા સપુત, જરા થોબ. મારા બોલવાથી તું એટલો ઉસ્કેરાઇ ના જા. જવાનીના

૧ મીસરની મોટી દેવી જેની મીસરના લોકો આરાધના કરતા હતા.

જોશ ઉપર કાબુ ચલાવવાની દરેક માણસે કોશીસ કરવી ઘટેછે. જે કાંમ માટે તુંને હમના મેં કહ્યું, તે બજાવવાને હજી તું લાયક થયો નથી. હજી તે માટે તુંને થોડો વખત શીખવું જોઇએ. **હારમેચીસ** સાંભલ. દેશ અને ખેશની સેવા કરનારા નરો અને ધરમ ઉપર જીવ આપનારાઓએ આ ફાની દુનીઆ-માં લોભ લાલચ અને કાંમ કરોધને તજી દેવાં ઘટેછે. પ્રિત અને પ્રેમનો ત્યાગ કરવો ઘટેછે. પોતાનાં મનને તેઓએ વશ કરવું ઘટેછે. પોતાની છાતીને સંગ જેવી કઠણ અને દીલને બેરેહમ કરવું ઘટેછે. આ મારા સખુનો ઉપર તુંને જરૂર અમલ કરવો પડશે, માટે એ સરવેનો તુંને અભ્યાસ કરવો ઘટેછે. એ અભ્યાસનો અનુભવ મેલવ્યા વગર મીસરને પરદેશીઓના હાથમાથી તું છોડવી શકનાર નથી. માટે હવે સાવધ થા. સપુત હુશીઆર થા. અંતે તારો જય છે. મીસરને ફતેહ કર, અને આ તથા આવતા ભવની અંમ્મર કિરતી હાંસલ કર.'

મારા પીતાનું સુભાખીત દીલ ઉસંકેરનારૂ ભાશાંણ સાંભલી હું સર નમાવી ચુપચુપ વિચારમાં ઉભા, અને માહાતમા **એમનામાહાતે** પાછું બોલવા માંડયું. 'એ સરવે અનુભવ તારે કેમ મેલવવો તે વિશે હવે તુંને ઝટ જણાશે. **હારમેચીસ**, તુંએ ઘણો ઇલમ હાંસલ કીધો છે, પણ હજી બીજી ઘણી બાબદો વિશે તુંને શીખવું પડશે. માટે આવતી કાલે **નાઇલ** નદીની પેલી મેરે આવેલાં **એનુ**ના મુલક ભણી તારા મામા **સેપા** પાસ હું તુંને મોકલવા ધારૂછું. તે તુંને બાકી રહેલા અગતના હુન્નરો શીખવી ખબરદાર કરશે. ત્યાં તુંને થોડી મુદત રેહવું પડશે. વલી ત્યાં ગયા પછી તારો મામો **સેપા** પવીત્ર '**પીરૅમીડ***' (મીનારા)ના ભેદભરમથી તુંને જાણીતો કરશે. હું તેટલાં હીયાંથી તારી તમામ હીલચાલ તપાસતો રહીશ. આવ સપુત, મને ભેટ.

મારા પીતાનું ભાશાણ પુરૂ થતાંજ તેના હુકમ પ્રમાણે ધ્રુજતે હાથે મેં તેને બગલગીરી કરી, અને તેના પવિત્ર કપાલ ઉપર ચુંબન કીધા બાદ, મેં એક ટુંકો જવાબ દીધો. 'મેહેરબાન પીતા, તારી તમામ ઉમેદ પવિત્ર **આઇસીસ** બર લાવે! જો હું તારી શીખામણ મારે હૈડે ના ધરૂ, જો હું મારા વતનને દગો દેઉ યા બેવફા થાઉ, તો તારા દરેક બુરા **શ્રાપ મને ફલજો!!**

*** ઇજીપ્તના પીરૅમીડ, પોતાની બુલંદ ઉંચાઇને માટે દુનીઆમાં વખણા-એલા છે, અને આજના જમાનામા એ મીનારાઓ દુનીઆની અજાએબી તરીકે જણાયલા છે.**

પ્રકરણ ૪ થું.

અબુથીસથી એનુ—મામા ભાનેજનો મેલાપ—ગુપ્ત ઇલમનો અભ્યાસ—પીરૅમીડ માહેલો છુપો ખજાનો—ભેદ ભરંમનો નકશો.

મારા પીતા **એમનામાહાત** તથા બુઢી **અટુવાને** મલી, મેં મારી સફર શરૂ કીધી. મને તેમનાથી છુટાં પડતાં ખરેખર દીલમાં ખેદ થતો, પણ મારો પીતા જે માણુસાના દીલના ભેદ પીછાણવાની ગેબી શકતી ધરાવતો હતો, તેણે મારી હાલત તુરતજ જાણી લીધી, અને મને કહ્યું, '**હારમેચીસ** હજી તું આ ખાકી ખલકતની મોહ માયામાંથી મોકલો થયો નથી, માટેજ તારા મામા **સેપા** પાસ તુને મોકલવો પડે છે. તુને તારાં દેશ અને એશથી છુટો પડવા ગમતું નથી, સબબ તુને હજી તેમની મોહેની. વલગી રહી છે. માણસના એ સરવે ખાકી ખવાસો તારો મામો **સેપા** તારા દીલમાંથી દુર કરશે. આ રૂકકો તું લે. જોકે આજ સુધી તેણે તુને નજરે દીઠો નથી, પણ આ રૂકકો તારી પીછાણ તેની સાથ કરાવવા બસ છે.'

મારી સફરમાં મારી સાથ માટે મારા બાપે કેટલાક વિસ્વાસુ ધરમગુરૂઓનો એક રસાલો તૈયાર કરી મને તેમને સવાધીન કીધો, અને અંતે હુમો સરવે, મારે માટે તૈયાર કરેલી કિસ્તી ઉપર સવાર થયા. **અટુવાએ** મારી પીઠ પાછલ સારા શુકન તરીકે એક ચંપલ ફેકી મને નેક દુવા ચાહી, અને મારી કિસ્તીને પીઠનો પવન મલવાથી તે સડસડાટ આગલ નિકલી ચાલી.

નાઇલ નદી મધ્યે મારી મુસાફરી સાત દીવસ સુધી ચાલુ રહી. એ મુદ્દત દરમ્યાન દુનીઆના મશહુર મુલકોના કીનારા અને બંદરો જેમ, જેમ હમારી કિસ્તી પસાર કરતી ગઇ, તેમ તેમ મારા સાથીઓ મને તે દેખાડતા ગયા, અને કેટલાંક પુરાંણા મંદીરોના દરશનો પણ મને દુરથી તેઓએ કરાવ્યાં. પાચમે દીવસે મધ્યાન બપોરને સમે જગતનું ધ્યાન ખેંચી રેહલા પેલા મીસરના મસ્ત મોટા '**પીરૅમીડ**' (મીનારા) મારી કિસ્તી-માંથી મને મારા સાથીઓએ દેખાડયા, કે જેની બુલંદ ઉંચાઇ જોઇ મારી અક્કલ હેરાન અને હેરત રહી. થોડુંજ મને તે વખતે ખબર હતું, કે તે ત્રણ મીનારા માહેલા સરવેથી મોટા મીનારા અંદર છુપો ખજાનો ગાડેલો હતો. એ ભેદ મારા મામા **સેપાએ** મને પાછલથી જાણાવયો, પણ બેહતર થતે કે તે ભેદ હું કદીબી નહી જાણુતે.*

અંતે મારી કિસ્તી **એનુના** બંદરમાં લાંગરી. હીયાં પવિત્ર દેવતા **રાઆનુ** મંદીર મારા મામા **સેપાના** હસતકમાં હતું, અને તે તેનો વડો ધરમગુરૂ હતો.

હમો સરવે કીનારે ઉતરયા. તુરતજ મારા રસાલેદાર ગુરૂઓએ એક અતી વૃધ ઉંમરના અને માનવંત દેખાવના ગ્રહસ્થ હુબરૂ મને લઇ જઇ ઉભો કીધો, અને તેઓ સરવે તેને નમન કરી દસ્તબસ્તા તેની હાજ-રીમા ઉભા. હું કોણુની સમક્ષ ઉભો હતો તેની મને કાંઇબી ખબર નહી હોવાથી, હું પોતે કાંઇ બોલવા જતો હતો, તેટલાં પેલા બુજરોગને કાંઇ બોલવાની તૈયારી કરતો જોઇ હું ગુપચુપ નમી ઉભો.

'તમો કોણ છો, અને કોણની તલાશમાં હીયાં આવ્યાછો?'

'હમો **અબુથીસના** વતનદાર છેએ. માહાગુરૂ **એમનામાહાતના** હમો ફરમાબરદાર છેએ, અને માહાતમા **સેપાની** તલાશમાં હમો આવ્યા છેએ.' એક રસાલેદારે એ પ્રમાણે કહ્યું.

---

* **આ ભેદનો ભરમ હારમેચીસની ખુવારીના કેટલાંક કારણો માહેલું એક કારણ હતું.**

ત્યારે તમુને વધારે તજદી લેવાની કાંઇ જરૂર નથી.' પેલા બુજરોગે જવાબ દીધો. 'હુંજ તે શખ્સ છું. હું પોતે **સેપા** છું.'

અને હું **અબુથીસ**ના માહાગુરૂ **એમનામાહાત**નો પુત **હારમેચીસ** છું.' મારા મામાને મારી સમક્ષ જોઇ હું નમીને બોલ્યો. 'માનવંત મુરબ્બી, આ પત્ર મારા પીતાએ તુને સપુરદ કરવા મને હુકમ કીધોછે.'

મારા મામા **સેપા**એ તુરતજ તે કાગજ ખોલી ધ્યાનથી વાંચ્યા બાદ, મને ટીકી ટીકી જોઇ બોલ્યો. '**હારમેચીસ** હું તુને મુબારકબાદી આપુછું. મારી મા જાણી બેહનના સપુત, ઓ મીસરની આશા, તારૂ આ ભુમી ઉપર આવવુ મુબારક છે. ખુદા મારી, તારા બાપની, અને કુલ મીસરની મુરાદ બર લાવે, અને તારી ફતેહ થાઓ! રાતો દીન તે જગકરતાની જનાબમાં મેં જે બંદગી કરી તે અંતે ફલી, અને અંતે તારા જેવો સપુત મારી ગુપ્તવિધા અને હુંનરનો અભ્યાસ કરવા **અબુથીસ**થી **એનુ** સુધી આવી પુગ્યો. તારા પવિત્ર પીતાએ ખુદરતના સરવે ગુપ્ત ભેદોની વિધાથી તુને ખબરદાર કીધો છે, એમ આ પત્રમાં તે લખે છે, અને હવે જે બાકી તુને શીખવવાનું રહ્યું છે, તે માટે તેણે હીયાં તુને મોકલી આપ્યો છે. જે હુંનરો અને ઇલમો હું જાણુંછું, તે, પુત્ર **હારમેચીસ,** મારાથી કોઇ પારકાને શીખવાય તેમ નથી, પણ તું મારાં લોહીના લોહીમાંથી અવતરેલો મારી બેહનનો બેટો, તુને હું બીગાનો ગણતો નથી. સપુત, આવ મને ભેટ.'

હું હરખભેર તેને ભેટી પડયો, અને મને પોતાના પવિત્ર મકાનમાં લઇ જઇ ત્યાં મારી આગતા સ્વાગતા કરવામાં તેણે કાંઇબી કચાસ રાખી નહી.

એવી રીતે કેટલીક મુદત મેં **એનુ** મધે મારા મામા પાસથી ગુપ્ત વિધાનો ભેદો શીખી લેવામાં ગુજારી.

હીયાં હું મારા ધરમની ફીલસુફી અને મતલબથી પુર ખબરદાર થયો, અને તે જગકરતાની હસ્તીના બેસુમાર ભેદ ભરમથી જાણીતો થયો.

હીયાં મેં જોતીશશાસ્ત્રનો અને આસમાન ઉપર. ફરતા સીતારાઓ તથા સુર્ય ચંદ્રની ચાલ તથા પૃથવીની ભુગોળ અને ખગોલ વિદ્યાનો તમામ ઇલમ પુરેપુરો શીખી લીધો. વલી તે ઉપરાંત જાદુ અને નજરબંધી કરવાના ગુપ્ત મંત્રો, તથા સ્વપણાની તાસીર જાણવાનો ઇલમ પણ મેં મારા મામા **સેપા**ના પુરા સંતોશ વચ્ચે હાંસલ કીધા બાદ, ભુત ભવિષ્ય તથા વ્રતમાન જાણવાના ઇલમથી હું ખબરદાર થયો, અને છેલ્લે મીસરના પવિત્ર '**પીરૅમીડ**' (મીનારાઓ)ના પેટમાં સમાયલા છુપા ખજાના વિશે તેણે મને જણાવી, તેમાં દાખલ થવાના છુપા રસતાઓના ભેદ ભરમથી માહીતગાર થવા એક નકશો પણ મને આપ્યો.

એ રીતે પુરાં પાંચ વર્ષ સુધી મેં મારા મામા પાસ સરવે બાબદોની તાલીમ લીધી, અને તે મુદત દરમ્યાન હું મારા પેદા કરનારની રૂબરૂ નેક વિચાર અને નેક આચારથી રહી તેના વિસ્વાસને દરેક રીતે પાત્ર થયો.

પ્રકરણ ૫ મું.

ઓરત જગતમાં શું કરી શકેછે—ઓરત તરફ હારમેચીસનો ધિક્કાર—છુપા ઇલ્મનો કાબેલ અભ્યાસી—પાંચ વર્ષમાં બનેલા બનાવો.

ઠંડી હવામાં પ્રકાશતાં ચંદ્રના રૂપેરી કિરણોના ચલકાટ વચ્ચે એક રાતના મારા મામા **સેપા**ના મકાન પાછલ આવેલા એકાંત બાગમાં બેસી, હું મારી સરજત ઉપર પાંચ વર્ષ પુરાં થયા પછી વિચાર કરતો હતો, તેવામાં દુરથી મારા મામાને મારી તરફ ધીમે કદમે આવતો જોઇ હું તેને નમી ઉભો. મને જોતાંજ મારા મનમાં ચહડ ઉતર કરતા તુરંગો તે સમજી ગયો, અને ધીમે પણ દ્રઢ અવાજે તેણે મને સવાલ કીધો. 'આવી મધરાતને સમે શું વિચારોમાં તુ મશગુલ છે **હારમેચીસ?**'

'માહાતમા **સેપા**, ફેરાઉનના તખતનો માલેક થવા હવે હું અધીરો પડેલો છું.' મેં તુરતજ ખરૂ કહી દીધું. 'હવે મારા હકમાં જેબી તારે ફરમાવવુ હોય તે ફરમાવી મને રૂખસદ કરે તો બેહતર.'

'હું પણ તેજ વિચારમાં હીયાં આવ્યો છું.' **સેપા**એ જવાબ દીધો. 'મારી પુર નિંદ્રમાં મેં જાણ્યુ કે તું આ એકાંત જગ્યે એજ વિચાર કરતો બેઠો છે. માટે તુંને મલવા હું હીયાં આવ્યો છું. **હારમેચીસ**, મેં મારી તમાંમ ફરજો તારી તરફ, આપણા વતન મીસર તરફ, અને મારી નેકબખ્ત બેહન—તારી માતા—તરફ બજાવી છે. જે જે છુપી વિધાઓ હું જાણતો હતો, તે સરવે મેં તુને શીખવી કાબેલ કીધો છે, અને મારા સમપુર્ણ સંનતોશ વચ્ચે મેં જોઇ અને જાણી લીધુ છે, કે તારા જેવો કોઇ કાબેલ પુરવીણ, મીસરમાં આજ સુધી થયો નથી અને થનાર પણ નથી.'

'ત્યારે હવે મારે શું કરવું અને ક્યાં જવું મામા?' મેં નમનતાઇથી પુછ્યું.

તુંએ હવે તારા પીતા પાસે પાછું **અબુથીસ** જવું, અને **અબુથીસ**થી **એલેકઝાંન્ડ્રીયા** જવા માટે એક શુભ દીવસ નક્કી કરવો. **હાર-**

મેચીસ પાંચ વર્ષ ઉપર તું જ્યારે મારી પાસ આવ્યો હતો, ત્યારે મીસ્રના તખત ઉપર **કલીઓપૅત્રાને** બદલે તેણીના ભાઇને બેસાડયાથી, **કલીઓપૅત્રા સિરીયાના** મુલક તરફ નિકલી ગઇ હતી. આજે તે મામલો ફરી ગયો છે. **કલીઓપૅત્રાની** ખુબસુરતી ઉપર **સીઝર** જેવો જગપ્રસિદ્ધ નર મોહી પડયો, અને પાંચ વર્ષ ઉપર જે મામલો હતો, તે આજે રહ્યો નથી. ના તે **સીઝર** રહ્યો, ના તે બાળ રાજકરતા **કલીઓપૅત્રાનો** ભાઇ રહ્યો.'

'ધીક! ધીક તેના અવતાર ઉપર !,!!' હું ગુસ્સે થાઇ બોલી ઉઠયો. 'આવા એક આદમીને માહાતમા **સેપા** તું જગપ્રસિદ્ધ કેહ છે. જે આદમી એક ઓરતની ખુબસુરતી જોઇ પોતાના મન ઉપર કાબુ રાખી શકે નહી, તે કદીબી માહાનપુરૂશ કેહવાવાને લાયક નથી. **સીઝર** જેવો એક આદમી **કલીઓપૅત્રા** જેવી એક છટેલ છોકરીની મોહેનીમા લપટાઇ એવો તે શું લંપટી બન્યો, કે તેને તેથી ખુવાર થવું પડયું?'

સેપા પોતાનુ માથુ ધુનાવી બોલ્યો. '**હારમેચીસ**, ધીરો થા. અભીમાની ના થા. આ ધરતી ઉપર ઓરત ગમે એવી નબલી અને નાજુક છે, પણ તેણીના જેવી મજબુત, ખુદરતની પેદાએશમાં બીજી એકબી ચીજ નથી. મરદ જાતનો આ દુનીઆમા જાણે તે સુકાની છે. મરદના જીગરનો કીલ્લો ઓરતોની સાંમને લડાઇ ઉઠાવવા માટે મજબુત હોવો જોઇએ. જો તારૂ જુવાન લોહી તારી રગોમા ઉછાલા મારી રહ્યું હશે, તો ઓરત એક પળમાં તે ઠંડું કરી શકે એવી છે. તારા દીલની તમામ આશા અને ઉમેદ એક ઓરત ચાહે તો બર લાવી શકે છે. તારાં દીલની બેચેની અને બેકરારી એક પળમા તે મટાડી શકે છે. તારી ખુવારી અને પાયામાલીમાથી આંખના પલકારામાં તે તુને બચાવી શકે છે. એવી એક કરામત ભરી શક્તી તે જગતના માલેકે ઓરતના રૂપમાં આ ધરતી ઉપર માણસ જાત વચ્ચે પેદા કરી છે. **હારમેચીસ**, ખુદરતની એ શક્તી—ઓરત—સામે લડવું માહાલ છે. જગત વચ્ચે ઓરતનુ પ્રબળ છે. જે જે લડાઇઓ આં જગતમાં થઇ છે, તે ઓરતને માટેજ. માહાનપુરૂશોની કિરતી અને દોલતનો જે નાશ થયો છે, તે ઓરતથીજ. તું હસ ના. **હારમેચીસ**, જેણે ઓરતને જેર અને વશ કરી છે, તેજ માહાનપુરૂશ ગણાયો છે.'

હું મારા દ્રઢ ઠેડાયોને વલગી રહી મારા મામા **સેપા**ના અસરકારક ભાશાણ ઉપર હસી પડી બોલ્યો. 'માહાતમા **સેપા** તારૂ કેહવું દરૂસ્ત છે. પણ મારે જણાવવું જોઇએ કે **સીઝર**, જેણે પોતાનું નામ બાહાદુરીથી અંમ્મર કીધું, તે ખરેખર કોઇ મુર્ખ હોવો જોઇએ. મારો એ વિચાર હું કદીબી ફેરવનાર નથી. ઓરતોને માટે હું વધારે કાંઇબી જાણતો નથી, અને તે જાણવા માંગતોબી નથી. જો **સીઝર**ની જગ્યા ઉપર **કલીઓપૅત્રા** આગલ હું હતે, તો કદીબી **કલીઓપૅત્રા** મીસરના તખત ઉપર જેમ આજે **સીઝર**ની મદદથી બેસવા પામીછે તેમ બનતે નહી.'

'ધીર ધર ! સુરા સપુત ! ! ધીર ધર.' મને આગલ બોલતો અટકાવી **સેપા** બોલ્યો. 'એવું ગુમાન અને અભીમાન નહી કરવું. ખુદા તારી ઉમેદ અને આશા બર લાવે, અને એવાજ તારા વિચારો તે કાયમ રાખે. અએ નહેલ જવાન, ખરી વાત છે કે વિદ્યા અને ઇલમમા તું પુરવીણ અને જબાનદરાજીમા ફીલસુફોથી આલા છે. પણ ઓ નાદાન! હજી દુનીઆ તુંએ કયાં જોઇ છે ? મીસરની મુસીબતોના તારનાર, મીસરને ઉગારનાર **હારમેચીસ**, જો એ ઓરત **કલીઓપૅત્રા** વિશે તારા વિચારો જેવા આજે છે તેવાજ કાયમ રેહશે, તોજ મીસરનો તું બચાવ કરી શકશે, અને ત્યારેજ મીસરનો છુટકો થશે. **સીઝર**ના મરણ પછી **કલીઓપૅત્રા** તરફ રૈયત લાગની ઉસંકરાઇ રહી છે. જગેજગ અને ઘેરે ઘેર મીસરનો છુટકો કરનાર **હારમેચીસ**નું નામ ઇનતેજારીથી હવે બોલાઇ રહ્યું છે. અને અંતે તે વખત આજે આવી લાગ્યો છે. આવતી કાલે તુંએ **અબુથીસ** તરફ નિકલી જવું, અને ત્યાં તારી સાથે સામેલ થવા જેઓ તલપી રહ્યા છે, તેઓને મલી, કેવી રીતે કામ લેવું તેનો બંદોબસ્ત કરવો ઘટે છે. દુશમનોને દેશમાંથી હાંકી કાહાડ, અને જેવી રીતે આગલા વખતમાં બાહાદુર **ઇરાનીઓ** મીસરનો કબજો લઇ ફેરાઉનના તાજ અને તખતના માલેક થાઇ બેઠા હતા, તેવી રીતે તારા અસલ બાપદાદાની તે મીલકતનો તું માલેક અને ધણી થા, કારણ તે જગકરતાએ એ માટેજ તુંને પેદા કીધો છે.'

પ્રકરણ ૬ થું

હારમેચીસની મીસરના તખત માટે ઉમેદવારી—તેને આપેલા કસમ—તેને માથે લીધેલી ફરજ—રૈયતે ફેરાઉન તરીકે હારમેચીસને બાહાલ રાખવું—એલેકઝાંન્ડ્રીયા ઉપર ચઢાઇ.

બીજે દીવસે હું અને મારો મામો **સેપા** બીજા ધરમગુરૂઓ સાથ એક કિશ્તી ઉપર સવાર થયા, મારા પીતા પાસ **અબુથીસ** પાછા પાંચ વર્ષની મુદતે આવી પુગ્યા.

મારા આવી પુગવાની ખબર **અબુથીસ** અને તેની આસપાસના મુલકોમાં પવન મીસાલ ફરી વલી, અને તુરતજ માહાગુરૂઓનુ એક ટોલું **સથી**ના મંદીરમાં મારી મુલાકાત લેવા આવી પુગ્યું.

આઠ દીવસ સુધી **સથી**ના પવિત્ર મંદીરમાં મેં મારી ભકિત ચાલુ રાખી દેવતાઓની પ્રસન્નતા મેલવી, અને તેમના દરશન કરી મેં મારે માથે લીધેલાં કામમાં ઝીપલાવવાની મારી મરજી અને તૈયારી મેં દેખાડી.

મારા પીતા **એમનામાહાતે** એવી રીતે મને તૈયાર થાએલો જોઇ મીસરના તમામ આગેવાનોને **સથી**ના મંદીરમાં એકઠા થવાની ખબર કીધી. તે ખબરને માન આપી બેસુમાર લોક બીજે દીવસે તે મંદીરના દીવાનખાનામાં એકઠાં થયાં, અને મારા પીતાએ પોતાનુ ભાશાણ સરવેની આગલ નીચે પ્રમાણે શરૂ કીધું.

'ગરીબો અને તવંગરો, અમીરો અને ફકીરો, ન્હાંના અને મોટાં સરવે સાંભલો. હું તમારી આગલ જે જવાનને આજે રજુ કરૂછું તે કોઇ નહી પણ **શાહજાદા હારમેચીસ** છે, અને ફેરાઉનના તખત અને તાજનો તે અસલ વારેસ છે. મીસરના દુઃખની વાતથી જલતો, મીસરનો સાચ્ચો મદદગાર અને તારનાર એ છે, અને એ કામ આજ રોજે એને માથે ઉઠાવેલું છે. પવિત્ર **મનકવરા**ના મંદીરના સરવે ભેદ ભરમથી એ માહિતગાર થયો છે. અને પાક **ઓસાઇરીસ** અને **આઇસીસ** માતાનો એ માનીતો

છે. એ વિશે તમારી રૂબરૂ હીયાં હાજર થાએલા **મનકવરા**ના પવિત્ર ધરમગુરૂઓ અને **આઇસીસ** માતાના સેવકો તમારી ખાતરી કરવા ઉભાછે. હીયાં જે ગુરૂઓ હાજર હોય, અને જેઓએ શાહાજાદા **હાર-મેચીસ**ના હક વિશે પોતાની ખાતરી કરી હોય, તેઓએ હીયાં હાજર થાએલી ખલકતની મેહરબાની કરી ખાતરી કરવી.'

મારા પીતાએ પોતાનું બોલવું બંધ કીધું અને તેજ વખતે મારી ડાબી બાજુ ઉપર સફ સમારી ઉભા રેહલા ધરમગુરૂઓ માહેલા સરવેથી એક બુજરોગે, પવિત્ર આતશ ઉપર ખુશબો મેલી, બુલંદ અવાજે કસમ લઇ જવાબ દીધો. 'તમો સરવે સાહેબો સાંભલો. કસમ છે હમુને પવિત્ર **મનકવરા**ના પાક રૂહના, અને કસમ છે ગગનમંડલ ઉપર રાજ કરતા સુર્ય ચંદ્રના; કસમ છે પવિત્ર **નાઇલ** નદીના, અને કસમ છે **આઇસીસ** માતાના: હમો આ પવિત્ર આતશને હમારા કસમનો ગવાહ તરીકે હાજર નાજર જાણી ખાતરીથી કહીએ છિયે, કે શાહજાદા **હારમેચીસ**ના હક વિશે હમોએ સમપુર્ણ તલાસ કરી હમારી ખાતરી કરીછે, અને માહાતમા **એમનાબાહાતે** જે કાંઇ કહ્યું છે તે સરવે ખરૂછે.'

'આમીન! આમીન!! ઓ મીસરના તારનાર!!! આમીન.!!' આવી રીતના સખુનો એકઠાં થાએલાં લોકોમાંથી નિકલ્યા.

'ખામોશ, સાંભલો.' મારા પીતાએ પાછી બુમ પાડી બોલવા માંડયું. 'હમવતનીઓ સાંભલો. તમારામાં હવે એ વિશે કોઇને કાંઇ વાંધો રહ્યોછે?'

'નહી. ઓ પવિત્ર **એમનાબાહાત,** હવે હમુને જરાબી વાંધો કે શક રહ્યો નથી.' એક આગેવાને જવાબ દીધો, અને હાજર રેહલા સરવે જને સર ધુંનાવી તેને ટેકો આપ્યો.

'ત્યારે હવે શાહાજાદા **હારમેચીસ**, મારા સપુત,' મારા પી-તાએ બોલવા માંડયું. 'સાંભલ. મીસરને હવે બચાવવાની તારે માથે આજથી ફરજ લાગુ પડીછે. તુ તેનો છુટકો દુશમનોના હાથથી કર.

તારી તલવારને તેના મ્યાનથી બાહાર કાહડ; અને મીસરના પવિત્ર મંદીરો અને ધરમને થાએલાં અપમાનનો તું બદલો લે. **હારમેચીસ**, પચીસ હજાર આદમીઓએ મીસરના મદદગાર તરીકે તારી બાંહેધરી હેઠલ કામ કરવાના કસમ લીધાછે, અને તારા એકજ સુખન ઉપર દેશ માટે જાન આપવાનો તેઓએ ઠરાવ કીધોછે. **એલેકઝાંન્ડ્રીયા** તરફ હવે તારે એકદમ કુચ કરવી. તેઓ સરવે તારી સાથ આવવા તૈયારછે, વાસતે તુબી તૈયાર થા. ધરમ ઉપર જાન આપવા આપણ ડરતા નથી. અગરજો આ લડાઇમા બુરાં નસીબે આપણી હાર થાય, તો મરવું કે મારવું એજ નિયમ રાખવો. કાંમ જોખમ ભરયું તો છે. જો તું સપડાયો તો જેમ તારો જીવ જોખમમાં પડશે, તેમજ હમારા જીવની પણ હમો આશા છોડીશું. માટે હમારો ગમ જેમ તારે કરવો નહી, તેમ તારો ગમ હમો પણ કરનાર નથી.'

મારા પીતાનું આ દીલ ઉસકેરનારૂ ભાશાંણ સાંભલી, મારી રગોમાં ફરતું લોહી ઉછાલા મારવા લાગ્યું, અને તુરતજ મારી આસપાસ ઉભાં રેહલાં લોકો તરફ મેં નજર ફેરવી બુલંદ અવાજે જવાબ દીધો. 'માહાહાનમા **એમનામાહાત**, અગરજો એક નહી પણ એકસો જીવ મારૂ તન ધરાવતું હશે, તો તે સરવે હું મીસરને માટે આપવાને તૈયારછું.'

મારા બાપે મને હવે કસમ આપી પોતાનું બોલવુ બંધ કીધું. 'મારા સપુત, મારા બાદશાહ, સાંભલી લે. **મનકબરા**ના પાક રૂહના, પાક **ઓસાઇરીસ** અને માતા **આઇસીસ**ના, **અબુથીસ** અને **એનુ** તથા **સથી**ના પવિત્ર મંદીરના કસમ હું તુને આપુછું, કે જો તુ ફેરાઉનના તખત ઉપર બેસે, તો તારાં દેશ અને ખેશ, તથા ધરમ તરફ તું વફાદાર રેહજે, અને કદીબી તેને તું તજતો ના,

'મારે કબુલ છે.' મે નમીને જવાબ દીધો.

'જય! તારો જય થાઓ!!' દીવાનખાના માહેલા સરવે જને એક અવાજે મને મુબારકબાદી આપી.

જય જય **હારમેચીસ**! જય **હારમેચીસ**!!

હારમેચીસનો પરાજય.

પ્રકરણ ૭ મુ.

એલેકઝાંન્ડ્રીયામાં હારમેચીસ—પીરૅમીડ ખોદાઇ જવાની ધાસતી—એક પીરૅમીડને ભાજતાં એક હજાર મજુરોને એકસો વરશ લાગે—કલીઓપૅત્રાની સવારીનો દોર અને દબદબો—હારમેચીસની કુસતી—રંગમાભંગ—કલીઓપૅત્રાની ખુબસુરતી—હારમેચીસને તેણીએ આપેલો ઇનસાફ.

મારા વતનની દાઝથી મારૂ દીલ દુ:ખી થાઇ કેવું બલવા લાગ્યું ! દુશમનને મારા દેશમાંથી મારી કાહડવા, અને એ પ્યારાં વતનને પરદેશીઓના હાથમાંથી છોડવવા મારૂ દીલ હરપળ ઉછાલા મારી રહ્યું.

અંતે એવી ગોઠવણ હમોએ કરી, કે મારા મામા **સેપાએ** સરવેથીં પેહલાં પાયતખ્ત **ઍલેકઝાંન્ડ્રીયા** તરફ પોતાના માણસો સાથ નિકલી જવું, અને મારે એખલાએ તેની પાછલ તેઓને જઇ મલવું. સીતારાઓની ચાલની ગણુત્રી કરી, એક શુભ ચોઘડીએ સરવે સામગ્રી તૈયાર કરી, મારા મામાએ પોતાની સફર શરૂ કીધી, અને મને પોતા પાછળ ઠેડવેલે વખતે વગર ધીલે નિકલી પડવાને તે ઘણોજ આગ્રહ કરતો ગયો.

અને અંતે મારી સફરનો દીવસ પણ આવી પુગ્યો. **અબુશીસની** તમામ ખલકત મને વળાવવા બંદર ઉપર આવી મલી, અને હુ કિસ્તી ઉપર જઇ બેસું તે આગમજ મારા બાપે મને સેંહકડો આશીસ દઇ મારી સફર સફળ ઇચ્છી કહ્યું. 'મીસરના હવે પછી થનાર

ફેરાઉન, મારા છેલ્લા સુખન ધ્યાનથી સાંભલી લે. તુએ માથે ઉઠાવેલુ કામ જોખમ ભરયુંછે, અને તારી ફતેહના માર્ગમાં એક ઓરત આડે આવી પડી છે. સપુત, બેહતર થતે કે તું ખુબસુરતને બદલે બદસુરત અવતરતે. પણ તું હવે હુશીઆર રેહજે. **એલેકઝાંન્ડ્રીયા**ની પેલી દગાખોર ડાકણના મીઠા બોલ અને મોહેનીભરી સુરતથી રખે તું ગાફેલ અને તેની મને મોટી ફિકર છે!'

'નિશંક રેહ મારા પીતા.' મેં ભરૂસો આપ્યો. 'તે ઓરતની સુરત અને સીકલ ગમે એવી ખુબસુરત હશે, પણ મારૂ દીલ જે આજ મુદત થઇ સંગ કરતાં સંગીન થાયુછે, તે કદીબી હવે પીગળે એ મુશકીલછે.'

'છેલ્લી સલામ મારા સપુત, મારા રાજા, મારાં વતનના માલેક, તુંને છેલ્લી સલામ.' મારા બાપે ખુશી થઇ મારાથી છુટો પડતાં મને કહ્યું. 'જા અને મીસરનો માલેક થઇ મારો બાદશાહ બન.

* * * * * *

દસ દીવસ અને રાત **નાઇલ** નદીમા સફર કરી અંતે **એલેકઝાંન્ડ્રીયા** ખાતે હું સહીસલામત જઇ પુગ્યો.

આહા! શું તે શેહેરની સીફત હું બ્યાન કરૂં! એ બુલંદ શેહરની રચના અને ઇમારતો જોઇ મારા દીલમાં મારૂ લોહી જોશ કરી ઉછલી રહ્યું. શું મારા બાપદાદાનુ આ વતન એક પાપી પરદેસણ પચાવી બેસે, અને હું મારો હક છોડી દઉ? પણ મારા દીલનો જોશ તેજ વખતે માહા મુશકેલીથી મેં દાબી દીધો. બંદર ઉપર ઉતરી આસપાસ નજર ફેકતાંજ મારી પીઠ ઉપર કોઇએ પાછલથી હાથ મુકયો, અને તેજ વખતે પાછલ ફરી જોયું, તો એક ઓલખીતી સીકલનાં આદમીને મેં મારી પાસે દીઠો. એ આદમી મારા મામા **સેપા**નો ચેલો હતો, અને મારા આવવાની બંદર ઉપર ઉભો રહી, વકી મુજબ મારી રાહ જોતો હતો.

મબાદા કોઇ રાજ તરફનો જાસુસ મારી પાછલ ફરતો હોય," એમ ધારી, ગુપચુપ પેલા શખ્સ સાથ રસતાની રચના અને ઇમારત જોતો,

મારા મામા **સેપા**ના મકાનમાં હું તેને જઇ મલ્યો. મુસાફરીની રંજથી જેવો હું ફારેગ થયો, કે મારા મામાએ પોતાના આવ્યા પછી, શેહર ખાતે જે કાંઇ બન્યું હતું તેની તમામ હકિકત મને લંબાનથી કહી સંભલાવી, **કલીઓપૅત્રા** વિશે તે બોલ્યો. 'અત્યાર સુધી મારા કે તારા વિશે કોઇને જરાબી શક ઉપજ્યો નથી. મારા આવ્યા પછી એવી ખબર **કલીઓપૅત્રા**ને કાંને પડી, કે **એનુ**નો વડો ધરમગુરૂ શેહરમાં આવી પુગ્યોછે. તેણીએ મને દરબારમાં બોલાવી મીસરના પેલા પવિત્ર '**પીરૅમીડ**' (મીનારા) માં છુપાવેલા છુપા ખજાના વિશે સવાલ કીધો, સબબ રાજનો ખજાનો હવે ખલાસ થવા આવ્યો છે.'

'ત્યારે તે પવિત્ર ખજાના વિશે તેણીને ખબર પડી ચુકી છે ખરી?' મેં અજબ થાઇ પુછ્યું.

'હું એમ ધારૂ છું.' મારા મામાએ દાંત કચકચાવી કબુલ કીધું. '**હારમેચીસ**, આ ચંડાલ ઓરતને હવે બુનબેખથી ઉખેડી નાખવાનો વખત બરોબર આવી પુગ્યો છે. હવે જો ધીલ થશે, તો તારા અને મારા બાપદાદાના મુવાં મુરદાંઓ, જે સેહંકડો વર્ષ થયાં આ જેહાનથી ફારેગ થાઇ પોતાની હંમેશની નિંદમાં નિરાંતે સુતાં છે, તેઓના પાક તનને આ ધાટકી રાણી નાપાક કરશે. મીસરના મીનારામાં છુપાવેલા પવિત્ર **મનકવરા**ના બેમુલ ખજાના વિશે ઉડી રેહલી પુરાણી અફવાઓ એને કાંને જઇ પુગી છે, અને મને ડર લાગે છે કે આ લોભી ઓરત આ પુરાણા **પીરૅમીડ**ને નાહેક પાયામાલ કરાવશે.'

'માહતમા **સેપા**,' મેં પુછ્યું. '**કલીઓપૅત્રા**ના એ સવાલનો જવાબ તેં કેવી રીતે દીધો?'

'મેં હસી કાહાડી જણાવ્યું, કે એ તેના વિચારો બીલકુલ ગલત છે.' **સેપા**એ વાત આગલ ચલાવી. 'એ **પીરૅમીડ**ની તલેટીમાં અસલ મીસરના બાદશાહો અને પવિત્ર નરોના મુરદાં ગાડેલાં છે, અને પાછલા જમાનામાં તેમની યાદ કાયમ રેહ એટલાં માટેજ આવા ગંજાવર મીનારાઓ તેઓની કબર ઉપર ઉભા કરી લીધા છે, કે કોઇ પરકોમના રાજાઓ અને મીસરના દુશમનો તેઓનાં મુવાં મુરદાંને પાછાં ખોદી

કાહડી હેરાન કરે નહી. પણ મારા કેહવા ઉપરથી તેણીનો વિચાર ફરયો હોય એમ મને લાગતુ નથી. વાસતે હવે આપણી ગોઠવણ જેમ બને તેમ જલદી અમલમાં મેલાવી જોઇએ. આવતી કાલ, **કલીઓપૅત્રા**ની વર્ષગાંઠનો દીવસ છે, તેથી એની સવારી શેહરમા ફરવા નીકલશે. એ વખતે તું એને નજરે નજર જોઇ લેજે.'

'આવતી કાલે **કલીઓપૅત્રા**ની વર્ષગાંઠ છે,' તો તેંજ દીવસ મારી પણ વર્ષગાંઠનો હોવાથી હું મારૂં કાંમ આગલ ચલાવવું શરૂ કરશ.' મેં મારા મામાને જવાબ દીધો. 'ધાસતી રાખવાની જરૂર નથી. પવિત્ર '**પીરૅમીડ**' ઉપર **આઇસીસ** માતા મેહરબાન છે, અને **મનકવરા**ની તે ઉપર કાયમ નજર છે. અગરજો રાણી **કલીઓપૅત્રા** પોતાના રાજનો સરવે ખજાનો ખરચી, એ મીનારા માહેલો ફકત એકજ મીનારો ભાજી જમીન દોસ્ત કરવા આવતી કાલથી એક હજાર મજુરો કાંમે લગાડે, તો તે કાંમ પુરૂ કરતાં તેઓને એક સો વર્ષ આવતી કાલથી પુરાં કરવાં જોઇએ. મારી એ ગણુત્રી સાચ્ચી છે. માહાગુરૂ **સેપા**, એ મીનારા મેં દુરથી જોયાછે, અને હુ ખાતરીથી કહુ છું કે તેજમીનદોસ્ત કરવાનો ખ્યાલ કરવો એ હસવા સરખુ છે.

* * * * * * *

વલતે દીવસે **ઍલેકઝાંન્ડ્રીયા**મા ધુમધામ મચી રહી, સબબ તે દીવસે **કલીઓપૅત્રા**ની વર્ષગાંઠ હતી. સરવે કોઇ તે દીવસ રંગરાગ અને ખાનીપીણીમાં ગુજારવા તૈયાર થઇ, રસતે રસતે અને મોહલ્લે મોહલ્લે ફરતાં મારી નજરે પડવા લાગ્યાં. શું ન્હાંનાં કે મોટાં, શું ગરીબ કે તવંગર સરવ ઉલટભેર **કલીઓપૅત્રા**ના દીદારના દરશન કરવા, અને તેણીને નજરે જોવા પુર ઉમંગમાં આવી, જે રસતે તેણીની સવારી પસાર થનાર હતી, તે તરફ જતાં જણાયાં. કેટલાંકોને ઉંચા ઝાડો ઉપર ચહડી બેઠેલાં તો કેટલાંકોને હવેલીઓના છાપરાં ઉપર બીરાજેલાં, મેં જોયાં. હું પણ મારા મામા **સેપા** સાથ **કલીઓપૅત્રા**ના દરશણ કરવા તૈયાર થઇ ઘરથી બાહર નિકલ્યો, અને એક ઘોરી રસતાની પગથી ઉપર ગોઠવેલા એક માચરાને ઓઠે જઇ ઉભો.

આ માચરાને ઓઠે ઉભા રહી હમો લોકોનો મહીમાર જોતા હતા, તેવામા બાર ઘોડેસવારોની એક ટુકડી જોશબંધ લોકોની ભીડને વિખેરી નાખવા માટે ધસારાબંધ આવી લાગી, અને તેજ વખતે મારા મામાએ મને ધીમે અવાજે કહ્યું કે, '**કલીઓપેત્રા**ની સવારી આવેછે.'

સીપાહોએ આવી રસતા ઉપર બંદોબસ્ત કીધો, અને તુરતજ ચોબદારોએ રાણીની સવારી આવેછે માટે સરવે જને ખામોશ રેહવું એવી મનાદી ફેરવી.

સવારીની શરૂઆતમાં સરવેથી પેહલાં હરોલમાં પાંચસો **સીસી-લ્યંન** પેહલવાનોનું એક સરઘસ સંફ સમારી કુચ કરતું આવી પુગ્યું, અને તેઓની પાછલ પાંચસો **યુનાની** પાયદલ સીપાહોની એક ટુકડી હમારી આગલથી કુચ કરતી પસાર થઇ ગઇ. પાયદલ ટુકડીની પાછલ ત્રણસો ભાલેબરદાર સવારો, અને ત્રણસો સમશેરબરદારો પોતાના તેજી ઘોડાને રવાલ ચાલ ચલાવતા, કુદાવતા, હણુકાવતા હમારી આગલથી જેવા પસાર થયા, કે તેઓની પાછલ સરવે દેશ પરદેશની ખુબસુરત જવાન લોંડીઓની એક મેહફીલ, દબદબાં ભરયા દરબારી પોશાકમા સજ્જ થાએલી, રસતા ઉપર ગુલાબ અને અત્તર વિગેરે ખુશબોનો ચોતરફ છટકાવ કરતી, તથા સુગંધી ફુલો રસતા ઉપર ચોમેર ફેકતી આવી લાગી. આ સુંદર ઓરતોની કુચ હમારી આગલ આવી પુગતાંજ તે જોવા માટે હમારી પાછળ ઉભેલાં લોકો આગલ ધસી આવ્યાં, અને તેમને અટકાવવા માટે સરકારી માણસો તાકીદ કરવા લાગ્યા. લોકોની આવી રીતની ધમાલ અટકાવવાની મતલબથી, એક કદાવર કદનો હબશી બેધડક પોતાની લાકડીથી સરવેને ફટકાવતો મારી આગલ આવી લાગ્યો. તેની આવી કીસમની ધાટકી આપખુદીથી મારો ગુસ્સો હું તાંમોશ કરી શકતો નહી. હતો, પણ તેવામા તે તુંદ મીજાજના પાજી હબશીએ, એક નાતવાન મીસરી અબલા, જે પોતાના બાળકને હાથમાં લઇ પોતાની રાણીનાં દીદારના દરશણ કરવા ઉભી હતી, તેણીને વગર કારણે એક ફટકો એવોતો જોરથી માથાં ઉપર લગાવ્યો કે તે ઓરત એક જબરી ચીસ પાડી તેજ વખુતે જમીન ઉપર પડી લોહીમાં લોટવા લાગી.

આ બનાવ જોતાંજ મારી આંખમા ખુન ચહડી આવ્યું, અને ગુસ્સાથી મારૂ લોહી જોશ કરી ઉછ્લી રહ્યું. તુરતજ હું લોકોના ટોળાં-માથી બાહર ધસી આવ્યો, અને પેલા હબશીના હાથમહથી તેની લાકડી એકદમ ઝુટાવી લઇ, તેજ લાકડી તેના માથાં ઉપર મે એવાં તો જોરથી મારી, કે તે જરબ પડતાંજ તે હબશી એક જબરી ચીસ પાડી પેલી ઓરતની પાસેજ જમીન ઉપર પટકાઇ પડયો, અને તેના માથાંની ખોપરી ફાટવાથી બેસુમાર લોહી તેમાથી વેહવા લાગ્યું. તેની આવી હાલત જોઇ મેં ધારયું કે હવે તે પાછો ઉઠી શકશે નહી, અને જો કદાચ ઉઠશે તો ઘણીજ પશેમાની અને બેશરમીથી ચુપચુપ ચાલી જશે. પણ એ મારી બંને ગણત્રીમા મેં ભુલ કરી હતી, કારણ કે મારી અજાએબી વચ્ચે, પોતાની લોહીલુહાન હાલત છતાં, તે હબશી એકદમ ઉઠી મને વલગી પડયો.

બેવકુફ અને પરવારતાં લોકો જેઓના દીલ બીજાઓના કંકાસ અતે મારામારી જોવા સદા ઇનતેજાર હોય છે, તેઓ પેલા હબશીને મને વલગી પડેલો જોઇ, હમારી કુસતી જોવા ખુશાલી અને શાબાસીના પુકારો પાડવા લાગ્યાં.

આવી રીતે મુર્તમાજ એક સરકારી આદમી સાથ મને સખત કુસતી લડવી પડી. રાણીની સવારી જોવા એકઠું થાયલું લોક હમારી આસપાસ એક કુંડાળાંના આકારમાં ગોઠવાઇ ગયું, અને પેલો હબશી પેહલવાન જીવ ઉપર આવી મારી સાથ કુસતીના દાવપેચ અજમાવવા લાગ્યો. તેના મંન અંદર ભમતા વિચારોની ગણત્રી મેં આસાનીથી કરી લીધી, અને જેમ બનેં તેમ તેને કોઇબી રીતે વધારે નુકસાન નહી થાય તેની મે તપાસ રાખી, તેના દાવપેચમાં હું તેને મારી ઉપર ફાવવા દેતો નહીં હતો. પણ આવો મામલો જો ઘણો વખત ચાલુ રેહશે, તો બીજાં સરકારી માણસો તેની મદદે આવી તેને વધુ નામોશીમાથી છોડ-વશે, એવો મને ખ્યાલ આવતાંજ, આ રસકસ ભરી કુસતીનું સેવટ લાવવાનો મેં તુરતજ ઠેડાવ કીધો, અને તેજ વખતે એક જબરૂં જોર કરી તે હબશીને જમીન ઉપરથી ઉઠાવી મેં નીચે પટકયો, અને હું તેની છાતી ઉપર મારૂ ગુઠણુ દાબી ચહડી બેઠો.

પણ તેવામાં રાણી **કલીઓપૅત્રા**ની સ્વારી ત્યાં આવી પુગી, અને લોકોની ભીડ જોઇ તેણીએ પોતાની રથ તુરતજ ઉભી રાખવાનો હુકમ કીધો.

થાકથી હાંફતો, ફાટી ગયલે લોહીલુહાન કપડે, તથા ગુસ્સાથી ઉસકેરાયલે ચેહરે હું એક બાજુ એખલો **કલીઓપૅત્રા** તરફ નજર કરતો ઉભો રેહ્યો.

આહા !! આજે પેહલીજ વાર મેં **કલીઓપૅત્રા**ને મારી નજરે જોઇ.

દુધ જેવા સફેદ રંગના બે કદાવર સુંદર ઘોડા તેણીની રથને જોડેલા હતા. તેણીની રથ બીલકુલ સુન્ના અને જવાહિરથી મઢી લીધેલી હતી. તેણીની પીઠ પાછલ બે સુંદર સીકલની જવાન છોકરીઓ યુનાની લેબાસમાં સજ્જ થાઇ ઉભી ઉભી તેણીને પંખો કરતી હતી.

કલીઓપૅત્રા દેખાવમાં બેશક સોહાંમની હતી. તેણીને જોતાજ કોઇ અનદીઠ શકિતના ગેબી ચમકારે મારાં દીલ ઉપર મને નહી સમજ પડે એવી અસર થઇ. તેણીના મેરોરદાર ગલાંમા એક સુંદર બનાવટની બંધબેસતી માળા પેહડેલી હતી, કે જેમા ઉંચી કિમતનાં ઝમરૂદ, નિલંમ અને પરવાલાં જડી લીધેલાં હતાં. તેણીના બન્ને હાથની પોંચી અને દંડ ઉપર કિમતી હિરજડિત બાજુબંધ સજેલા હતાં, અને હાથમાં પોતાનો સોનેરી રાજદંડ દમામમાં પકડી બેદરકાર બની રથમાં બેઠી હતી. માથ° ઉપર પવિત્ર **આઇસીસ** માતા જેવું રત્નજડિત તાજ પેહડેલું હતું, તથા કંમર ઉપર સરપની ચામડીના જેવી બનાવટનો એક ઉમદા પોશાક સજેલો હતો, અને ઘટમદાર પગમા ઉંચી કિસમના મોતી અને માણેકથી જડેલાં 'ચંમપલ' બીરાજતાં હતાં.

આવી રીતનો પોશાક સજી પુર બાદશાહી રૂઆબમા નાજભરી **કલીઓપૅત્રા** મરોરદાર ધપાછપથી મારી તરફ જોવા લાગી. મેં તેણીને એક-બે પળના અરસામા જોઇ લીધી. આહા ! હુ કબુલ કરૂછુ કે તેણીની ખુબસુરતીની પુરેપુરી તારીફ કરવા મારી કલમ બીલકુલ અશકત છે. ટુકમાં ઇનસાફને ખાતર મારે કેહવું જોઇએ કે તે ઓરત (**કલીઓપૅત્રા**) આ ધરતી ઉપર એક અજાએબ કિસમનુ આદમી હતું. તે આગ અને ગરમીનુ બનેલું એક પુતલું હતું, કે જેની ભભુકદાર ગરમી કોઇથીબી

તામોશ થાઇ શકતી નહી હતી, અને જો કોઇથી તેણીને એક વખત નજરે જોતું તો તેણીનો ખ્યાલ કદીથી દીલથી ભુલતું નહી હતું.

કુસતીવાલી જગ્યા ઉપર જેવી તેણીની ગાડી ઉભી રહી, તેવીજ તેણીની નજર પોતાના હબશી પેહલવાનની લોહીલુહાન હાલત ઉપર પડી. આ ન ધારેલો દેખાવ જોઇ **કલીઓપૅત્રા** પોતાની આસપાસ નજર કરવા લાગી, તો હું તેણીની નજરે પડયો. મારાં લોહીથી ખરડાએલાં અને ફાટેલાં કપડાં જોઇ તેણીએ પોતાના સીપાહોને કાંઇ કહ્યું, અને તેજ વખતે તેઓ મને તેણીની ગાડી આગલ લઇ ગયા, અને તેણીએ મને સવાલ કીધો. :—

'અએ મીસરી, તું કોણ એવો સરકશ સરજોર છે, કે તુંએ મારી સવારીના રંગમા ભંગ કરવાની એવી હિંમત કીધી, અને મારી દરબારના પેહલવાનના આવા બુરા હાલ કીધા ?'

'અએ સીતારે મીસર, હું એક મીસકીન નજુમી મીસરનો વતનદાર છું. મારૂ નામ **હારમેચીસ** છે.' મેં હિંમતથી જવાબ દીધો. '**અબુથીસ**ના માહાગુરૂ **એમનામાહાત**નો હું પાલક (બેટો) છું, અને મારૂ નસીબ અજમાવવા, ઓ રાણી તારી મશહુર રાજધાનીમા હું આવ્યોછું. ખરી વાત છે કે મેં તારી સવારીના રંગમાં ભંગ કીધો છે, પણ તેમાં મારી કસુર બીલકુલ નથી. એક લાચાર ઓરત જે તારાં દીદારના દરશન કરવા ઉભી હતી, તેણીને બગર વાંકે તુ નામવરની દરબારના આ હબશી પેહલવાને લાકડીનો જરબ મારી જમીનદોસ્ત કીધી, અને તે નિરાધાર ઓરતના બચાવમાં મેં તેને સજા કીધી છે. એક ઓરતને મારવામા **કલીઓપૅત્રા**નો પેહેલવાન જો બાહાદુરી સમજે, તો તેવા પેહલવાનને સજા કરવામાં **હારમેચીસ**ની કસુર નથી.'

'**હારમેચીસ** ! ! નામ તો કાંનને ઠીક લાગેછે.' રાણી બોલી. 'અએ પરદેશી તારી હકિકતનો કોઇ ગવાહા છે ?'

રાજ તરફથી આવો સવાલ થતાંજ એક બુજરૈંગ શખ્સે લોકોની ગીરદીમાથી બાહર નિકલી આવી, મારી હકિકતને મલતો હેવાલ રાણીની હજુર કહ્યો, અને તેજ પળે તેણીએ પેલા હબશી પેહલવાનને હાજરે કરવાનો હુકમ કીધો.

નિમખહરામ ચોર,' રાણી ગુસ્સાથી બોલી. 'હિચકારા. પેહલવાનની સંફમા નામ ખપાવી એક નાતવાન ઓરત ઉપર હાથ ચલાવતા તુને શરમ નહી આવી ? ખરી વાત છે, કે નીચ અને હલકી બુનિઆદના આદમીઓના હાથમા જ્યારે સેહજબી સત્તા આપવામાં આવેછે, ત્યારે તેઓ પોતાની અસલ બુનિઆદનો ખવાસ દેખાડવા ચુકતા નથી. તુને આ નજુમીએ ઠીક સજા કરી છે. પણ તેથી હું સનતોશ પામતી નથી. સીપાહો આ હિચકારાનો જમનો હાથ એના તનથી કાપીને જુદો કરો.'

આ આફતનો નવો હુકમ આપી તે પોતાની બેઠક ઉપર નિરાંતે અટેલીને બેઠી, અને રાણીનું ફરમાન બજાવવા સીપાહો પેલા હબશીને જકડી પકડી તેની આજુજી અને ફરીઆદની કાંઇબી દરકાર કીધા વિના તેને ખુવારીથી ઘસડતા લઇ ગયા.

સવારી હવે ધીમે ધીમે આગલ ચાલવા લાગી. લોક તેણીને ખુશી અને મુબારકબાદીના હરખભરયા અવાજે વંધાવી લેવા લાગ્યું, પણ તેવામા જે સુંદર રીફલવાલી ઓરત **કલીઓપેત્રા**ની પાછલ ઉભી રેહી તેણીને પંખો કરતી હતી, તેણીની નજરે સાથ મારી નજર અચાનક એક થાઇ ગઇ, અને તેજ વખતે મારી ફતેહ અને બાહાદુરી માટે મારી ઉપર રાણી ખુશ થઇ ગઇ છે, એવી ધપથી હસતે મોહડે પોતાનું સર હલાવી, તેણીએ મને મુબારકબાદી આપી.

મારી બાહાદુરીથી લોક પણ ખુશ અને તાજુબ થાઇ ગયાં, સબબ પેલો પાજી હબશી મુદત થાઇ રૈયતને ત્રાસ દેતો હોવાથી તે અકારો થાઇ પડયો હતો. સવારી પુરી થતાંજ કેટલાકો જેઓને મારૂ કાંમ પસંદ પડયું હતું, તેઓ મારી આસપાસ ફરી વલી મને મારી ફતેહ વિશે મુબારકબાદી આપી કેહવા લાગ્યા, કે હવે હું રાજનો નજુમી અને સીતારેસનાસ થઇશ, સબબ રાણી સાહેબ આજે મારી ઉપર ખુશ થયાં હોય એમ મેં લોકોએ જોયું.

પ્રકરણ ૮ મું.

ચારમીયન—સેપાની ધમકી—એક નવું પ્રપંચ—મેહલમાં દાખલ થવાની યુક્તિ - ચારમીયન વિશે સેપાનો શક.

મારા જન્મ દીવસને દાહડેજ મુર્તમા આવો એક બનાવ બનેલો જોઇ, હું તેને એક શુભ બનાવ તરીકે સમજવા લાગ્યો.

તેજ દીવસે રાતે હું અને મારો મામો **સેપા** તે દીવસે બનેલા બનાવ ઉપર વાતચીત ચલાવતા હતા, તેટલાં હમારાં મકાનનો દરવાજો કોઇએ બાહરથી ઠોકયો. મારા મામા **સેપા**એ તુરતજ તે ઉઘાડયો, અને તેજ વખતે એક ઓરત માથાંથી પગ સુધી સુફેદ જભામાં વિટલાએલી દીવાનખાનામાં દાખલ થઇ. જેવી તે દાખલ થઇ, તેવીજ તે નમીને બોલી. ‘પીતાજી એ તો હું છું.’ એટલું બોલતાંજ તેણીએ પોતાના આંગ ઉપર નાખેલો સુફેદ જભો કાહડી નાખ્યો, અને તેજ વખતે મેં તે છોકરીને પીછાની.

તે છોકરી કોઇજ નહી, પણ **કલીઓપૅત્રા**ની સવારી દરમ્યાન તેણીની પાછલ ઉભી રહી પંખો કરતી હતી, અને જેણીએ મને હસીને મુબારકબાદી આપી હતી, તે હતી. દરબારમાં બીરાજનારી એક સુંદર સીકલની જવાન ઓરતને આવી સીહા રાત્રે મારી રૂબરૂ એક અદના મકાનમાં જોઇ હું વિચારમાં પડયો, અને તુરતજ તેણીએ આગલ બોલવા માંડયું. ‘માહાતમા **સેપા**, આવી રાતને સમે રાજમેહલમાંથી નિકલી શેહરના આવા એકાંત ભાગમા આવવું એ કાંઇ સેહલ કામ નથી. અને તોપણ મારા મુરબ્બી હું તારી સેવામાં હાજર થઇછું.’

‘બેટી **ચારમીયન**, આવી કિસમનો પોશાક શું તુએ તારી ખાનગી જીંદગીમાબી પેહડવો અખ્તીઆર કીધો છે?’ **સેપા**એ ગુસ્સે થાઇ તેણીના પોશાક ઉપર ટીકા કીધા. દરબારની નોકરીને દરમ્યાંન ઘડી-ભર ફાંટાદાર મગજોને રાજી રાખવા બદનની ચામડી દેખાય એવા કાચ



"તેણીએ પોતાના આંગ ઉપર નાખેલો સુફેદ જભો કાહાડી નાખ્યો."

જેવા પારદરશક નિરલજ પોશાકો પેહડવા પડે તો ખેર, પણ તેથી શું ખાનગી જીંદગીમાબી તેવાજ પોશાકો તુએ પેહડવા માંડ્યા છે? શરમ સજાવાર છે દરેક ઓરતને, જેઓ એવી કિસમના નિરલજ પોશાકો પેહડી પોતાના તનની ખુબસુરતીમાં વધારો કરવાની મતલબ રાખે. એવી ઓરત તેમ કરી કાંઇજ નહી પણ પોતાની દામનને આડકતરી રીતે કલંક લગાડેછે. તેઓ જાણી જોઇ પોતાના તનની ખાનગી મીરાસની ખુબસુરતી લોકોને દેખાડી, તેમનુ તે ઉપર ધ્યાન ખેંચી તેઓને લલચાવવાની બાજી ખેલતાં હોય એમ લાગેછે. **ચારમીયન**, શું આ જવાન **હારમેચીસ**નુ દીલ જીતવાના વિચારથી એવો પોશાક પેહડી તું હીયાં આવી છે? યા તેના ફરમાનને તાબે થવા આવી છે?'

બુજરેગ **સેપા**ની ચટકાભરી શીખામણ સાંભલતાજ **ચારમીયન** શરમીંદગીથી પાણી પાણી થાઇ ગઇ, અને **સેપા**એ તેણીની તેવી હાલત જોઈ વધારે ઠપકો આપવાનુ દરુસ્ત નહી ધારતાં, તુરતજ આગલ બોલવું શરૂ કીધું. '**ચારમીયન**, મીસરની સેવા કરવા માટે તુએ જે કસમ લીધા છે, તે તુને યાદ છે? તે કસમ મુજબ તારે હવે ચાલવું પડશે. તે કસમ મુજબ ચાલવાનો વખત, **ચારમીયન** હવે આવી લાગ્યો છે. **હારમેચીસ** પોતાનુ રાજ અને તાજ લેવા આવી પુગ્યો છે. વાસતે બીદાર થા, અને જે વચન તુએ આપ્યું હતું, તે નિમખહલાલીથી બજાવ. નિમખહરામ થા, અને જો કે તારૂ સેવટ શું આવે છે. કુલ મીસર તારી ઉપર પોતાનું વેર લેવા તલપી રેહશે. એટલુજ નહી, પણ પવિત્ર **આઇસીસ** અને **ઓસાઇરીસ**ના શ્રાપથી તું કદીબી બચી શકનાર નથી. તારાં દેશ અને ખેશની સેવા બજાવવા માટેજ તું **ક્લીઓપૅત્રા**ની નોકરીમાં દાખલ થઇ છે. અત્યાર સુધી તો ઠીક નોકરી તુએ બજાવી છે, અને હવે સેવટ તું કેવું લાવી દેખાડે છે, તે જોવા કુલ મીસરની ખલકત તલપી રહી છે. પચીસ હજાર હથીઆરબંધ મીસરના બેટાઓ આ પાયતખ્તમાં આવી લાગ્યા છે, અને તે સરવેની સરજત તારે આધારે છે. પણ અત્યાર સુધી તુએ દેખાડેલી નિમખહલાલી અને જાનફેસાની છતાં, હું તારી ઉપર પુરેપુરી ઇતબાર રાખી

શકતો નથી, સબબ ઓરત આ જગમાં વફાદાર અને નિમખહલાલ રેહવા સરજાએલીજ નથી.'

'માહાતમા **સેપા**, મારા મુરબ્બી,' **ચારમીયને** ધીમે અવાજે જવાબ દીધો. 'એટલો બધો મારી ઉપર કફા ના થા. શું હું મારાં વતન મીસરની દાજ હૈડે ધરી આજ સુધી વફાદાર રહી નથી? શું મારાં કાંમથી તમો આજ સુધીમા જરાબી નારાજ થયા છો? શું પેલા પાક કસમ અને તે તોડવાથી થતી ભયંકાર સજા હુ ભુલી ગઇછું? શું એક જાસુસ તરીકે હુ મારી ફરજ બજાવવામા પછાત પડીછું? શું મેહલમાં બનતા દરેક બનાવોના પેગામો આજ સુધી મેં તુને પુગાડ્યા નથી? શું **કલીઓપૅત્રા**નો વિસ્વાસ મેલવી મેં તેણીના વિસ્વાસનો ઘાત કીધો નથી? મેં તેણીને દગો દીધો નથી? **કલીઓપૅત્રા** મને એક બેહન સમાન ચાહી પોતાના દરેક ખાનગી કામમા મારી મદદ અને સલ્લાહ લીએ છે, અને હુ તેણીના વિસ્વાસનો ભંગ કરતી આવી છું. તે શા માટે. વિચાર કર ઓ બાપ, તે કોણને માટે? તે સરવેનો ખ્યાલ કર ઓ માહાતમા, અને પછી મને એવી રીતની ધમકી આપ.'

'બસ, વધુ બોલ ના.' **સેપા** તેણીને વધુ બોલતી અટકાવી બોલ્યો. હું જે બોલ્યોછું તે અબોલ્યું થનાર નથી. તારૂ વચન તુને પાલવુ ઘટે છે. વચન, જીંદગીની કિમતે દરેક આદમીએ પાલવું ઘટે છે. આદમીની જીંદગીનુ જીવતર અને તેની કિમત તેના વચનની સાબેતી ઉપર છે. જીંદગી દરમ્યાન રદ ગયેલુ વચન ઝેહર સમાન છે. સુખન ઉપર જીંદગીનો આધાર છે. **ચારમીયન**, હીયાં જો. આ રહ્યો તારો પીત્રાઇ. તારો રાજા, મીસરનો ફેરાઉન અને મીસરનો માલેક.'

સેપાના ધમકી ભરેલા સખુનો સાંભળ્યાથી **ચારમીયન**ની સુંદર આખોંમાંથી આંસુની ધાર વેહવા લાગી, પણ તુરતજ તે આંસુભરી આંખોને સાફ કરી હસતે ચેહરે તે મારી તરફ નજર કરી બોલી. 'હુ ધારૂછું કે મેં મારા પીત્રાઇને, મારા રાજા અને મારાં વતનના હકદાર માલેક **હારમેચીસ**ને આજે સહવારના જોયોછે.'

'હા બેહન **ચારમીયન**.' મેં જવાબ દીધો. '**કલીઓપૅત્રા**ની સવારીને વખતે તેણીના પેલા હબશી પેહલવાન સાથ મને ખટપટ થાઇ હતી, તે વખતે મેં પણ તુને જોઇ હતી.'

'બેશક **હારમેચીસ**. બાહાદુર **હારમેચીસ**, ખરૂં કહું છું, કે તે હબશીને જેર કરી દરબારના નામદારો તરફથી તુએ નામદારી હાંસલ કરી છે. તે હબશી દરબારનો ખાસ પેહલવાન હતો. તે પોતાના કદ અને જોર ઉપર બેસુમાર મગરૂર હતો, અને દરબારનો કોઇબી પેહલવાન તેની સાથ કુસ્તી ખેલવાની હિંમત નહી કરતો હોવાથી, તે અભીમાનથી ફુલી ગયો હતો. તારે હાથ તેની હાર થવાથી તુએ દરેકનુ દીલ જીતી લીધું છે. તારી બાહાદુરીના વખાણ દરબારમાં જાબજા થાય છે **હારમેચીસ**.'

હવે અરસપરસનાં વખાણ બંધ કરો,' **સેપા**એ વખત નહી ખોવાય એમ સમજી કહ્યું. 'અને કામની વાત કરો.'

પોતાના પીના **સેપા**નો હુકમ સાંભલી સુંદર **ચારમીયન** મારી તરફ જોઇ બોલી. 'બાહાદુર **હારમેચીસ**, મેં જે કાંઇ ગોઠવણ તારે માટે રચી છે, તે ધ્યાન ધરી સાંભલી લે. કોઇબી રીતે રાજમેહલમાં દાખલ થઇ તેનો રાહધાટ જાણવો. તારે ઘણોજ અગતનો છે. વલી મેહલમા વસતા રાણીના ખાસ નોકરો અને હિજડાઓને કાંઇબી કરી મનાવી લેવાની જરૂર છે. સાંભલ **હારમેચીસ**, કેટલાક નોકરોને મેં મારા વિસ્વાસમાં લીધા છે, અને હવે તારી હાજરીની ત્યાં જરૂર છે. નોકરો અને હિજડાઓને તેમજ દરબાન અને ચોકીબાનોને હું શરાબની મેજબાનીમાં મશગુલ કરી, કેફી વસતુ પાઇ તેમને બેહોશ કરીશ, અને તેવા સંજોગ વચ્ચે તું એકદમ **કલીઓપેત્રા**ને કતલ કરજે, અને તેજ વખતે મેહલના દરવાજા હું ઉઘાડી નાંખીશ, એટલે આપણા હથીઆરબંધ આદમીઓ અંદર દાખલ થશે. પછી શું કરવું તે કેહવાની જરૂર નથી. **હારમેચીસ**, પછી **કલીઓપેત્રા**ના તખતનો તું માલેક થશે.'

આંવી જવાન, આવી નાજુક અને આવી સુંદર સીકલની એક ખુબસુરત ઓરત આવા પ્રપંચ, આવી સીફત અને સફાઇથી કરે, એ જાણી હું તેણીની હિંમત ઉપર અજબ થાઇ વિચાર કરવા લાગ્યો.

'ત્યારે હવે રાજમેહલમાં હું કેવી રીતે દાખલ થાઇ શકીશ?' મે **ચારમીયન**ને સવાલ કીધો.

'ઘણીજ સેહલાઇથી.' તેણીએ જવાબ દીધો. 'રાણી **કલીઓપૅત્રા** હમેશાં કોઇબી સોહામની સીકલ ઉપર મોહિત પડનારી ઔરત છે. આજ સહવારના તારી ખુબસુરતી જોતાંજ **કલીઓપૅત્રા** તારી ઉપર મોહી પડી છે. જોકે તેણીએ પોતાની નબલાઇ તેજ વખતે દેખાડી નહી, પણ આજે આખ્ખા દીવસમાં ચાર વખત તેણીએ તારાં ઠેકાણા વિશે તલાશ કરવા મને કહ્યું હતું. **હારમેચીસ**, તારા રસતામા હવે જરાબી નડતલ હોય એમ મને લાગતું નથી. વાસતે આવતી કાલે બપોરના બે વાગાને સુમારે તારે બેધડક મારૂ નામ લેઇ મેહલમાં દાખલ થવા આવવું. તારૂ ઠેકાણુ શોધી કાહાડવાની મે **કલીઓપૅત્રા**ને કબુલાત આપી છે, વાસતે તુ આવનાર છે એવી હું તેણીને આગમજથી ખબર કરીશ. રમલ અને નજુમના ઇલમ ઉપર રાણી **કલીઓપૅત્રા**ને એટલો તો વિસ્વાસ છે, કે કોઇ કોઇ વખત તે મોટી રાત્રે ઉડી બાગ માહેલા ઝરૂખા ઉપર ઉભી રહી; પોતે સીતારાની ગતી તપાસે છે. દરબારના નજુમીને તેની સેહજ ગફલતથી તેણીએ બરતરફ કીધો છે, અને હવે તે ખાલી પડેલી જગ્યા બેશક **કલીઓપૅત્રા** તુને લેવા કેહશે.'

સુંદર **ચારમીયન**ની આંખમાં આ સખુનો બોલતા એવો ચમકાટ ચમકતો મેં દીઠો, કે તે ચમકાટ જેવો બીજો ચમકાટ મારી જીંદગી દરમ્યાન કોઇબી ઔરતની આંખમાં પાછલથી મેં દીઠો ન હતો. હું **ચારમીયન**ને કાંઇ કેહવા જતો હતો, તેટલાં મારા મામા **સેપા**એ સરવે વાતનો છેડો લાવવા ટુકમા પુરૂં કીધું. 'ઠીક, ઠીક, આવતી કાલે બપોરના બે વાગે તુને મલવાને બાહને **હારમેચીસ** રાજમેહલમા જરૂર આવશે, વાસતે બેટી **ચારમીયન** તું હવે રૂખસદ લે.. રાત અંધારી છે, અને તુને દુર જવું છે.'

પોતાના બાપની મતલબ સમજી જઇ, ખુબસુરત **ચારમીયન** તુરતજ પોતાનો સુફેદ ઝભો આંગ ઉપર નાખી, રાજમેહલ તરફ નિકલી ગઇ. તેણીના જવા પછી મારો મામો **સેપા** એક ઠંડી હાય મારી

નિસાસ થાઇ બોલ્યો. 'ઓરત, ઓ ઓરત! આ ધરતી ઉપરના પાપનુ મુળ! તુને પેદા કરવામાં તે જગકરતાએ શું મતલબ રાખી હશે તે તેજ જાણે!!'.

મારા મામાના આ વિચારો સાંભલી મેં તેજ વખતે સવાલ કીધો. માહાતમા **સેપા તુને ચારમીયન** વિશે કાંઇ શક રહી ગયો છે?'

'સાંભલ **હારમેચીસ.' સેપા** બોલ્યો. 'આ **ચારમીયન**થી તું ખબરદાર રેહજે. આજની એની ચાલથી હું શકમંદ થયો છું. મને એનુ ચીત ડામાડોલ અને ઢંગ ધડા વગરનું માલમ પડયું છે. એની આંખોમા ઝલકતો ચમકાટ એવો તો દીપી રહ્યો છે, કે તેના તેજથી તુ એખલો નહી, પણ કુલ મીસરની ખલકત મબાદા બલી ખાક થાય, એ બનવા જોગ મને લાગે છે. મારો એ શક ખુદા કરે ખોટો પડે. હુ **ચારમીયન** ઉપર કાંઇ દોશ મુકતો નથી. તેણીએ મીસર માટે આજ સુધી ઘણું કીધું છે, અને હજી તે આપણને મદદ કરશે. પણ એનુ બોલવું મારા કાંનમા ખટકે છે. માટે **હારમેચીસ** આ **ચારમીયન**થી તું હુશીઆર રેહજે. આ છોકરીનાં હાથમાં આપણ સરવેની જીંદગી જઇ પડી છે. અફસોસ કે એક ઓરત સાથ આપણને કાંમ પડયું છે! પણ લાચાર!! અરે! રખે કોઇ પોતાની મુરાદનો કોટ ઓરતના હવાઇ વિસ્વાસ ઉપર ઉઠાવે! ઓરત! કેવી રંગ બદલતી બેરંગી ઓરત!! જ્યાં સુધી તે તુને ચહાતી રેહશે, ત્યાં સુધી તે વફાદાર અને નિમખહલાલ રેહશે; પણ તારી ઉપરનો તેણીનો પ્યાર જયારેબી જરા ઓછો થયો, તો તેજ વખત તે બેવફા અને નિમખહરામ થવાની. મરદોના જેવા દ્રઢ વિચાર ઓરતોના નથી. માટે **હારમેચીસ** આ ઓરત કદાચ આપણને ભર દરીઆમાંથી તેરવી પાર ઉતારે, યા તો તારી ઉમેદની કિસ્તીને ભર દરીઆમાં ડુબાડી તારી, મારી અને કુલ મીસરની આશાનુ નખોદ વાલે.'

પ્રકરણ ૯ મું.

નજુમીના વેશમાં હારમેર્ચાસનુ મેહલમાં જવું—કલીઓપૅટ્રાનો મેહલ—હારમેચીસ અને કલીઓપૅટ્રા—જાદુનો ચમતકાર—હારમેચીસનુ દરબારના નજુમી તરીકે નેમાવું.

વળતે દીવસે ગોઠવણ પ્રમાણે ઠેડવેલે વખતે એક નજુમીના લેબાસમાં હું રાજમેહલ તરફ જવા નિકલ્યો.

નજુમીના જેવો એક લાંબો અને ઝુલતો ઝભો મારા આંગ ઉપર નાખી, એક લાંબી તોપી ઉપર સીતારા અને દેવતાઓની મુરતી કસબ અને રેસમથી ભરાવી, મેં મારે માંથે પેહડી લીધી, અને હાથમાં રમલના પાસા લઇ તથા એક કાગજનું બંડલ બગલમાં ઘાલી, કાળાં અબનુસના લાકડાંની એક નાની જેવી લાકડી હાથમા પકડી મારા મામા **સેપા** સાથ મેહલ તરફ હું જવા નિકલ્યો.

સેંહકડો વમાસન અને સેંહકડો વિચારોના વળાંમા વિંટલાતા હમો બંન્ને જન અંતે મેહલના દરવાજા સુધી આવી પુગ્યા. હીયાં મને એખલો મુકી, મારી ફતેહ ઇચ્છી માહાતમા **સેપા** છુટો પડયો, અને હું બેધડક મેહલના દરવાજા મધે દાખલ થયો. એક નજુમીના પોશાકમા મને બેધડક ચાલી આવતોં જોઇ કેટલાક રૂમી સીપાહો એતમીજ બની મને આગલ વધતો અટકાવી મારૂં નામ પુછવા લાગ્યા. મેં મારૂં ખરૂં નામ જણાવી ખુલાસો કીધો કે 'રાણી સાહેબની સખી **ચારમીયન**ને મારે મલવુંછે, સબબ તેણીના બોલાવવાથી હું હીયાં આવ્યોછુ.'

'તેમજ જો હોય તો બેહતર છે.' એક રૂમી સરદાર બોલ્યો. નજુમી **હારમેચીસ,** તુ હીયાં ઉભો રેહ, હમો તારા આવી પુગવાની ખબર **ચારમીયન**ને પુગાડયે છૈયે, અને તે તુને હીયાં આવી મલશે.'

'બેહતર છે સરદારો.' મેં કહ્યું. 'તમારો વિચાર જો તેવોજ હોય,

તો મેહરબાની કરી **ચારમીયન**ને મારા વિશે જલદી ખબર કરો, સબબ મારૂં કામ ઘણું અગતનું છે.'

આવી કિસમની ખટપટ ચાલતી હતી તેટલાં **ચારમોયન** ત્યાં આવી પુગી, અને સરદારો તરફ ગરમ નજર કરી બોલી. 'એ શું ગડબડ છે. શું તમો જાણતા નથી કે આ વખત માહેલકા નિંદમાં પડેલાંછે?'

'બાંનુ **ચારમીયન.**' એકજન બોલ્યો. 'એમા હમારી કસુર નથી. આ નજુમી બેધડક અંદર દાખલ થવા બજીદ થાય છે, અને તેને હમોએ અટકાવ્યો છે.'

ચારમીયને મારી તરફ બેદરકારભરી નજર ફેરવી જોયું, અને જાણે મારા વિશે તે કાંઇ જાણતી હોય નહી, અને મને બોલાવી ભુલી ગઇ હોય, ય. મારી જરાબી તેણીને દરકાર નહી હોય, તેમ બોલી. 'કોણ? નજુમી **હારમેચીસ**!!'

'હા બાંનુ **ચારમીયન.** તારા ફરમાન મુજબ હું હાજર થયો છું.' મે નમીને યાદ આપી.

'ઠીક છે.' તેણીએ મારી નમનતાઇની જરાબી દરકાર ન કરતા તુમાખમાં કહ્યું. 'મારી સાથ અંદર આવ.'

પેલા રૂમી સરદારો **ચારમીયન**ને નમી બાજુપર ખસી સફ સમારી ઉભા. અને તેજ વખતે મેં **ચારમીયન** પાછલ ધીમે કદમે ચાલવા માંડયું.

તે મેહલની ખુબીનુ બયાન કરી હું લંબાણુ કરવા માંગતો નથી, સબબ તે બાંધકામની ખુબસુરતી અને કારીગરીનું બયાન કરવાની મારામાં હવે તે વખતના જેવી શકિત રહી નથી. **ચારમીયન**, એક સુંદર સફેદ સંગેમરમરના દીવાનખાનામાથી મને લઇ તમામ કાળા સંગેમરમરના એક સુંદર દાદર ઉપર ચડી, કે જેની બંન્ને બાજુના કટેરાઓ સોનાં અને રૂપાંનાં હતા, અને દરેક પગડીએ બંન્ને બાજુ સુફેદ સંગેમરમરનાં યુનાની દેવતાઓના મનમોહન દીલ બેહલાવનારાં પુત-

લાંઓ ઉભાં કરેલાં હતાં. દાદર ઉપર ચહડી રેહતાંજ, કેટલાક ગ્મી સવારો, જેઓ ચોકી કરતા હતા, તેઓ વચ્ચેથી પસાર થયા બાદ, અંતે હું એક દીલપસંદ રોણકદાર દીવાનખાનામાં **ચારમીયન**ની પાછલ દાખલ થયો. આ ઓરદાની ચારે દીવાલો ઉપર ખુદરતની નાદર કરામતના બેમુલ ચીત્રો મારી આંખને દીપાવી અક્કલને હેરત કરી રેહયાં હતા. આ ઓરદામા **ચારમીયન** મને એક જડાવદાર ખુરશી ઉપર બેસવાની ઇશારત કરી બોલી. '**હારમેચીસ**, આ દીવાનખાનામાં તુ જરા આસાએશ લે, તેટલાં હું **કલીઓપૅત્રા**ને' તારા આવી પુગવાની ખબર કરૂ છું. હમનાજ તે નિંદમા પડી છે. જો તે જાગી, તો હું તુરતજ તુને તેણીની પાસ લઇ જઇ હાજર કરીશ, સબબ તે તુને મલવા માટે બેહદ ઇનતેજાર છે.'

એટલું બોલી તે પડોસના એક બીજા દીવાનખાનામા દાખલ થઇ, અને હું દીવાલ ઉપર જડેલાં સુંદર ચીત્રો ફરીને જોઉ તેટલાં તો તે પાછી મારી આગલ આવી ઉભી.

'બાહાદુર **હારમેચીસ**, ચાલ મારી સાથ. હિંમત રાખ, અને ડર ના. રાણી તુને પોતાની ખ્વાબગાહમા બોલાવે છે. જો આ રહી તેની બાદશાહી મોહર.

ફરી એકવાર મે **ચારમીયન**ની પાછલ ચાલવા માંડયું, અને અંતે તેણીની સાથ હુ **કલીઓપૅત્રા**ની ખ્વાબગાહમા દાખલ થયો. પણ જેવો હું એ દીવાનખાનામા દાખલ થયો, તેવાજ બે કદાવર કદના બળવંત હિજડાઓ નાગી તલવાર ઉઠાવી મારાં આંગ ઉપર એકાએક ધસી આવ્યા. નજદીક હતું કે તે બેમાનો એક પોતાની ઝેહરી તલવાર મારા સીનામા ચલાવી દીએ, પણ તેટલાં સારે નસીબે **ચારમીયન**ની નજર તેઓ ઉપર પડતાજ ગુસ્સે થઇ **કલીઓપૅત્રા**ની મોહર પોતાની જેબમાથી કાહડી તેઓને તે દેખાડી, અને તેજ વખતે તેઓએ પાછલ હઠી પોતાની તલવારની નોક જમીનમા ભોકી મને આગલ વધવાની નમીને ઇશારત કીધી. હું આગલ ચાલ્યો, અને બીજીજ પળે રાણી **કલીઓ-પૅત્રા**ના સુંદર પલંગની સાંમે **ચારમીયન** સાથ હું જઇ ઉભો.

તે સુંદર દીવાનખાનુ ખરેખર મને બાગે બેહસ્તનો ખ્યાલ આપતું હતું. શુ તે દીવાનખાનાની સુંદર રંગબેરંગી તરાંહ અને ભરતથી સીંગારેલી સંગેમરમરની જમીન ! શું તે દીવાનખાનાની ચારે બાજુએ ગોઠવેલાં ગંજાવર સોનેરી પુતલાં ! અને શું તે દીવાનખાનાની સુંદર સુફેદ દેવાલ અંદર ઝમરૂદ, નિલમ, યાકુત, હિરા અને માણેકથી જડી લીધેલા કોતર કામના ચીતારો ! શું તે સુંદર કારીગરીની દીલપસંદ બનાવટના ગંજાવર કદના રાચરચીલાં! અને શું તે દીવાનખાનાને દીપાવતા દેવાલ ઉપર લટકતા ઉમદા નકશો ! શું તે મેહલની બારીઓ ઉપર લટકતી સોનેરી અને રેસમની કિમતી ઝાલરો ! આહ! એ રંગ મેહલ!! રંગ છે!! એ સરવે ઉપર મારો હક છે, અને હુ એનો એખલો માલેક છું !!'

એ સરવે જોઇ હું હેરત થતો હતો, તેટલામાં મારી નજર દીવાનખાનાની વચ્ચોવચ પડી. અરેરે કમનસીબ! તેજ વખતે મારી નજર ફુટી કાં નહી ગઇ. 'મેં શું જોયું !.'

ફલક ઉપર પુર તેજથી પ્રકાશતો પુનમનો ચંદ્ર, જે કુલ દુનીઆની નજરે હંમેશા દર માસે પડે છે, તે ફલકના ચંદ્રને, આ ખલકની ધરતી ઉપર વસતો એક બીજો પુનમનો ચંદ્ર, એક પલકમાં ઝાંખ લગાડી સીહાઇથીબી વધારે કાળો બનાવી દેતો હતો. તે ફલકનો ચંદ્ર, જેની સેપાસ અને સના હું હંમેશ કરતો હતો, તેને, આ ખલક ઉપરનો પેલો ખાકી ચંદ્ર જોતાંજ હું ભુલી ગયો, અને મારૂ દીલ મારા હાથથી છટકતું ગયું. હું પોતાને ભુલતો ગયો. ખરૂં કહું તો હું ખુદ બદલાતો ગયો. એ ખલક ઉપરનો ચંદ્ર કોઇ નહી પણ પેલી સીતારે મીસર, માહેતાબાં, માહેલકા **કલીઓપૅત્રા** હતી.

અરેરે હિણભાગ્ય! આ તેં શું નખોદ વાલ્યું !! મે કેવું કઢંગુ કામ માથે લીધું. હવ આ મોહની જાલમાંથી છુટાશે કે નહી તેનો વિચાર મને તેજ પળે આવ્યો. મેં શું જોયું !

તે દીવાનખાનાની વચ્ચોવચ એક સુંદર સોનેરી પલંગ ઉપર **કલીઓપૅત્રાને** પુર નિંદમા મેં પડેલી જોઇ. તેણીએ પોતાનો એક હાથ પોતાના માથાં નીચે રાખેલો હતો, અને બીજો પલંગ બાહર લટકતો

ઝુલાતો હતો. તેણીના પરવાલાં સમ લાલ હોઠ સેહજ ખુલ્લા હતા, અને તે હોઠની ફાટમાથી મોતી જેવા તેણીના સુફેદ દાંતો કળીબંધ દુરથી મારી નજરે પડતા હતા. તેણીના કાળા ભંમરજેવા લાંબા બાલ પલંગ ઉપર વિખરાઇ પડેલા હતા, અને તેમાથી નિકલતી સુગંધથી મારૂં દેમાગ તર થઇ જતું હતું. તેણીના સોહામના સુંદર પગો બીલકુલ નગ્ન હાલતમાં જોઇ મારી આંખો તેની ખુબસુરતી ઉપર ટકી શકી નહી. તેણીની બાજુના દંડ, આંખોની ઝલક, હોઠોની મરોડ અને અબરૂના પેકાન મારાં મનના મક્કમ વિચારોને ફના કરતા હતા. જવાનીના બાહારમા અને જોશમા જોબનના ખીલી રેહલી આ ઓરત ઉપર નજર કેડવી હું વધુવાર જોઉ, તેટલાંતો તે પોતાની નિંદમાથી જાગરૂત થવા લાગી.

કલીઓપૅત્રાને જાગરૂત થાએલી જોઇ, મારા વિખરાએલા વિચારને હું એકઠા કરવા લાગ્યો, પણ ખરૂ જોતાં તો મારી હાલત અત્યાર આગમજની બગડી ચુકી હતી. હું ખુદ એટલો બેખબર બની ગયો હતો, કે **કલીઓપૅત્રા**ને જોતાં મારા ચેહરા ઉપર થતા ફેરફારો **ચારમીયન** મારી સાંમે ઉભી રહી કેવી બારીકીથી આંખો વખત તપાસતી હતી, તે પણ હું ભુલી ગયો.

મન અને ચીતના ભંવાડામા પડેલું આદમી હંમેશા પોતાની હાલત બીલકુલ ભુલી જાય છે, અને એ ભુલેલી હાલતમા થાએલી ભુલ ખરેખર ભારી ભયંકાર હોય છે. **કલીઓપૅત્રા**ને જોતાંજ મારૂ મન કાંઇક ભંવાડમાં પડ્યું, અને **ચારમીયન** મારી સાંમે ઉભી હતી તે ભુલી જઇ, મારા વિચારોને મારા ચેહરા ઉપર પ્રગટ થવા દેવામાં મેં જે ભુલ કરી હતી, તે ખરેખર ભારી ભયંકાર હતી, સબબ **કલીઓપૅત્રા** જેવી જાગરૂત થઇ કે તુરતજ મારી નજર **ચારમીયન** ઉપર પડી, અને ત્યારેજ મેં જાણ્યું કે તે કેવારની મને ટીકી ટીકી મારા દીલમાં ચહડતા ઊતરતા તુરંગોની તપાસ કરતી હતી.

'અફસોસ હારમેચીસ!' ચારમીયને મારા કાંનમા ધીમે **અવાજે કહ્યું. 'તારાં સરવે બળ છતાં આવું ખુનામરકીનું કાંમ કરવા માટે તુને બેશક બેહદ મેહનત પડશે.'**

આ સખુનો સાંભલતાંજ મને એક વીજળીનો ઝટકો લાગ્યો હોય, તેમ હું ચમકી પડયો. તેજ વખતે મારાં દીલ અંદર ઉસકેરાઇ રેહલા તમામ જુસ્સા એકદમ ઠંડા પડી ગયા, અને હું મારી સુધ્ધીમાં આવી ગયો. ત્યારેજ હું પોતાની ખરી હાલત પીછાનવા લાગ્યો, અને ત્યારેજ મેં જાણ્યું કે મારે આ રાજમેહેલની મોહેની અને **કલીઓપૅત્રા**ની ખુબસુરતી સાથ કાંઇબી લેવડ દેવડ કરવી નથી, પણ મને મારા દેશની સેવા, અને મારા ખરા હકની માંગની કરવી છે.

કલીઓપૅત્રા રફતે રફતે જાગરૂત થવા લાગી. તેણીએ પોતાની કાળી ભંમર જેવી આંખો—કે જે આંખોમાં વસતા ચમતકારીક ચમકાટના જોરે સરવે જગપ્રસિધ્ધ બળવાંન યોધ્ધાઓને તેણીએ જેર કરી પોતાની પ્રિતના ગુલામ કરી લીધા હતા, તે આંખો–ઉઘાડી. **ચારમીયન** ધીમે હાથે તેણીને પંખો કરવા લાગી, અને તેટલાં **કલીઓપૅત્રા**ની નજર મારી ઉપર પડી. 'આ કોણ શખ્સ છે?'

'નામવર રાણી,' **ચારમીયને** જવાબ દીધો. 'એ પેલો નજુમી **હારમેચીસ** છે, જેની તલાશ કરવા તું નામવરે મને ફરમાવ્યું હતું.'

'**હારમેચીસ**!' રાણી બોલી. 'પેલો નજુમી! મારા હબશી પેહલવાનને જેર કીધો હતો તે? હા, હા. તેજ એ. આ પોશાકમાં મેં એને બીલકુલ પીછાન્યો નહી. **હારમેચીસ**!! કેવુ મીઠું નામ! ઓ નજુમી, ત્યારે તો તુ રમલના હુંનરમાબી પુરવિણ હોવો જોઇએ, સબબ તારા પીતા **એમનામોંહાત** માટે મેં જાબજા તારીફ સાંભલી છે. તમો મીસરી લોક જાદુ અને રમલના હુન્નર માટે જગમાં જાણીતા છો.'

'અએ બખ્તાવર બાનુ,' મેં નમીને જવાબ દીધો. 'આ કમતરીન તારી ખીદમતમા સર ઝુકાવી તારો હુકમ ઉઠાવવા ઇનતેજાર છે.'

'શુકર દાદગરના કે અંતે એક બાહોશ સીતારેસનાસ મને મલી આવ્યો.' રાણી બોલી. '**હારમેચીસ**, તારા ઇલમનો કાંઇ ચમતકાર તું મને દેખાડી શકશે?'

'ઓ સીતારે મીસર, કમતરીન તારી નોકરીમાં હાજર છે.' મેં ફરીથી કહ્યું. 'મારી જાદુઇ શકિત દેખાડવા હું તૈયાર છું.'

કલીઓપૅત્રા અને **ચારમીયન** બંને જન ખુબ ધ્યાનથી મારી જાદુઇ શકિતનાં ખેલો જોવા તૈયાર થયાં, અને મેં મારૂં કામ શુરૂ કીધું

મારા હાથ માહેલી પેલી અબનુસની લાકડી તેજ વખતે મેં હવામાં ઉંચે ઉછાળી અને જેવી તે નીચે જમીન ઉપર પડી, કે તે તુરતજ એક કાળા ભયંકાર સરપના આકારમા બદલાઇ ગઇ, અને તે સરપ ફુફાડા મારતો મારી આસપાસ ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તે સરપનાં આંગ ઉપર જાડાં કાબરચીતરા રંગના ભીંગડાં બંધાવા લાગ્યાં, અને જેમ જેમ તે સરપ મારી આસપાસ ફરતો ગયો, તેમ તેમ તેનાં આંગ ઉપર બંધાએલાં ભીંગડાં જમીન ઉપર ખરી પડવા લાગ્યાં. તે ખરી પડેલાં દરએક ભીંગડાંમાથી તેવીજ કિસમનો એક એક નવો સરપ પેદા થવા લાગ્યો. તે દરએક નવા સરપનાં આંગ ઉપર તેવીજ રીતે નવાં ભીંગડાં બંધાઇ ખરી પડતાં અને તે દરએક નવા ખરી પડતાં ભીંગડાંમાંથી નવા નવા સરપો પેદા થતા ચાલ્યા. એ રીતે થોડી પળના અરસામાં એક સરપમાથી સેંહકડો, અને સેંહકડોમાથી સેહજવારમા હજારો અને હજારોમાથી લાખો સરપો પેદા થયા, અને તે સરપોથી તમામ દીવાનખાનુ ચીકાર ભરાઈ ગયું. દીવાનખાનાની જાહોજલાલી નાબુદ ગઇ, અને જ્યાંબી નજર કરે ત્યાં સરપ ! સરપ ! અને સરપ **કલીઓપેત્રા**ને દેખાવા લાગ્યા.

મારી જાદુગરીનો આવો ખેલ જોઇ, તે ડરથી ગભરાટમા પડી, પણ પોતાની હિંમત દેખાડવા તે જેમ તેમ કરી પલંગ ઉપર બેસી રહી. તેવામા મારા કેટલાક સરપો પલંગ ઉપર ચારે બાજુથી ચહડી ગયા, અને સેહજવારમાં તમામ પલંગની આસપાસ વિટલાઇ ફુફાડા મારવા લાગ્યા. **કલીઓપેત્રા**ની ધીરજ અને હિંમતનો હવે છેડો આવ્યો. તે **ચારમીયન**ને વલગી પડી, અને એક જબરી ચીસ પાડી પલંગ ઉપર ખડી થાઈ. **ચારમીયન** પણ ગભરાટમાં પડી હતી. બંન્ને જન સરપથી ડર ખાઇ પલંગ ઉપર કુદવા લાગ્યાં, અને આ ખેલ એકદંમ બંધ કરવાની **કલીઓપેત્રા**એ મને તેજ વખતે તાકીદ કીધી.

તેજ વખતે આંખના પલકારામાં તે દેખાવ મેં બંધ કીધો. પોતાના રોણકદાર દીવાનખાનાને અસલ બાહારમા આવેલું જોઈ **કલીઓપેત્રા** બોલી. '**હારમેચીસ**, આ તારો જાદુઈ ખેલ જોઈ હું તાજુબી સાથ ખુશી થાઇછું. આજથી તુને હું મારી દરબારનો નજુમી નેમુછું, અને આજથી તુએ મારી હજુરમા હમેશ મારા ખાસ સાથી તરીકે રેહવું.

પ્રકરણ ૧૦ મું.

રાજમેહેલમાં હારમેચીસની કારકીર્દી—હારમેચીસ ઉપર કલીઓપૅત્રાનું પ્રસંન્ન થવું—નહી મલેલું માન—હારમેચીસની ગુચવણ.

એવી કિસમના એક જાદુઈ ખેલથી મીસરના રાણીના મગજ ઉપર મેં જબરો છાપ મારી તેણીનો વિસ્વાસ મેલવી લીધો, અને તે દીવસથી મારૂ રેહવાનુ રાજમેહલમાજ થયુ.

જો હું ચાહતે તો એવા બેસુમાર ચમતકારો તેણીને કરી દેખાડી તેણીની અક્કલ હેરત કરતે, પણ આ એકજ ખેલથી તે સંતોશ પાંમેલી હોવાથી, તેણીનો વિચાર મારા બીજા ખેલો જોવાનો થયો નહી.

તાજના મુનશી તરફથી '**રાણી સાહેબનો ખાસ નજુમી**' એવી મને એક લેખીત સનદ મલી. વલી મને રેહવાને માટે રાજમેહલમાં દીવાનખાનાં, અને મારી હજુરીમાં રેહવા માટે નોકરો મલ્યા. વલી સીતારાઓની ગણત્રી કરવા માટે મેહલના મીનારા ઉપર જવાની મને ખાસ પરવાનગી મલી. બાજે વખત હું **કલીઓપૅત્રા**ના દરબાનોને, તેમજ મેહલમાં વસતા રૂમી સરદારોને મારી મનશક્તિના જોરે બોલતાં બોલતાં બેહોશ કરી હું તેમને જમીન ઉપર પટકી નાખતો, અને એવી રીતે મારા ગુપ્ત ઇલમનુ જોર દેખાડી હું સરવે કોઇને હેરાન અને પરેશાન કરતો હતો. મારી આવી શક્તિથી મેહલમાં વસતાં દરેક જન, તેમજ દરબારના વજીરો અને પેહલવાનો તથા ચોકીબાનો મને જોઇ મનમાં ડરતા હતા, અને મને નમી નમી સલામ કરી મારા દરેક હુકમને તેઓ માન આપી ચાલતાં હતા.

હું રાજમેહલમાજ રેહતો હતો, અને રોજ દરબારમા મારા ઓહ્દાની રૂએ હાજરી આપતો હતો. દરબારમાં મારો મરતબો સરવેથી ચહડતો હતો, અને રાણી **કલીઓપેત્રાનો** હુ ખાસ માનીતો થઇ પડયો હતો, તથા હર મુશકેલીને વખત તે માહેતાબા જાહેર તેમજ તનાહીમાં મારી સલ્લાહ લઇ દરેક કામ કરતી હતી.

એટલા વખતના અરસામાં, દેશપરદેશથી મારાં નાંમ ઉપર જીવ આપવા તૈયાર થાયલા મીસરના લોકો, છુપા વેશમાં આવી પાયતખ્ત ખાતે વસી ચુકયા હતા. હુ દરેક દીવસને આંતરે મેહલમાથી નિકલી મારા મામા **સેપાને** શેહરમાં મલવા જતો હતો, અને તે મને સરવે વિગતની ખબર આપતો હતો. અને એક દીવસે સાંજના મારા મામાએ મને જણાવ્યું કે ‘ બલવાની સરવે સામગ્રી તૈયાર થઇ રહી છે, અને પચ્ચીસ હજાર આદમી છુપા વેશમા હથીઆરબંધ આવી શેહરમાં છુપાઇ બેઠાં છે, તથા શેહરમા દરેક ઠેકાણે જાસુસો ફરતા ફરે છે.’

એટલા અરસામા **કલીઓપેત્રા** મારી સાથ ઘણીજ મલી ગઇ, અને મેં પણ તેણીનો ઠાટમાઠ અને દોરદમામ જોઇ લીધાં હતાં. પોતે રાજ કરતી રાણી હોવાથી પોતાના દરજ્જાની રૂએ દરબારમાં ઘણીવાર મારી તરફ બેદરકાર રેહવાનુ જોકે તે ડોલ ઘાલતી હતી, પણ બાતેનમાં તે મારાથી ઘણીજ ડરતી હતી, કારણ મારી ગેબી શક્તિ અને ગુપ્ત હુન્નરથી તેણીની એવી તો ખાતરી થઇ હતી, કે તે મારાથી જરાબી સર ફેરવવાની હિંમત કરી શકે એમ હતુજ નહી.

ચારમીયન પણ મને દરરોજ મેહલમાં મલતી હતી, અને મારી મેહમાનદારી કરવામા તે કાંઇબી ખામી રાખતી નહી હતી. દરેક મારો પડતો બોલ ઉંચકી લઇ મને રાજી રાખવાની તે કોશીસ કરતી હતી, અને તે માટે તેણીને જ્યારેબી હું કાંઇ શાબાસી આપતો હતો, ત્યારે તે ગુસ્સે થાઇ મને જણાવતી કે ‘ પ્યારની સેવામાં બદલાની આશા તે કેવી રાખવી ! ’

પણ ખરી વાત તો એ હતી કે પ્યારની મકતબમા હું બેઠેલોજ નહી હતો. પ્રિતની મુળમાં હું બારાખડીબી જાણુતો નહી હતો, અને હું એ વિશે નિરદોશ હોવાથી **ચારમીયન**ની મારી તરફની પ્રિતભરી હીલ-ચાલને હું વતન તરફની વફાદારી સમજતો હતો. અફસોસ ! તેણીનાં અંતકરણમાં સળગેલી પ્રિતની અગન વિશે મને જરાબી ખ્યાલ હતો નહી. મને સેહજબી ખ્યાલ નહી હતો, કે **ચારમીયન** મારી પ્રિતમા પડી હતી, અને મારી પ્રિતની અગનમાં હર પળ તે બળતી હતી.

પણ મને એવી ફાની ખુશાલી સાથ શું કામ છે ? મેં પવિત્ર **આઇસીસ** અને **ઓસાઇરીસ**ને મીસરનો બચાવ કરવાનુ વચન આપેલું તે ભુલાય એમ નહી હતું. 'અરે ઓ આકાશી ફરેસતાઓ, મારો એકરાર તમો સાંભલો. અને મારા ગવાહા રેહજો. કે જે ઓરતના પ્યારને લીધે મારો અને કુલ મીસરનો નાશ થયો છે. તેમા હું બીલકુલ નિરદોશ હતો.'

ઓરતના પ્યારનુ સેવટ.

એક ઓરતનો પ્યાર ! એ ચીજ આ જગમાં કેવી અજાએબ જેવી છે ! ! ઓરતનો પ્યાર શરૂઆતમાં નજીવો લાગવા છતાં તેનુ સેવટ કેવું ભયંકાર આવે છે ! આહા ! પ્યાર ! જે મીસાલ એક પાહડના બાતરમાંથી ઝડકતો બારીક પાણીનો ઝરો શરૂઆતમા ધીમે ધીમે આગલ વધી વેહતો જાય છે. અને સેવટે તે મોટો થાઇ એકાદ ગંજાવર નદી સાથ જઇ મલે છે. તે મીસાલ પ્યાર પોતાનુ રૂપ ધારવા ચુકતો નથી.

ઓરત શું છે ?

આહા ! ઓરત ! ! જીંદગીની તમામ ખુશી ખુરમીને એક પલકમાં ઝેર સમાન કડવી કરી નાખનાર જેમ તું છે, તેમજ ઝેર સમાન કડવી થાઇ પડેલી જીંદગીને સુખી કરનાર પણ તું છે. દુનીઆમાં તું સર્વસ્વ છે. જ્યાં જોઇશું ત્યાં તું છે. એક અતી વ્હાલા ખાવિંદની તું તાબેદાર ગુલામ હોવા છતાં, તેને તું એક ગુલામ માફક કેદ કરેછે. અરે, માણસ ! તુ ચેતજે, સબબ ઓરતની મોહેનીના પંજામાથી દુની-

આમાં તું કદીબી છુટનાર નથી. જ્યાંબી તું જશે ત્યાં તારી સરજત મીસાલ તારી પાસે અને સાથે તું તેણીને જોશે.

સરજત ! ઓ કમનબીબ **હારચીમેસ**ની સરજત ! એ સરવે દાહાપણથી હું ખબરદાર હોવા છતાં, અને ઓરતના ફંદ ફરેબથી જાણીતો હોવા છતાં, આખરે મારી સરજત તેણીને હાથ ફસવાનેજ સરજાએલી હતી.

એવી કિસમના મામલાઓ, જ્યાં સુધી મારાં સાંધેલાં કાંમો સમપુર્ણ હાલતમાં તૈયાર થયાં, ત્યાં સુધી ચાલ્યા કીધા, અને મારા વિશે શેહેરમાં કે મેહલમાં સેહજબી શક કોઇને પડયો નહી.

બલવો થવાની બે દીવસ આગમજ હમો સરવે **કલીઓપૅત્રા**ની દરબારમા મોજ અને રંગ કરતાં બેઠાં હતાં. મારાં બળ અને કળ વિશે **કલીઓપૅત્રા** પોતાની દરબારમાં મારી તારીફ કરતી હતી, અને મારા જેવો બાહોશ નજુમી તેણીને મલ્યો, માટે મારી લાંબી જીંદગી માટે દુવા ચાહી તે શરાબની જામો પીતી હતી. મારા તરફ તેણીની આવી ભલમનસાઇ જોઇ મારૂ સંગ જેવું સખત દીલ પીગળી મોમ જેવું નરમ થવા લાગ્યું. મારૂ પીગળતું દીલ સખત કરવા માટે મેં ઘણીબી તજવિજો કરી, પણ ફોકટ. મારી એવી નબલી હાલત જાણતાંજ મેં પવિત્ર **આઇસીસ**ની મદદ ચાહી, પણ મારૂ દીલ સમજ્યું નહી, અને તે સખતુ થવાને બદલે નરમ બનતુંજ ગયું. બેરેહમ થવાનેબદલે રેહમનો ઝરો તેમાં વેહવા લાગ્યો, અને હું દરપળે મારા વિચારના વળાંમાં ભર દરબાર વચ્ચે વિટલાતો ગયો. એ સરવે મારી હિલચાલો અદેખાઇના અંગારમાં જલતી પેલી ખુબસુરત **ચારમીયન, કલીઓપત્રા**ની પીઠ પાછલ ઉભી રહી શાંતીથી જોતી હતી.

આવા આવા વિચારોનો છાપ મારા ચેહરા ઉપર પ્રગટી નિકલેલો જોઇ **કલીઓપૅત્રાએ** મને હસી સવાલ કીધો ‘ કેમ મારા પુજ્ય ગુરૂ **હારમેચીસ**, તું શું વિચારમાં છે ? ’

'ઓ જગતને રોશન કરનાર મીસરના સીતારા,' મેં નમીને જવાબ દીધો. 'તારા ગુરૂનો એલકાબ કમતરીનને આપી તુ નામવરે મને નેહાલ કીધો છે. તારા જેવી રાણી મારી શિષ્ય અને એના જેવું માન તારા રાજમાં વસતી કોઇબી તારી રૈયતને હજી સુધી તુએ આપ્યું નથી, અને—

'અને તે માન મારા પ્યારા સીતારેસનાસ, હું તુને આપુછું.' મને બોલતો અટકાવી **કલીઓપૅત્રા**એ હસીને કહ્યું. '**ચારમીયન**, આ મારે માથે મુકેલી સુગંધી માળા, મારા ઉસતાદને ગળે નાખ. એના જેવો મીસરમા કોઇ થયો નથી, અને થનાર પણ નથી.'

• રાણી **કલીઓપૅત્રા**ના માથાં ઉપર બાંધેલી ફુલોની માળા, તેણીના હુકમથી **ચારમીયને** લાવી મારે ગળે પેહડાવી, અને જે માન આજ સુધી **કલીઓપૅત્રા**ની દરબારમાં મેલવવા માટે ભલાભલાઓ અટવાઇ ગયા હતા, તે માંન આજ રોજે મને વગર માગવે મળેલુ જોઇ, તમામ દરબાર અદેખાઇથી બળવા લાગી.

દરબાર તુરતજ બરખાસ્ત કરવાનો રાણીએ હુકમ કીધો, અને હું તેણીની રજા લઇ દરબારમાંથી નિકલી વિચારનાં વમળમાં ગુંચવાતો મેહલના મીનારા ઉપર ગયો.

મીનારા ઉપર જતાંજ પેલાં સુગંધી ફુલની માળા મારાં ગળાંમાથી કાહડી મેં જમીન ઉપર પટકી, અને મારી ફેરવાઇ ગયેલી હાલની હાલત ઉપર હું વિચાર કરતો બેઠો. મારે હવે કેમ કામ લેવું, અને આ મોહની જાલમાં સપડાયા પછી તેમાંથી મારે મારો છુટકો કેમ કરવો, તેનાં અંદેશામાં હું પડયો. અને એવા વિચારમાં વખત વહી જઇ દીવસ પુરો થઇ રાત પડી.

પણ હજી મારા વિચારનુ સેવટ આવ્યું નહી. ગગન ઉપર પ્રકાશતા સીતારાઓમાં જેઓ મારી સરજત સાથ તાલુકો રાખતા હતા, તેઓની ચાલ તપાસવામા હું હવે મશગુલ થયો, અને તેટલાંમાં **ચારમીયન** જે સાંજના મારા મામા **સેપા**ને મળવા ગઇ હતી, તે મારે માટે કાંઇ નવી ખબર લઇ આવી.

પ્રકરણ ૧૧ મું.

કલીઓપૅત્રાને કતલ કરવા હારમેચીસની આનાકાની–ચારમીયનની તાણાજની–કલીઓપૅત્રાની માળા અને ચારમીયનનો રૂમાલ–કલીઓપૅત્રાનો.ગંમ–જ હારમેચીસની શિકસ્તની શરૂઆત.

'અંતે મારા એકાંત વાસમાં આવી મોડી રાત્રે **ચારમીયન** તું આવી ખરી.' તેણીને જોતાંજ હું બોલ્યો.

'હા, **હારમેચીસ,** હું આવી ખરી. આવી મોડી રાત્રે મને તારી આગલ આવવાની ખાસ ફરજ પડીછે.' **ચારમીયન** બોલી. 'રાણી **કલીઓપૅત્રા**ની હાલતે કાંઇ અજબ રૂપ લીધું છે. આજ, બપોરની દરબાર બરખાસ્ત કીધા પછી તેણીની ચાલચલનમાં મેં કાંઇ અજબ ફેરફાર જોયા છે.'

'બસ **ચારમીયન.**' મેં કંટાલી કહ્યું. '**કલીઓપૅત્રા**ની વાત હવે મને વધારે સાંભલવી નથી. મને કાંઇ નવી ખબર આપ. મામા **સેપા**ને તું આજે મળી હતી કે નહી?'

'હા, હું આજે સાંજના તેને મળી હતી.' **ચારમીયને** જવાબ દીધો. 'તેણે આ એક ટીપ ઉપજાવી કાહડી તારે માટે મોકલાવીછે. એ ટીપમાં લખેલી પેહલી હારમાં જેઓના નામ લખ્યાં છે, તે સરવેને **કલીઓપૅત્રા**ને કતલ કીધા પછી ઠાર કરવાં.'

'ઠીક. એ સરવે તેને વખતે થયા કરશે.' મેં જવાબ દીધો. 'પણ હવે **કલીઓપૅત્રા**નો રસતો કેવી રીતે કરવો, તેના હું વિચારમાં પડયો છું. **ચારમીયન** એ વિશે તુએ કાંઇ વિચાર કીધોછે?'

'બાહાદુર **હારમેચીસ,**' **ચારમીયને** જવાબ દીધો. 'મારો વિચાર તું શું પુછે છે. તું સિવાય બીજો કોઇબી એ કામને કેમ લાયક હોય? મીસરના માલેકને હાથેજ **કલીઓપૅત્રા** જબે થવી જોઇએ, તે શું તું જાણતો નથી? તું જો તેણીને કતલ નહી કરે તો તું મીસરને તાર-

નાર કેમ કહવાય ! તારા વડવાનું તાજ મેલવવા, તારા વડવાનુ રાજ મેલવવા, તારેજ **કલીઓપૅત્રા**ને જએ કરવી જોઇએ.'

'એમ ના બોલ **ચારમાયન**.' મેં કહ્યું. 'તું જાણે છે કે આવું જબુન કામ કરવા માટે હું બીલકુલ રાજી નથી. પણ મેં લીધેલા કસમને લીધેજ તેણીને જએ કરવાની મને દુઃખભરી ફરજ પડશે. પણ જો તેણીને ઝેર ખવાડી મારી નાખો હોય તો ? અથવા તેમ નહી તો કાઇ તેણીના માનીતા હિજડા પાસ તેણીને કતલ કરાવી હોય તો ? મારૂ અંતઃકરણ આવું ઘાટકી કામ કરવા મને મના કરે છે. અફસોસ ! **કલીઓપૅત્રા**ના જાન લેવા મારી હિંમત ચાલતી નથી.'

'હિંમત ચાલતી નથી ?' **ચારમાયન** કપટ ભરી મજાક કરી બોલી. '**હારમેચીસ,** તું મીસરના તારનાર. તે આવે વખતે પોતાની હિંમત હારે ? બાહાદુર **હારમેચીસ**. **કલીઓપૅત્રા**ની જાદુઇ ચસમની ભેદભરી મોહિનીએ તુને બળહિન બનાવી દીધો ખરો ! જે શક્તિથી તું બીજાને વશ કરતો હતો. તે તારી શક્તિ ઉપર હવે પાણી ફરી વલેલું લાગેછે. આહ ! મીસરને જીતનાર, મીસરને તારનાર **હારમેચીસ,** મને તારા હાલ ઉપર દયા આવે છે ! નહી, નહી, ઓ શુરા સરદાર, એ કામ તુનેજ કરવુ પડશે, અને **કલીઓપૅત્રા** તારેજ હાથે કતલ થવી જોઇએ. હું એક અદના ઓરત એ કામ કરવા રાજી છું. પણ લાચાર ! મારા હાથમાં તેટલું જોર નથી ! વલી ઝેર આપવાનો તારો વિચાર બીલકુલ નહી બને તેવો છે. તું જાણતો નથી **હારમેચીસ,** કે **કલીઓપૅત્રા** પોતાના દુશમનથી કેટલી ડરી રહી છે. કાઇબી ખાવાની કે પીવાની ચીજ, પેહલાં તે ત્રણ ત્રણ જનને ખવાડી, પાઇ, પોતાની ખાતરી કીધા બાદ તે તેનો ઉપયોગ કરે છે. વાસતે તેમ બનવું મુશકીલ છે. તેમજ તેણીના માનીતા હિજડાઓનો વિસ્વાસ કરવામાં મોટો જોખમ છે. વાસતે **હારમેચીસ,** હવે કદમ પાછું ફેરવવામાં સાર નથી. પાછું કદમ ફેરવવાનો ખ્યાલ તારા જેવા શુરવીરને હિચકારામાં ખપાવશે. કુલ મીસર તારી ઉપર લ્યાનતનો વરસાદ વરસાવશે.'

'ધીમે બોલ. મેં કોઇના પગલાંનો અવાજ દાદર ઉપર સાંભલ્યો. **ચારમીયન**ને બોલતી અટકાવી હું દાદર તરફ નજર કરવા દોડયો, સબબ રાતના ચુપકીદી વચ્ચે કોઇના પગલાંનો અવાજ મારે કાને પડયો. **ચારમીયન** ગભરાટમાં પડી મારી પાછલ દાદર ઉપર નજર કરવા દોડી અને પગલાંનો અવાજ પારખી કાહડી બોલી :—

'નસીબ ! એતો **ક્લીઓપૅત્રા**ના પગલાંનો અવાજ છે. તે પોતે હીયાં આવે છે. મને આવી મોટી રાત્રે તારી સાથ આ જગ્યા ઉપર જોઇ તે જરૂર ગુસ્સે થશે, વાસતે **હારમેચીસ** મને કોઇ ઠેકાણે હીયાં છુપાવી દે.'

મામલો બારીક થાઇ પડયો હોય એમ મને લાગ્યું. **ચારમીયન**ના ગભરાટનોબી પાર રહ્યો નહી, અને હું બી વિચારમાં આવી પડયો. તુરતજ મારા ઓરડામાં એક પરદાની પછવાડે મેં **ચારમીયન**ને છુપાવી દીધી, તેટલાં મારો દરવાજો બાહારથી ઠોકાવા લાગ્યો.

'કોણ છે?' મેં અજાણ્યો થાઇ પુછયું. 'જેબી કોઇ હોય તે અંદર આવે.

અને તેજ વખતે રાણી **ક્લીઓપૅત્રા** પોતાના બાદશાહી લેબાસમાં મારા ઓરડામાં દાખલ થઇ.

'શું હજી તું જાગે છે **હારમેચીસ** !' **ક્લીઓપૅત્રા** હસીને બોલી. 'મેં ધારયું કે તું નિંદમાં પડયો હશે, અને તેથી મને તારા દરવાજા બાહાર ખોટી થવુ પડશે.'

'નહી ઓ મલ્હેતાબાં.' મેં નમી જવાબ દીધો. 'સીતારાઓની ગતીની ગણત્રી હું રાતના એકાંત વખતેજ કરૂં છું. એવે વખતે ચીત નચિંત અને મન શાંત રેહ છે.'

'કેવી એકાંત જગ્યા!' મારા દીવાનખાનાની આસપાસ નજર કરી તે બોલી. 'ખરેખર મનની ચીંતા દુર કરવા માટે આ જેવી બીજી સુંદર જગ્યા મલવી મુશકેલ છે. **હારમેચીસ** આ મીનારા માહેલુ દીવાનખાનુ તુને મુબારક હોજો.'

'તાજની સરદાર,' મેં જવાબ દીધો. 'એ સરવે,તારી મેહરબાનીના પ્રતાપ છે.'

'**હારમેચીસ**, હું ખુશામદખોરોની દુશમન છું.' **કલીઓપૅત્રા** બોલી. 'વાસતે મારી ખોટી તારીફ કરવાથી તારે પહરેજ રેહવું. પણ જવાન **હારમેચીસ** આવા સખત મેહનતવાલા ધંધામા પડવાનો તુને કેમ શોખ થયો? તારા જેવા જવાનને માટે આ ધંધો છેજ નહી.'

કલીઓપૅત્રાના આ સવાલનો હું જવાબ આપું તેટલાં તેણીની નજર પેલી ફુલની માળા, જે મેં એકબાજુ ફેંકી દીધી હતી, તે ઉપર પડી, અને તુરતજ તે ફફડી પડી બોલી :—

'આ શું! જે ફુલની માળી મેં મારાં સરપરથી ઉતારી તુને ભેટ આપી, તેના આવા બુરા હાલ. અરે રાજાઓ જે મેલવવા માટે વલખાં મારે, તે મેં તુને ભેટ કીધી, તેને તેં આવી રીતે જમીન ઉપર ફેંકી દીધી? શું એ ફુલની માળાને તું એટલી બધી નજીવી અને નકામી ગણે છે? અરે! પણ સબર! આ સુફેદ રૂમાલ હીયાં કોણનો પડયો છે? કોઇ ઓરતનો એ રૂમાલ છે? **હારમેચીસ**, મારા મેહરબાન દોસ્ત, આ રૂમાલ હીયાં કેમ આવ્યો? શું ઓરતનો રૂમાલ સીતારાઓની ગતી તપાસવાના કામમાં આવે છે?'

કલીઓપૅત્રાની આવી શરમભરી મશકરી અને તાણાજનીથી હું શરમાઇ ગયો. પેલો કમનસીબ રૂમાલ જે **ચારમીયન**ની ગફલતીથી ત્યાં પડી ગયો હતો, અને જેનું મને બીલકુલ ધ્યાન વટીક નહી હતું, તે જોતાંજ **કલીઓપૅત્રા** મારી ઉપર શકની નજરે જોવા લાગી, અને અદેખી બનવાથી તરેહવાર બુરા ભલા વચનો બોલવા લાગી.

'નહી ઓ બખતાવર બાનુ,' મેં ખુલાસો કીધો. 'એ રૂમાલ વિશે ખરૂ કહું છું, કે હું કાંઇ જાણુતો નથી. કોઇ ઓરત નોકરની ગફલતીથી કદાચ હીયાં એ પડયો હશે.'

'નહી નહી મારા માનીતા નજુમી, એમ નથી.' તે રૂમાલ બારીકીથી તપાસીને બોલી. 'કોઇ ઓરત નોકરનો આ રૂમાલ છેજ નહી **હારમેચીસ**. આ રૂમાલ બેશક કિમતી છે, અને મને લાગે છે કે એ રૂમાલ હું પીછાનું છું. લે, લે **હારમેચીસ.** લે એ રૂમાલ. શરમાએ છે શું કામ? રફીક મેહરબાન, એ રૂમાલ તારે ગલે લપેટ, નહી તો તારી છાતીસે દાબ. હીયાં. હીયાં, જ્યાં તારૂ દીલ વસે છે ત્યાં. હીયાં!'

પોતાની છાતીની ડાબી બાજુ, કે જ્યાં આદમીનું દીલ વસે છે તે ભાગ દેખાડી, ત્યાં મને તે રૂમાલ રાખવા તેણીએ મશકરી કરી કહ્યું. આ તેણીની મશકરી હું સાંખી શકયો નહી, અને તેજ વખતે તે કમનસીબ રૂમાલને મેં હજારો ચુરા સમુનો કહી, તેની નજર સામને મીનારાપરથી ઉંચે હવામાં ફેકી દીધો. રૂમાલની આવી વ્યવસ્થા થાયલી જોઇ ખુબ તરેહથી તે બેધડક હસી પડી બોલી :—

'અરે રે ઓ મારા શીયાણા રીતારેસનાસ, તેં આ કેવું અવિચારી કાંમ કીધું. જે ઓરતે તુંને એ રૂમાલ ઇનાયત કીધો, તે જો પોતીકા રૂમાલની આવી હાલત પોતાની નજરે દેખે, તો તે તારા પ્યાર વિશે શું વિચારે ? એ રીતે તો **હારમેચીસ** મારી ફુલની માળાનો પણ તું તેવોજ હાલ કરે ખરો. લે ફેંક એ માળાને હવામાં, અને જવા દે એ માળાને પેલા રૂમાલની પડોસમા.' એમ કહી પેલાં સુગંધી ફુલની માળા, જે જમીન ઉપર પડેલી હતી તે તેણીએ ઉંચકી મારા હાથમાં આપી.

હું એટલો તો ગુસ્સે થયો હતો, કે તે માળાની હાલત પણ પેલા રૂમાલના જેવીજ કરતે ; પણ મારો ગુસ્સો દાબી મેં નમીને જવાબ દીધો. 'નહી, એ માળા મારી રાણીએ મને ભેટ કીધી છે, અને તેટલાં માટે હું એ માળાને સાચવી રાખીશ.'

'ચાલ બસ, હવે ઘણું થયું.' **કલીઓપૅત્રા** મજાક છોડી ગંભીર બની બોલી. 'ખરૂં કહું છું **હારમેચીસ**, આવી રીતની હેજગારી, આવી રીતની જંજાલ અને આવી રીતની જીંદગી ભોગવવાને તુ લાયક નથી. તું આવો જવાન, અને તુને આવી જંજાલભરી જેહમતો માથે ઉઠાવવાની કોણે ભલામણ કીધી ? **હારમેચીસ**, હું તારી જીંદગી સુખી કરવા ધારૂં છું. તું હજી જવાન છે. તારી શું ઉંમર **હારમેચીસ** ?'

'ઓ મીસરના માહાતાબ, મારી ઉંમર વીસ ઉપર છ વર્ષની છે.'

'વીસ ઉપર છ ! છવ્વીસ ? કેવી કોમલ કાયા ! કેવી ખીલતી જુવાની ! ! કેવો ઉછલતો જોબનનો બહાર ! ! મારી પોતાની ઉંમર પણ છવ્વીસ વર્ષની છે ! તુને કયારે વર્ષ ઉગે છે.'

'**શુક્ર** માસની ત્રીજી તારીખે ?'

'**શુમુ** માસની ત્રીજી તારીખે ! તાજુબ ! તે દીવસે તો મનેબી વર્ષ ઉગે છે ! **હારમેચીસ**, મારા રફીક, મારો જે જન્મ દીવસ, તેજ તારો ! કેવો અજાએબ સંજોગ ! ગરમીની રૂતુ—**શુમુ** માસ—અને ત્રીજી તારીખ ! ! કેવી ભાગ્યશાલી સીતારાની ચાલ ! ત્યારે આપણાં બંન્નેના કિસમતની ચાલ એક સરખીજ હોવી જોઇએ.'

'ઓ બળવંત મીસર, તે સીતારાઓની ચાલને હું તપાસી તુને તેથી જાણીતી કરીશ.'

'**હારમેચીસ**, કુલ મીસરમાં તારા જેવો બળવંત, તારા જેવો જ્ઞાની અને તારા જેવો રૂપાલો બીજો એકબી નથી. એકજ વર્ષના એકજ માસના એકજ દીવસે અને એકજ વખતે આપણ બંન્ને પેદા પડેલાં હોવાથી, **હારમેચીસ**, આપણ એક બીજાને લાયક હોવાં જોઇએ. હું મીસરની રાણી તરીકે, અને તું મારો **હારમેચીસ**, મારો, મારાં રાજનો, અને તાજનો સલ્લાહકાર અને ભાગીદાર થવો જોઇએ. મારાં કિસમતનો ભાગીદાર, મારાં સુખનો, મારી ઉમેદ અને મારી અરમાનનો ભાગીદાર, ખુદ મારો પોતાનો માલેક—મારાં સુખમાં તેમજ દુખમાં—

આવી કિસમના મીઠા અને પ્રિત ભરયા વચનો **કલીઓપેટ્રાને** બોલતાં સાંભલી હું જરાબી અજબ થયો નહી, સબબ તેની કુછંદી અને લંપટી ચાલચલનથી મારા મામાએ મને જાણીતો કીધો હતો. પણ હું જે ઘણો અજાએબ થાઇ હરખાઇ ગયો, તે તેણીના ઉપલાં ભાશાનના ફકત છેલ્લા શબ્દોથીજ. મેં ખરૂં સાંભલ્યું કે મારાં ભ્રમિત થાયલાં મગજે ખામી ભરેલો ખ્યાલ કીધો, તેની મને હજી ખબર પડતી નથી. મેં તેનું બોલવું અરધાં ધ્યાને સાંભલ્યું ; પણ જ્યારે તે બોલી કે ' ખુદ મારો પોતાનો માલેક, ત્યારે શું તે મને લગ્નના પવિત્ર ગાંઠથી પરણવા તૈયાર થાઇ હતી ? તેણીના આવા વચનોથી હું ભ્રમિત થાઇ જવા લાગ્યો, અને હું કાંઇ બોલવા જતો હતો તેટલાં તેણીએ બોલવા માંડયું :—

'બેસ, મારાં રાજના થંભ, મારી દરબારની શોભા, આવ બેસ મારી પાસ. **હારમેચીસ**, બેસ. ડર ના. મારી પ્રજા કે નોકર તરીકે હું તુને બેસવાનો હુકમ કરતી નથી, પણ એક દીલજાન મીત્ર તરીકે

હુ તુને અરજ કરૂ છું, કે બેસ મારી પાસ. બેસ, દીલજાન રફીક, મારી પાસે બેસી મારા બે સખુન ધીરજથી સાંભલી લે. લોકો એવું સમજે છે, કે એક રાજકરતા જેવું ભાગ્યશાલી અને સુખી બીજું કોઇ નથી. પણ તે બીલકુલ ખોટી વાત છે. તેના જેવી દુઃખી જીંદગી બીજી એકે નથી. સુખી તેજ, જે પોતાની ગરીબીમાં સંતોશ પામી રેહ છે. તે ઘણો ઉંચે ચહતો નથી, એટલે તેને નીચે પડવાની ફિકર રેહતીજ નથી. **હારમેચીસ**, એજ ફિકરમા હુ પડી છું. મારો મદદગાર હવે કોઇ નથી. હું હવે એખલી પડી છું. મને શંકે છે કે મારી બાજુએ કોઇ નહી હોવાથી, મને એક અબળ અબલા જાણી રૂમની સરકાર મને અને મારાં રાજને કચડી નાખશે. દીન જતે મારા દુશમનો વધતાજ જાય છે, અને હવે મને લાગે છે, કે મબાદા કોઇ જાનબહુ મારૂ ખુન કરશે.'

આ સખુના બોલતાં **કલીઓપૅત્રા**ની આંખમાં પાણી આવી ગયાં, અને તેણીએ પોતાનો સુંદર મુખડો પોતાના બંન હાથમાં છુપાવી દીધો. આહા ! તેણીને મોહડેથી નિકલતા ગમખાર સખુનોએ મારૂ દીલ વિંધી નાખ્યુ, અને માયાનો ઝરો મારા દીલમાથી વેહવા લાગ્યો. હુ મારા દીલમા સેહજ કમકમીઓ, અને તેટલાં તેણીએ પાછુ બોલવા માંડયું:—

'મારી તેઓ નિંદા કરે છે. મને બુરાંમાબુરૂ બોલી ખલકતની નજરમાં મને હલકી પાડે છે. તેઓ મને કુછંદી અને લંપટી તરીકે ઓલખાવે છે, અને અફસોસ ! મારી પ્રજા તે સરવે ખરૂ માને છે. આ **એલેક્ઝાંન્ડ્રયાના** લોકો કેહ છે, કે આ રાજ મેલવવા માટે મે મારા પીત્રાઇ ભાઇને ઝેર ખવાડી મારી નાખ્યો. પણ તે બોહતાન ગલત છે. કોઇ કેહ છે કે, દરબારમાં બીરાજતા પેહલવાનો સાથ મને આડો વેહવાર છે. એવી એવી બદનામી અને કલંક વચ્ચે મને મારૂ રાજ ચલાવવું પડે છે. એવે સમે તારી મદદ અને તારા દાહાપણની મને ગરજ છે. વાસતે તે આપવાને તુ ના નહી પાડ. આજથી તું મારો દીલજાન દોસ્ત, અને છુપો સલ્લાહાકાર થા. તારી ઉપર મને વિસ્વાસ છે. **હારમેચીસ** તુને હું દીલથી ચાહીશ, અને મારો તમામ વિસ્વાસ તુમે સપુરદ કરીશ. દરબારમાં તારી ઇજત અને હુરમત સરવે અમીર ઉમ-

રાવેથી હું બેહતર કરીશ. મારા વિસ્વાસુ દોસ્ત, સાંભલ ; હવે મારાથી વધુવાર એખલી જીંદગી સેહવાતી નથી. મને તારા જેવા કોઇ મરદની મદદની જરૂર છે. કેહ ત્યારે **હારમેચીસ**, તુ મારા ઉપર દયા નહી કરશે ? તુ મને નહી ચાહશે ? તું શું એટલો બેકદર, દયાહિન થશે ?'

એમ બોલતાં તે મારાં આંગ ઉપર ધલી પડી મને ટીકી ટીકી જોવા લાગી, અને મારા સરવે દદ ડેકાવો છતાં હું માહાત થાઇ જતો હોઉ, એમ મને લાગ્યું. જેને જમે કરવા માટે મારી જેબમાં હરપળ હું ઝેરી ખંજર બોસી રાખતો હતો, તે ખંજરનો ઉપ્યોગ તેણીની પ્રિતને ખાતર નહી કરૂ ! હું જો દગલબાજ બનુ તો પેલા પચીસ હજાર મીસરના જાન, જેઓ મારાં નાંમ ઉપર લડવા મરવા તૈયાર થયા તેમનુ શું થાય ? આવા આવા વિચારો કરવા છતાં મારી મરજી મારે સવાધીન હું રાખી શકયો નહી, અને હું લાઇલાજ થાઇ બેધ્યાન થાઇ ગયો.

મારી આવી હાલત જોઇ **કલીઓપૅત્રા** સમજી કે હું તેણીના નખરાંથી ભંભેરાઇ જાઉછુ, માટે એવે સમે મને ઇનતેજારીમા તલમલતો મુકી નિકલી જવાની હિકમત સોધી કહાડી તે બોલી:—'હવે ઘણુ મોડુ થયું. હું જાઉછુ. **હારમેચીસ** આપણ બંન્નેના કિસમતના ગ્રહની કેવી ચાલ છે, તે આજ રાતના નક્કી કરી કાલ રાત્રે મારી આરામ-ગાહમા તુ મને મલજે.'

તુરતજ તેણીએ એટલું બોલી પોતાનો નાજુક બરફ જેવો સુંદર હાથ મને ચુંબન કરવા આપ્યો. તે હાથ મેં ધ્રુંજતે હાથે પકડયો, અને તે હાથ પકડતાંજ કોઇ છુપી વીજળીની શકિતથી હું બેમગજ થાઇ ગયો. મેં તે હાથ ઉપર ચુંબન કીધું.

હા મેં ખરેખર ચુંબન કીધું. અને તેજ વખતે **કલીઓપૅત્રા** મારૂ દીવાનખાનુ છોડી ચાલી ગઇ.

તે હસીને ચાલી ગઇ, અને હું મારો દમ રૂંધાઇ જવાથી સ્તબ્ધ થાઇ ઉભો.

મારાથી એ શું થયું ! અરેરે મેં એ શું કીધું, અને મને એ શુ થયું તેની કાંઇબી સમજ મને પડી નહી !!

પ્રકરણ ૧૨ મું.

ચારમીયનની અદેખાઇ—તેણીના હકનો સવાલ—હારમેચીસ ઉપર તેણીએ બાંધેલો ઉમેદ—તેને ફસાવવાની ધમકી—હારમેચીસનો જવાબ.

મારી હોશ ક્યારે પાછી ઠેકાણે આવી તેની મને ખબર નથી, પણ જ્યારે હું મારી ખુવારીભરી હાલતમાંથી જાગરૂત થયો, ત્યારે મેં **ચારમીયન**ને મારી સાંમે ઉભા રેહલી દીઠી.

ખરેખર ! મારી કેવી ગફલતી ! મને અત્યાર સુધી **ચારમીયન** વિશે કાંઇબી ધ્યાન હતુંજ નહી, પણ હમણા તેણીને જોતાંજ મને તેણીની યાદ પડી.

'ઓહ ! **ચારમીયન**. મને તારી બીલકુલ યાદજ નહી.'

મારો રૂમાલ ક્યાં છે **હારમેચીસ** ?' તે ગુસ્સામાજ બોલી. 'હીયાં પડી ગયો હતો તે ?'

'તારો રૂમાલ !' મેં જવાબ દીધો. 'તે કમબખ્ત રૂમાલને લીધે મને કેટલું સાંભલવું પડયું તે તુએ સાભલ્યું કે નહી ?'

'હા મેં સઘલું સાંભલ્યું.' તે દાંત કચકચાવી બોલી. 'અને મેં જોયું કે તે રૂમાલ તેં ફેકી દીધો. **હારમેચીસ** મારા રૂમાલને તુએ ફેંકી દીધો, અને આ ફુલની માળા તેં સાચવી રાખી.'

'તારૂ આ બોલવું હું સમજી શકતો નથી.' મે દમમાંજ કહ્યું.

'એમાં સમજ નહી પડે એવું હું શું બોલુછું, કે તે તુને સમજ પડતુ નથી.' **ચારમીયન** તુરતજ બોલી. 'એ તો કાચ જેવું સાફ અને નાઇલ નદીના નીર જેવુ સ્વચ્છ છે. તે છતાં તુને જો સમજ પડતું નહી હોય, તો હું તુને સમજાવવા તૈયાર છું. સાંભલ **હારમેચીસ**, તારે

માથે બલાનું વાદલ ઘેરાઇ આવ્યું છે, અને તું ભયંકાર ભયમાં આવી પડયો છે. તું એક બેવચની, કરપીન ગુન્હેગાર ઠરી ચુકયો છે. પેલી **કલીઓપૅત્રા**એ પોતાની નખરાંભરી ફરેબી જાલ તારી ઉપર નાખી, અને તેમાં તું ગુંચવાઇ ગયો. તું તેમાંથી બાહાર નિકલી શકતો નથી. તારામાં તેવી શકિત રહી નથી. આવતી કાલે જ્યારે તેણીને જબે કરવી જોઇએ, ત્યારે તું તેણીને પ્યાર કરવા જનાર છે! ઓ પવિત્ર **આઇસીસ**ના પુંજારી! જુવે છે શું! એક ઓરતની ચાપલુસીભરી જબાનથી તું જેર થાઇ ગયો! જે ઓરતે માહાન **સીઝર** અને બીજા બળવંતોને વશ કરી પોતાના દીલની અગન બુજાવી, તેવી એક પાપણીના નખરાંથી તુ અંતે ભોરવાઇ ગયો!!!'

ચારમીયનના સખુનો મારા જીગરમાં કાંટા મીસાલ ભોકાવા લાગ્યા, અને તેણીને વધુ બોલતી અટકાવવા હું ગુસ્સે થાઇ બોલ્યો. 'છોકરી, બંધ કર એકદમ તારી જબાન. ખબરદાર, એક હરફબી મારી સામને ઉભી રહી મારી પરવાનગી વગર બોલીતો. ખ્યાલ કર કે કોણની સાંમે તું આવી જબાંદરાજી ચલાવેં છે?'

'તું જેબી હોય તેની મને પરવા નથી.' તેણીએ તુરતજ જવાબ દીધો. 'હું મારી ફરજ બજાવીશ.'

'તે જવાંન છોકરીને આવી રીતે બેધડક બોલતી સાંભલી હું મારા ગુસ્સામાં શું બોલ્યો તેનું મને બીલકુલ ધ્યાન નથી. મારાં મગજની તેવી ઉસકેરાએલી હાલતમાં મારાથી જે કાંઇ બોલાયું તે સાંભલતાંજ તેણીની આંખમાં પાણી આવેલાં જોઇ હું પાછો બરફ મીસાલ ઠંડા મીજાજનો થાઇ બોલ્યો :—

'પણ એમાં મારી શું કસુર **ચારમીયન.** રાણીને હું થોડોજ બોલાવવા ગયો હતો? તે પોતે હીયાં આવી તેમાં શું મને ઠપકો ઘટે છે?'

'તારા જેવાંએ આવા સખુનો મને બોલવા નહી જોઇએ.' **ચારમીયન** રડી પડી બોલી, 'પણ મારાથી તુને હવે કાંઇબી કેહવાય નહી. સબબ તુ **સીઝર**નો માનીતો **એન્ટનીમાહાત**નો પુત, **કલીઓપૅત્રા**નો વિસ્વાસુ દોસ્ત અને તેણીનો ખા—

'હું ફરીથી કહુછું કે તુંને એવા સખુનો બોલવાનો કાંઇ પણ હક નથી.' હું પાછો ગુસ્સે થાઇ બોલવા લાગ્યો.

'મારો હક?' **ચારમીયને** સવાલ કીધો. 'મારા હકને માટે તું સવાલ કરે છે **હારમેચીસ**!! બેશક તું આંધલો થયો હોય એમ મને લાગે છે. તારે માટે ઉઠાવેલી મારી જેહમત, જોખમ અને સંકટ એ ત્રણે ચીજો મારો હક સાબેત કરેછે. એ ત્રણે ચીજો અગરજો તારી નજરે તુંને દેખાતી નહી હોય, તો હું કહુંછું કે તે જગતના ખાવિંદે તુંને ખરાંમાથી ખોટું પીછાનવાની શકિત આપીજ નથી. અરેરે ઓ દયાહિન, બેકદર, સંગદીલ, તારી પ્રિતની અગનમાં આજ મુદત થઇ હું જલતી બલતી હીયાં આવી વતન કરી પડી. અરે! તુંને કિરતીના ઉંચામાં ઉંચા બુરજ ઉપર ચહડાવવા માટે હું આ પરદેશમાં આવી **કલીઓપત્રા**ની એક નીચ દાસી બની રહી. એ સરવે સંકટો, જેહમતો અને જોખમો જે તારે માટે મેં માથે ઉઠાવ્યાં તેનો આ બદલો? તારા સુખમાં તેમજ દુઃખમાં ભાગીદાર થવાનો પેહલો હક મારો છે. મારાથી તારી હસ્તી અને મારાથી તારી ખુવારી છે. હું જો ચાહું તો આ પળે તુંને કુલ મીસરનો માલેક બનાઉં, અને હું જો ચાહું તો સહવારૂ પડવા આગમજ તુંને લોખંડની જંજીરથી જકડાવી ખુવારીથી ધસડાવી તુરંગમાં નખાંઉં. **હારમેચીસ**, તુ મને હજી પીછાનતો નથી. આપણુ એક ખાનદાનના અને એકજ લોહીના છીયે, અને તેટલાં માટે આપણુ બંન્ને એકજ થવાં જોઇએ. વાસતે **હારમેચીસ** તારી ઉપરનો મારો હક તું કબુલ કર, અને જો કે મીસરના તખત ઉપરનો તારો હક હું કેટલો સેહલથી તુંને મેલવી આપુછું. મારો હક તું ના કબુલ કર, અને જો કે તારૂં શું થાયછે.'

ચારમીયનની આવી ધમકી અને તેણીની ફેરવાયલી દયાનત વિશે સાંભલી હું ડંગજ થાઇ ગયો. શું હું જો તેણીની માંગની ના કબુલ કરૂં તો તે મીસરને દગો દેશે? અરેરે! ઓ આંધલા પ્યાર, તું શું શું કરેછે, અને શું શું કરાવેછે!! મેં કદીબી આ ઓરતને ચાહી ન હતી, અને હું તેણીને ચાહતોબી નહી હતો, અને આવી રીતે મારી ઉપર ઉમેદ બાંધ-

વાને મેં જરાબી તેણીને ઉત્તેજન આપ્યું નહી હતું. આટલું છતાં હું તેણીને ઠપકો આપવાની ઉતાવળ નહી કરતો હતો, તેનું મુખ્ય કારણ એ હતું કે પ્રિતની અગનમાં તે પોતાની ખરી હાલત ભુલી ગઇ હોય એમ મને લાગ્યું.

પણ મારો મામો **સેપા** આવા સખુનો તેણીને મોહડેથી સાંભલે, તો તે તેણીની શું અવસ્થા કરે. અને આ જબાનદરાજ છોકરી જે મને દમ ભરાવી રહી હતી, તે કેવી નરમ થઇ જાય, તેનો વિચાર મને એકાએક આવ્યાથી હું બેધડક ખડખેંડ હસી પડયો.

મને એવી રીતે બેધડક હસતો જોઇ તે ફિક્કી પડી ગઇ. તેણીના ચેહરા ઉપરની લાલી ઉડી ગઇ, અને તુરતજ ધીમે અવાજે તે બોલી. '**હારમેચીસ** મારૂં બોલવું તુંને મજાક મશકરી સમાન લાગે છે નહી?'

'નહી, **ચારમીયન** નહી.' મેં જવાબ દીધો. 'હવે હું તુંને શું જવાબ દઉં?'

'મને, તારો જવાબ જોઇએ છે.' **ચારમીયને** દૃઢ અવાજે પુછ્યું.

'ત્યારે સાંભળ.' મે જવાબ દીધો. 'તુ જાણેછે કે હું કોણ છું, અને મેં શું કામ માથે ઉઠાવ્યું છે?'

'હા.' તેણીએ પોતાની કપટભરી આંખો ચહડાવી કહ્યું. 'હું જાણું છું કે તું **કલીઓપૅત્રાના** પ્યારમાં ફસી પડી—

'જુઠ્ઠી, લબાડ, ફસાવનાર, ફુસલાવનાર, કાહાબા, તું મને ખુવાર કરશે.' મારાથી તેણીના સખુનો તાંમોસ ન થવાથી મેં બુમ પાડી કહ્યું. 'પણ તું કાંઇબી પગલું ભરે તે આગમજ ખુબ વિચાર કરજે. લે મારો જવાબ . **ચારમીયન** સાંભલી લે. મીસરના છુટકારા વિશે જે કામ મને કસમ ઉપર સોંપવામાં આવ્યું છે, તે કામ સિવાય મને તારી સાથ બીજું કાંઇ કામ નથી. તે કામ સિવાય બીજાં કાંઇબી કામ વિશે તારે મારી પાસ આવવું નહી, અને તે કામ સિવાય બીજી કાંઇબી વાત આજથી તુંએ મારી સાથ કરવી નહી. પણ મારા છેલ્લા સખુનો સાંભલી લે. તારા કિનાનો આતશ તું ચાહે તો મારી ઉપર વરસાવજે. મારી ઉપર તારૂં વેર

લેવા તું ચાહે તેવાં પ્રપંચ અને ફરેબ રચજે, પણ જો મીસરના બચાવ માટે હમોએ કરેલી ગોઠવણનો ભરમ તેં જરાબી જાહેર કીધો, તો તેજ પળે તારૂં મોત તું નક્કી જાણજે. લે એજ મારો જવાબ છે.'

મારો જવાબ સાંભલતાંજ તે તમ્મર ખાઇ જમીન ઉપર પડતી હતી, પણ તેટલાં પોતાની પાછલ ભીતને તે અઢેલી પડી પોતાનાં મોહડાંને હાથ વડે ધાંકી દીધું, અને જેવું મેં બોલવું બંધ કીધું, કે તુરતજ તેણીએ જવાબ દીધો:—

'જરા ધીરો થા **હારમેચીસ**. આવી નજીવી બાબદ ઉપર આટલું બધું ગુસ્સે થવું, તારા જેવા બળવાનને છાજે નહી. બન્યું તે અબન્યું થવાનુ નથી. પ્રિત અને મોહબત પૈસાથી કે વિનંતીથી ખરીદી શકાતાં નથી. વિનંતી કરી હું તારી પ્રિત મેલવવા ચાહતી નથી. મેં એક બાજી જીતવાની ઉમેદમાં મારા પાસા ફેકયા, અને હું હારી. તેમાં વાંક મારા કિસમતનો. હાર અને જીત દુનીઆમાં ચાલુ છે. હવે હું તુંને એક અરજ કરૂંછું, તે એજ કે **કલીઓપૅત્રા**ને કતલ કરવા માટે જે ખંજર તારી જેબમાં રાખી તું ફરે છે, તે મેહરબાની કરી હમણાજ મને આપ, કે તે વડે આ મારી શરમનો હું અંત લાવી મેલું. શું નહી ! ત્યારે સાંભલ **હારમેચીસ**, તેમ જો કરવા તું રાજી નહી હોય, તો મારી વધુ અરજ સાંભલ. આપણ વચ્ચે આજે જે કાંઇ વાતચીત થઇ છે, તે તું છુપી રાખજે. અને એ મેહેરબાનીના બદલામાં હું તુંને વચનથી બંધાઉંછું **હારમેચીસ**, કે ફરીથી કદાબી એ વિશે હું તુંને પજ્વીશ નહી. તારી તરફ મારી ખરી ફરજ બજાવી હું તારા દરેક વિસ્વાસને લાયક થઇશ. મારાથી તુંને ડરવાનું હવે કાંઇ કારણ નથી. હું તારી રજા લઉંછું.'

અને તેજ વખતે **ચારમીયન**, મારૂં દીવાનખાનુ મુકી ચાલી ગઇ.

પ્રકરણ ૧૩ મું.

હારમેચીસના અંતઃકરણની આનાકાની–તેની સેપા સાથ મુલાકાત–ખુનરેજી.કરવાની ગોઠવણ—છુપી મસલત—એમનામાહાતનો હારમેચીસને હવાઇ પેગામ—એમનામાહાતની આગાહી.

હું ડીઘમુઢ થાઇ મારા પલંગ ઉપર પડયો, અને એવી મારી હાલતમાં હું કાંઇબી વિચાર કરી શકયો નહી. અંતે તેવી હાલતમાં હું નિંદ્રા દેવીને વશ થાઇ પડયો.

જ્યારે હું જાગરૂત થયો ત્યારે પોહોર ફાટી સુર્ય ઉગી ચુકયો હતો.

એ દીવસ મારી ખુનામરકી અને કાપાકાપી માટે મુકરર કરેલો હતો. એજ દીવસ પાયતખ્ત ખાતે આદમીના લોહીની નદી વેહતી કરવા માટે મેં નકી કરેલો હતો. અને એજ દીવસે પેલા મીસરના માહાતાબ, રાણી **કલીઓપૅત્રા**ને કતલ કરવા માટે મેં ઠેડવેલો હતો.

પણ તેણીને કતલ કરવાના વિચારેજ મારાં ગાત્ર ધીલાં થઇ જતાં હતાં. હવે મારે શું કરવું ! જે મારી અંદર વિસ્વાસ મુકી ગઇ, તેનો હું વિસ્વાસઘાત કરૂં !! તેનાજ લોહીમાં મારા હાથ ભીજવું !!! તેનુંજ હું ખુન કરૂં !! એ કેમ બને !!!

પણ એમ જો નહી બને તો કેમ બને, તેનો મને તુરતજ વિચાર આવ્યો. મારે આધારે આવી પડેલા પચીસ હજાર માણસોનું શું થાય ! કુલ મીસરની આંખો આજ રોજે મારી ઉપર હડી રહી હતી. દરપળે કાંઇ નવા જુના બનાવની આંશા રાખી, મારા જાસુસો મોહલ્લે મોહલ્લે અને ગલીએ-ગલી ફરતા હતા. એ સરવે વિચારો કરવા છતાં, અને પવિત્ર વતન મીસરની યાદ દીલમાં ધરવા છતાં **કલીઓપૅત્રા**ને કતલ કરવાનો મારો વિચાર બીલકુલ ફરી ગયો.

પણ અરેરે ! મેં એ કેવો પાપી વિચાર કીધો. મને તેજ વખતે લાગ્યું, કે એવો વિચાર કરવામાં મેં ઘણું જબુન કામ કીધું છે, સબબ **કલીઓપૅત્રા**ને કતલ કરી મીસરને દુશમનોના હાથમાંથી છોડવવા માટે તો મેં પવિત્ર **આઇસીસ** અને **ઓસાઇરીસ**ના સપત લીધા હતા. માટે મારા વિચારોને ફેરવવા, મારા આજના કામમા મને હિંમત આપવા અને મીસરની સેવા બજાવવામાં મને પાછી મદદ કરે, એવી આશાથી પવિત્ર **આઇસીસ** માતાની સેવામાં હું મારાં ઘુંટણ ઉપર પડી બંદગી કરવા લાગ્યો. મારાં ખરાં અંતઃકરણથી મેં બંદગી કરી તેણીની મદદ ચાહી. પણ અફસોસ ! મારી બંદગી અને મારી કાકલુદી, તે પવિત્ર માતાએ બીલકુલ સાંભલી નહી, અને મારી બંદગીનો મને કાંઇબી જવાબ મલ્યો નહી. લાચાર !

એ શું થયું હશે ! ! શું તે પવિત્ર માતાનો કોપ મારી ઉપર ઉતરયો, કે મારી બંદગી મંજુર થતી નથી ! ! ! શું વર્ષો સુધીની મારી આગલી સેવાઓ ફોકટ ગઇ ! ! શું **કલીઓપૅત્રા**ને ચાહવામાં ખરેખર મેં ગુન્હા કીધો હતો, કે મીસરના દેવતાઓ મારી બંદગી મંજુર નહી કરતા હતા ! ! ! પણ તેમ તો હોયજ નહી. કદાચ મીસરના દેવતાઓ આવાં ખુનરેજીના કામથી મારી ઉપર કોપાયમાન થઇ મને જવાબ નહી દેતા હશે !

નાસિપાસી અને ધાસ્તીથી અધમુવા જેવો થએલો હું ઉઠયો, અને મારાં કપડાં પેહડી હું મારા મામા **સેપા**ને મલવા મેહલમાંથી બાહાર પડયો.

મેહલમાંથી બાહાર પડતાંજ મેં મારા જાસુસોને સાત સાતની ટુકડીમાં જ્યાં ત્યાં ફરતા દીઠા. કેટલાકોને રાજમેહલ ઉપર નજર ફેંકી ચોકી રાખતા, કેટલાકોને મોહલ્લામાં ફરતા, અને કેટલાકોને રાજનાં લશકરી અમલદારોના મકાન આસપાસ ભમતા મેં દુરથી દીઠા. પણ તે સરવેની કાંઇ પણ ખબર લીધા વગર મેં ઉતાવલે કદમે **સેપા**ના મકાન તરફ ચાલવા માડયું. જેવો હું મકાનમાં દાખલ થયો, કે ત્યાં મસલત કરવા માટે મળેલા મીસરના અમલદારો, મને જોતાંજ જમીન ઉપર પડી મને નમી નમી અદબ અને આદાબથી માન આપી બોલ્યા. 'ફતેહ ફેરાઉન ! ફતેહ ! ! આજ-

નો દીન તુને મુબારક હોજો. ઓ મીસરના બાદશાહ ફેરાઉન, હમો તારા નોકરો તારાં ફરમાન ઉપર જાન આપવા હીયાં હાજર થયા છીએ.'

હમવતનીઓ, મારા મેહરબાન રફીકો, અને મારા માનવંત દોસ્તો, મેં તેઓને સમજાવવા માંડયું. '**હારમેચીસ** હજી ફેરાઉન થયો નથી. બીરાદરો સાંભલો, મુલકે મીસરનો હજી હું બાદશાહ થયો નથી.'

'શાહજાદા **હારમેચીસ**,' મારા મામાએ મારી પીઠ ઉપર હાથ મુકી કહ્યું. 'તું બાદશાહ થયો નથી, પણ આજે થનાર છે. આજે મીસરનો મુલક દુશમનોના હાથમાંથી છુટી તેના ખરા હકદારના હાથમાં જનાર છે. આપણી ફતેહ નક્કી થાઇ ચુકી છે.'

'ફતેહ ખુદાના હાથમાં છે.' મેં જવાબ દીધો.

'નહી ઓ ફેરાઉન,' મારા મામાએ જવાબ દીધો. 'ખુદાએ તે ફતેહ તારા હાથમાં આપી છે. હીયાં જો **હારમેચીસ**.' **સેપાએ** એક કાગજ કાહાડી ગણત્રી દેખાડી. 'આપણું લશકર પચીસ હજાર ઉપરથી વધી આજે પાંતરીસ હજાર થયું છે. અને તે સરવે લડવાને તૈયાર થઇ રહ્યું છે. મેહલના મીનારા ઉપરથી એકજ ઇશારો થતાં, સરવે કોઇ એક પળમાં તૈયાર થઇ શકે એવી ગોઠવણ હમે કરી રાખી છે. સાત સાત સીપાહોની એક એક ટુકડી રસ્તે રસ્તે, ગલીએગલી અને મોહલ્લે મોહલ્લે જાસુસો તરીકે ફરતી ફરે છે. કુલ મીસરના તમામ કીલ્લાઓ આજથી પાંચ દીવસમા આપણુ જપત કરી શકશું. પછી દુશમનોની કેટલી પરવા. રૂમ સાથ આપણ દોસ્તીનો હક રાખીશું, અને જો લડવાની જરૂર પડશે, તો ખજાનાની આપણુને કયાં કમી છે. જર આપણી પાસ બેસુમાર છે. તે કયાં છે તે તું જાણે છે **હારમેચીસ**. ત્યાંથી તે લાવતાં આપણુને શું વખત લાગનાર છે. ત્યારે હવે બાકી શું રહ્યું? કાંઇજ નહી.'

'**ફકત કલીઓપૅત્રાને** કતલ કરવાનું બાકી રહ્યું છે.' મેં એક હાય મારી કહ્યું.

બસ! એટલુંજ મારા મામાએ જવાબ દીધો. 'અને—

'અને **કલીઓપૅત્રા**નું પેલુ સુંદર બાળક? જવાન **સીઝેરીયંન**'? મેં પુછ્યું. 'કદાચ **કલીઓપૅત્રા**ને કતલ કીધા બાદ, **સીઝરની** ઓલાદથી **કલીઓપૅત્રા**ને પેટે પેદા પડેલાં આ બાળકને રૂમની સરકાર મીસરના તખત ઉપર **કલીઓપૅત્રા**ના વારેસ તરીકે બેસાડવા માગે તો?

'તે છોકરાની માતાને કતલ કીધા પછી, તે છોકરાને કતલ કરતાં ઘણી વાર લાગશે નહી.' મામા **સેપા**એ જવાબ દીધો. 'મેં તેની પણ ગોઠવણ કરી છે. **કલીઓપૅત્રા**ની આલઓલાદને જડમુળથી ઉખેડી નાખવી જોઇએ. **હારમેચીસ**, આ લડાઇમાં એવી રીતે કાંમ લેવું છે, કે એ દુશમનોની ઓલાદનો જરાબી અંશ આ ધરતી ઉપર રેહ નહી.'

'મામા **સેંપા**, એ સિવાય શું બીજો એકબી ઇલાજ તુંને સુજતો નથી?' મે સવાલ કીધો. 'આવી ખુનરેજી અને લોહીની નદી વેહતી કરતાં મારૂં જીગર કાંપે છે.' મેં દલગીરીથી સવાલ કીધો. 'તે સુંદર બાળકને હું ઓળખું છું. મેં તેને નજરે જોયું છે, અને તેની માતા **કલીઓપૅત્રા**ની તે આબેહુબ નકલ છે. આવાં એક કોમળ બાળકનું ખુન—'

'જો તે બાળક તેની માતાની સીકલની નકલ હોય, તો તેટલાંજ માટે તેને મારી નાખતું ઘટેછે **હારમેચીસ**.' **સેપા**એ ભાર મુકી કહ્યું. 'શું સિંહના બચ્ચાંને પાળી તું ઉછેરવા માગે છે?'

'જેમ તારી મરજી.' મેં નિરાસ થઇ જવાબ દીધો. 'હવે નવી ગોઠવણ શું છે તે મારે જાણવી જોઇએ.'

અને હવે હમો સરવે મસલત કરવા એકઠા મલ્યા. કેવી રીતે શેહરમાં બલવો ઉઠાવવો, કેવી રીતે રાજ તરફના લશકરને ઘેરી લેવું, કેવી રીતે દુશમનોને દાબી દેવા, કેવી રીતે કીલ્લાઓને ઘેરી લેવા, વીગેરેનો સરવે બંદોબસ્ત જુદા જુદા અમલદારોને સવાધીન કીધો, અને મારે ફકત મેહલમાં **કલીઓપૅત્રા**ને કતલ કરી, મીનારા ઉપરથી નિશાની તરીકે એક સુફેદ રૂમાલ જાસુસોને ખબર કરવા માટે ઉડારવો, એમ નક્કી કરી હમો સરવે છુટા પડયા.

પણ જે ગોઠવણથી હું રાજી નહી, તો તેથી મારૂં દીલ કેમ રાજી થાય! મને લાગ્યું કે હું કોઇ બુરી બલાનાં પંજામાં સપડાઇ ગયો છું, અને હર-

પળ દરપળ જેમ જેમ હું મારાં દીલને સખત કરવાની તજવિજ કરતો હતો, તેમ તેમ **ક્લીઓપૅત્રા**ના પેલા કાકલુદી ભરયા સખુનો મારા કાનમાં ખટકતા હતા, અને તેણીની સોહામની સિક્લનો ચિતાર મારી સાંમે હવામાં મારી નજરે પડતો હતો.

લાચાર ! હું બીલકુલ લાચાર થઇ ગયો હતો. મારા આવા હાલ ઉપર આકાશી દેવતાઓએ સેહજબી રેહમની નજરથી તે વખતે જોયું નહી, અને મેં મારા આગલા વખતમાં કરેલી તેમણી સેવાનો સેહજબી બદલો આવે વખતે મારી મદદે આવી મને તેઓએ આપ્યો નહી.

એવી મારી કમનસીબ સરજતની હાલત હતી.

એવા વિચારોમાં હું લોકોની ભીડ વચ્ચેથી પસાર થતો હતો, તેવામાં મારી પીઠ પાછલથી કોઇએ મને ધીમે અવાજે બોલાવ્યો હોય એમ મને લાગ્યું. તુરતજ મેં પાછલ ફરી જોયું, તો મારી વિસ્વાસુ દાસી **અટુવા** મારી નજરે પડી.

'ઓહો ! મારા બહાદુર સીતારેંસનાસ, ' **અટુવા** મને જોઇ હરખાઇને બોલી. ' જીવો જીવો. તારો જય થાઓ. **હારમેચીસ**, હમણાંજ હું **અબુથીસ**થી આવી પુગીછું. હું નામદાર **સેપા**ના મકાનની તલાશ કરતી હતી, તેટલાં મારી નજર તારી ઉપર પડી. તારા પીતા **એમનામાહાત**નો તારે માટે હું પેગામ લઇ આવીછું.'

' મારો પીતા ! તે કેમ છે **અટુવા** ? તેની તબિયત કેમ છે ? ' મેં ઇનતેજારીથી સવાલ કીધો.

' તે સારી સુખાકારીમા છે **હારમેચીસ**.' **અટુવા** બોલી. ' અને તુંએ માંથે ઉઠાવેલાં કામના સેવટની તે ઇનતેજારીથી રાહા જુવે છે.'

' અને તેનો પેગામ શું છે ? ' મેં સવાલ કીધો.

'તેનો પેગામ ઘણોજ ટુંકો પણ અગતનો છે.' તેણીએ જવાબ દીધો. તારા પીતાએ એક બુરો સ્વપનો દીઠો. તે સ્વપનાની તાસીર રમલના જાઇચા ખેંચવા છતાં તેને મળી શકતી નથી. માટે તેણે એવો

પેગામ તારી ઉપર મોકલાવ્યો છે કે ' **હારમેથીસ** તું હુશિયાર રેહેજે. એક મોટી બલાનું વાદલ તારાં માથાં ઉપર ઘેરાઇ આવેલું મને દેખાયછે, પણ તે બલા કેવી છે તે હું કહી શકતો નથી. તે જાણવા માટે મેં કરેલી તમામ કોશીસ નિશફ્લ ગઇછે, માટે તું સાવધ રેહશે તો ફતેહ તારીજ થશે.'

મારા પીતાનો આ ન ધારેલો પેગામ સાંભલતાંજ મારા તમામ બદનમાં ટાહડનું એક જબરૂં લખલખું મને ચહડી આવ્યું.

અટુવાને સેપાના ઘરનો રસ્તો દેખાડી, હું રાજમેહલ તરફ નિકલી ચાલ્યો. રસ્તે લોકો મને જોતાંજ રાજના નજુમી તરીકે પિછાની મને નમી નમી સલાંમ કરવા લાગ્યાં, અને હું દરેક કદમે મારા દીલમાં મારા માહાતમા પીતાના પેગામના સખુનો ' **સાવધ–સાવધ** ' બોલતો મેહલમાં જઇ પુગ્યો.

પ્રકરણ ૧૪ મું.

ચારમીયનની છેલ્લી અરજ—કલીઓપૅત્રાની આરામગાહમાં હારમેચીસનું જવું—મોહેનીની જાલમાં હારમેચીસનું ફસવું—કલીઓપૅત્રાને કતલ કરવાની તદબીરો—કલીઓપૅત્રાનું ગાયન—હારમેચીસની હાર.

તરેહ તરેહના વિચારો, અને જાત જાતની ઇનતેજારીઓ વચ્ચે મારો તે દીવસ મોટી મુશકેલીએ મેં પુરો કીધો, અને અંતે રાત પડી.

વિચાર અને વમાસનમાં વિટલાયલો હું મારાં એકાંત દીવાનખાનામાં એકલો બેસી **કલીઓપૅત્રા**એ ઠેડવેલા વખતની રાહા જોતો હતો. મારી સાંમે પેલું ઝેરી ખંજર મુકી તેને હું ટીકી ટીકી જોતો હતો, સબબ એજ ખંજર આજ રાત્રે **કલીઓપૅત્રા**ની છાતીમાં હું ભોકી તેણીને જએ કરનાર હતો. કેવી રીતે, કયાં અને કેવારે તે ખંજર ભોકવું, તેની હું ગણત્રી કરતો હતો, તેટલાં **ચારમીયન** મારા દીવાનખાનામાં દાખલ થઇ, અને મારી સાંમે તે આવી ઉભી. મેં તેણીની સાંમે જોયું, પણ જે ખુશાલી તેણીના ચેહરા ઉપર હમેશાં ખીલી રેહતી હતી, તે મેં આજે નાબુદ થાએલી દીઠી.

'નામવર **હારમેચીસ**,' તે નમીને બોલી. 'રાણી **કલીઓપૅત્રા** તુંને બોલાવે છે.'

'ત્યારે અંતે તે કાળ આવ્યો ખરો !

કાલ, કાલ કરતાં મુલતવી રાખેલા કાળની તે કાલ અંતે આવી પુગી.

'હું તૈયાર છું **ચારમીયન**.' મેં જવાબ દીધો. 'કેમ સરવે સામગ્રી તૈયાર છે કે ?'

'હા નામદાર **હારમેચીસ**.' **ચારમીયને** જવાબ દીધો. 'સરવે સામગ્રી તૈયાર છે. દરબાનો, ચોકીદારો, અને હિજડાઓ વિશે જે કાંઇ ગોઠવણ કર-

વાની હતી તે મેં કરી રાખી છે, તથા માહાતમા **સેપા** પોતાના હથીઆરબંધ સરદારો સાથ મેહલની બાહાર છુપાઈ બેઠો છે.'

'ઠીક.' મેં જવાબ દીધો. 'હું પણ તૈયાર છું.'

તુરતજ પેલાં ખંજરને મેં મારા જભાની નીચે મારી જેબમાં છુપાવ્યું, અને એક શરાબની જામ મારી મંદ પડી ગયેલી દીલની લાગણીઓને ઉસકેરવા માટે મેં પીધી.

'જરા સબર બાહાદુર **હારમેચીસ**, મારે કાંઇ તુને કેહવું છે.' **ચારમીયને** મને થોભાવી કહ્યું. 'ગઇ કાલે રાત્રે મેં એક સ્વપનું જોયું, અને તે સ્વપનાની અસર હજી મારાં મગજ ઉપરથી ગઇ નથી. **હારમેચીસ**, કદાચ ગઇ રાતના તું એવી કાંઇ સ્વપનું જોયુ હશે.'

'આવે વખતે વલી તું પાછી શું કેહવા માંગેછે, તેની મને બીલકુલ સમજ પડતી નથી **ચારમીયન** ?' મેં કંટાળી અધીરો થાઇ સવાલ કીધો.

'**હારમેચીસ**, તારા અને મારા વચ્ચે બનેલો ગઇ રાતનો બનાવ, જે મારે મન એક સ્વપના સમાન હું સમજું છું, અને જે બનાવથી હું-શરમની મારી લજવાઇ મરૂછું, તે વિશેં આ છેલ્લી ઘડીએ હું તુને એકજ સવાલ પુછવા માગુછું.' **ચારમીયન** બોલી. 'ઘણીવાર આપણ સ્વપનામાં બનેલા બનાવને ખરા પડેલા જોઇએ છૈએ. વાસ્તે જે સ્વપનો મેં ગઇ કાલે જોયો છે, તે સ્વપનો હવે પછી ખરો પડવાનો કાંઇ સંભવ છે કે નહી તેનો હું તારી પાસ છેલ્લો જવાબ માગુ છું.'

'**ચારમીયન**, મારૂં સાંભલી લે.' મેં જવાબ દીધો. 'હું ખરેખર દલગીર છું કે ગઇ રાત્રે તું મારાથી દલગીર થઇ. પણ હું લાચાર હતો. મારાં અંતઃકરણમાં જે ખરૂં હતું તેજ મેં તુને કહી સંભલાવ્યું, એટલે તે વાતનો છેડો આવ્યો. **ચારમીયન**, તું મારી એક બેહન સમાન છે, અને એક બેહન કરતાં વધારે પ્યારથી હું તુંને ચાહી શકનાર નથી, આવી કિસમના

સગપણ વચ્ચે થતાં લગનો.

હું ધિકકારૂં છું, સબબ એક માણસની આવતી ઓલાદની જીંદગીની દોરી સગપણમાં થતાં લગનોથી ટુંકી થતી જાય છે. એટલુંજ નહી, પણ ખાનદાની દરદોને તેમના બાળકો ભોગ થાંઇ પડે છે,

અને આવતી ઓલાદને સેંકડો બુરાખવાસ અને દરદોના સડાઓ તેથી લાગુ પડે છે, એમ નક્કી ઠરી ચુકયું છે. વૈદકશાસ્ત્ર પણ એમજ કેહ છે; સાધારણ સમજ અને અક્કલ શું કેહ છે? એજ. કેલવણી અને નિતીની આંખે જોતાં એના જેવું ખરાબ કામ બીજું એક નથી. ધર્મશાસ્ત્ર પણ એમજ કેહછે, અને સુધરેલી દુનીઆના પણ એજ વિચારો છે.'

'જેમ તારી મરજી. મને તારો છેલ્લો વિચાર જાણવો હતો.' **ચારમીયન** ધીમે અવાજે બોલી. 'બન્યું તે બન્યું. તે અબન્યું થવાનું નથી.'

એમ બોલી તે એવી તો અજાએબ જેવી રીતે મારી તરફ નજર કરી હસી, કે તેણીનું હસવું મને લાખો ભેદથી ભરપુર હોય એમ લાગ્યું. આહા! તેણીના ચેહરા ઉપર તે વખતે પ્રગટી રેહલો દેખાવ હું કદીપણ ભુલનાર નથી. તે જવાન છોકરીના હસવા સાથે તેણીના દીલમાં પ્રગટેલો પ્યાર તેજ વખતે ઉડી જતો મને દેખાયો, અને કિનાનો આતશ, ફરેબના વેશમાં તેણીના ચેહરા ઉપર દીપી નીકલેલો મેં જોયો. તે ફિતુરી એવી તો સંગદીલ બની, કે પોતાની પવિત્ર ફરજ વટીક ભુલી ગઇ. અરે તે ચંડાલ પોતાની ફરજ ભુલી એટલુંજ નહી, પણ ફરજ સાથ તે પોતાના વતનને, અને વતન સાથ પોતાના ખેશ કુટુંબ અને સેવટે પોતાના પવિત્ર ખુદાને પણ ભુલી ગઇ.

આવી મર્મભેદક રીતે તેણીને હસતી જોઇ મેં પુછ્યું. 'તું હસે છે કેમ **ચારમીયન**?'

'સ્વપનામાં કોઇ વખત આપણ હસીએ છીએ, અને કોઇ વખત રડીએ છીએ.' તેણીએ તુરતજ જવાબ દીધો. 'પણ હવે જલદી કર **હારમેચીસ** રાણી તારી રાહા જુવે છે.'

એમ બોલતાંજ તે દાદર ઉપરથી નીચે ઉતરી, અને મેં તેણીની પાછલ ચાલવા માંડ્યું. થોડીવારમાં **કલીઓપૅત્રા**ની આરામગાહની બાહાર હમો બંને જઇ પુગ્યાં.

'બાહાદુર **હારમેચીસ**, તું હીંયાં ઉભો રેહ. હું **કલીઓપૅત્રા**ને તારા આવ્યાની ખબર કરી આઉંછું.'

ચારમીયન દીવાનખાનાની બાહાર મને ઉભો રાખી **કલીઓપૅત્રા**ની આરામગાહમાં દાખલ થઇ, અને હું તેણીની રાહા જોતો ઉભો.

પણ હજી તે પાછી ફરી નહી. મને ઘણો વખત ત્યાં ખોટી થવું પડયું. હું ધારૂછું કે અરધો કલાક થઇ ગયો હશે. તેણીની રાહા જોતાં હવે હું થાકી જવા લાગ્યો.

અંતે તે પાછી ફરી. પણ તેણીનો ચેહરો બીલકુલ બદલાઇ ગયલો મને લાગ્યો.

'ચાલ **હારમેચીસ**, રાણી તુને બોલાંવે છે.' તે આવતાં વાર બોલી. 'ચોકીબાનોને મેં દુર કીધા છે.'

'સબર **ચારમીયન**. મને કેહ કે રાણીને કતલ કીધા પછી તુ મને કયાં મલશે.' મેં ધીમે અવાજે પુછયું.

'તું હીયાંજ મને મલજે.' **ચારમીયને** જબાબ દીધો. 'હિંમત ધર, અને જા ફતેહ કર.'

પવિત્ર દેવતાઓ અને **આઇસીસ** માતાનું નામ જબાન ઉપર લઇ, તુરતજ હું **કલીઓપૅત્રા**ની આરામગાહ તરફ ચાલ્યો. આરામગાહના દરવાજા સુધી હું જઇ પુગ્યો, અને તે દરવાજા ઉપર નાખેલી રેસમી ઝાલર ઉઠાવી હું અંદર દાખલ થાઉં, તે આગમજ એકવાર પાછલ ફરી મેં મારી આજુબાજુ નજર કરી, તો તેજ વખતે બતીના ઉજાસ વચ્ચે **ચારમીયન**ને મે મારી પીઠ પાછલ પોતાના બંને હાથ લાંબા કરી કાંઇ બડબડતી દીઠી. તેણીનો ચેહરો મને ફિકકો પડેલો દેખાયો, અને મોતના મોહડામાં હું જાણી જોઇ મારી કજોને મલવા જતો હોઊં, અને તેથી તે હવે મને આ જગમાં જીવતો જોવા પામશે કે નહી, એવો ગંમ મેં તેણીના ચેહરા ઉપર પ્રગટેલો જોયો. પણ તેની કાંઇ પણ દરકાર કીધા વગર હું બેધડક દરવાજા ઉપર ટાંગેલી રેસમી ઝાલર ઉઠાવી **કલીઓપૅત્રા**ની આરામગાહમાં દાખલ થાઇ તેણીના પલંગ સાંમે જઇ ઉભો.

ફરીથી એકવાર હું આ જગની મોહેનીમાં સપડાતો હોઉં એમ મને લાગ્યું, સબબ આજના જેવી **કલીઓપૅત્રા** મને કદીબી ખુબસુરત દીસતી

નહી હતી. એક બરફ જેવા સુફેદ અને ઉંચી કિસમના જડાવદાર રેસમના જભામાં વિટલાએલી, મરોરદાર નાજથી સુંદર પલંગ ઉપર બેદરકારીથી અધેલાઇ પડેલી, **કલીઓપૅત્રા**ને મેં જોઇ. શાહામર્ગના બેમુલ પીછના એક કિમતી પંખા વડે તે પવન ખાતી હતી. દીવાનખાનામાં એક હાથ ઉપર તેણીના સોનેરી પલંગની પડોસમાંજ તેણીનું માનીતું વાજીંત્ર '**હાર્પ**' પડેલું હતું, અને બીજી બાજુએ મીસરના ઉંચી બનાવટના લાલમલાલ શરાબની સુંદર બાતલીઓ, તથા ફુલ અને મેવાની રકાબીઓ એક ન્હાની ટેબલ ઉપર ગોઠવેલી મેં દીઠી.

કેવો મનહરણ દેખાવ! કેવી દીલહરણ ખુબસુરતી! શું તે ઓરતના નાજ! અને શું તે ઓરતની દીલ છીનવી લેનારી તીરછી નજર!! શું લખું તે ઓરતની આંખોમાં દીપકતાં જાદુઇ નુરની ખુબી! અને કેમ બ્યાન કરૂં તેણીના મીઠા બુલબુલી સરોદનો મીઠાસ!! અરેરે કમનસીબ **હારમેચીસ**, આ ખુબસુરતીની રાણીનું તું શું ખુન કરશે? અરેરે આ દુનીઆમાં જેની ખુબસુરતી ઉપર સરવે મોટા રાજકરતાઓ મોહી પડી ખુવાર થયલા; **સીઝર** જેવો જગત આશકાર નર પોતાની કિરતીને બાજુ મુકી બેઠો, તેવી એક સુંદર ઓરતને તું શું કતલ કરશે?

આવો વિચારો હું કરતો હતો, તેવામાં મારાં અંતઃકરણના છુપ્યા ભાગમાંથી એક ગેબી અવાજ નિકલતો મને સંભલાયો. '**સાવધ થા—સાવધ થા.**' અને તેજ વખતે મેં મારી આજુબાજુ જોયું. આહા! મને લાગ્યુ કે તે ગેબી અવાજ મારા માહાતમા પીતા **એમનામાહાત**નો હતો, કે જે **સથી**ના મંદીરમાં બેસી મારા આજના કામ ઉપર પોતાની હવાઇ નજરથી દેખરેખ રાખી મને સાવધ રેહવા પોતાનો હવાઇ પેગામ ફરમાવતો હતો.

અને આવી એક ઓરત આજે મારે હાથ કતલ થનાર હતી. એક કલાક, એક અરધા કલાકમાં! નહી નહી, હમનાજ તે કતલ થનાર હતી!!

કલીઓપૅત્રાના પલંગ પાસ હું જઇ ઉભો, અને મારી ઉપર તેણીની નજર પડતાંજ હસ્તે ચેહરે મને પોતાનું ડોકુ ધુંનાવી તેણીએ આવ-

કાર દીધો, અને પોતાની ચમતકારી ચસમોના થમકારાથી મને મોહાવી નાખે એવો એક ઇશારો કરી તે બોલી :—

'સોહામના **હારમેચીસ**, અંતે તારી કબુલાત પ્રમાણે તું આવ્યો ખરો. હું તારીજ રાહા જોતી હતી. એકાંતમાં હવે મારી જીંદગી મને એક જબરી જંજાલ જેવી લાગે છે. દુનીઆનું સુખ મને અકારૂં અને ઝેરથી કડવું થઇ પડયું છે. આ રાજમેહલમાં કિસમ કિસમની રમુજો અને કિસમ કિસમની ગમતો છતાં મને જરાબી ચેન કે કરાર નથી. એવી જીંદગી શું ખપની? એવી જીંદગીથી તો મરવું બેતર છે **હારમેચીસ.** મારી બેજ્તર થાએલી જીંદગીને કોઇ નવી ગમત અને નવી સંગતની જરૂર છે. બેસ, બેસ મારા રફીક, મારા સાચ્ચા અને વિસ્વાસુ દોસ્ત, બેસ.'

તેણીનો હુકમ થતાંજ તેણીના પલંગની પાસે પડેલી એક ખુરસી ઉપર હું નમીને બેઠો.

'મારી રાણીના સખુનો ઉપર આ જીવ નીસાર છે.' મે જવાબ દીધો. 'ઓ મીસરના તાજ, કાલ રાતે આપેલા તારા હુકમ મુજબ કમતરીને તારા સીતારાની ચાલની ગણત્રી કરી, તેની નોધ લીધી છે. આ રહી તે નોધ. જો હુ તુને તે સમજાઉ.'

મારી ગોઠવણ એવી હતી, કે **કલીઓપૅત્રા**ને તેણીના સીતારાની ચાલ વિશે સમજાવવાને બાંહાને તેણીની પાસે જઇ, લાગ જોઇ તેણીની છાતીમાં ખંજર મારી બેજાન કરવી. પણ તેમ હું કરૂં, તે આગમજ તેણીએ હસ્તે ચેહરે પોતાનો હાથ લાંબો કરી મને મારી બેઠક ઉપર બેસીનેજ પોતાને સમજાવવા કહ્યું.

'નહી, ઓ દોસ્ત મેહરબાન તું એટલી તકલીફ ના લે. એ કાગજ તુ મને આપ. **હારમેચીસ** તું મારી સાંમેજ બેસી રેહ. ખુદાના કસમથી હું ખરૂં કહુ છું, કે તારો ચેહરો જોતાંજ મારા દીલને રાહાત થાય છે. માટે મારી નજર સાંમે તું બેસ. તારી સુંદર સીકલ જોઇ હું હમેશાં ખુશી થાઉં છું.

અફસોસ! આ મારી પેહલી નિરાસી હતી. આવી રીતે મે ગોઠવેલી ગોઠવણમાં હું શરૂઆતમાજ નિશફલ થયો. લાચાર! પેલું કાગજ

મને તેણીને આપવાની ફરજ પડી. પણ તુરતજ મેં વિચાર કીધો, કે જેવી તે કાગજ વાંચવા માંડશે, કે તેજ પળે હું મારાં ખંજર સાથ એકદમ તેણીના ઉપર કુદી પડી તેણીને બેજાન કરીશ.

કલીઓપૅત્રાએ તે કાગજ મારા હાથમાથી લીધું, અને તે કાગજ લેતાં તેણીએ મારો હાથ પ્રિતના ઇશારા તરીકે દાબ્યો. તે દબાનનો ભેદ હું સમજી ગયો, અને ફરી મારૂ દીલ પીગળી પાણી પાણી થવા લાગ્યું; પણ તેજ પળે પેલો ગેબી અવાજ '**સાવધ રેહ—સાવધ રેહ**' હવામાંથી આવતો મારે કાને પડયો. તે અવાજના સરોદ અંદર મેં મારા પીતાનો અવાજ પિછાન્યો, અને તેજ પળે હું દ્રઢ વિચાર ઉપર આવી મારી ફરજ બજાવવા પાછો ઉલટથી તૈયાર થયો.

રાણી **કલીઓપૅત્રા** તે કાગજ મારા હાથમાંથી લઇ વાંચવા લાગી. પણ તે કાંઇ કાગજ વાંચતી નહી હતી. ખરી બીના તો એ હતી, કે તેણીએ વાંચવાનું ખોટું ડોળ ઘાલ્યું હતું. તે કાગજ વાંચવા માટે તેણીએ તે પોતાની આંખો આગલ ધરયું, પણ તે વાંચવાને બદલે, તે કાગજની નીચલી કિનારી હેઠલથી મારી દરેક હીલચાલ તે ધ્યાનથી તપાસતી હતી.

'તારા જભા અંદર હાથ ઘાલી કાંઇ બીજી ગણત્રીનું કાગજ કાહાડે છે કે શું **હારમેચીસ**?' જેવો હું મારા જભા અંદર છુપાવેલું ખંજર બાહાર કાહાડી તેણીની ઉપર હુમલો કરવાની તજવિજ કરતો હતો, તેવામાં તેણીએ મને સવાલ કીધો.

'નહી ઓ બખતાવર બાનું, મારી સરવે ગણત્રી એજ કાગજમાં લખી છે.' શું જવાબ દેવો તે સમજ નહી પડવાથી મેં કહ્યું.

અફસોસ! સદહઝાર અફસોસ!! આ મારી બીજી નાસિપાસી હતી. મારો જવાબ સાંભલી **કલીઓપૅત્રા** વધુ કાંઇબી બોલી નહી, અને પાછી પેલું કાગજ ધ્યાનથી વાંચતી હોય એમ ડોળ ઘાલી મને ઠગવા લાગી.

હવે મારે કેવી રીતે કામ લેવું તેના વિચારમાં હું પડયો. તેણીને કતલ કરવાની એક કરતાં બબે વખત કોશીસો કરવા છતાં નિરાસી ઉપર નિરાસી મને મલતીજ ગઇ. જો હું એકદમ આ વખતે હુમલો કરૂં છું,

તો તે પોતાના બચાવમાં ચીસ પાડી મેહલને ગજવી મેલે ! હવે કેમ કરવું તે વિચારતાં મને કાંઇ તક મલે ત્યાં સુધી વાત લંબાવી વખત કાહાડવામાં મેં ડાહાપણ વિચારયું, અને એ સિવાય મારો બીજો ઇલાજ હતોજ નહી.

'**હારમેચીસ.**' રાણીએ મારી નાસિપાસી જોઇ મને તાંણો મારયો. અને હું તે સમજી ગયો. 'મારા સીતારાની ચાલ આજે ખરેખર બુલંદ છે. એમ આ કાગજ ઉપરથી જણાય છે.'

'હા એ નામવર બાનુ, બેશક તેમજ છે.' મેં જવાબ દીધો.

'જે હોય તે થયા કરશે.' પેલું કાગજ એક બાજુ નાખી તે બોલી. 'હવે તો સીતારાની ગણત્રી કરતાં, અને તે ઉપર ભરૂસો રાખતાં હું કંટાલી ગઇ છું. એટલું તો નક્કી છે **હારમેચીસ**. કે બનવાના જે બનાવો તે બન્યા વગર રેહતા નથી. કેમ ખરી વાતની ?'

પેલી ગણત્રીવાલું કાગજ તેણીએ કંટાલી બાજુ ઉપર ફેક્યું, એટલે મેં જાણ્યું કે તેણીને કતલ કરવાની દરેક તક મારે હાથથી ગઇ. તોપણ આજની તક હાથથી નહી જવા દેવી એવો મેં તુરતજ મક્કમ વિચાર કીધો, અને પેલી નોધવાલું કાગજ કોઇબી રીતે ફરીથી તે જો હાથમાં વાંચવા પકડે, તો તે તકનો લાભ લેઇ કોઇબી જોખમે મારે તેણીની ઉપર કુદી પડી મારૂં પાંકયું કામ નક્કી કરવું, એમ ધારી મે કહ્યું :—

'બેશક એ મીસરના સીતારા, તારી વાત ખરી છે. પણ સીતારાની ચાલ ચાલમાંબી ફરક રેહેછે. આ ગણત્રી મેં એક નવી રીતે શોધી કાહાડીછે. અને તે શોધ માટે મેં કેવી હિકમત વાપરી છે તે હું તુને દેખાડવા માગુછું'

'નહી, એ સીતારાઓના સરદાર **હારમેચીસ**, નહી. વિદ્યા અને ઇલમ હુન્નરોની વાતોથી આજે મારૂં રંજીદા દીલ ખુશી થાય એમ હું માનતી નથી.' તે સુંદર ઓરત મને પોતાની આગલ જતો અટકાવી બોલી. 'તુએ મારે માટે બેશક ઘણી મેહનત લીધી છે, વાસતે હવે તેનો બદલો મારે વાલવો જોઇએ. લાવ તેના બદલામાં એક ગાયણ ગાઇ તુને હું ખુશી કરૂં.'

એમ બોલી તુરતજ પલંગપરથી ઉઠી તેણીએ પોતાનું પેલું સુંદર વાજીંત્ર હાથમાં લીધું, અને તેના તારોને સુરમાં ગોઠવી તે નીચલું ગાયન ગાવા લાગી.

સરપર તુ સિતમ સેંકડો લઇ લેજે ઓ આદમ
પ્રિત સાચી છે અમ્મર
બાકી ખલક અંદર
ચિત ખ્યાલ કરી તુ ધર
કા ગુમાવે તું જનમ, જગમા ન પ્રિત કરી—

સાચી પ્રિતપર જે મુઆ છે તેને કીધાં નામ
જેને પીધી પ્રિતની જામ
કાયમનુ કરવા કામ
નાહક થયા બદનામ
કાં ગુમાવે તું જનમ, જગમા ન પ્રિત કરી—

પુર સમાધીમા પડી પીઇ તારી પ્રિતની જામ
ના તનની રહી કંઇ ફામ
મુકી છુટી સઉ હામ
થયું એરા આરામ હરામ
કાં ગુમાવે તું જનમ, જગમા ન પ્રિત કરી—

વતન મારી પ્રિતનુ જો લાખો કોશ હોય દુર
અંધકારથી ભરપુર
પણ સાચી પ્રિતનુ નૂર
કરશે તે સિહાઇ દુર
કાં ગુમાવે તું જનમ, જગમાં ન પ્રિત કરી—

ત્યા હશે જો રાત અને હિયાં હશે જો દન
આતશની અગન
તુફાનનો પવન
નાજુક મારૂ બદન
સરવે ગજબ સહન કરી મલીશ તે ગુલબદન
કાં ગુમાવે તું જનમ, જગમા ન પ્રિત કરી—

આહા ! શું તેણીનાં ગાયણનો મધુર અવાજ ! ! હે ખુદા તે દીન હવે વહિ ગયો. તે વખતામી વહિ ગયો, અને તે અવાજબી હવા સાથ મળી હવા થઇ ગયો. પણ હજી તે અવાજ મારા કાનમાં ઘુમી રહ્યોછે, અને હજી મારા દીલના દરેક ધપકારા સાથ તે ધપકી મારા કાનમાં ખટકેછે.

અંતે તે ગાયણ પુરૂં થયું. અને જેવું તે ગાયણ તેણીએ પુરૂં કીધું કે તુરતજ તે મારી પાસે આવી બેઠી.

અને પછી શું થયું ?

મારી અક્કલ એટલી તો ગાફેલ થઇ ગઇ, કે તેણીએ મારે કાજ ગાયલાં ગાયણ માટે હું તેણીનો ઉપકાર વટીક માનવાનું ભુલી ગયો.

'શું મારૂં ગાયણ તુને પસંદ નહી પડ્યું **હારમેચીસ**, કે શાબાસીનો એક બોહો હરફબી તુ નથી બોલતો ?'

'ઓ રાણી **કલીઓપૅત્રા** ! ઓ આકાશી દેવી !' હું બેખુદ થઇ ગુંગલાતે અવાજે બોલ્યો, કારણ મારી છાતી દબાઇ જતી હોય એમ મને લાગ્યું. 'હું તુને શું શાબાસી આપું ! ખરેખર માણસજાતના કાનને માટે તારૂ ખુદાઇ સ્વરવાલું ગાયણ સરજાયલુંજ નથી.'

'એટલો બધો નબળો, અને એટલો બધો નિરાસ ના થઇ જા બાહાદુર **હારમેચીસ** !' **કલીઓપૅત્રા** મારા ખભાં ઉપર હાથ નાખી બોલી.

એ સખુનો સાંભલતાંજ મારા કાન બેહરા થઇ જતા હોય એમ મને લાગ્યું, સબબ તે મર્મભેદક રીતે તરેહવાર બોલો બોલી મને બળહિન બનાવી દેતી હતી. મેં ધારયુ કે મારો ભેદ અને મતલબ તે પામી ગઇછે, માટે હવે જરાબી વખત ખોયા વગર એકદમ મારે તેણીની ઉપર તુટી પડી મારાં કામનું સેવટ લાવવું જોઇએ.

એવો વિચાર કરી મારૂં ખંજર ખેંચી કાહાડવા મારો હાથ જેવો મેં મારા જભામાં ખોસ્યો, કે તુરતજ તે નખરાંબાજે બોલવા માંડયું:—

હયાં આવ **હારમેચીસ**, બેસ મારી પાસે ! તારી ઉપર મારો વિસ્વાસ છે, અને મને તારી સલ્લાહની જરૂર છે.'

પેલા સોનેરી પલંગ ઉપર જ્યાં પોતે બેઠી હતી, ત્યાં પોતાની પાસે મને બેસાડવા માટે તેણીએ ખસીને જગ્યા કીધી. દરદીને જોઇતું વૈદ

ફરમાવ્યું, તેમ આવી કિસ્મના તંગ મામલા વચ્ચે તેણીની ઉપર તુટી પડી કતલ કરવા માટે આ જેવી બીજી સરસ તક મળવી મને મુશ્કેલ લાગી. તુરતજ મારી બેઠક ઉપરથી ઉઠી હું રાણીની પડોસમાં પલંગ ઉપર જઇ બેઠો, અને **કલીઓપૅત્રા** મારા ચેહરા ઉપર નજર કરી જોવા લાગી.

મેં ધારયું કે હવે મારૂ કામ પાર પડયું. એકજ મીનિટ, એકજ ઝટકો, અને હું કુલ મીસરનો માલેક અને ફેરાઉન થઇ ચુકયો.

અને હું ફેરાઉન થઇ ચુકયો. મને લાગ્યું કે શેહેરમા મારાં માણસો કતલ ચલાવેછે! મને લાગ્યું કે હઝારો મારાં માણસો મને મુબારકબાદી આપવા રાજમેહલમા ધસી આવેછે! મને લાગ્યું કે મીસરની જમીન ઉપર લોહીનો વરસાદ વરસી રહ્યો છે, અને તે લોહીથી તમામ જમીન તર થઇ રહી છે, તથા **નાઇલ** નદી પુર જોશમા આવી, પરદેશીઓનાં પાપી લોહીથી પલીદ થયલી મીસરની પવિત્ર જમીનને ધોઇ નાખી સાફ કરે છે!!

એ મારો સ્વપનો હતો, અને તે એક પળ અંદર મેં જોઇ લીધો. ત્યારે હવે ધીલ કરવી હરામ! તુરતજ મારી જેબમા છુપાવેલી બરછી ખેંચી કાહાડવા મેં મારો હાથ પાછો મારા જભામા નાખ્યો. મારી બરછી મેં તેજ વખત ખેંચી બાહાર કાહાડી, પણ—પણ—પણ અફસોસ!—

પણ શું!

પણ હું કાંઇબી કરૂં; હું તે જીવલેન બરછી ખેંચી બાહાર કાહાડું, તે આગમજ વિજળીની ઝડપે **કલીઓપૅત્રા** તેજ વખત મારો હાથ પકડી પોતાની જાદુઇ આંખોએ મને ટીકી ટીકી જોઇ બોલી:—

'તુ કેવો બેભાન થઇ ગયો છે **હારમેચીસ**! મને લાગેછે કે તારી તબિયત ઠીક નથી.'

હું મુવો! દીનથી–દુનીઆથી– દેશથી–ખેશથી અને સેવટે મારા ધરમ અને ખુદાથી હું રદ થયો! હું પાયામાલ થયો!

અરે જો હું મુવો હોત તો બેહતર થાત! કાં હું નહી મુવો!! અરેરે મારી સરંજત!!

કેવી અચાનક અને નહી ધારેલી રીતે મારી ધારણા ઊંધી વળી ગઇ! આ તે મારી કેવી નાસિપાસી! તેણીનો હાથ મારા હાથને લાગતાંજ મારા

બદનના તમામ સાંધા ધીલા થઇ ગયા. મારી રગોમાં ફરતું લોહી થંભ થઇ ગયું, અને હું અરધો બેભ્યાન થઇ ગયો !!

'ફિકર નહી મારા દોસ્ત, આ પલંગ ઉપર લેટી જા!' જે હાથે મેં મારૂ ખંજર પકડયું હતું તે હાથ **કલીઓપૅત્રા** પકડી રાખી બોલી. '**હારમેચીસ**! ગઇ કાલ રાત્રે તુને ઉજાગરો થયલો દીસેછે. હીયાં તુને રાહાત થશે. કેવી ઠંડી પવનની લેહકી? કેવા પેલાં બુલબુલના મધુર સરોદ!! કેવી ખુશનુમા રાત!!! અને એવે સમે કેવો તું દીલપસંદ મારો દોસ્ત મારી સનમુખ'—

'ખુદા ખાતર તું મને હવે હીયાંથી જવા દે રાણી!' પલંગ ઉપરથી ઉઠવાની તજવિજ કરતાં હું બોલ્યો. 'મારી તબિયત—

'નહી નહી કદરદાન રશીક, મને તારી ઇનતેજારીમાં એખલી મુકી ના જા!' તેણીએ કહ્યું. '**હારમેચીસ**, તુંએ શું તારી ઉંમરમાં કોઇને પ્યાર કીધોજ નથી!'

'નહી નહી ઓ માહેતાબાં, મેં કોઇને પ્યાર કીધો નથી અને મને આ જગમાં પ્યાર સાથ કાંઇ કામબી નથી.' કોઇબી રીતે દીવાનખાનામાથી નિકલી જવાની મતલબથી મેં કહ્યું.

'કેવું અજબ!' **કલીઓપૅત્રા** બોલી. 'આટલી મોટી ઊંમર છતાં હજી તું પ્યારથી બેખબર? કેવો અંજાણ? કોઇબી ઓરતની પ્રિતે આજ સુધી તારાં દીલના બિસ્તરમાં અગન સળગાવી નથી? પ્યારની નજર શું કોઇ ઉપરબી આજ સુધી તુંએ ફેંકી નથી?'

એમ બોલતાં બોલતાં તે પોતાના બંને નાજુક હાથો મારી ગરદનની આસપાસ વિંટાલી મને વળગી, મારી તરફ જોઇ હસવા લાગી. ધીમે ધીમે તે છેક મારી અડોઅડ આવી અને વાંકી વળી પોતાના પરવાલાં જેવા હોઠો વડે મારા હોઠો ઉપર ચુંબન કીધું.

અને બસ! મારૂં કામ તમામ થયું!!

ઓ તે બુરો દીવસ! તે કંગાલ દીવસનું નખોદ થજો! ઓ તે બુરી ઘડીનું સત્યાનાશ થજો, કે જે ઘડીએ મારી, મારાં વતનની અને કુલ મીસરની આશનો નાશ કરી નાખ્યો.

એક ચુંબન ! ફકત એક ચુંબન ! ! અને તે ચુંબને શું શું કીધું !

તે ચુંબનની કેફ, મોતની સદાની નિંદ કરતાં વધારે કાતેલ હતી. તે ચુંબનની કેફમાં હું મારી દીન અને દુનીઆં, મારૂ વચન અને મારી ફરજ, મારો ધરમ અને મારો ખુદા, મારો દેશ અને ખેશ, મારી ઈજ્જત અને હુરમત એ સરવે ભુલી જઇ, **કલીઓપૅત્રા**ની પ્રિતમા હું જઈ પડયો. પ્રિતની અગન એકાએક મારાં દીલ અંદર સળગી ઉઠી, અને હું ત્યાનો ત્યાંજ તેમાં બળી ખાક થવા લાગ્યો. મારાથી તે અગનનો તાપ સેહવાયો નહી, અને લાચાર થઇ હું તેણીની મરજીનો ગુલામ થઇ ગયો. હું **કલીઓપૅત્રા**ના પ્યારમાં અલોતીયાં ખાવા લાગ્યો, અને તેણીએ મને પોતાનો વ્હાલો અને માનીતો માલેક કરી લીધો.

'મારી ઉપરના તારા સાચ્ચા પ્યારની નિશાન તરીકે, અને આ બનાવની ખુશાલીમા લે આ શરાબની જાંમ !' **કલીઓપૅત્રા** પ્રિતની મસતીમાં આવી બોલી.

પ્રિતની મસતીમાં મસ્ત થયલો હું હિનભાગ્ય તેણીના હાથમાંથી તુરતજ તે શરાબની જામ લઇ પીઇ ગયો.

ઓ તે મધુર અને મખવાસ ભરી શરાબની જામ ! તે જામના પીધાથી મારામા અજાએબ ફેરફાર થઇ ગયો. **કલીઓપૅત્રા**ને હાથે ભરેલી પેલી ખાનાખરાબીભરી શરાબની જામ પીતાજ મારા દીલમા થંડી પડી ગએલી મોહોબત એકાએક ભડકી ઉઠી અને તે જામ પીતાજ હું બેખુદ થઇ બોલ્યો :—

ઓ માહેતાબાં, ઓ માહેઆલમ, ઓ માહે મીસર, તારો બુલબુલી સરોદ સાંભલી હું ખુદ બેખુદ થયોછુ. અગર કરમ ઇનાયત કરે તો હું એક ગાયણુ સંભલાંઉ.

'બા ખુશીથી.' **કલીઓપૅત્રા** હસીને બોલી. 'લે મારૂ વાજીત્ર અને ગા. ગા ! ગા મારા સીતારેસનાસ. ગગનપર વસતા આકાશવાસીઓ તુને પોતાનો ગુરૂ કબુલે, તો **કલીઓપૅત્રા** તારા જેવાને કેમ નહી સાંભલે ? વાસતે **હારમેચીસ** ગા.'

તુરતજ મેં તેણીના હાથમાથી 'હાર્પ' લેઇ નિચલુ ગાયણુ મારી મોહોબતની હાલત જાહેર કરવા હું ગાતો બેઠો.

હારમેચીસનું ગાયણુ.' *

તુજ પ્રિતના કોરથી દીલ બીમાર છે
પ્યારનો બુરો મને આજાર છે
તબીબો જે દરદથી લાચાર છે
કરે કોણ હવે તે મરજને સફા ?

હાય મારી સુંનીને કાંપે ગગન
અને બુલબુલા છોડે પોતાનું વતન
વલી મુરદાંઓ ફાડી પોતાનું કફન
દયા મુજપર કરવા નિકલે બાહાર.

હાલ મારો જોઈ હબીબ શું કહે ?
ચાલ મારા જોઈ રફીક શું કહે ?
નબજ મારી જોઈ તબીબ શું કહે ?
કે વાલી છે મે આ શું મોહકાન.

હાલ જોઈ હબીબ કહેશે લાચારછે
ચાલ જોઇ રફીક કહેશે બેઝારછે
નબજ જોઇ તબીબ કહેશે બીમારછે
જોકે પાડીછે મુજપર તો પ્યારે જફા.

એ મરજ જેવો બુરો કોઈ આજાર નથી
એને સફા કરનાર તબીબ કોઇ હુશિયાર નથી
એ દરદથી સુરો કોઈ સરદાર નથી.
દુનીઆમાં કોણ નથી પ્યારથી લાચાર ?

જખ્મ એના ઉંડા રૂજાયા નથી,
એ આતશના શોલા બુજાયા નથી,
એ પ્યારના ઝરા સુકાયા નથી,
થયા છે સરવે લઇ તાજા ફના.

---

* આ કવીતા ૧૮૮૨ ના સાલમા કરતાએ લખેલી 'કેતેશ' નામની વારતામા છપાઇ હતી, તેમાથી આ જગે ફેરફાર સાથ અતરે ઉતારી લીધી છે.

'કરતા'

અએ હવાં તું જા લઈ મારો પેગાંમ
અને કહેજે મુજ પ્યારીને એવા કલાંમ
કે પ્યારમા હું બન્યોછ તારો ગુલામ
અને થયોછું સેવટે જીવથી બેજાર.

એવું જો જાણુતે પ્રિત કરતે નહીં હું,
તારા નાંજ અને નખરાંપર મરતે નહી હું,
નામ તારૂં જબાંપર ધરતે નહીં હું
કે થતે નહિ આજે આવા મુંજ હાલ.

તદબિર તુજ મિલાપની સઉ ખુટી ગઈ
તું ગંમખારી આપી સબર લુટી ગઇ
આસ મારા દીલની બસ ટુટી ગઇ
હવે પથ્થરથી સર ફોડવાની શું છે જરૂર?

દીલ તો જલેછે જલાવે કાંએ?
આંસુ તો વહેછે રડાવે કાંએ?
વધુ મુજને તું હવે તવલાવે કાંએ?
એ તુ શું છે તારા પ્યારની રીત?

તુજમાં મારો જીવ અને ખાલીછે તન,
જો રૂહ થાયો દુર તો ખાકી બદન—
માંથી પુકારસ હું કયામતને દંન.
કે કહા છે તું મુજ બેવફા યાર.

તુજ પ્યાર ખાતર મરવાનો નથી મને ગંમ,
પણ રફીકો મુજ કરશે તુજ પર માહેતંમ
ને કહેશે કે મુજ માશુક હતી બેરહંમ
કે મરણ સમે ના કીધી ફરજ અદા.

છે તુજની જુદાઈમાં એવા મુજ હાલ,
બખ્ત મુજનું બરગીસ્તા નસીબ કંઆલ
કે જનમ લીધો જગમાં મેં બુરે કોઈ કાલ
કે સેહવા પડેછ આજ એવા આજાબ.

એ પ્યારની અગનપર રેડો કોઈ આબ
કે બુજાય એ અગન મુજ તનમા શીતાબ,
એ પ્યારે કીધું મારૂં ખાનુખરાબ,
એવો તું સંગદીલ સીતમગર પ્યાર.

હું યાદ તારી મુવા બાદ કરશ દાલદાર,
જંનતમા તુજ ખાતર મારી પુકાર-
કહીશ હું ખુદાને કે, એ પરવરદીગાર
મુજ માશુકસે નથી મુજ થાયો મીલાપ.

તારી જુદાઈમાં સેહેયા છે લાખો સીતમ
ને પ્યારના લાગા છે સેંકડો જખમ
તે ખમવા છું તૈયાર હું રૂઠીને દંમ.
જો મલે આસ મુજને તુજની માહાબુબ.

નૈનો તુજ રાહા જોતાં અેનુંર થયાં.
જુદાઇના જખમોમાં નાસુર થયાં.
એ નાસુરથી સઉ કોઈ આતુર થયાં.
કે રહેશે મુજ જીંદગી સલામત કે નહી.

હવે તો મરૂછુ હસી બોલ યાર.
લગાડી ગલે ના મને માર કટાર.
કરેછે તું મારી અજલનો વિચાર.
કે મરવાની જુવે છે તુ મારી રાહા.

એવી રીતે મારી મને બરબાદ ના કર.
કતલ કરી મુજને તુ ફરીઆદ ના કર.
મરતી વખ્ત મુજને તું નાશાદ ના કર.
ખુદા ખાતર હવે મલી મને જા.

જેવું માર ગાયણ પુર થયું, કે **કલીઓપૅત્રાએ** શાબાસીના સખુનોથી મને નવાજી લીધો, અને તુરતજ બે શરાબની જામો જે તેણીએ ભરી તૈયાર રાખી હતી, તે માહેલી એક મારા હાથમા આપી બીજી પોતે પોતાના હાથમા લઇ બોલી :—

'**હારમેચીસ** આ સલામતી હું તારી અને મારી લાંબી જીંદગી માટે ચાહુછુ. લે અએ દોસ્ત વફાદાર, અગર મારી જીંદગીને તું જો ચાહતો હોય, તો લે આ જામ.'

તે જામ મેં તુરતજ **કલીઓપૅત્રા**ના હાથમાથી લીધી અને હું તેણીના સુખનને માન આપી તેજ વખતે પીઇ ગયો.

પણ અફસોસ ! તે પીતાંવાર ઉપર મને ચક્કર ઉપર ચક્કર આવવા લાગ્યા. હું મારા પગ ઉપર ઉભો રહી શકયો નહી. અને ત્યારેજ મેં જાણ્યું, કે મને તે કસકુનમે દગો દીધો હતો.

હા. મને ખરેખર દગો થયો હતો. તે શરાબમાં કોઇ એવી દવા તેણીએ આગમચથી મારે માટે મેળવી રાખી હતી, કે તે પીતાંજ હું **કલીઓપૅત્રા**ના પલંગ આગલ પટકાઇ જમીન ઉપર પડયો.

હું પટકાઇ પડયો ખરો, પણ બેહોશ થયો નહી હતો. હું મારી સરવે સુધીમાં હતો. જોકે હું સરવે સાંભલી તથા સમજી શકતો હતો, પણ ફકત હું બોલી કે ઉઠી શકતો નહી હતો, એવી તે શરાબની બનાવટની ખુબી હતી.

મારી આવી હાલત જોઇ **કલીઓપૅત્રા** હસી પડી, અને મારો લાંબો જભો ઉચકી મારી જેબમાં છુપાવેલું પેલું ઝેરી ખંજર તેણીએ ખેંચી કાહાડી કહ્યું:—

'જો. ઓ બાહાદુર **હારમેચીસ**, કોણુની ફતેહ થાઇ ! તારી કે મારી ! ફેરાઉનના તખતના ઉમેદવાર, મીસરના તાજની આશા રાખી **કલીઓપૅત્રા**ને કતલ કરવા માટે આ છુપાવેલું ખંજર ત્રણ ત્રણવાર તુંએ તારી જેબમાથી બાહાર કાહાડયું હતું, પણ જો, આખર મારીજ ફતેહ થાઇ છે. એજ ખંજરથી હું જો તારો જીવ હમણાં લઉં, તો મને કોણુ પુછનાર છે.'

કલીઓપૅત્રાના આ સખુનો મારે કાંને પડયા, અને મેં મોટી મુશકેલીએ મારી બેભાંન હાલતમા મારે હાથે મેં મારી છાતી દેખાડી તેમાં પેલું ઝેરી ખંજર ભોકવાની મેં કરગરી તેણીને ઇશારત કીધી, સબબ હવે હું જીવવા કરતાં મરવું વધારે પસંદ કરતો હતો.

'નહી નહી.' પેલુ ખંજર ફેંકી દઇ તે બોલી. 'તારૂ ખુન હું કદીબી કરૂં નહી, સબબ તારી જવાની, તારી બાહાદુરી અને તારી ખુબસુરતી ઉપર હું ફિદા છું. જા, તારી જીંદગી મે તુને બખશી ! હુ તુને જીવતદાન આપુ છુ. મારી ફતેહની નિશાન તરીકે **હારમેચીસ**, તુ જીવતો રેહ. એક ઔરતની હિકમતથી હારેલાઓ બળવંત પેહલવાન તું જીવતો રેહ.'

આવી તાણાજની ભરયા સખુનો સાંભલી હું બેહોશ થવા લાગ્યો. બાગમાં પુકારતાં અને ગેલ કરતાં સુંદર બુલબુલોના મીઠ્ઠા સરોદો જે મારી બેભાન હાલતમાં વટીક હું સાંભલતો હતો, તેં હવે ધીમે ધીમે મારા કાંનથી દુર જતા હોય એમ મને લાગ્યું, તથા **કલોઓપૅત્રા** જે પોતાની ફતેહથી ફુલી હસતી હતી, તેણીનો અવાજ હલવે હલવે મને સંભલાતો અંતે બીલકુલ બંધ થયો.

અને પછી?

અને પછી શું થયું, તેની મને બીલકુલ ખબર પડી નહી.

પ્રકણુર ૧૫ મુ.

શરાબની ખુમારીમાંથી હારમેચીસનું બીદાર થવું—દગલ-બાજ પાઉલુસનું ખુન—ત્રીસહજાર આદમીનું એક રાતમાં કતલ થવું—હારમેચીસ અને કલીઓપૅત્રા વચ્ચે નવી મુલાકાત—નવો ફરેબ—નવા ફરેબમાં નવી રીતે હારમેચીસનું ફસવું.

જ્યારે હું જાગરૂત થયો, ત્યારે મેં પોતાને એક દીવાનખાનામાં પલંગ ઉપર પડેલો જોયો. મારી આંખો ઉઘડતાજ હું ચમકી ભડકયો, અને હું ગઇ રાતના કયાં હતો, અને હાલ કયાં છું તેનો વિચાર કરવા પડયો. મને લાગ્યું, કે જે કાંઇ બન્યું હતું, તે કંઇજ નહી, પણ બેશક એક સ્વપનો હતો.

તેમ જો નહી હોય, તો શું ખરેખર મારાં વ્હાલાં વતન તરફ હું બેવફા થયો હતો ! કદીબી એમ હું કરૂં એ મારી જાગતી હાલતમાં હું માની શકયો નહી.

એ મારી તરક હતી. પણ ખરી વાત તો એ હતી, કે **કલીઓપૅત્રા**ને કતલ કરવાની કિમતી તક મારે હાથથી હવે સદાની ગઇ હતી. ગઇ રાતના મારે આધારે હઝારો હથીઆરબંધ બાહાદુરો, જેઓ પોતાનો જીવ મારે લીધે જોખમમાં નાખી, મારા મામા **સેપા**ની સાથે પોતાના વતનની દાજ હૈડે ધરી રાજમેહલના દરવાજાની બાહાર છુપા લેબાસમાં દરેક પળે મારો હુકમ મેળવવા મેહલના મીનારા ઉપર નજર કરી હીયાંથી ત્યાં ભમતા હતા, તેઓને અંતે દગો થયો હતો. અને અફસોસ ! તે દગો દેનાર દગલબાજ હુંજ હતો.

મારે માટે મેહલની બાહાર તરેહવાર અટકળો થવા લાગી. પણ તે સરવે અટકળો માત્ર અટકળજ હતી. ખરી વાતતો હુંજ જાણતો હતો, અને

તે એજ કે જે બનાવ કદી ન બનવો જોઇતો હતો, તે બન્યો હતો, અને ખરેખર બનવાનો જે બનાવ તે બનતાં બનતાં રહી ગયો હતો.

પણ હાલ હું ક્યાં હતો?

હું એક દીવાનખાનામાં પલંગ ઉપર પડેલો હતો. જેવી મારી આંખ ઉઘડી, કે હું ડંગજ થઇ ગયો! મે શું જોયું? મારા પલંગની સામે લોહીથી લપટાએલી, અને જોરજુલમથી જખે થયલા એક શખ્સની લાસને એક સફેદ કપડાંના કોહલામા બાંધી નાખેલી મે જોઇ!! તે ઉપર મારી નજર પડતાંજ હુ તુરતજ મારા પલંગ ઉપરથી કુંદી ઉઠયો, અને પેલી ઢેલી ફાડી નાખી અંદર જોયું તો તેમાંથી **કલીઓપૅત્રા**ના રૂમી ચોકીદાર **પાઉલુસ**—જેને મેં મેળવી લીધો હતો—તેની લાસને મેં પીછાની.

તે લાસ બીલકુલ નાગી હાલતમાં લોહીમાં ડુબેલી હતી, અને જે ખંજરે હું **કલીઓપૅત્રા**ને કતલ કરનાર હતો, તેજ ખંજર પેલા રૂમી ચોકદાર **પાઉલુસ**ની છાતીમાં કોઇએ આરપાર ભોકી દીધું હતું, અને તે ખંજરની મુઠ સાથ, એક કાગજની કાપલી નિચલા હરફે લખી બાંધેલી હતી.

'દગલબાજોને હમેશાં કેવી સજા થાય છે, અને કેવી રીતે તેઓ ખુવાર થાય છે, તેનો ઓ મીસરી સરદાર આ મારો હાલ જોઇ વિચાર કરજે.

હું છું
રૂમી પાઉલુસ
હારમેચીસ સાથે મળી ગયલો કલીઓપૅત્રાનો દગલબાજ દરબાન.'

આ દેખાવ જોતાંજ મારી છાતી ફાટી જવા લાગી. આ ચોકીબાન **પાઉલુસ**ની હાલત મને એક ધડો લેવા જોગ લાગી, સબબ જેવી રીતે તે **કલીઓપૅત્રા** તરફ દગલબાજ થઇ મને મળી ગયો હતો, તેવીજ રીતે હું પણ મીસર તરફ દગલબાજ થઇ ચુકયો હતો. **પાઉલુસ**ની દગલબાજીથી જેવા તેના હાલ થયા હતા, તેવાજ મારા હાલ થવાની મને આગાહી સુજવા લાગી, અને તે વિચારથી હું અરધો દીવાના જેવો થાઇ ગયો.

અરેરે ! મારાથી આ શું નખોદ વળ્યું ? આ હુએફ્‌ભરી નામોસીમા જીવીને ખામોશી સેહવાની મારામાં હવે તાકાત રહી નહી. મારાથી એવો તો અઝીમ્‌ ગુન્હા થયો હતો, કે મીસરના દેવતાઓની બંદગી કરી તેઓ પાસ દાદ ચાહવાનોબી મને હવે હક્ક રહ્યો નહી.

અંતે મારો નાશ થયો, અને તે નાશમાંથી મને ઉગારવાને પવિત્ર દેવતાઓ ના પાડી મારી ખુવારીમાં તેઓ ખુશી થવા લાગ્યા.

એવા સંજોગ વચ્ચે મને મારા માહાતમા પીતા **એમનામાહાત**ની યાદ આવી. પણ ફોકટ ! કઇ નાંમોસી અને લ્યાનતભરી સિક્લ લઇ હું હવે તેની સાંમે જાઉ. તેણે મને દીધેલા શ્રાપ હજી મને યાદ હતા. વલી **સેપા**, જે મારે માટે રાજમેહલના દરવાજા બાહાર સારી રાત ઉભો હતો, તેનું અને તેની સાથ તેના આદમીઓનું શું થયું હશે, તે વિચારથી હુ વધુ દુઃખી થવા લાગ્યો.

પણ શું હું ખરેખર દગલબાજ થયો હતો ? નહીં. ખરી વાત તો એ હતી કે મને પોતાને દગો થયો હતો, તે દગો કોણે દીધો હતો ! ચોકીબાન **પાઉલુસ** ! ! કદાચ હોયબી ! ! !

પણ તેમ હતું નહીં. મારા જભાના ખીસામાંથી પેલી નામની ટીપ કે જેમા કોણને મારવા અને કોણને જીવાડવા વિષે લખેલું હતું, તે ટીપ જતી રહી હતી. સદ હઝાર અફસોસ ! તે ટીપ મારા ખીસામાંથી જતી રહી છે, એમ.જાણતાંજ મેં મારાં તમામ આદમીઓની જીંદગીની આશા છોડી. અંતે તેઓ મારે લીધે જાનથી ગયા. ત્રીસ હઝાર મારાં માણસોને **કલીઓપૅત્રા**એ એક રાતમાં કતલ કરાવ્યાં, એ વિચાર આવતાંજ હું જ્યાં ઉભો હતો ત્યાજ બેહોશ થઇ પડયો.

ફરી જ્યારે હું હુશિયાર થયો, ત્યારે મધ્યાન બપોરનો વખત હતો. તુરતજ હું બારણાં તરફ દોડયો. પણ દરવાજા બાહારથી બંધ કરેલા મને માલમ પડયા, અને દરવાજાની બાહાર ચોકીબાનોના પગલાંનો અવાજ મને સંભલાયો.

શું હું બંદીખાનામાં હતો ?'

પણ તેટલાં દરવાજાની સાંકળ બાહારથી ખખડી. ખખડાટ સમેત દરવાજા ઉઘડી ગયા, અને તેજ વખતે **કલીઓપૅત્રા** મારા દીવાનખાનામાં દાખલ થઇ, મારી સાંમે આવી ઉભી.

'ઓહો ! મીસરના તાજ અને તખતના માલેક **હારમેચીસ.**' તે મારી મજાક કરી બોલી. 'તારા જાસુસ **પાઉલુસ**ના આ કેવા હાલ ! સીપાઇઓ, લઇ જાવો આ દગલબાજ ચોકીબાનની પલીદ લાસને ! એ દગલબાજની છાતીમાંથી મીસરના ફેરાઉનનું કિમતી ખંજર કાહાડી લેઓ.'

રાણીનો હુકમ સાંભલી સીપાઇઓએ **પાઉલુસ**ની છાતીમાં મારેલું મારૂ ખંજર ખેંચી કાહાડી મારી સાંમને મુક્યું અને તેની લાસને દીવાનખાનામાથી તેઓ ઉંચકી લઇ ગયા.

'**હારમેચીસ**, જોયું નસીબનુ ચક્કર કેવી રીતે ફરે છે?' **કલીઓપૅત્રા** દરવાજા બંધ કરી મારી પાસે આવી બોલી. 'પેલો **પાઉલુસ** દગલબાજ ! તેના જેવી હાલત મારી થતે, અને આ ખંજર જે તેની છાતીમાં ભોકાયું છે, તે મારી છાતીમા ભોકાયું હતે.'

'ત્યારે મને દગો દેનાર કોઇ નહી પણ **પાઉલુસ** હતો.' મેં મનમા વિચારયુ.

'ગઇ રાતના જ્યારે તું મારી પાસે આવ્યો, ત્યારે હું જાણુતી હતી, કે તુ મને કતલ કરવા માંગતો હતો.' **કલીઓપૅત્રા** બોલી. 'અને વખતે વખત જ્યારે તું તારા જભાની અંદર કાંઇ કાંઇ બાંહાને હાથ નાખતો હતો, ત્યારે હું જાણુતી હતી, કે તું ખંજર કાહાડવાની તે વખતે તૈયારી કરતો હતો. વલી સીતારાઓની ગણત્રી મને દેખાડવાને બાંહાને, તુ મારી પાસે આવી મને જબે કરવાની તજવિજ કરતો હતો, તેબી મેં જાણી લીધું હતું. આહા ! દોસ્ત **હારમેચીસ**, મને કેવી ગમત પડી ! જેમ જેમ તું તારી ઉમેદમાં નિરાસ અને નિશફલ થતો હતો, તેમ તેમ તારી હિંમત અને ધીરજ તુને તજી જતી હતી, અને તું ઓરત મીસાલ નાતવાન થઇ જતો હતો. શું કામની એવી તારી હિંમત **હારમેચીસ** ! મારા જેવી એક અબળ નાતવાન ઓરતને મારતાં વાર કેટલી ! તેમાં ગભરાવાનું કેવું !

તેમાં બિહવાનું શું અને ધ્રુંજવાનું શું હતું ! મીસરના તાજના ઊમેદવાર **હારમેચીસ**, મને તે વખતે તારી હાલત ઉપર દયા આવી હતી. રફીક **હારમેચીસ**, આ દીવાનખાનાના દરવાજા બંધ જોઇ એમ ના સમજતો, કે તું બંદીવાન છે. નહીં, નહીં; તું રાજનો બંદીવાન નથી, પણ મારો બંદીવાન છે. બંદીખાનાની લોખંડની જંજીરો કરતાં હઝાર ગણી મજબુત પ્યારની જંજીરોથી તું જકડાઇ ગયલો મારો નજર કેદી છે. ઓ મીસરની આશા ! ઓ પવિત્ર **ઓસાઇરીસ** અને **આઇસીસ**ના સેવક ! ! ઓ ! **કલીઓપૅત્રા**ના રાજના ઉમેદવાર, તારી આ કેવી દુર દશા ? '

એવા એવા મશકરી અને તાણાજનીના સખુનો સાંભલી હું શરમમાં ગરક થઇ જવા લાગ્યો, અને અંતે મારાથી **કલીઓપૅત્રા**ના સખુનો નહીં સાંખી શકાવાથી હું મારા પલંગ ઉપર ઉંધે મસતકે પડી જારએજાર રડવા લાગ્યો.

મારી આવી હાલત જોઇ **કલીઓપૅત્રા** મારા પલંગ આગલ આવી મારી પાસે બેઠી, અને પોતાના હાથો મારી ગરદનની આસપાસ વિંટાલી બોલી. 'એમ ના કર. વ્હાલા **હારમેચીસ**, હજી તારી બાજી તું હારી ગયો નથી. હું તારી ઉપર બીલકુલ ગુસ્સે નથી. તુએ એક વખાણવા લાએક કાંમ માથે લીધું હતું. હું તેથી વખતસર જાણીતી થવાથી, તુને મારી જાલમાં લપેટી લઇ તારી ઉપર મેં જીત મેલવી હતી. પણ વ્હાલા દોસ્ત, અજીજ રફીક, હું. તુને આવી રીતે દલગીર જોવા બીલકુલ ચાહતી નથી. તારા વડીલોનું આ રાજ અને તાજ, મારા વડીલોને હાથ ગયા પછી તે પાછુ મેળવવાનો તુને દરેક હક છે. વાસ્તે હું તુને તેને માટે જરાએ ઠપકો આપતી નથી. ઘડીભર તું મારૂ રાજ લેવામા ફતેહ પામતે, પણ રૂમની સરકાર સાથ તુને જબરી હરીફાઇ કરવી પડતે. મારી રૈયત મારાથી નારાજ થઇ રહી છે, મારા રાજ વૈહિવટથી તે કંટાળી ગયેલી દીસેછે. દેશપરદેશમા બળવાનું બળતણુ પજરી રહ્યું છે. કાવત્રાંખોરો પ્રપંચ રચી મને ઠાર કરવાની હિકમતો કરતા રહ્યા છે. **હારમેચીસ**, એ મારાં સંકટોનું તું મને સેવટ લાવી આપ. આ મુશ્કેલીમાંથી તું મને બાહાર કાહાડ. તું મારો રાહાબર બોમીયો

અને મારા જીવનો માલેક થા. મીસરનું રાજ આપણ બંન્ને સાથે મળી ચલાવીશું. મારાં તાજ અને તખતનો તું અરધો ભાગીદાર થા, અને હું તારી જીંદગીની સાથી થઇ રહીશ.'

કલીઓપૅત્રાના આવા સખુનો સાંભલી મારી ગુમ થએલી ઉમેદો પાછી સજીવન થતી હોય એમ મને લાગ્યું, અને મેં મારૂં માથું ઉચકી તેણીના ચેહરા તરફ જોઇ પુછ્યું :—

'અને મારાં માણસો, જેઓને મેં દગો દીધો, જેઓ મારાં નામ ઉપર જીવ આપવા દેશપરદેશથી આવ્યાં હતાં, તેઓનું શું ?'

'હા.' **કલીઓપૅત્રા**એ તુરતજ જવાબ દીધો. 'તારો પીતા માહાતમા **એમનામાહાત** અને **સેપા** તથા બીજાઓ ઉપર તારે ખાતર હું રેહમની નજરે જોઇશ. હું મારા તાજ અને તખતના કસમ લઇ કહું છું, કે તારા બુજરોગ બાપના માથાના એક બાલને પણ ઇજા થવા હું દેનાર નથી. તેમજ માહાગુરૂ **સેપા**ને માટે પણ સમજવું. વાસ્તે આવ, બાહાદુર **હારમેચીસ**, મને ભેટ. શરમ છોડ, એ સોહામના સીતારેસનાસ, અને મારી પાસે બેસી પ્રિતના કલામ કહી મારા તરફની તારી દોસ્તદારી, દિલદારી અને વફાદારી સાબેત કરી આપ. લે મારી કબુલાતના લખત ઉપર હું મારી મોહર કરૂં છું.'

એમ બોલતાંજ તેણીએ મારા ગાલ ઉપર એક ચુંબન કરી, મને ફરીથી મનાવી લીધો, અને મને તરેહવાર રીતે સમજાવી દીવાનખાનામાથી બાહાર નિકલી ચાલી.

તે ગઇ! મારૂં દીલ લુટનાર, મારૂં ચિત ચોરનાર મારી નજર આગલથી ગુમ થઇ ગઇ! મારી કિરતી અને જશનો નાશ કરનાર, મને દીન અને દુનીઆથી ખુવાર કરનાર ગઇ. તે ગઇ ખરી, પણ હજી મારી આંખો અંદર તેણીનો સોહામનો ચિતાર ચિતરાઇ રહ્યો હતો. મને લાગ્યું, કે તેણીને સદા મારી પાસેજ બેસાડી રાખું, અને તેમ જો બને તો હું પણ તેણીનો પુંજારી બની રહું.

પણ એક વિચાર મને તેના વિશે એ હતો, કે **કલીઓપૅત્રા** જેવી રાણી મારા જેવા તેણીના જીવલેન દુશમનને હજી સુધી જીવતો કેમ રાખતી હતી અને તે એટલી બધી મારી સાથ દયાભરી રીતે કેમ ચાલતી હતી ? શું તે મને કતલ કરતાં ડરતી હતી, કે મબાદા મારાં ખુનની ખબર શેહરમાં ફેલાતા બળવો ઉઠે! પણ નહી. મને લાગ્યું, કે તે મારી ઉપર મોહિ પડી મારી પ્રિતની અગનમા જલતી હતી. અને જેવી રીતે મારી પ્રિતમા તે જલતી હતી, તેવીજ રીતે, બલ્કે તેથીબી વધારે હું તેણીની પ્રિતમા બળી ખાક થતો હતો.

બસ હવે સરવે કાઇ થઇ ચુકયુ. હું મારી ખરી હાલત હવે સમજી ગયો, માટે પસ્તાવો કરવામાં ફોકટ વખત ગાળવાનુ મેં ઠીક ધારયું નહી, સબબ તે ઘોલાઇ ગયલાં દુધ ઉપર વિલાપ કીધા બરાબર હતું. વલી પવિત્ર દેવતાઓ પાસથી મારાં માહાપાપોની માફી મેળવવાનીબી મેં તજવિજ કરી નહી, સબબ મારી ખતા કદીબી દેવતાઓ દરગુજર કરે તેમ નહી હતું, કારણ તેમના લીધેલા કસમનો મેં ભંગ કીધો હતો, તથા પવિત્ર **ઓસાઇરીસ** અને **આઇસીસ** માતા વચ્ચે મને જે ગુપ્ત સંબંધ હતો, તે મારી દગલબાજીથી હવે સદાનો ટુટી ગયો હતો.

એટલું છતાં મારા દીલમા નવી આશા પાછી સજીવન થઇ ઉછલી રહી, અને દર પળે મને એવો વિચાર આવતો હતો, કે જે કાંઇ બુરૂં થયું હતું તે ભલાંનેજ કાજે હતું.

પ્રકરણ ૧૬ મું.

કલીઓપૅત્રાની દરબારમા હારમેચીસ,—માહાવીર એનટનીના એલચી ડેલ્યુસની સવારી—એનટનીનો પેગામ—કલીઓપૅત્રાનો જવાબ—અગિયાર દીવસની મેહતલ.

અગિયાર દાહાડા સુધી મને તેજ દીવાનખાનામાં એક બંદીવાનની હાલતમાં રેહતું પડયું. દરવાજા બાહાર ચોકીબાનો પાહરો ભરતા હતા તથા નોકરો રાબેતા પ્રમાણે વખતસર મારે માટે ખાવાનું લઇ આવતા હતા.

અગિયાર દીવસ થવા છતા એકબી વખત **ચારમીયન**ને મેં દીઠી નહીં, તે ઉપરથી મેં વિચારયું, કે કોઇએબી મારી મુલાકાત નહીં લેવી એવું ફરમાન **કલીઓપૅત્રા**એ કાહાડયું હશે. પણ એ અગિયાર દીવસની મુદતમાં **કલીઓપૅત્રા** મારી પાસ હંમેશ આવતી હતી.

પણ તેણીના રંગનો સુમાર હતો નહીં. કોઇ વખત તે ખુશ મીજાજમાં હસતી આવતી, તો કોઇ વખતે વિચારના વમલમાં વિટલાએલી હતી. કોઇ વખત પોતાની પ્રિતની અગનમાં જલતી, પોતાના દીલના ઉભરા બાહાર કાહાડતી આવતી, તો કોઇ વખત દલગીર ચેહરે ઉંદાસીમાં ગરક; આવી મારી સાંમે ઉભી રેહતી હતી.

મારો પ્યાર અને દીલ જીતવા માટે **કલીઓપૅત્રા** એકબી તક જવા દેતી નહીં હતી. મારો પડતો બોલ ઉચકી લેવાની તે દરેક તદબિર કરતી હતી. આવો મામલો જોઇ મેં તેણીને સમજાવી મીસરના તમામ પુરાંણા મંદીરોની મરામત કરાવવાનો હુકમ તુરતજ કહડાવ્યો, તથા કેટલાંક મઠકો ઉપર નવાં મંદીરો બંધાવી તેમનુ રક્ષણ કરાવવાની ગોઠવણો મે કરાવી લીધી.

રફતે રફતે હું એવી હાલતમાં આવી ગયો, કે **કલીઓપૅત્રા** વગર મને આ જગમા સરવે અકારૂં થઇ પડયું. મારી ખુવારી અને ખરાબી કરનારને હું

હવે જીગરથી ચાહાવા લાગ્યો, અને મારો પ્યાર, દીન જતે વધતો જતો હતો. ખરૂ કહુ તો તેણીના પ્યારમાં પડી હું તેણીનો ગુલામ થઇ ગયો હતો.

એવા સંજોગના દીવસો વચ્ચે એક વખત **કલીઓપૅત્રા** પોતાની દરબાર બરખાસ્ત કરી મારી પાસ આવી, અને આવતાં વાર તે નાજભરી અદા કરી બોલી. ' **હારમેચીસ** તું મીસરનો બાદશાહ છે.'

મે તેણીના બોલવા ઉપર ઘણુ ધ્યાન આપ્યું નહી, એટલે મારો મીજાજ ગએલો સમજી તે બોલી. ' મારૂ બોલવું તુ મશકરી સમજે છે ? પણ તુએ કેમ જાણ્યુ, કે તુને મીસરનો ફેરાઉન બનાવવા હું નથી માંગતી.'

• 'એમ કેમ બનશે સુંદર **કલીઓપૅત્રા** ?' મે પુછ્યું. 'તું શું મને જાહેરમા પોતાના ખાંવિંદ તરીકે કબુલ કરશે ? લગનના પવિત્ર ગાંઠથી તુ મારી સાથ જ્યાં સુધી જાહેરમા જોડાય નહીં, ત્યાં સુધી તારી રૈયત મને મીસરના રાજ કરતા તરીકે કદીબી કબુલ કરે નહી.'

મારૂ બોલવુ સાંભલી તે વિચારમા પડી બોલી. 'પ્યારા રફીક, મારો વિચાર તારી સાથ લગન કરવાનો છે. **હારમેચીસ**, જો આ બંદીખાનાની જંજાલથી તું કેવો નાનવાન અને નબળો થઇ ગયો છે. દીવસના ભુખ અને રાતના ઉંઘ તુને બીલકુલ નથી, એમ તારા ખીદમતગારો તારો હાલ જોઇ કેહ છે. પણ દીલજાન દોસ્ત, તુને આ બંદીખાનામા મેં રાખ્યો છે, તે મારા નહી• પણ તારા ફાયદા કાજે. તારી ઇજજત અને તારા જીવની સલામતી કાજે. તેમ જો હું નહી કરૂં તો કદાચ મારાં આદમીઓ તુને જોતાંજ ઉસકેરાઇ તારૂ ખુન કરે. પણ મારા જીવ કરતાં વધારે બહાલા **હારમેચીસ**, હવે મારાથી તુને વધારે વખત હીંયા મલવા અવાશે નહી. વાસતે હું આવતી કાલથી તુને આ બંદીખાનાની જંજાલમાથી છુટો કરવા ધારૂ છું. કાલથી તુએ મારી દરબારમાં રાજના નજુમી અને મારા ખાસ સલ્લાહાકાર તરીકે બીરાજવું. હું દરબારમાં જાહેર કરીશ, કે તારી ઉપર મુકાએલું બોહતાન ખોટું હતું એમ તુએ મારી ખાતરી કરી આપી છે.'

મારા હાથ ઉપર પોતાના સુગંધી પરવાલાં જેવા લાલ હોઠો મુકી, તેણી એક ચુંબન કરી મને તુરતજ છોડી ગઇ, અને હું એખલો આ નવી ખબર ઉપર વિચાર કરતો પડયો.

શું ત્યારે ખરેખર **કલીઓપૅત્રા** મારી સાથ જાહેરમા લગન કરવા તૈયાર થઇ છે. મને તેણીના સખુનો ઉપર શક લઇ જવાનુ જરાબી કારણુ લાગ્યુ નહી, સબબ મને હવે તે અતી ઘણા વ્હાલથી ચાહાતી હતી, અને જો તેમ નહી હતે, તો બેશક મને મારા ફિતુર માટે અત્યાર આગરાજ તે જાનથી બેજાન કરી નાખતે, કારણુ કે મારી જીંદગીની લગામ તેણીના હાથમાંજ હતી.

બીજે દીવસે **કલીઓપૅત્રા**એ પોતાના દરશન મને દીધાં નહી, પણ તેણીને બદલે **ચારમીયન** મારી પાસ આવી. **ચારમીયન**ને ખરેખર મેં બાદ મુદતે આજે જોઇ, સબબ પેલી કમનસીબ રાત પછી તેણી મારી પાસે આજેજ પેહલી આવી હતી.

તેણીનો ચેહરો તમામ ફિકકો પડેલો હતો, અને તેણીના દરેક બોલમા હજી કડવાસ ભેલાયલો હોય એમ મને લાગતું હતું.

'**હારમેચીસ**, હું રાણીના હુકમથી તુને ખબર કરવા આવી છું, કે આજથી તું આ બંદીખાનાની જંજાલમાથી છુટો થયો છે. તારી નામોશીની સિક્કલ તારી નજરે પાડવા તુને છુંટો કીધો છે. જેવી રીતે પાણીની સપાટી ઉપર આદમી પોતાનો પડછાયો જોઇ શકે છે, તેવી રીતે **હારમેચીસ** તારી નામોશીની સિક્કલ દરેક આદમીની આંખોમા હવે તુ જોઇ શકશે. વીસ વીસ વર્ષ મહેનત કરી કરેલી ગોઠવણનો હવે છેડો આવ્યો છે. સાંભલ. કોઇનાબી જીવની ખરાબી થઇ નથી. આપણાં આદમીઓમાંથી એકબી આદમી કતલ થયું નથી. ફકત બુજરોગ **સેપા**નું શું થયુ તેની કાંઇ ખબર પડતી નથી. મને લાગેછે કે તે ગુમ થઇ ગયો છે. કેટલાક અમલદારોને શેહરમાંથી હાંકી કાહાડયા, કેટલાકને પકડી કેદ કરવાની ધમકી આપી વિખરાઇ જવાની તાકીદ કરી છોડી મેલ્યા, અને કેટલાક શેહરમાંથી જીવ લઇ નાહસી ગયા. એ રીતે બલાનું વાદળ જે ઘેરાઇ રહ્યું હતું, તે વરસવાને બદલે આપોઆપ વિખરાઇ છુટું પડી ગયું. ઘેરાવા આગમજ જેવું તે વાદળ ગાજયું હતું, તેવું તે વરસ્યું નહી. કમનસીબ મીસરની ખુવારી થઇ, અને તેની આશ સદાની નાશ પામી.'

મેં તેણીનું બોલવું સાંભલી જવાબ દીધો. 'લાચાર! મને દગો થયો! મને દગો દીધો! પેલો બદકાર **પાઉલુસ**, તેણે—

'તુંને ફસાવ્યો! તુંને દગો દીધો!' **ચારમીયન** વચમા બોલી પડી. 'તું તારે હાથે ફસ્યો. તારો દુશમન તું પોતે બન્યો. **કલીઓપૅત્રા** સાથ તું ઓટલો બધો વખત એખલો રહ્યો, તે દરમ્યાન શું તું તેણીને કતલ કરી શકયો નહી? એક ખંજરનો જરબ કરતાં કેટલી વાર!!'

'મને તેણીએ શરાબમા કોઇ કેફી વસતુ પાઇ બેહોશ કીધો, અને તેથી હું લાઇલાજ થઇ પડયો.' મેં ખરી હકિકત કહી.

'અરેરે **હારમેચીસ**.' તે જવાન છોકરી નરમ અવાજે બોલી. 'તારી આ કેવી હાલત! તારી આ કેવી ખુવારી અને કેવી નામોશી! તુંને શરાબની કેફ ચહડી એમ તું કેહછે, પણ તે ગલત છે. તે કેફી શરાબ પીવા આગમજ તો, તું **કલીઓપૅત્રા**ના પ્યારની ખુમારીમાં મસ્ત થયો હતો. અફસોસ! એક ઓરતની લાલચમાં તું ફસી પડયો. **હારમેચીસ** તારૂ વતન, અને રાજ એક ઓરતના ચુંબનને ખાતર તુએ વેચી નાખ્યું! હવે શરમાવું શું કામનુ! હવે ગમ કરવો શું ખપનો! તારી આબાદીની બરબાદી તુએ તારે હાથે કીધી.'

વાજબી હતું. **ચારમીયન** જેબી કાંઇ કેહતી હતી, તે મને બીલકુલ વાજબી લાગ્યું. અને તેથી હું તેણીને કાંઇબી સિધ્ધો જવાબ દઇ શકયો નહી.

'**ચારમીયન** ખરૂ કેહ. હું કેમ જાણું કે તુએ મને ફસાવ્યો નથી?' મેં સવાલ કીધો. 'બુજોર્ગ **સેપાએ** તારે માટે મને કહ્યુ હતું, કે તારીથી મારે ખુબ ખબરદાર રેહવું, અને તેજ હવે મને યાદ—

'તુને કાંઇબી યાદ આવે તેની મને દરકાર નથી.' **ચારમીયન** બેકાફ બોલી. 'પણ જાણ, કે મેં તુને દગો દીધો નથી. પેલા હિચકારા **પાઉલુસે** તુને ફસાવ્યો. પેહલાં તે તારી સાથ તારાં કામમા સામેલ થયો, અને પાછલથી વિચાર કરતાં તેની હિંમત ચાલી નહી, અને તે હિચકારાએ તારી તમામ ગોઠવણ રાણીને જાહેર કીધી. તેની દગલબાજીના બદલામા તેને

કેવી સજા થઇ, તે તુએ જોઇ છે. હવે ગઇ ગુજરી યાદ કરવામા સાર નથી. **હારમેચીસ** રાણી **કલીઓપૅત્રા** તુને દરબારમા બોલાવે છે.'

એટલુ બોલી તે તુમાખી ઓરતે પીઠ ફેરવી ચાલવા માંડ્યુ, અને હુ રાણીના ફરમાન મુજબ દરબારમા જવાની તૈયારી કરવા લાગ્યો.

* * * * * *

ફરીથી એકવાર હુ મારી આગલી બેઠક ઉપર દરબારમા જઇ બેઠો. બાહારથી નિરદોશ અને શાંત દેખાવા માટે હુ ઘણુંબી ડોળ ઘાલતો હતો, પણ ભિત્તરમા તો મારૂ અંતઃકરણ શરમથી લજવાઇ બળી મરતુ હતુ.

દરબારમા ગયા પછી મે જાણ્યુ, કે જેઓ મારાં કામથી ખબરદાર હતા, અને જેઓએ મને મદદ આપવા કહી હતી, તેઓ સરવે મારી હાર થવાથી પોતાના જીવ બચાવવા દરબાર છોડી નાસી ગયા હતા. વળી જેઓને મારા ઉપર પેહલેથીજ કાંઇ શક હતો, તેઓને રાણી **કલીઓપૅત્રા**એ એવુ સમજાવ્યુ, કે હુ બીલકુલ નિરદોશ છુ, એમ તેણીએ પોતાની ખાતરી કરી હતી.

એવી રીતે જોકે ફરીથી હુ મારૂ છુટ્ટાપણુ મેલવી શકયો હતો, અને દરબારની નજરમાં હુ નિશકલંક છુ એવુ સાબેત થયુ હતુ, પણ મારી નામોશીથી મને લાગેલી બેજ્નલત અને મારી હારથી મારાં મગજ ઉપર થાએલી અસરના કારણે મારી તનદરોસ્તી અને ખુબસુરતીમાં મોટો ફેરફાર થયો હતો. મારા ચેહરાપરનો ચમકાટ અને ખુશીનુ તેજ ઝાંખુ પડી ગયુ હતુ, અને તે સોથ મારૂ આંગ પણ જરા નખાઇ ગએલુ હોય એમ મને લાગ્યુ.

મેહલમાં ફરવાની મને જોકે છુટ મળી હતી, પણ તે છુટ ફકત નામનીજ હતી, સબબ મેહલમાં છુપા જાસુસો મારી દરેક હિલચાલ ઉપર બારીકીથી ધ્યાન આપતા હતા, અને શેહરમા જવાની મને મનાઇ હતી.

એવે સમે એક દીવસે **કલીઓપૅત્રા**ની દરબારમાં અમીર ઉમરાવોના એક મોટા મેલાવડામાં રંગરાગ ચાલી રહ્યો હતો, તેવામાં માહાવીર **એનટનીનો ડીલ્યુસ** નામનો એલચી પોતાના માલેક તરફથી **કલીઓપૅત્રા**

ઉપર એક રૂકકો લઇ આવી લાગ્યો, અને દરબારમા હાજર થવાની તેણે પરવાનગી માંગી.

એનટનીનું જોર એ વખતે મધ્ય **એશિયા**માં વિશેશ ફેલાઇ રહ્યું હતું. ૧

ક્લીઓપૅત્રા પોતાના રાજની નબળી હાલત હોવાથી, **એનટની**થી જોકે દીલમાં ડરતી હતી, પણ બાહારથી પોતાની નબળાઇ સેહજબી તે દેખાડતી નહીં હતી. **એનટની** જેવા એક જોરેમંદ પેહલવાનને કોઇબી રીતે અપમાન કરી તેનો ગુસ્સો ખેંચી લેવા માટે **ક્લીઓપૅત્રા** બીલકુલ રાજી નહીં હોવાથી, તેના એલચીને માન સાથ પોતાની દરબારમાં હાજર કરવાની તેણીએ તાકીદ કીધી, અને તેજ વખતે **ડીલ્યુસ** લશકરી માન સાથ, રણ-સીંગડાં અને સરનાઇના અવાજ વચ્ચે **ક્લીઓપૅત્રા**ની દરબારમાં દાખલ થયો.

'બાહાદુર **એનટની**ના પેગામચી **ડીલ્યુસ**, મુબારક તારાં કદમ.' **ક્લીઓપૅત્રા**એ તેને હસ્તે ચેહરે આવકાર દીધો. 'હમારા શેહરમા તારૂં આવનું મુબારક. બીરાજ આ બેઠકે, અને માહાવીર **એનટની**ના પેગામથી હમુને જાણીતાં કર.'

'ઓ નામુવર મીસર.' **ડીલ્યુસે** નમી જવાબ દીધો. 'ઉત્તરથી દખણ અને પુર્વથી પશ્ચીમ સુધી તારાં રાજની આબાદી સદા વધતી જજો. તારી ફિકર અને ચિંતા સદા તુંથી દુર રેહજો, અને તારા દુશમન ઉપર તારી ફતેહ થજો. ઓ મીસરના સીતારા, મારા માહાવીર માલેક **એનટની**એ આ રૂકકો તું નામવરને સપુરદ કરવાનો મને હુકમ કીધોછે. આ રહ્યો તે. જો તારી ખાએશ હોય, તો તે હું તુંને વાંચી સંભલાઉ.'

'બેશક, ઓ **એનટની**ના પેગામચી, મેહરબાની કરી એ રૂકકો હમુને તું વાંચી સંભલાવ.' રાણી **ક્લીઓપૅત્રા**એ ફરમાવ્યું, અને તેજ વખતે **ડીલ્યુસે** તે રૂકકો ઉખેડી નીચે પ્રમાણે વાંચ્યો.

'બખ્તે બુલંદ, નામદાર મીસરની રાણી ક્લીઓપૅત્રા. તું નામવરની જનાબમાં આ પેગામ લખી હલગોશીસા-

થ રૂમની સરકાર તરફથી મને તું નામવરને જણાવવાની ફરજ પડી છે, કે આજ કેટલીક મુદત થઇ રૂમની સરકારના લાભ વિરૂધ મીસર પોતાનો રાજ વહિવટ ચલાવે છે. વધુ સત્તાધાર ખબર રૂમને એવી મળી છે, કે મીસરનું રાજ રૂમની દેખરેખ હેઠલ હોવા છતાં, તું નામદાર એક મોટો દરીઆઇ કાફલો રૂમ સાથ લડવા માટે એકઠો કરવાની તૈયારીમાં પડી છે. વળી તારાં પાયતખ્ત શેહર ખાતે વસતી રૈયતમાં બેદીલી ફેલાયલી માલમ પડી છે, અને જે વખત જાયછે તેમાં બળવાનો આતશ સલગી ઉઠવાની હમો હરેક વકી રાખીયે છીયે. તું નામદારની મીસરી રૈયત તારી આપખુદી અને બેદાદીની ફરીયાદ કરી રૂમ પાસ દાદ ચાહેછે. નાઇલ નદીને કિનારે આવેલાં તારે હસ્તકના અબુથીસ, સથી અને એનુના મુલકોમા બળવો ઉઠી ચુકયો છે, એવી ખબર રૂમને આજ મુદત થઇ મલી છે. એટલાં માટે રૂમની સરકાર તરફથી તુ નામદારને લખી જણાવવાનો મને હુકમ થયો છે, કે આ રૂકકો મળતાજ વગર ધીલે સીલીસ્યાના મુલક મધે એકદમ તારે તારસસ ખાતે આવી મને મળવું, અને તારી ઉપર મુકાએલાં બોહતાન બિશે ખુલાસો કરવો. રૂમની સરકારના આ બાદશાહી ફરમાનને જો તું નામદાર ધ્યાન ઉપર નહી લેશે, તો તેનો સરવે જોખમ તારે સર રેહશે.

રૂમની સરકારના ફરમાનથી
એંનટની.

આ પેગામ સાંભલતાંજ કલીઓપૈત્રાના ચેહરા ઉપર તરેહવાર રંગોને મેં બદલાતા દીઠા, અને જેવો રૂકકો પુરો થયો, કે તેવુજ તેણીએ બોલવા માંડયું:—

'ઠીક. સાંભલ ઓ બળવંત **એનટની**ના માનવંત પેગામચી **ડીલ્યુસ**. હમારા ઉપર જે જે બોહતાન રૂમની સરકારે મેલ્યાં છે, તે બીલકુલ ગલત છે. સબબ મીસરની તમામ ખલકત હમારા રાજ વહિવટ વિશે સાક્ષી આપી રૂમની સરકારની ખાતરી કરશે. હમારી રાજનીતિ વિશે, અને રૂમ સાંમે લડાઈ ઉઠાવવા વિશે જે બોહતાન હમો ઉપર મુકવામાં આવ્યા. છે, તેનો બચાવ કરવાનો આ વખત નથી. અને તેટલાં માટે તુને તેનો ખુલાસો આપવાની જરૂર નથી. હમારા પાયતખ્ત શેહરમાથી બેદીલીનુ નામ નિશાન નાબુદ થયલું છે. અને બળવાના આતશને હમો સુલેહના પાણીથી સદાનો બુઝાવેલોજ રાખ્યો છે. હમારી મીસરી રૈયત હમો ઉપર કુરબાન છે. સબબ તેમના પવિત્ર ધરમ અને મંદીરોનું હમો હમેશ રક્ષણ કરીયે છેયે. **એબુથીસ, સર્થી** અને **એનુ**ના મુલંકામાં બળવો ઉઠયો છે, એ ખબર બીલકુલ સત્તાવાર નથી. અને કદાચ તેમ જો હશે, તો રૂમની મદદ વગર હમો તે બળવો દબાવી દેવાને શક્તિવાન છૈયે. હમારી ઉપર મુકાએલાં નાપાયદાર બોહતાનોનો ખુલાસો કરવા માટે હમારૂ રાજ મુકી હમોને **સીલીસ્યા**ના મુલકમાં **એનટની** પાસ જવાની કાંઇ જરૂર નથી. હમારી પાસ ખુલાસો મેળવી પોતાની ખાતરી કરવાની જો **એનટની**ને ખાએશ હોય, તો હમારા મુલકના દરવાજા બળવંત **એનટની** માટે ખુશીથી હમોએ ખુલ્લા મુકયા છે. ભલે તે સીધારે. મીસર તેની મુલાકાત માન સાથ લેશે. મીસરનો આ જવાબ રૂમની સરકાર અને તેના પ્રતિનીધિ બળવંત **એનટની**ને માટે છે.'

કલીઓપૅત્રાનો ગુસ્સા ભરયો જવાબ સાંભલી દરબાર તમામ દંગ થાઇ ગઇ, અને **ડીલ્યુસે** નમીને કહ્યું :—

'ઓ મીસરની નામદાર રાણી, તું માહાબળવંત **એનટની** અને તેના ગુસ્સાને પીછાનતી નથી. મારી બેઅદબી માફ કરી મને બોલવાની રજા આપ નામવર, કે **એનટની**ને છેડવાથી મીસરને કાંઇબી લાભ થનાર નથી. ઓ માહેતાબાં, મારી એવી અરજ છે, કે આવી રીતે મને એકદમ તુરતા તુરત જવાબ આપવા કરતાં, તારા સલ્લાહાકારો સાથ એ વિશે મસલત કરી મને જવાબ આપે, તો બેહતર છે. આવો તુંદ જવાબ રૂમ કદીબી સાંખી જનાર નથી, અને તેમાથી ફેસાદ બરપા થયા વિના રેહનાર નથી.'

ડીલ્યુસના દાનાઇ ભરયા સખુનો **કલીઓપૅત્રાને** કાને ઠીક લાગ્યા, અને પોતે ગમભીર વિચારમા થોડો વાર પડી. **ડીલ્યુસ** તેણીના ચેહરા ઉપર થતો ફેરફાર સર નમાવી તપાસતો ઉભો.

અંતે **કલીઓપૅત્રા** પુર વિચાર કરી બોલી. 'આ બાબદ ઉપર હમો ધીરજથી વિચાર કરવાની મેહતલ માંગ્યે છિયે નામવર **ડીલ્યુસ**. તેટલો વખત હમારો તુ મેહમાન છે. આજથી આગિયારમે દીવસે તું હમારો જવાબ લેઇ તારે વતન પાછો ફરજે.'

'બેહતર ખુબ ઓ માલેકે મીસર. તારો આ ઠેરાવ ખરેખર દાનાઇથી ભરપુર છે.' **ડીલ્યુસે** નમી જવાબ દીધો. 'આજથી અગિયારમે દીવસે હુ મીસરનો જવાબ લેવા હાજર થઇશ.'

ફરીથી એકવાર **કલીઓપૅત્રા**ના હુકમથી દરબારના અમીર ઉમરાવો સફ સમારી ઉભા. રણસીંગડા અને સરનાઇ જોરથી ફુંકાવા લાગ્યાં, અને લશકરી માન સહિત **ડીલ્યુસે** દરબારમાંથી રૂખસત લીધી.

પ્રકરણ ૧૭ મું.

કલીઓપૅત્રાની નાતવાન હાલત—હારમેચીસે તેણીને આપેલી હિંમત—પીરૅમીડનો ભેદ જાણવાની ઇનતેજારી—છુપા ખજાના માટે મનકવરાવનો શ્રાપ—ખજાના વિશે હારમેચીસે ખોલેલો ભેદ—પવિત્ર ખજાનો નજરે જોવાનો શોખ—હારમેચીસ સાથ પરણવાની કલીઓપૅત્રાની કબુલાત અને તેણીએ લીધેલા કસમ—છુપી સફર.

જે દીવસે ઉપલો બનાવ બન્યો, તેજ દીવસે રાત્રે **કલીઓપૅત્રા**એ મારી સલ્લાહ લેવા, તથા મારી સાથ મસલત કરવા મને પોતાની પાસે બોલાવી મંગાવ્યો. મેં તેણીની હાલત ઘણીજ તબાહ દીઠી. તે એવી તો બેકરાર અને બેચેન દેખાવા લાગી, કે તેથી મારૂં સંગ જેવું કઠણ દીલ મોમ જેવું નરમ થાઇ ગયું.

દીવાનખાનામા તે એખલીજ હતી. વિચારમાને વિચારમા એક છેડાએલી વાઘણ મીસાલ **કલીઓપૅત્રા**ને મેં હિંયાથી ત્યાં અને ત્યાંથી હિંયાં ફરતી દીઠી.

જેવો હું દીવાનખાનામા દાખલ થયો, કે તે મારો હાથ પકડી બોલી. 'કોણ ! **હારમેચીસ** !! ઓ મારા મદદગાર રફીક. મને તારી ઉમદા સલ્લાહ અને મદદની ઘણી જરૂર છે. **હારમેચીસ**, હું બદનસીબ મારી બચગીથી આજ સુધી કદીબી નિરાંતે જંપી બેઠી નથી. મારા કીસમતની કીતાબમા સુખ અને શાંતીના નાંમ ઉપર છેકો મરાએલો હોય એમ હું માનુ છું. તારાં ઝેરી ખંજરની ચુંગાલમાથી મારી જીંદગી બચાવવાને હજી તો વખત થયો નથી, તેટલાં વલી આ નવી બલાનુ વાદલ મારે માથે ઘેરાઇ

આવ્યું છે **હારમેચીસ** એ **એનટની**ને હું અચ્છી રીતે ઓળખું છું. મેં એને દીઠો છે. તે બળમાં પુરો છે ખરો, પણ તેમ અક્કલમા અધુરો છે. અરધો જો મુર્ખ કેહું તો ચાલશે. જેઓને તે ચાહે છે, તેઓ ઉપર તે જીવ આપે તેવો છે, તેમજ જેઓ ઉપર તે રૂઠે છે, તેઓની ખુવારી કરવા તે ચુકતો નથી. દીલે જેટલો તે ઉદાર છે, તેટલોજ કપટી અને બેરેહમ છે. જો હું તેના ફરમાનને માન આપી તેને મળવા **સીલીસ્યા** નહી જઇશ, તો તેનુ અપમાન થાશે, અને મારી ઉપર રૂમે મુકેલાં બોહતાનનો જવાબ આપવાની તે મને જાહેરમા ફરજ પાડશે. મને તે નામોશી લગાડશે, અને મારી ઇજ્જતની બરબાદી કરી મને ખુવાર કરવાને તે બેકદર જરાબી અચકાશે નહી. મારી ખુવારી થશે. એટલુંજ નહી પણ મારી સાથ મીસરની તે પાયામાલી કરશે. અરે આ સુંદર વતનની તે ધુલધાની કરી મારૂ રાજ તારાજ કરશે. ત્યારે હવે કેમ?'

'કેમ!!' મારૂં દીલ **એનટની**ના જુલમની વાત સાંભલી તપી આવ્યાથી હું ઉસકેરાઇ બોલ્યો. 'કેમ!! એ શું બોલી સુંદર!! આપણુ તેને મારી હટાવશું! રણુ જગાડશું! જમીન ઉપર લોહીની નદી વેહતી કરશું? ભલે આવે રૂમ અને તેનો હિમાયતી **એનટની. નાઇલ** નદીના દરવાજા ખુલ્લા છે. કાઇબી માતાનો પુત આવે મીસરની સાંમે. મીસરની માતાઓની છાતીનુ દુધ ધાવી ઉધરેલા બેટાઓ મીસરમા જીવતા પડેલા છે. તેઓ હજી મુવા નથી, એટલે મીસરને પરદેશીઓથી ડરવાની જરૂર નથી. **હારમેચીસ** તારી અને મીસરની સેવામા હાજર છે. આવવા દે **એનટની** જેવા એક સો **એનટની**, અને મારવા દે પેહલ્લાં **હારમેચીસ**ને જાનથી, અને પછી ભલે જાએ મીસર રૂમને તાબે. પણ ત્યા સુધી તો નહીજ, ઓ મીસરના માહાતાબ.'

'અરેરે મારા બુરા ગ્રહની તાસીર.' રાણી બળાપો કરી બોલી. 'પ્યારા **હારમેચીસ**, તારે હાથ જતો મારો જીવ જે મેં દગાઇથી બચાવ્યો હતો, તે જો હું નહી બચાવતે તો જરૂર મીસરના તખતનો તું માલેક થતે, અને ત્યારે તું રણુ જગાડી બેશક મીસરને બચાવી શકતે, સબબ

તારા સખુન ઉપર ફુલ મીસર જાન આપતે. પણ હું નહી ધારતી, કે મારે માટે મીસરના બેટાઓ કાંઇબી કરે, અને મીસરને આફતમાથી બચાવી લે. શું તારાં માણસો મને મદદ કરશે? તેઓ જો મને મદદ આપવા કબુલે તો એખલા **એનટની** સાંમે નહી, પણ આખ્ખાં રૂમ સાંમે હું કંમર બાંધી બાર પડું. પણ અફસોસ ! હું સરવે બાજુથી સંકડાસમા આવી ગઇ છું. પેહલાં તો રાજનો ખજાનો ખુટી ગયો છે. જો ખજાનો ભરપુર હતે, તો લશકર એકઠું કરતા વિલંબ નહી લાગતે. ખજાના વગર હું કાંઇ કરી શકતી નથી. પણ **હારમેચીસ**, 'તેણીને કાંઇ યાદ પડવાથી એકાએક વાત બદલી તે બોલવા લાગી. 'પેલા મીસરના પવિત્ર '**પીરૅમીડ**' વિશે અફવા છે, કે તે '**પીરૅમીડ**'ની તલેતીમા છુપ્યો ખજાનો ગાડેલો છે! શું તે ખરી વાત છે? એ ભેદોથી તું જાણીતો હોવો જોઇએ ! અગરજો એ પુરાની અફવા ખરી હકિકત હોય, તો તારા દેશને ખાતર, તારાં વતનને ખાતર, તારા પવિત્ર દેવતાઓના મંદીરોની સલામતીને ખાતર આ વખતે કહી દે, કે તે ખજાનો મેળવી પરદેશી દુશમનોને હાથ જતું આ પ્યારૂં વતન આપણ સદાનુ છોડવી લઇએ.'

આ વાત તો મીસરના બચાવની આવી, એટલે હું વિચારમાં પડયો. અંતે લાંબો વિચાર કરી મેં જવાબ દીધો:—

'અને કદાચ ધાર ઓ માહેતાબાં, કે ઘડીભર તે અફવા ખરી હકિકત હોય, તો **તે ખજાનાનો ઉપ્યોગ તું મીસરના બચાવ માટેજ કરશે,** એમ હું કેમ જાણું?'

'ત્યારે ખરેખર એ **પીરૅમીડ**ના પેટમા કોઇ છુપો ખજાનો છે ખરો!' તે ઘણીજ અજબ થઇ બોલી. 'કેહ, કેહ **હારમેચીસ**. રેતીના રણમાં ભુલો પડેલો એક તરસ્યો મુસાફર પાણી માટે જેમ વળખાં મારે છે, તેમ આવે વખતે મારા દેશના બચાવ ખાતર ખજાના માટે હું વળખાં મારૂછું.'

'હું જાણુંછું,' કે એ **પીરૅમીડ**મા ખજાનો છે ખરો. પણ મેં કદીબી તે મારી નજરે જોયો નથી.' મેં જવાબ દીધો. 'પણ એટલું તો હું ખાતરીથી કહી શકુછું રાણી, કે એ **પીરૅમીડ**મા જે ખજાનો ગાડેલો છે, તે જો કોઇએ

આજ સુધી કાહાડી લીધો નહી હોય, તો તે ત્યાંજ હોવો જોઇએ. સાંભલ ઓ મીસર. **કોઇબી શખસને તે ખજાનાનો ઉપ્યોગ કરવાની મનાઇ છે. અને જો એ મનાઈ છતાં કોઇબી શખસ પોતાની મતલબ યા ગરજને ખાતર, ભલી કે બુરી નેમથી તે ખજાનો લેવાની તજવિજ કરે, તો પવિત્ર મનકવરાના બુરામા બુરા શ્રાપનો તે ભોગ થાય.** ત્રણ હજાર વર્ષની આગમજનો આ ખજાનો તે **પીરૅમીડ**માં ડટાયલો છે. અને મીસરના તખત ઉપર જુદા જુદા જમાનામા જુદે જુદે વખતે રાજ કરી ગયેલા ત્રણ રાજાઓને તે ખજાનો તેમની તંગીના વખતમાં તેમને દેખાડેલો હોવા છતાં, તેઓએ **મનકવંરા**ના શ્રાપથી ડરી તેને હાથ લગાડવાની વટીક હિંમત કરી નથી. ત્યાર પછી તે ખજાનાનુ શું થયુ તેથી હું બેખબર છું.'

'ખરેખર!' આ ભેદ સાંભલી તે અજબ થઇ બોલી. 'ત્યારે તે ત્રણે રાજાઓ બેશક હિચકારા હોવા જોઇએ. અને તેમ નહી તો તેઓની ગરજવંત હાલત મારા જેટલી તંગ નહી હશે. **હારમેચીસ**, મને તે ખજાનો તું દેખાડશે?'

'કસ્સાંને માટે નહી, તો મારાં વતન મીસરને માટે, અને **એનટની**ના હાથમાથી મીસરને બચાવવા ખાતર, તે ખજાનો હું જરૂર તુને દેખાડીશ.' મેં તુરતજ કહ્યું. 'પણ તારે કસમ લેવા જોઇએ, કે તે ખજાનો ફકત મીસરને બચાવવા માટેજ ખરચવો.'

'તું કેહ તેવા કસમ લેવા હું તૈયાર છું.' રાણી બોલી. 'પવિત્ર દેવતાઓના કસમ લઇ તારી ખાતરી કરવા હું રાજી છું **હારમેચીસ**. એ ખજાનો જો તું મને દેખાડે, તો **એનટની**ના તુંદ પેગામનો **ડીલ્યુસ** પાસે હું કેવો જવાબ મોકલાવીશ તે તું જોશે. એટલુંજ કરી હું બેસનાર નથી **હારમેચીસ**. પણ જેમ બને તેમ જલદી તારી સાથ લગનના ગાંઠથી બંધાઇ, મારા ખાવિંદ તરીકે તુને કબુલ કરી, હું દુનીઆને તે જાહેર કરીશ, એટલે દુશમન સાંમે દેશના બચાવ કારણે તુને વાજબી લાગે તેવાં પગલાં ભરવાને તું મુખ્ત્યાર થશે.'

"આવી કિસમનું **કલીઓપૅત્રા**નું બોલવું મને એટલું તો સચ્ચાઇથી ભરેલું લાગ્યું, કે સેહજબી હું તેણીના બોલવા ઉપર શક લઇ ગયો નહી, અને તેજ વખતે મેં જવાબ દીધોઃ—

'મારે કબુલ છે. તું એ વિશે કસમ લેવા તૈયાર છે **કલીઓપૅત્રા**?'

'આ ખુશીથી. હું કસમ લેઇ તારી ખાતરી કરૂંછું **હારમેચીસ**.' તે ગમભીર અવાજે બોલી. 'કસમ છે મને તે પેદા કરનારના. અને કસમ છે મને સાતો આસમાન, જળ, જમીન, પાહાડ અને પવનના. કસમ છે તેજગ કરતાના પાક નુર પવિત્ર આતશના. અને કસમ છે આકાશ ઉપર રાજ કરતા સુર્ય અને ચંદ્રના. કસમ છે ગગન ઉપર ચોકી કરતા સરવે સીતારાઓના. કસમ છે મીસરના પવિત્ર દેવતાઓ અને તેમના તમામ પાક મંદીરોના, અને કસમ છે પાક **ઓસાઇરીસ**, અને પવિત્ર **આઇસીસ** માતાના. જો હું મારા આપેલા વચનથી જરાબી ફરૂં, તો તેઓના શ્રાપના સરવે સંકટ અને કેહર મારી ઉપર પડજો.'

એમ કહી મારાં કપાલ ઉપર તેણીએ એક ચુંબન કીધું, અને મેં પણ તેનો બદલો તેણીને તેવીજ રીતે ચુંબનથી આપ્યો.

પણ અરેરે દુરભાગ્ય! અગરજો પેલી અદેખી **ચારમીયન** ફરી મારી અને **કલીઓપૅત્રા** વચ્ચે આવી નહી હતે, તો ખચીત મીસરની રાણી મારી સાથ લગનનાં ગાંઠથી બંધાતે, અને હું મારા બાપદાદાના તખત અને તાજનો માલેક થતે.

હમોએ મોડી રાત સાથે બેસી ખુશખુશાલી અને એશઅસરતમા ગુજારી. મેં મીસરના **પીરૅમીડ**ના સરવે ભેદ ભરમથી **કલીઓપૅત્રા**ને ખબરદાર કીધી, અને સેવટે એવો ઠેડાવ કરી હમો છુટ્ટાં પડયાં, કે આવતી કાલે તે પવિત્ર ખજાનો મેળવવા હમારે મેહલમાથી છુપી રીતે એકદમ તે તરફ મુસાફરીએ નિકલી જવું.

પ્રકરણ ૧૮ મું.

છુપી સફર—પીરૅમીડના પેટમા મુસાફરી—બેમાલુમ દરવાજાની છુપી કળ—કલીઓપૅત્રાનુ પીરૅમીડની તલેતી સુધી જઇ પુગવું—મનકવરાની કબર.

હમારી સફર છુપી રીતે તૈયાર રખાવેલી એક બાદશાહી કિસ્તી અંદર બીજે દીવસે હમોંએ શરૂ કીધી. સફર દરમ્યાન હમોને કોઇ ઓળખે નહી, માટે મે એક બનત્રાલુનો વેશ ધારણ કીધો, અને **કલીઓપૅત્રા** એક નિકાબદાર મીસરી ઓરતના પોશાકમા તૈયાર થઇ. હમારી આ ખાનગી સફરમા હમારી સાથ ખલાસીના લીબાસમા **કલીઓપૅત્રા**નો એક ખાસ હિજડો અને બીજા નવ વિસ્વાસુ નોકરો મળી દસ જનનો રસાલો હતો.

પવન પીઠનો મળવાથી **નાઇલ** નદીના સ્થીર પાણીની સપાટી ઉપર હમારી કિસ્તીએ પોતાંની સફર ફતેહમંદી સાથ કાઇબી અકસમાત વિના ત્રીજે દીવસે પુરી કીધી.

સફર પુરી થતાંજ **કલીઓપૅત્રા** સાથ હું કિનારે ઉતરયો, અને કિસ્તી ખલાસીઓને સ્વાધીન કરી, પેલા વિસવાસુ હિજડાનેસાથે લેઇ, હમોએ આગલ ચાલવા માંડયું, સબબ મીસરના **પીરૅમીડ** હજી ઘણા દુર હતા. રાતની ચંદની વચ્ચે હમો ત્રણે આગલ વધ્યાં, અને ડરામની એકાંત જગ્યાઓ પસાર કરી, લગભગ બે કલાકમા હમો હમારી મુસાફરી પુરી કરી અંતે પેલા મશહુર **પીરૅમીડ**ની નજદીક જઇ ઉભાં.

આ આસમાન સાથ ટક્કર મારી રેહલા ગંજાવર **પીરૅમીડ**ની ઉચાઇ. તેમની બુલંદી, કદ અને સફાઇ, તથા ચાંદની રાતના ઉંજાસ વચ્ચે તેમનો ચલકાટ જોઇ **કલીઓપૅત્રા** અજાએબીથી છક થાઇ બોલી. 'શું આ **પીરૅમીડના બીત્તરમા આપણને જવું પડશે હારમેચીસ** !'

'હા, ઓ રાણી.' મેં જવાબ દીધો. 'એજ **પીરૅમીડ** અંદર આપણને ઉતરવું પડશે. જેટલો એ **પીરૅમીડ** ઉચ્ચો દેખાય છે, તેટલુંજ આપણને જમીન અંદર નીચે ઉતરવું પડશે. વખત આપણા હાથમાં ઘણોજ થોડો રહ્યો છે. સહવાર પડવા આગમજ કામ પુરૂં કરી કિસ્તી તરફ આપણને પાછું ફરવું જોઇએ. હિંમત પકડ રાણી, અને હુશિયાર થા. હું અંદર દાખલ થવાનો છુપો મારગ શોધી કાહાડુછું.'

'**હારમેચીસ**, મારા હિજડાને તારી સાથે લઇ તું અંદર જાય તો ઠીક.' **કલીઓપૅત્રા પીરૅમીડને** જોઇ પોતાની હિંમત હારી બોલી.

"નહી ઓ રાણી.' મેં સખતાઇથી જવાબ દીધો. 'તેમ બનશેજ નહીં. તારે ખાતર તો શું, પણ ખુદ મીસરની સલામતીને ખાતર પણ હું એ કામ કરૂં નહી. કારણ, સરવે પાપો કરતાં આ પવિત્ર ખજાનો હાથ કરવાનુ કામ વધારે પાપી છે. મારાથી એ ખજાનો લેવાય નહીં, કારણ હજી હું મીસરનો રાજ કરતા થયો નથી. ફકત મીસરના રાજકરતાએજ તે ખજાનો મીસરના સંકટ સમે લેવો ઘટે છે. હું એ ભેદભરમનો જાણકાર હોવાથી, ફકત મીસરના ગરજવંત રાજકરતાને આ જગ્યા દેખાડી શકું, અને તે ખજાનો લેવામા શું શું જોખમો સમાયલા છે, તે વિશે તેની ખાતરી કરી આપવી એ મારી ફરજ છે. અને એથી વધારે હું કાંઇબી કરૂં એમ નથી. મારી એ ફરજો બજાવ્યા પછી, તે શખસના ધ્યાનમાં જો વાજબી લાગે, તો તે ખજાનાનો તે ઉપયોગ કરે, અને તેમ કરવામાં જો તે કાંઇબી ખોટું કરે, તો પવિત્ર **મનકવરાના** શ્રાપનો કોપ તેને શીર ઉતરે. **કલીઓપૅત્રા, મનકવરા**ના પવિત્ર મંદીરમા રાખેલી પુરાણી નોધોમાં એવું નોધાયલું છે, કે આજ સુધીમાં ત્રણ મીસરના બાદશાહોને કાંઇક ગરજ પડવાથી એ ખજાનો મેળવવા તેઓ **પીરૅમીડ**માં દાખલ થયા હતા, પણ અંદર દાખલ થયા બાદ; **મનકવરા**ના શ્રાપથી ડરી એ ત્રણે બાદશાંહોએ પોતાના વિચાર ફેરવ્યા હતા.'

મારા સખુનો સાંભલી **કલીઓપૅત્રા** વિચારમાં પડી. છેક હીયાં આવ્યા પછી હિંમત હારી પાછુ ફરવું એ તેના જેવી એક ઓરતને શરમાવા જેવું લાગ્યું, અને તેથી તે હિંમત કરી બોલી:—

'કાંઇ નહીં. જો એમજ છે, તો એ ખજાનો મારી નજરે જોયા વગર કાંઇપણ સેવટ ઉપર હું આવી શકતી નથી.'

'ઠીક.' મેં જવાબ દીધો, અને તે ગંજાવર **પીરૅમીડના** પેટમાં દાખલ થવાની છુપી જગ્યા, કે જેની કળ મારા સિવાય બીજા કોઇને ખબર નહીં હતી, તેની શોધમાં હું ચોકસ નિશાનીઓ તપાસવા લાગ્યો. અંતે તે **પીરૅમીડની** તલેતી આગલ એક ચોકસ નિશાનીવાલી જગ્યા મેં શોધી કાહાડી, અને અંદર દાખલ થવાના દરવાજાની છુપી કળને ચંદ્રના ચલકાટ વચ્ચે મેં ઓળખી.

મેં તે કળ તુરતજ શોધી કાહાડી. તે દાબતાંજ **પીરૅમીડની** પુરાણી દેવાલ અંદર જડી લીધેલો એક ગંજાવર પથ્થર અલગો થઇ આપોઆપ અંદર લપસી ગયો, અને એક આદમી અંદર આસાનીથી દાખલ થાય તેટલું બકારૂં મારી નજરે પડયું. જેવો તે પથ્થર અંદર લપસી ગયો, કે તેજ વખતે એક ગંજાવર મોટા કદનું વણુવાગળું અંદરથી બાહાર નિકલી આવી **કલીઓપૅત્રાના** માથાં ઉપર ચક્કર ખાઇ ઉડવા લાગ્યું, અને એવી રીતે કેટલોક વખત ઉડી તે હવામાં ઉંચે નિકલી ગયું. વાગળાંને પોતાના માથાં ઉપર ઘુંમતુ જોઇ **કલીઓપૅત્રા** ધભરાટમાં પડી, અને પેલો હિજડો તેજ વખતે ધાસતી ખાઇ જમીન ઉપર ફસડાઇ પડયો.

મને લાગ્યું, કે આ પંખી કોઇ નહીં પણ પવિત્ર **મનકબરાનું** પાક રૂહ, વાગળાંના આકારમાં પેલા છુપા ખજાનાની રખેવાલી કરતું હોવું જોઇએ. **કલીઓપૅત્રાને** મેં હિંમત આપી, પેલા હિજડાને હુશિયાર કીધા બાદ, મારી કંમરે બાંધેલું એક ન્હાનું ફાનસ મેં સલગાવ્યું, અને હવે પેલાં બકારાંમાંથી હમો ત્રણે જન એક પછી એક ઘણી મુશકેલીથી **પીરૅમીડનાં** પેટ અંદર દાખલ થયાં.

પીરૅમીડના પેટમાં એવી રીતે દાખલ થયા પછી તેની તલેતી તરફ જવાના રસતાનો એક નકશો, જે હું મારી સાથે લઇ આવ્યો હતો, તે મારાં ફાનસની ઝાંખી રોશનીના ઉજાસ વચ્ચે તપાસી હું મારા સોબતીઓ સાથ આગલ વધતો ગયો.

તલેતી તરફ જવાનો રસતો મને બેહદ મુશકેલ અને ઉતરાણ અને ચહડાણવાલો લાગ્યાથી, પેહલું ઉતરાણ પુરૂં થતાંજ, પેલા હિજડાને હમો પાછાં ફરીએ ત્યાં સુધી ત્યાંજ બેસી રેહવા ફરમાવી, હું **કલીઓપૅત્રાને** લઇ આગલ ચાલ્યો.

કેવી અંધારી! અને કેવી દીલ ફાડે એવી ચુપકીદી! ગોયા ખુદરત બોલી રહી હતી, અને દુનીઆની હસ્તી ફના થઇ ગયા બાદ, કાંઇ બાકી રહ્યુંજ નહી હોય, એવું મને લાગ્યું. તોપણ હિંમત ધરી ધીમી બતીના ઝાંખા ઉજાસ વચ્ચે, ત્રણ હજાર વર્ષની જુની અને ઘેરાઇ રેહલી હવામાંથી, હમો અતિશય હલવે હલવે આગલ ચાલતાં હતાં, સબબ હમારા પગ હેઠલનો રસતો ફરસબંધી કરેલો હોવાથી ઉતરાણવાલી જગ્યા ઉપરથી તે ઘડી ઘડી લપસી જતા હતા.

નકશાને આધારે ઘડીમાં જમની તરફ તો ઘડીમાં ડાબી તરફ, ઘડીમાં વાંકા તો ઘડીમાં સિધ્ધા, ઘડીમાં ચહડાણ તો ઘડીમાં ઉતરાણ પુરૂ કરી, સેવટે હમો એક સાંકડાં દીવાનખાનામાં આવી પુગ્યાં. **કલીઓ-પૅત્રા** ઠાકી જવાથી જમીન ઉપર ત્યાંજ બેસી ગઇ, અને હું પણ આસાએશ ખાતર તેણીની પાસે બેઠો.

'ઉઠ ઓ• માહે મીસર.' મેં થોડો વાર રહી કહ્યું. 'હવે વખત ખોવામાં સાર નથી.'

'શું! હીયાં તે ખજાનો ગાડેલો છે **હારમેચીસ**!' તેણીએ બેઠાં બેઠાં પુછ્યું. 'હું તો બીલકુલ ઠાકી ગઇછુ. ગરમી એટલી બધી પડેછે, કે હવે વધુ વાર હું તે સાંખી શકનાર નથી. મારો જીવ અત્યારથીજ ગભરાવા લાગ્યોછે.'

'હિંમત ધર **કલીઓપૅત્રા.**' મેં જવાબ દીધો. 'હજી આ દીવાન-ખાનાની નીચે આપણને જવું પડશે. આ દીવાનખાનાની હેઠલ એક છુપું ભોંએરૂં છે. તે અંદર દાખલ થવાનો એક છુપો દરવાજો છે, એમ આ નકશામાં જણાવેલું છે. એ દરવાજા માટે જમની બાજુની દેવાલ આગલ આપણને તપાસ કરવી પડશે.'

કલીઓપૅત્રાને લઇ હું જમની બાજુ તરફ ગયો, અને દેવાલની સરતે જમીન ઉપર છુપી કળની શોધ કરવા લાગ્યો. મેં તે કળ તુરતજ શોધી કાહાડી. તે કળ દાબતાંજ જમીન અંદર ગોઠવેલો એક પથ્થર અલગો થઇ અંદર લપસી પડયો, અને એક માણુસ અંદર આસાનીથી જાઈ તેટલું બકારૂં મારી નજરે પડયું. બતીના ઉજાસ વચ્ચે હમો તે બકારાંમાંથી અંદર ઉતરવાની તજવિજ કરતાં હતાં, તેટલાં તે બકારાંમાં એક સાંકડો પથ્થરનો દાદર મારી નજરે પડયો. એ દાદર ઉપરથી હું **કલીઓપૅત્રાને** લઇ હલવે હલવે હેઠલ ઉતરવા લાગ્યો, અને અંતે હમો બંન્ને જન એક અતી સાંકડાં અંધારાંઘોર જેવાં દીવાનખાનામાં જઇ ઉભાં.

તે એક દીવાનખાનું હતું કે ભોંએરૂં તે હું કહી શકતો નથી. પણ આસપાસ નજર કરતાં માલમ પડયું, કે પવિત્ર **મનકવરાની** કબર રૂબરૂ હમો બંન્ને આવી ઉભાં હતાં.

પ્રકરણ ૧૯ મું.

**રામેસીસના કલામ—મનકવરાની પવિત્ર કબરનું ફોડવું-
કલીઓપૅટ્રાએ હારમેચીસ સાથ લગન કરવા આપેલો વચન-
ત્રણ હજાર વર્ષના જુનાં મુરદાં ઉપર આઝાબ—
મનકવરાના શ્રાપ—મનકવરાનાં મુરદાંને ચીરવું-
ખજાનાનો ભંડાર અને બે બેમુલ મોતીનું હાથ
લાગવું—હારમેચીસ અને કલીઓપૅટ્રાનું
પીરૅમીડમાંથી બાહાર નિકલવું.**

એસિહા દીવાનખાનાની વચ્ચોવચ એક ગંજાવર કદના માણસની સીફ્લના* ગોધાની પીઠ ઉપર પવિત્ર **મનકવરાની** કબર ઉભી કરેલી હમોએ દીઠી.

આવી એક એકાંત અને ગંભીર જગ્યામાં ડરામણી ચુપકીદીથી હમો બંન્ને જન ધાસ્તીથી અધમુવાં જેવાં થવા લાગ્યાં. હમારાં માથાં ઉપર ઉંચે નજર કરતાં હજારો 'ફીટની' ઉંચાઇવાલો ગંજાવર મીનારો પોતાનું પડારોકું ડાચું વકાસી રેહલો હમુને દેખાતો હતો. જે રીતે આ **પીરૅમીડ**ની તલેતી સુધી હમો આવી પુગ્યાં હતાં, તે ઉપરથી મેં સુમારે નક્કી કીધું, કે ઓછામાં ઓછા જમીનની સપાટીથી દસ હજાર 'ફીટ' હમો નીચે ઉતરી પડેલાં હતાં. આવી એકાંત જગ્યામાં આ દગલબાજ દુનીઆની જંજાલો છોડી હંમેશની નિંદમાં પડેલા, એક પવિત્ર માણસની કબર ફોડી તેની નિંદમાં ખલલ કરવા સેંહકડો ગાઉની મંજલ કાપી હમો આવ્યાં હતાં.

'જો રાણી, **કલીઓપૅટ્રા**.' બતીની રોશનીના ચલકાટ વચ્ચે મારી નજર દેવાલ ઉપર કોતરેલા એક લેખ ઉપર પડવાથી મેં કહ્યું. 'આ દેવાલ ઉપર કોતરેલો લેખ જોયો ?'

---

* એવી કીસમની મુરતીને ઇંગ્રેજીમાં "સ્ફિન્કસ" કરી કેહ છે.

'વાંચ હારમેચીસ.' રાણીએ ધીમે અવાજે જવાબ દીધો. 'હું તે વાંચી શકતી નથી.'

તેણીના કેહવાપરથી હું તે દેવાલ ઉપરનો લેખ વાંચવા લાગ્યો, અને કલીઓપૅત્રા મારી પાછલ ઉભી રેહી સાંભલવા લાગી.

'ઓ વાંચનાર.

હું રામેસીસ, મારી બેહદ તંગીથી લાચાર થઇ, એક વખતે આ પવિત્ર કબરની મુલાકાતે આવ્યો હતો. મારા ખજાનાની હાલત તે વખતે એવી તો બતંગ થઇ પડી હતી, કે પવિત્ર મનકવરાનો છુપો ખજાનો મેળવવાની ઉમેદમાં બેહદ રંજ ઉઠાવી હું આ જગ્યાએ આવી પુગ્યો, પણ મારા અંતઃકરણે પવિત્ર મનકવરાના શ્રાપનો કોપ માથે લેવાની હિંમત કરી નહી, અને હું તે ખજાનાને પડતો મુકી ખાલી હાથે પાછો ફરયો હતો. વાસ્તે મારી પાછલ જેબી કોઇ એ ખજાનો મેળવવા આવે, તેણે મનકવરાના શ્રાપનો વિચાર કરી કદમ આગલ ભરવું, અને મીસર સરજમીન જો ખરેખર ખજાના વગર બચી શકતી નહી હોય, અને બીજો કાઇજ ઇલાજ તારી પાસ રહયો નહી હોય, તોજ જે ખજાનો મેં હીયાંથી નથી લીધો, તે તારે લઈ જવો.'

પણ એ ખજાનો કયાં છે? હીયાં તો કાંઇબી નજરે પડતું નથી? કલીઓપેત્રા આસપાસ જોઇ બોલી.

તે ખજાનો હીયાંજ છે.' મેં જવાબ દીધો. 'હુ જાણું છું કે તે કયાં છુંપાવેલો છે. જો આ કબરની અંદર પવિત્ર મનકવરાનું મુરદું બંધ કરેલું છે. એ મુરદાંને આજે ત્રણ હજારથી વધારે વર્ષ થયાં આ કબરમાં બંધ કીધું છે. રાણી કલીઓપૅત્રા, જે વખતે એ મુરદાને આ કબરમાં બંધ કીધું હશે, તે વખતે આ દુનીઆની હાલત કેવી હશે તેનો ખ્યાલ કર! ચાલ તે મુરદું હવે હું તુને દેખાડું!'

પેલા માણસની સીકલના ગોખાની પીઠ ઉપર હમો બંને જન ચહડી

ગયાં, અને તે ઉપર બાંધેલી કબરનું ઢાંકણુ હલવેથી હમોએ ઉંચકી લઇને તે કબરનું મોહડું ખોલ્લું કીધું.

એમાં તો ફક્ત એક મુરદાંની પેટી સિવાય બીજું કાંઇબી નજર નથી પડતુ હારમેચીસ ?' રાણીએ અંદર નજર કરી કહ્યું.

'એ પેતી આપણુને બાહાર કાહડવી પડશે.' મેં કહ્યું. 'હું અંદર ઉતરી એ પેટીને ઉંચકી ઉભી કરૂં છું. એનો એક છેડો જેવો હું ઉંચકી આપું કે તું તેને પકડી ખેંચી લેજે.'

એવી રીતની ગોઠવણુ કરી હું તે કબરમાં કુદી પડયો, અને કાંઇક મેહંનતે હમો બંન્ને જને તે મુરદાંની પેટી કબરમાંથી બાહાર કાહાડી, તે ઉપર ત્રણુ હજાર વર્ષની એકડી થાએલી ધુલ અને ગીરદ મેં ઝાટકી નાખી, તો તે પેટીના ઢાંકણુ ઉપર નિચલો લેખ કોતરેલો મેં વાંચ્યો.

'ફેરાઉન મનકવરા. આઇસીસ અને ઓસાઇરીસનો પસંદ કરેલો—સુર્યવંશી ઓલાદનો—આસમાની દરજાનો—ખુદાની ગેબી શક્તિને પીછાણુનારો—ફેરેશતાની ખસલતનો, પવિત્ર મીસરનો માલેક અને બાદશાહ.'

આ લેખ વાંચી તે પેટીનું ઢાંકણુ ખોલવાની હુ તજવિજ કરવા લાગ્યો, અને **કલીઓપૅત્રા** મને તેમાં મદદ કરવા લાગી. અંતે હમોએ તે પેટીનું ઢાંકણુ ઉંઘાડયું, અને ત્રણુ હજાર વર્ષની મુદત ઉપર ગુજર પામેલા ફેરાઉનનું મુરદું તે પેટીમાં બંધ કરેલું હમારી નજરે પડયું.

કદમા તે મુરદુ ઘણું મોટું હતું, અને તેને પીલાં રંગના કપડાંમાં લપેટી આસમાંની રંગના પટાથી વિટાલી લીધું હતું. તે મુરદાંની છાતી ઉપર એક સોનેરી તખ્તી બાંધી હતી, જેની ઉપર નિચલો લેખ કોતરેલો હતો :

'હું એસિરીયન મનકવરા, મીસરનો ફેરાઉન, ખુદાના હુકમ ઉપર જાન સદકે કરનાર. મારા તખ્ત ઉપર મારા મુવા બાદ જેબી કોઇ શખ્સ બાદશાહી કરે, તેને આ સખુનો હું મારી કબરમાંથી કહું છું.

સાંભલ. નેહાયત જેહમત અને રંજ ઉઠાવી હીયાં સુધી આવી મારી કબર ફોડનાર ઓ માનવી ! મારાં તખ્ત ઉપર બેસી બાદશાહી કરનાર. એક વખત મને મારી જીંદગી દરમ્યાન સ્વપનામાં એવી આગાહી થઇ હતી, કે મારા મુવા પછી કુલ મીસરનો મુલક પારકી કોમના હાથમાં જઇ પડવાની ફિકરમાં આવી પડશે, અને રાજની હાલત ખજાનાની તંગીને લીધે બતંગ થઇ પડશે તથા ખજાના વગર એ વ્હાલાં વતનનો બચાવ કરવા મીસરનો માલેક બીલકુલ લાચાર, અને લાઇલાજ થઇ પડશે. એ આગાહીને મેં આસમાની ફરમાન તરીકે સમજી, મીસર સરજમીનના બચાવ માટે અને મીસરના પવિત્ર દેવતાઓના પાક મંદીરોને દુશમનોને હાથ જતાં બચાવવા માટે, મારી તમામ દોલત અને બેમુલ જવાહેર મેં હીયાં એકઠું કરી છુપાવી રાખ્યું છે. એ મારો ખજાનો મીસરની એવી બતંગ હાલતના વખતનેજ માટે મેં છુપાવ્યો છે, અને તેજ કારણ માટે એ મારી દોલતનો ઉપયોગ કરવાની મારી તુને રજા છે. માટે કોઇબી પાપી આપમતલબીએ પોતાની બતંગીને ખાતર, અથવા પોતાના ઉપયોગને ખાતર આ દોલતને હાથ લગાડવો નહીં. એટલાં માટે હું કહું છું, ઓ મીસરના બાદશાહ, કે મીસરને બચાવવા કાજ અગરજો તુને ખજાનાની ગરજ પડી હોય, અને દુશમનને હાથથી મીસરને છોડવવા માટે તારાં રાજનો ખજાનો અગરજો બીલકુલ ખુટી ગયો હોય, તો બેદેહશત કાંઇબી ઢીલ કીધા વગર મને મારી કબરમાંથી કાહાડી મારાં આંગ ઉપરના તમામ વસતર તું ફાડી નાખજે, અને મારી છાતીને પેટ સુધી ચીરી નાખી તે મધે છુપાવેલો મારો ખજાનો લીધા બાદ મારી લાસને મારી કબરમાં પાછી મુકજે. પણ યાદ રાખજે ઓ શખ્સ, કે જો તારી કાંઇ ખાનગી મતલબ ખાતર આ ખજાનાને તું હાથ લગાડે તો મનકવરાના બુરામાં બુરા

શ્રાપનો તું ભોગ થજો! જીવતાં જીવત તું કદીબી રાહત અને આરામ પામતો ના! તારી જીવતી જીંદગી તુને એક કાતેલ ઝેર સમાન કડવી થઈ પડજો! આ ધરતી ઉપર તુ બુરામાં બુરા હાલે હલાક અને હેરાન થઇ મરજો! અને તારા મુવા પછી કયામતના દીવસ સુધી બેહેરમતી અને નામોશી તારી પાછલ આ જગતમાં તારા નામની સાથે મુકી જજે! મનકવરાના આ શ્રાપથી તું કદી ના બચતો! મારા આ છુપા ખજાનાનો ભેદ મનકવરાના મંદીરનો વડો ગુરૂ જાણે છે, અને તે પોતાની પાછલ પોતાના ઓંહ્દા ઉપર આવનાર વારેસને પેહડી દર પેહડી ગુપ્ત રીતે જણાવતો રેહશે. અને જો તે ગુરૂ આ ખજાનાનો ભેદ મીસરના તખ્તના માલેક સિવાય બીજા કોઇને જાહેર કરે, તો તે દગલબાજનાબી હાલ તેરાજ થજો!! આમીન! એ ઓસાઈરીસ! એ પવિત્ર આઇસીસ! આમીન!!

કલીઓપૅત્રા આ વાચણ સાંભલી ધાસ્તીથી સ્તબ્ધ થઇ ગઇ હોય એમ મને લાગ્યુ. તેણીનો આવો હાલ જોઇ મેં પુછ્યું. 'સાંભલ્યું **કલીઓપૅત્રા**! **મનકવરા**નું ફરમાન સાંભલ્યું! હવે શું વિચાર છે?'

'આ કામથી હું હાથ ઉઠાઉ છું.' તે બોલી. '**હારમેચીસ**, ચાલ આપણુ હિંયાથી નિકલી જઇએ.'

'હું પણ એમાજ બેહતરી સમજુ છું **કલીઓપૅત્રા**.' મને તેણીનો વિચાર ગંમવાથી મે કહ્યું. 'તારો વિચાર નેક છે.'

'હીરા, માણેક, મોતી અને ઝમરૂદ વિગેરે બેસુમાર બેમુલ જવાહેરાત **મનકવરા**એ મીસર માટે એકઠાં કીધાં છે.' **કલીઓપૅત્રા** ફરી પોતાનો વિચાર ફેરવી બોલી. 'ઝમરૂદ અને મોતી આજના વખતમાં કવચીતજ મળે છે, અને જો કદાચ મળે છે તો તેમા ખાપણ હોય છે. હું પોતે એવાં જવાહેરાતની કેટલી શોકીન છું, અને—

'**કલીઓપૅત્રા**, હિંયા તારા શોખની વાત છેજ નહી.' મેં જવાબ દીધો. 'હિંયાં તો મીસરની ગરજ અને તારા દીલની ખરી મતલબની વાત છે.'

મીસરની ગરજ? **હારમેચીસ** એ શું બોલે છે?' **કલીઓપૅત્રા** બોલી. 'શું મીસરને હાલ ખજાનાની ગરજ નથી પડી? શું મીસર ઉપર દુશમનની હાલ નજર નથી? શું રાજનો ખજાનો ખુટો નથી? અને લશકરની મદદ મીસરને આ સમે જોઇતી નથી ? આ સમે રૂમ સાંમે. વગર ખજાને મીસર કેમ નિભાવ કરી શકે. શું તારી સાથ પરણી તુને મારા ખાવિંદ તરીકે જાહેરમાં કબુલ કરવાના કસમ મેં નથી લીધા? મારા ખાવિંદ તરીકે રૂમી દુશમનો સાથ લશકર વગર તું કેમ લડી શકશે. વાસતે ખજાનાની ખરેખર મીસરને આજે મોટી ગરજ પડી છે. **હારમેચીસ,** ખજાના વગર આપણ દુશમન સાંમે લડવા લશકર કયાંથી લાવી શું. દુશમનો પોતાના લશકરના જોરે મીસરને જીતી જશે, અને તેમા મારી અને મારી સાથ તારી પણ નામોશીનો પાર રેહશે નહી. મારા બોલ ઉપર તુને શું ઈતબાર નથી **હારમેચીસ**? જો તેમજ હોય તો તારી ખાતરી કરવા આ પવિત્ર જગ્યે, આવે એકાંત વખતે, આ પવિત્ર **મનકવરા**ના જીગર ઉપર હાથ મુકી હું કસમ લેઇ કહું છું, કે તારા સાથ લગનના ગાંઠથી જોડાઇ તુને મારા અને મીસરનાં માલેક તરીકે હું દુનીઆમાં જાહેર કરીશ. વાસતે તું મને હિંમત આપ. મારી હિંમતને તું તોડી ના પાડ. '

આવી પવિત્ર જગ્યામાં આવી રીતના કસમ **કલીઓપૅત્રા**એ લીધાથી મારા તનબદનમાં નવું લોહી ઉછળવા લાગ્યું, અને મીસરના તખ્ત અને તાજનો આખો નહી પણ અરધો માલેક થયા વિના હું રેહનાર નથી, એમ મેં નકકી જાણ્યું.

એક આંખના પલકારાનું તે કાંમ હતું.

કલીઓપૅત્રાએ મારાં તેજી ખંજરની ધાર વડે પેલાં આસમાની રંગના પાટા જે **મનકવરા**ના બદન ઉપર ત્રણ હજાર વર્ષની વાત ઉપર વિટાળેલા હતા, તે કાપી નાખ્યા, અને તેજ વખતે અંદરથી કાંઇ ગબડીને બાહાર પડયું.

તપાસી જોતાં તે પવિત્ર **મનકવરા**નો રાજદંડ હતો, એવું માલમ પડયું. તે તમામ સોનાનો બનાવેલો હતો, અને તેને એક છેડે એક મોટો

દાડમના કદ જેટલું કિંમતી પાનું જડી લીધું હતું. આવા મોટાં કદનું પાનું **કલીઓપૅત્રા** જોઇ છક થઇ બોલી. 'આ પાના જેવું બીજું પાનું આજ સુધી મારા જોવામાં આવ્યું નથી! શું એનું આબ, અને શું એનું કદ!

મનકવરના બદન ઉપરનું કફન કાપવાનુ કામ **કલીઓપૅત્રાએ** પાછું શરૂ કીધું, અને જેમ જેમ **મનકવરના** બદનપરનું કફન તે કાપતી ગઇ, તેમ તેમ તેમાથી કિંમતી હીરા અને માણક તથા મોતી જમીન ઉપર ગબડી પડતાં ગયાં.

અંતે કફન કપાઇ રહ્યું અને પવિત્ર **મનકવરાનું** નાગુ બદન હમારી નજરે પડયું. જે મીસરનો સુર્યવંશી બાદશાહ ત્રણ હજાર વર્ષની મુદત ઉપર રાજ કરી આ જગ્યે ડટાયો હતો, તેને હમોએ આ વખતે કબરમાંથી બાહાર કાહડી, તેનુ કફન ફાડી તેને તમામ નગ્ન કીધો. જોકે તેની લાસને આ ઠેકાણે દફન કીધાને ત્રણ હજાર વર્ષ વહિ ગયાં હતાં, છતાં તે બીલકુલ જેવીને તેવીજ હતી, સબબ તેને એવી તો સરસ કારીગરીથી સુગંધી મસાલાથી સાફ કરી રાખી હતી, કે આટલી મુદત વહિ જવા છતાં તે સેહજબી વાસ મારતી નહી હતી.*

'જે જવાહીરોને માટે તું ઇનિતેજાર છે, તે એના પેટ અને છાતીમાં ભરેલાં છે.' મેં **મનકવરાની** છાતી દેખાડી કહ્યું. 'વાસતે હવે વખત ખોવામાં સાર નથી. હિંમત ધર અને એની છાતીને પેટ સુધી ચીરી ખોલ્લી કર.'

મારા આ સખુનો સાંભલી કાંઇબી આનાકાની કીધા વગર **કલીઓ-પૅત્રાએ** વગર અચકાવે ત્રણ હજાર વર્ષ ઉપર મરણ પામેલા પવિત્ર **મન-કવરાની** લાસમાં જોરથી ખંજર મારી, એકજ ઝટકે તેની છાતી અને પેટ ચીરી નાખી ખુલ્લાં કીધાં!!

મીસરના લોકો 'એમબામ' કરવાના હુન્નર માટે વખણાઇ ગયાં છે. તેઓ પોતાના ખેશીના મુરદાંમા ખુશબો વિગેરે મસાલો એવી કારીગરીથી ભરતાં કે સદીઓ સુધી તે લાસ જેવીને તેવીજ રેહતી હતી. આ હુન્નર તેમની હસ્તી સાથ હાબુદ થયેલો માલમ પડે છે.

તેજ વખતે કોઈની મરતી વખતની ગુંગલાતી ચીસનો અવાજ મારે કાંને પડયો. હમો બંને જન ગભરાઈ પાછલ હટયાં. મારા હાથ પગ ધાસ-તીથી ધ્રુજવા લાગ્યા અને તે ચીસ પાછી બીલકુલ બંધ પડી ગઇ.

એકાએક એ શું થયું ! હમો તેની કાંઇ અટકલ કરી શકયાં નહીં.

'કાંઇ નહી.' મેં **કલીઓપૅત્રા**ને હિંમત આપી. 'પણ હવે તો ઉતાવલનું કામ છે.'

મનકવરાની છાતી અને પેટમાં છુપાવેલાં બેમુલ કિમતી જવાહીરો, તેમાં પોતાના હાથ ઘાલી હવે **કલીઓપૅત્રા** મુઠી મુઠીએ બાહાર કાહાડી તપાસી તપાસી એક બાજુ મુકતી ગઇ, અને જે તેણીને પસંદ નહી પડતાં તેનો એક બીજી બાજુ તે ઢગ કરતી ગઇ. એવી રીતે ખજાનો એકઠો કરતાં અંધારાં વચ્ચે **કલીઓપૅત્રા**એ એક કિમતી મોટાં કદનો હીરો **મનકવરા**ની છાતીમાંથી બાહાર કાહાડયો. તે ઉપર નજર પડતાંજ તેની અજાયબીનો પાર રહ્યો નહીં, સબબ તે હીરાના તેજથી અંધારામાં ઉજાસ ઝકઝકી રહ્યો હતો.

હજી ખજાનો ખાલી કરવાનું કાંમ **કલીઓપૅત્રા**એ પુરૂં કીધું નહીં. મને લાગ્યું કે તે ખજાનો અખુટ હોવો જોઇએ. ફરીથી મેં **કલીઓપૅત્રા**ને ઉતાવલે કામ પુરૂં કરવાની તાકીદ કરી, સબબ રાત આગલ વધતી હતી અને સહવારૂં પડે તે આગમજ હમુને પાછું કિસ્તી ઉપર જઇ પુગવું આવશ્યનું હતું.

હીરા, માણેક, ઝમરૂદ, નીલમ અને બીજાં કિમતી જવાહીરોનો ન્હાનો જેવો ઢગ થઇ રહ્યો. તે સર્વેમાંથી ઘણાજ કિમતી ૧૪૮ જવાહીરો પોતાને લાયકના **કલીઓપૅત્રા**એ ચુંટી કાહડયાં, કે જે માહેલું એકબી દુનીઆમાં કોઇ પાસ હોય એમ હું માનવાને ના પાડું છું.

તોપણ **કલીઓપૅત્રા**ના લોભનો અંત હતોજ નહીં. ફરીથી તેણીએ એકવાર છેલ્લી શોધ કરવા **મનકવરા**ના પેટમાં હાથ નાખ્યો, અને કસતુરી અમબર અને બીજી સુગંધી સાથ લપટાએલાં કેટલાંક જવાહીરો તેણીને હાથ લાગ્યાં, જેમાં એ બેમુલ કિમતના મોટાં મોતી હતાં, કે જેનો જોડો આ જગતમાં કોઇનીબી પાસ હતો નહીં.

અને એ મોતી વિશે વધુ હું હવે પછી લખીશ.

આ મોતી મળવાથી **કલીઓપૅત્રા**ના લોભ અને મનની ઇચ્છા તૃપ્ત થઇ, એટલે વધુ શોધ કરવાનું તેણીએ કંટાલી મુકી દીધું, અને **મનકવરે**ના ફરમાન મુજબ તેની લાસને પેટીમાં મુકી, બાકીનું જવાહીર તેજ પેટીમાં નાખી, તેનું ઢાંકણુ બંધ કરી, જેવી રીતે તે પેટી હમોએ બાહાર કાહડી હતી તેવીજ રીતે તેને પાછી તેની અસલ જગ્યામાં મુકી, તે કબરને બંધ કરી લીધી, અને પેલું ચુંટી કાહાડેલું જવેહરાત **કલીઓપૅત્રા**એ પોતાની જેબમાં છુપાવી લીધા બાદ હમો બાહાર નિકલવા લાગ્યાં.

બાહાર નિકલવા માટે હમોએ પેલા સાંકડા દાદર ઉપર ચહડવા માંડયું, અને માહા મુશકેલીએ પેલાં અકારાંમાંથી બાહાર નિકલી, તેનો છુપો દરવાજો બંધ કરી નકશાંની મદદથી ઉતૃરાણ અને ચહડાણ પસાર કરતાં, પડતાં ખડતાં, ઠોકરાતાં, અંતે હમો પેલા હિજડાને જ્યા બેસાડી ગયાં હતાં, ત્યાં જઇ પુગ્યાં.

પણ હમારી અજાયબીનો શું પાર ! તે હિજડો તો ત્યાં હતો નહીં ! ધાસ્તીનો મારયો હમારી પુઠે આવતાં કોઇ ઠેકાણે ગબડી પડયો હશે એવું હું **કલીઓપૅત્રા**ને સમજાવવા લાગ્યો, પણ તેવામાં એકાએક મારી નજર એક અંધારા ખુનામાં તે હિજડા ઉપર પડી ! મેં આગલ જઇ તેને ઉઠાડયો, પણ તે ઉઠે કયાંથી !! તે તો કેવારનો મરણ પામેલો હતો !!! **કલીઓપૅત્રા** તેની આવી હાલતથી હેબતી ગઇ, અને નજદીક હતું કે તે ધાસ્તીથી બેહોશ થઇ પડે, પણ મેં તેણીને કંમરમાંથી પકડી હિંમત આપી હુશિયાર કીધી.

તે હિજડાના હાલ ખરેખર ઘણાજ બુરા થયા હતા. તેના બંને હાથો મદદ માટે વલખાં મારતા અટકી ગયા હતા ! તેનું જડબું અને તેની આંખો કદરબિહામણી રીતે ઉઘાડાં રહી ગયાં હતાં, અને તેના ગલાં ઉપર પેલુ રાક્ષી કદનું વણુવાંગલું મજબુતીથી પોતાના નખ તેના ગાલોની અંદર ઠસાવી દઇ વળગી બેઠું હતું.

હમુને જોતાંજ તે વાગલું પોતાના શેકારને પડતો મુકી હમારાં માથાં

ઉપર જોરથી ઘુમવા લાગ્યું. આવો મામલો જોઇ **કલીઓપૅત્રા** ગભરાઇ ચીસ ઉપર ચીસ પાડી રહી. ઘડીમા તે **કલીઓપૅત્રાને** મુકી મારાં માથાં ઉપર ઘુમતું, તો બીજી પળે તે **કલીઓપૅત્રાને** ગભરાવી અધમુઇ જેવી કરી નાખતું. અંતે તે ઉડતું ઉડતું છેક નિચાણમાં અંધારાં વુર્ઝે ઉતરી પડયું, અને તેજ પળે હું **કલીઓપૅત્રાની** મદદે દોડી ગયો, સબબ તે ઠાકી જવાથી ફસડાઇ હાફતી પડી હતી.

કલીઓપૅત્રાને થોડોવાર આસાએશ આપ્યા બાદ, મારા હાથનો ટેકો આપી કેટલાંક વાંકાં ટીકાં, ઉંચાં નિચાં ચહડાણ ઉતરાણ પસાર કરી પેલાં સાંકડાં બકારાંમાંથી બાહાર નિકલી અંતે હમો ખુલ્લી હવાનો દમ ભરવા લાગ્યાં.

બકારાંમાંથી બાહાર નિકલતાંજ તેની છુપી કળ મેં દાબી. તેજ વખતે પેલો પથ્થર તેની અસલ જગ્યા ઉપર ગોઠવાઇ ગયો અને પેલું બકારૂં બેમાલુમ થઇ ગયું.

પણ હું દરવાજો બંધ કરવામાં રોકાયો હતો, તેટલાં **કલીઓપૅત્રા** પોતાને ચહડેલી થાક અને પાણીની તરસથી બેતાબ બની જમીન ઉપર ફસડાઇ પડી કેવારની બેહોશ થઇ ગઇ હતી.

અને ખરેખર તે બેહોશ થઇ પડી હતી.

ચંદ્રના ચળકાટ વચ્ચે તેણીનો ચેહરો એટલો તો ફીક્કો પડી ગયેલો મને લાગ્યો, કે તે મરીજ ગઇ હશે, એમ મેં ધાર્યું. પણ તેણીની છાતી ઉપર મારો હાથ મુકી તપાસવાથી તેણીના દીલના ધપકારા જ્યારે મારા હાથને લાગ્યા ત્યારેજ મારી ખાતરી થઇ કે તે જીવતી હતી.

પ્રકરણ ૨૦ મું.

ચાંદનીરાતની મુસાફરી—એક પાણીના ગોટની કલીઓપૅત્રાએ કરેલી કિંમત—પાયતખ્ત ખાતે ખજાનો લઇ કલીઓપૅત્રાનું હારમેચીસ સાથ આવી પુગવું—એનટની ઉપર કલીઓ-પૅત્રાએ મોકલેલો જવાબ—કલીઓપૅત્રાએ હારમેચીસને આપેલા વચનનું તોડવું—હારમેચીસની બદબખ્તી અને શિકસ્ત.

અરેરે પ્યારી **કલીઓપૅત્રા** ! મારી રાણી ! દીલારામ ! જરા હિંમત રાખ !!! ખુદાની મેહરથી આપણા સર્વે સંકટોનું હવે થોડી વારમાં સેવટ આવશે !! **કલીઓપૅત્રા** હુશિયાર થા !'

એવી રીતના સધીઆરાના સખુનો તેણીની પાસે જમીન ઉપર બેસી તેણીનુ માથુ મારા ખોલામાં લેઇ મેં ધીમે અવાજે કહ્યા, અને તેણીને હુશિયારીમાં લાવવા માટે જે કાંઇ મારાથી બન્યું તે કરવા હું ચુકયો નહીં.

આહ ! આવી બેહોશ હાલતમાં પણ કેવી ખુબસુરત તે મારી નજરમાં લાગતી હતી. હું તો તેણીની ખુબસુરતી ઉપરજ મરતો હતો. તેણીને બેધડક મારા ખોલામાં માથું નાખી પડેલી જોઇ, હું મારૂ હેત દાબી શકયો નહી, અને તેજ વખત મેં વાંકો વળી તેણીના પરવાળાં જેવા હોઠ ઉપર એક ચુંબન કીધું.

તે ચુંબનનો સ્પર્શ થતાંજ તે જાગરૂત થવા લાગી. ધીમે ધીમે તે હુશિયાર થઇ અને મંને પોતાની પાસે બેઠેલો જોઇ પોતાના હાથો મારાં ગલાંની આંસપાસ વિંટાળી મારો ઘણો ઉપકાર માનવા લાગી.

હમે હમારી મુસાફરી પાછી શરૂ કીધી, સબબ સહવાર પડે તે આગમજ હમુને કિસ્તી ઉપર જવું જરૂરનું હતું.

'જરા પાણી ! પાણી !! ઓ પાણી ' !!!

આટલો વખત સુધી મેહનત કરી થાકી જવાથી, તથા લાંબી મંજલ કાપવાની તકલીફથી **કલીઓપૅત્રા** હવે પાણી માટે વલખાં મારવા લાગી. મારી પણ હાલત પાણી વગર તેવીજ થાઇ પડી હતી. પણ મારા જીવ કરતાં **કલીઓપૅત્રા**ના જીવની મને વધારે દરકાર હોવાથી હું મારી દરકાર ઘણી થોડીજ કરતો હતો.

'**હારમેચીસ**, હિંયાં કેથે પાણી મળશે ? એક પાણીનો ગોટ ! અરે એક ગોટ માટે મારી જેબ અંદર છુપાવેલાં જવાહીરમાંથી કિંમતીમાં કિંમતી જવાહીર હું આપવા તૈયાર છું. પાણી વગર મારૂં ગળું સુકાઇ જાય છે, અને મારી જીભ સુકાઇ બીલકુલ લાકડાં જેવી થઇ ગઇ છે.'

'વ્હાલી **કલીઓપૅત્રા**,' મેં ધીરજ આપી કહ્યું. 'આવી મધરાતના આપણને આવી જગ્યા વચ્ચે પાણી મળવું મુશ્કેલ છે. આપણ વસ્તીથી ઘણાજ દુર છૈયે. આપણી ચારેબાજુએ મીસરના કબરસ્થાનો આવેલાં છે, અને આપણ મુવેલાં મુરદાંઓના મુલક વચ્ચેથી રસતો કાપીએ છૈયે. રાણી તું જરા હિંમત રાખ. હિંયાંથી થોડે દુર **હોરેમ્કુ**ના મંદીરની હેઠળ એક નેહર છે. ત્યાં કદાચ આપણને પાણી મલશે.'

પાણીની આસમાં નિરાસ થએલાં હમો બંને જન અંતે **નાઇલ** નદીની નેહરને કીનારે જેમ તેમ કરી આવી પુગ્યાં. ત્યાં હમુને ખુદાની મેહરથી પાણી મળ્યું ખરૂં. પણ તે કેવું ! બીલકુલ નકામું. ગલીચ કાદવથી ગદલું બનેલું અને રંગમાં સીહાઇથીબી તે કાળું હતું. આવું ખરાબ પાણી પણ હમારે મન મીસરના ઉંચામાં ઉંચા શરબતથી વધારે સરસ હતું. હમારી તરસ મટાડવા ઘણી ખુશીથી તે પાણી પીઇ હમોએ આગળ ચાલવા માંડયું. અંતે પોહોર ફાટે તે આગમજ **સિહોર** નદીને કીનારે લાંગરેલી હમારી કિસ્તી ઉપર હમો જઇ પુગ્યાં. કિસ્તીને તૈયાર કરવાનો હુકમ કીધો. ખલાસીઓએ સડ ચહડાવ્યા અને કિસ્તી પીઠનો પવન મળ્યાથી સડસડાટ આગળ વધી.

પાછાં ફરતાં હમુને ચાર દીવસ સફર કરવી પડી, સબબ રાંહમાં તુફાની પવન સાંમી દિશા તરફથી જોરમાં ફુંકતો હતો.

પણ તુફાન છતાં મારે મન તે દીવસો શાંત અને સુખી હતા. **કલીઓપૅત્રા** પોતાનો રંગ દરરોજ તરેહવાર રીતે બદલતી હતી. ઘડીમાં તે ખુશ, ઘડીમાં ગમગીન. ઘડીમાં હસતી અને ઘડીમાં તે વિચારમાં પડતી હતી. ઘડીમાં તે પ્યારના કલામો બોલી મારૂં દીલ ખુશીથી પુર કરતી, અને ઘડીમાં તે પોતાનાં સંતાપ અને દુઃખ વિશે જણાવી મને દલગીર બનાવી દેતી હતી.

એવી રીતે તેણીના હાથમાં હું એક ખેલતાં બાળક મીસાલ થઈ પડયો હતો, સબબ મને હસાવવું કે રડાવવું, અને ખુશી કે દલગીર કરવું તે તેણીના હાથમાં હતું.

સુખી તે દીવસોની રળીઆમણી રાત! કે જ્યારે **નાઇલ** નદીના સ્થીર પાણીની સુંદર સંપાટી ઉપર ચંદ્રના પુર પ્રકાશ વચ્ચે હમારી કિસ્તી ઠણ ઠણ કરતી ચાલતી જતી અને હમો એકમેકનાં ગલાંમાં હાથ નાખી તે કિસ્તીના સુંદર તુતક ઉપર બેસી મીઠી પ્રિતના મધુર વચનોથી હમારા દીલના ઉસકેરાએલા જુસ્સાઓને હમો નરમ અને શાંત પાડતાં હતાં. તે તુતક ઉપર બેસી હમો હમારાં લગનની વાતો કરતાં હતાં. અને તેજ તુતક ઉપર બેસી હમો **રૂમ** સાથ લડાઇ કરવાની ગોઠવણ કરતાં હતાં. વળી એજ તુતક ઉપર **કલીઓપૅત્રા**એ મારાં પાસાંમાં બેસી મારા દરેક વિચારો વખાણી પસંદ કીધા હતા, અને હું જેમાં ખુશી થતો તેમાં તે પણ ખુશી થતી અને હું જેમાં નારાજ થતો તેમાં તે પણ નારાજ થતી હતી.

સુખી તે દીવસોની રળીઆમણી રાત! સુખી તે વખતની સુભાગ્ય ઘડી! તે મુબારક રાતની, તે પનોતા વખતની અને તે ભાગ્યવંત ઘડીની યાદ કદીબી હું મારાં મનમાંથી ભુલનાર નથી! કદીબી હું **કલીઓપૅત્રા**ના પ્યારના સખુનના મધુર સરોદ ભુલનાર નથી! કદીબી તેણીએ મને આપેલાં વચનની યાદ હું ભુલનાર નથી! અને તે ભુલવા માટે મારૂં મોત પણ શીખાડી શકનાર નથી!!!

આહા! પણ તે દીવસો હવે ગયા!! અને તે દીવસો સાથ તે રળીઆમણી રાતોબી વહિ ગઇ. વળી તે રાતના જવા સાથ જે ચંદ્રએ હમારી તે રાતોને

ચલકતી બનાવી સોહામણી કરી હતી, તે ચંદ્ર પણ ગયો! અને **નાઇલ** નદીના રૂપેરી પાણી જે હમારી કિસ્તી સાથ અથડી હમારા એકાંત વખતમાં હમુને પોતાની હસ્તીની યાદથી રમુજ આપતાં તે પણ ગયાં!

હા તે સરવે ગયાં! તે સરવે નાબુદ થયાં! હું કહું છું કે નાં રહ્યો તે દીન! ના રહી તે રાત! ના રહી તે ઘડી! ના રહી તે વાત!! હું કહું છું કે ના રહ્યો તે ચંદ્ર! ના રહ્યાં તે **નાઇલ** નદીના નિરમલ નીર! અને જે કાંઇબી તે વખતે હમારી નજર સામે હતું તે સરવે નાં રહ્યું, સબબ કે તે માહેલું કાંઇબી જો રહ્યું હતે, તો મારા ગવાહા તરીકે આ વખતે હાજર થઇ મને થયલા દગાનો ખ્યાલ, મારા ઇનસાફ કરનારને આપતે. પણ તે ગવાહો આ વખતે હાજર થતા નથી એટલે મને લાગે છે કે તેઓની હસ્તી આ ધરતી ઉપર આજે રહી નથી.

મારે મન સરવે હવે નાશવિનાશ હતું. બળ્યા તેણીના જુઠા વચનો! જળો તેણીનો ફરેબી પ્યાર! મુવા તે બદબખ્તીના દીવસો!! મુઇ તે કમનસીબ રાતો!!

અંતે ચાર દીવસે હમારી સફર પુરી થઇ, અને ફરીથી એકવાર પાયતખ્ત **એલેકઝાંડ્રીયા** ખાતે રાજ મેહલમાં હમો જઇ પુગ્યાં, અને મારા સુખી સ્વપનાનું સેવટ આવ્યું.

* * * * * *

'**હારમેચીસ**, તું **ક્લીઓપૅત્રા** સાથ કયાં ગયો હતો?' જે દીવસે હમો સફરથી પાછાં ફરયાં તેજ દીવસે **ચારમીયને** મને પુછ્યું. 'વળી તું શું નવો રંગ જમોવવા ધારેછે **હારમેચીસ**?'

'રાણી **ક્લીઓપૅત્રા** સાથ રાજના કાંઇ ખાનગી કાંમ માટે હું બાહાર ગયો હતો.' મેં જરા કરડાઇથી જવાબ દીધો.

'જેની મતલબ બુરી હોય છે, તેજ પોતાના કામ છુપી રીતે કરે છે.' તેણીએ મને તાંનો મારી કહ્યું. 'ઘુવડ હમેશાં રાતનાજ ઉડે છે!'

આ સખુનોથી મારો ગુસ્સો ઉસકેરાઇ આવ્યાથી મેં જવાબ દીધો. **ચારમીયન** તારી જીભની લગામ તારા કાબુમાં તું રાખી શકતી નથી

એમ મને લાગે છે. શા કારણથી તારી જીભ ઉપર તારાથી કાબુ રાખી શકાતો નથી, તે હું સમજી શકુ છું. હુ કયાં ગયો હતો તે જાણવાની તુને ભારી ચટપટ થઇ રહી છે. સાંભલ, હું મીસરને **એનટની**ના પંજામાથી છોડવવા માટે એવે ઠેકાણે **કલીઓપૅત્રા** સાથ ગયો હતો, કે જ્યાં ત્રણ હજાર વર્ષ થયા કોઇબી માણસ ગયું ન હતું.'

'ઓ મુર્ખ માણસ.' **ચારમીયન** બોલી ઉઠી. 'તારી સરવે આશા ફોકટ છે, કારણ તું જોશે કે મીસર ઉપર તારે બદલે હવે **એનટની** પોતાની સત્તા ચલાવશે.'

'તેમ બનવું મુશકેલ છે.' મેં તુરતજ જવાબ દીધો. '**કલીઓપૅત્રા** **એનટની**ને મલવા **તારસસ** ખાતે કદીબી જનાર નથી, એટલે **એનટની**ને **એલેકઝાંન્ડ્રીયા** આવવુંજ પડશે. અને એકવાર તે હિંયાં આવ્યો એટલે લડાઇ નક્કી જાણવી.'

'એ તારી અટકલ હવાઇ છે.' **ચારમીયન** બોલી. 'જેમ તારાં ધ્યાનમાં આવે તેમ તું હવામાં તારી અટકલના કીલ્લા બાંધ્યા કર, પણ આજથી ત્રણ દીવસમાં હું તુને દેખાડીશ કે તારી તમામ ગણતરી કેવી રીતે ખોટ્ટી પડે છે. હાથે કરી મુર્ખ બનતો તારા જેવો બીજો મુર્ખ મેં કદીબી આજ સુધી જોયો નહી હતો.'

ચારમીયન એવી રીતે બોલી મને વગર કેહવે ચાલી ગઇ, અને ફરી એકવાર હું ડામાડોલ હાલતમાં વિચાર કરતો પડયો. 'શું મારી સાથ લગન કરવાના **કલીઓપૅત્રા**એ હડહડતા કસમ નથી લીધા ?'

* * * * * *

તે દીવસે **કલીઓપૅત્રા** મને બીલકુલ મળીજ નહી, પણ બીજે દીવસે હું તેણીને મળ્યો. તેણીના મીજાજમાં મને કાંઇ અજબ ફેરફાર માલમ પડયો, સબબ તે મારી સાથ દીલથી વાત કરતી હોય એમ મને લાગ્યુ નહી.

એ કેવો અજાએબ ફેરફાર ! તોપણુ મીસરના બચાવ માટે મેં જેવી વાત છેડી, કે તુરતજ તે ફફડી પડી બોલી:—' હમણા એ વાત તું કાહાડતોજ

ના **હારમેચીસ.** તું જોતો નથી હાલ હું કેટલી ફિકરમાં છું. આવતી કાલે **ડીલ્યુસ**ને જવાબ આપ્યા પછી એ વિશે આપણ આગલ વાત કરીશું. તું જાણુતો નહી હશે **હારમેચીસ** કે પેલાં બેમુલ જવાહીરોમાંથી ફક્ત ત્રણ, આપણા શેહરના એક માતબર વેપારીને મેં વેચ્યાં છે, અને તેની ઉપજ પાંચ હજાર ***સિસતરશ્યા** થઇ છે. મારો જીવ હાલ બેચેન છે, વાસતે હું એખલીજ રેહવું પસંદ કરૂં છું.'

તે મને એવે બાહાંને પોતાની આગલથી કાહાડવા માગતી હતી. પણ હું ગયો નહી, અને તેણીના હુકમ ઉપરાંત મેં બીજો સવાલ કીધો. 'માફ કર ઓ રાણી, હું આપણા લગન વિશે—

'આપણા લગન!' તે અજબ થવાનુ ડોલ ઘાલી બોલી. 'શું હજી આપણ એકમેકને પરણી ચુકયાં નથી?'

'બેશક નહી.' મેં જવાબ દીધો. 'તારાં વચન પ્રમાણે તારી રૈયતને હજી એ બીના તુંએ જાહેર કરી નથી.'

'નાદાન! નાદાન!' તે ઢોંગ કરી હસી પડી બોલી. 'કેવો બેસબર! જરા ધીરજ ધર **હારમેચીસ.** આવતી કાલે **ડીલ્યુસ**ને રવાના કરી મારા વચન પ્રમાણે મારા ખાવિંદ તરીકે તુને દરબારમાં હું જાહેર કરીશ. જા નિશંક રેહ.'

હું બદબખ્ત તેણીના સખુનો ઉપર ઇતબાર લાવી, તેણીના હાથ ઉપર ચુંબન કરી મારા દીવાનખાના તરફ નિકલી ગયો. તે દાહડે રાતના **ક્લીઓપૅત્રા**ને મળવાના મેં ઘણા ફાંફાં મારયાં, પણ ફોકટ. તેણીને મળવાની, તેણીને એક વાર ફરીથી નજરે જોવાની મારી સરવે કોશિસો ફોકટ ગઇ. મારો પેગામ પણ કોઇ તેણીને પોહચાડી શકયુ નહી, સબબ તેણીના ખાસ હિજડાએ મને એવી ખબર આપી. કે રાણી **ક્લીઓપૅત્રા, ચારમીયન** સાથે કાંઇ ગમભીર વાતચીતમાં રોકાએલી હોવાથી કોઇનેબી પોતાની હજુરમાં જવાની મનાઇ કરી છે.

---

* ક્લીઓપેત્રાના વખતમાં ચાલતું ચલન. પાંચ હજાર સિસતરશ્યા તે લગભગ આજના વખતમાં ચાલીસ હજાર પાઉન્ડની રકમ ગણાય છે.

'ખેર ! આજે નહીં તો કાલે !' એવી રીતનો દીલાસો મારા દીલને આપી મેં તે રાત બેકરારી અને બેચેનીમાં ગુજારી.

વલતે દીવસે દરબારવાલાં દીવાનખાનામાં બપોર પડવા આગમજ ઠઠમાર દરબાર ભરાઇ ચુકી હતી, સબબ આજે **ડીલ્યુસ**ને જવાબ આપવા માટે ઠેડવેલો અગિયારમાં દીવસનો વાએદાવાલો દીવસ હતો.

એનટનીના પેગામનો જવાબ **કલીઓપૅત્રા** શું મોકલાવે છે તે સાંભલવાને સરવે કોઇ ઇનતેજાર થઇ દરબારમાં બેઠા હતા. હું પણ તે સાંભલવા ઇનતેજાર થઇ રહ્યો હતો. વધુ એટલાં માટે કે આજે જગની નજર રૂબરૂ હું મીસરના તખ્તનો અરધો માલેક અને **કલીઓપૅત્રા**ના ખાવિંદ તરીકે દરબારમાં જાહેર થનાર હતો. ઇનતેજારીથી ધપકતે દીલે દરબારમાં જઇ મેં મારી હમેશની બેઠક લીધી. હમેશના કરતાં આજની દરબારનો રંગ ન્યારોજ નજરે પડતો હતો. ઠાઠબી ન્યારો, નિરાલો, અને સરવે કાંઇ ન્યારૂજ નજર પડતું હતું. સરવે કોઇ હાજર થયા હતા, પણ હજી રાણી **કલીઓપૅત્રા** ગેરહાજર હતી. એક કલાક વહિ ગયો, અને દરબાર તમામ ચિંતાતુર બની રહી. હું તરેહવાર કળપણા કરવા પડયો. પણ તેટલાં દીવાનખાનામાં ધીમે પગલે **ચારમીયન** દાખલ થઈ, રાણીના તખ્ત પાછળ પોતાની હમેશની જગ્યાએ જઇ બેઠી, અને પોતાની બેઠક ઉપર બેસી તેણીએ મારી તરફ જોયું.

'અફસોસ ! થોડુંજ મેં તે વખતે જાણ્યું કે મારૂં અને મીસરનું નખ્ખોદ વાળી તે દરબારમાં આવી હતી.

રણસીંગડાં અને સરનાઇના અવાજ વચ્ચે હવે રાણી **કલીઓપૅત્રા**ની સવારી દરબારમાં આવી પુગી. તેણીના ઠાઠનો કાંઇ સુમાર નહી હતો. હમેશના કરતાં આજે તેણીનો રૂબાબ અને તોર અજબ હતો. તેણીની છાતી ઉપર એક ઘણુંાંજ મોટાં કદનો ચકચકીત હીરો લટકતો હતો, કે જે હીરો **મનકવરા**ની છાતી ફોડી તે કાહાડી લાવી હતી. દરબાર આ હીરાની ચમક જોઇ હેરત થઇ વિચારમાં પડી. સરવે કોઇ ચુપ થાઇ ગયાં હતાં, તેટલાં **કલીઓપૅત્રા**એ બોલવા માંડયું :—

'ચોબદાર, **એનટનીના** પેગામચીને માન સાથ દરબારમાં હાજર કર. મીસર તેના રૂક્કાનો જવાબ આપવા તૈયાર છે.'

હુકમ પ્રમાણે **એનટનીનો** પેગામચી **ડીલ્યુસ** પોતાના રસાલા સમેત રાણીની હજુરીમાં હાજર થઇ નમીને બોલ્યો :—

'ઓ બુલંદતાલેની નામવર રાણી, બંદો તારી જનાબમાં સર ઝુકાવી ઉભો છે. આજ રોજે **એનટનીના** પેગામનો જવાબ લેવા હું હાજર થયોછું. તે મળતાંજ હું **તારસસ** ખાતે નિકલી જઇશ.'

ડીલ્યુસ જવાબ માટે નમીને ઉભો અને **કલીઓપૅત્રાએ** બોલવા માંડયું :—

'બાહાદુર **ડીલ્યુસ**, તારા માલેક **એનટનીના** પેગામ ઉપર હમોએ ખુબ વિચાર કીધો છે. હમારા સલ્લાહકારો સાથ મસલત કરી મીસરે શું જવાબ આપવો તે હમે નક્કી કીધુ છે. **ડીલ્યુસ**, તારા માલેક **એનટનીએ** મોકલાવેલો પેગામ ઘણોજ નાપસંદ કરવા જેવો છે. એવો તેનો પેગામ કોઇ નબલાં રાજવાલા માલેકને ધમકી આપવા જરૂર કામ લાગતે. હમોએ ખ્યાલ કરી હમારી હાલની હાલત તપાસી છે. મીસરને લડાઇમાં ઉતરવાની જો રૂમ ફરજ પાડશે તો જમીન તેમજ દરિયાવ ઉપર તે રૂમ સાંમે કંમર બાંધવા તૈયાર થશે. નામવર **એનટની** ચાહે એવો બળવાન હોય, પણ મીસર કદીબી **એનટનીના** બળથી ડરી જનાર નથી. વલી હમારૂ વધુ કેહવું એવું છે, કે હમારી ઉપર જે બોહતાન રૂમે મુકેલાં છે, તે બીલકુલ નાપાએદાર અને ગલત છે. અને તે ગલત હોવાથી હમોને **એનટનીને** મળવા માટે **સિલીશ્યા** જવાની કાંઇબી ગરજ નથી.'

આ સખુનો સાંભલી મારૂ દીલ ખુશીથી ધડકવા લાગ્યું, અને મારો ચેહરો ખુશાલીના જુસ્સાથી ખીલી રહ્યો.

'ઓ નામવર મીસર, ત્યારે શું **એનટનીના** પેગામનો જવાબ એજ છે, કે મીસર લડાઇમા ઉતરવા તૈયાર છે?' **ડીલ્યુસે** નમીને પુછ્યું.

'નહી.' **કલીઓપૅત્રાએ** જવાબ દીધો. 'મીસર રૂમ સાથ લડાઇ કરવા રાજી નથી. હમારો પેગામ લડાઇનો નહી પણ સુલ્લેહનો છે. સાંભલ

ડીલ્યુસ, હમો **તારસસ** ખાતે **એનટનીને** મળવા ના પાડયે છૈયે. હમો ઉપર મુકાએલાં ખોટાં બોહતાનનો જવાબ આપવા માટે હમો કદીબી **એનટનીને** મળવા જનાર નથી. પણ દોસ્તીના તરીકાથી દોસ્તી અને સુલ્લેહ જાલવવા માટે હમો **એનટનીને તારસસ** ખાતે જરૂર આવી મલશું.'

આ નવા સખુનો **કલીઓપૅત્રાના** જવાબને છેડે સાંભલી હું દીવાના જેવો થાઇ ગયો. **કલીઓપૅત્રા** કદીબી એવો જવાબ પોતાના જવાબની સેવટે આપશે, એવી મને જરાબી વકી હતી નહી. શું આવી રીતે તેણીએ પોતાના કસમ પાળ્યા! આ સખુનો સાંભલી મારૂ મગજ ચક્કર ખાવા લાગ્યું, અને મારી મરજી નહી હોવા છતાં, ભર દરબારમા હું મારા હાથ ઉંચા કરી બોલી ઉઠયો:—

'ઓ નામવર મીસર, એવી કીસમનો જવાબ—

પણ હું આગલ કાંઇબી બોલું તેટલાં **કલીઓપૅત્રા** એક છેડાએલી વાધણ માફક ગુસ્સે થઇ ડોલા ફાડી બોલી:—

'ચુપ રેહ નિચ ગુલામ, મારી દરબારમા બોલવાની તુને કોણે રજા આપી.'

શરમ અને નામોશીનો આ ગજબભરયો ફટકો ભરદરબાર વચ્ચે નધારેલી રીતે મારી ઉપર પડવાથી હું બીલકુલ ડંગજ થાઇ ગયો, અને **ચારમીયન**, પેલી ફિતુંરી ઓરતની આંખો તેજ વખતે મેં ખુશાલીથી ચમકતી જોઇ.

'ઓ દાંનેશમંદ મીસર, આ તારો જવાબ ડાહાપણુથી ભરપુર છે, અને હવે હું તારી રજા લઉછું.' **ડીલ્યુસે** નમી કહ્યું.

'ફતેહ કર ભલા **ડીલ્યુસ**, અને હમારા આવવા વિશે **એનટનીને** ખબર કર.'

ત્રણ વખત **ડીલ્યુસ કલીઓપૅત્રાને** નમી, દરબારમાથી નિકલી ગયો, અને આખ્ખી દરબાર મારા બાબમા વલી શું નવું થાય છે, તે જોવાને ચુપ થાઇ ગઇ. કદાચ હજી **કલીઓપૅત્રા** પોતાનો વિચાર ફેરવશે

તથા પોતાના ખાવિંદ તરીકે દરબારમા મને જાહેર કરવા માટે આપેલુ વચન પાલશે, એમ સમજી હું તેણીના ચેહરા તરફ નજર કરી જોવા લાગ્યો. પણ તે કાંઇબી બોલી નહી. દરબાર બરખાસ્ત કરવાની તેણીએ એકદમ ચોબદારને ઇશારત કરી અને ચોબદારે પુકારી રાણીનો હુકમ જાહેર કીધો, અને તેજ વખતે **ક્લીઓપૅત્રા** દરબાર છોડી ગુસ્સામાં ચાલી ગઇ.

આ વલી એક નવો બનાવ બનતો હતો. મારી ખેજાલતનો પાર રહ્યો નહી. દરબારમાં હાજર રેહલા સરવે અપસઅપસમા મારી મશકરી કરવા લાગ્યા. પણ હમો બંને જન વચ્ચે જે વાતચીત અને કબુલાત થાઇ હતી. તેની ખબર તો મારાં અને તેણીના દીલનેજ હતી.

પ્રકરણ ૨૧ મું.

હારમેચીસ અને કલીઓપૅત્રા વચ્ચે તકરાર—કલીઓપૅત્રાએ હારમેચીસને દીધેલો દગો—દીવાનખાનામા હારમેચીસે ચલાવેલી ખુનરેજી—હારમેચીસનુ જખમી થવુ—ચારમીયનની અરજ—હારમેચીસ કેદ.

દરબાર બરખાસ્ત થઇ. સરવે કોઇ પોતપોતાને રસતે ગયા. હું તો દિગમુઢ થઇ મારી બેઠક ઉપર વિચારમાને વિચારમા બેસીજ રહ્યો. એવામા એક હિજડાએ આવી મને ખબર કીધી કે રાણી **કલીઓપૅત્રા** મને પોતાની હજુર બુલાવે છે.

પણ મારૂ ચીત હવે ઠેકાણે હતું નહી. અને ખરૂ કહું તો હું હવે જીવ ઉપર આવી ગયો હતો. સબબ દગા ઉપર દગા મને થતાજ જતા હતા. તોપણ વલી શું નવો રંગ **કલીઓપૅત્રા** દેખાડે છે, તે જોવા તુરતજ પેલા હિજડાના કેહવાથી હું તેણીની સનમુખ જઇ ઉભો.

'દુર ઉભો રેહ!' **કલીઓપૅત્રા** મને પોતાની સાંમે આવતો જોઇ ગુસ્સે થઇ બોલી. '**હારમેચીસ** મારી નજદીક આવતો ના. હવે હું તારો વિસ્વાસ કરનાર નથી. કદાચ તુએ બીજુ ખંજર તારી જેબમા મારૂ ખુન કરવા છુપાવ્યું હશે, વાસતે તારે દુરથી મારી સાથ વાત કરવી. બોલ તારે શું કેહવુ છે.'

આ ફરેબી ઓરતના આવા સખુનોથી મારા ગુસ્સાનો પાર રેહ્યો નહી, અને તેણીના દરજ્જાંની કાંઇ પણ દરકાર કીધા વગર હું બેકોફ બોલ્યો:— 'ઓ ફિતુરી ઓરત! કયાં છે તારા કસમ! કયાં છે તારા વચન! કયાં છે તારી પ્રિત અને કયાં ગઇ તારી મીંનત અને આજુજી! કયાં છે પાતાલના પેટમા ઉભી રહીને પવિત્ર મનકવરાની છાતી ઉપર હાથ મુકી લીધેલા તારા

કસમ ! કયાં છે પેલા રૂમી **એનટની**ના બાબમા તુએ મને આપેલો કૉલ ! અને કયાં ગયું તારા ખાવિંદ તરીકે મને જાહેર કરવા માટે તુએ આપેલું વચન !'

'ઓ પવિત્ર **હારમેચીસ**.' તે મશકરીમા બોલી. 'એક ઓરતના કસમ અને વચન માટે તું આટલો અફસોસ કરે છે, તો તુએ તારા દેશ બેશ, અને ખુદાને આપેલો વચન કાં નહી તુએ પાલ્યો ! દગલબાજ કોણ ? તું કે હું ? બેવફા કોણ ? ઓ મીસરના મદદગાર, તું કે હું ? દગાની વાત ના કર. દગો તો તુએ તારા ત્રીસ હજાર વતનદારોને દીધો, કે જેઓ બીચારા દેશપરદેશથી તારે ભરૂસે પારકી ભુમી ઉપર મારો જીવ લેવા આવી વસ્યા હતા. બેવફા તું પોતે થયો. એક ઓરતની ખુબસુરતી જોઇ તું એવો તો આંધલો થઇ ગયો, કે તું તારાં વતન, દેશ અને બેશને ભુલી જઇ, ખુદ તારા ખુદાની તરફ વચનથી બેવચન થાઇ, તુએ તેમની ખુવારી કીધી. મારે માટે ફરિયાદ કરવા આગમજ મારો ઉપકાર માન, કે મેં તારો જીવ બચાવી તુને જતો મુકયો છે. ખ્યાલ કર ઓ અક્કલહિણ ગાફેલ મરદ, અને ઓ પેહલવાનના નામને એબ લગાડનાર શખસ, કે વચન ભંગકરનાર હવે કોણ છે ? તું કે હું ?

'બસ, હવે બસ કર.' મેં નિરાસ થઇ જવાબ દીધો. '**કલીઓપૅત્રા**, હવે હું તારી તાણાજનીનો કાંઇબી જવાબ દેનાર નથી. મારે તે સરવે સાંભલવું ઘટે છે, સબબ એમાં કસુર મારી પોતાની છે. ત્યારે હવે તુ પેલા રૂમી **એનટની**ને મળવા જનાર છે નહી ? અને જે પવિત્ર ખજાનો **મનકવરા**ની છાતી ચીરી, મીસરને બચાવવાના કાંમમા વાપરવાના કસમ લઇ તું લાવી, તે પેલા રૂમી **એનટની**ની મેહમાનદારીમાં તું **તારસસ** ખાતે ઉડાવનાર છે નહી ? મારી સાથ લગનના ગાંઠથી જોડાઇ, ભરથાર તરીકે મને દરબારમાં જાહેર કરવાનો જે ગમભીર કૉલ **મનકવરા**ની છાતી ઉપર હાથ મુકી તેં આપ્યો હતો, તે કયાં ગયો ? મને દરબારમા તુંએ ગુલામ તરીકે જાહેર કીધો ? અને તેબી મારા દુશમનોની રૂબરૂ ? ઓ હિનપસ્તી, હવે તારી હદ કયાં રહી !!'

'ખરી વાત છે. તારી સાથ લગન કરવાનુ મેં તુને વચન આપ્યું હતું ખરૂ.' તે ધીક્કારથી બોલી. 'પણ લગન તે શું ? લગનની આપણને શું જરૂર છે ? લગનની લોખંડી સાંકલથી એકમેક સાથ જનમ સુધી ફરજના મારયાં જોડાઇ રહી, એક જો ડુબી મરે, તો શું બીજાએબી પોતાની જીંદગીના ભોગે તેની સાથ ડુબી મરવું ? અને એક ખરીદેલા ગુલામની માફક મરતાં સુધી એકબીજાં સાથ વલગી રેહવું ? એ તે કેઇ જાતની ફિલસુફી ! આપ મતલબી મગજમાથી નિકલેલી શોધનુ એ સેવટ હું સમજુ છું. સાંભલ **હારમેચીસ**. લગન એ એક ખાલી ઢોંગ છે. ખરૂ સુખ બંનેની રાજી ખુશી ઉપર છે. પરણવું એટલે શું ? પરણવું એટલે છુટાપણું ખોઇ દેવું ! ગુલામગીરીની સાંકલથી જકડાઇ જવું ! એક ઓરતે હમેશાં આ દુનીયામાં બે ચીજથી ડરવું જોઇએ. મરણ અને લગન ! અને એ બેમાં ઓરતને લગનથી તો વધારે ખબરદાર રેહવું ઘટે છે, સબબ મરણથી સરવે દુઃખ અને સંકટનું સેવટ આવી જાય છે, પણ લગન જો નિશફલ જાય, તો જીવતાં સુધી દોજખના જેવાં દુઃખ સેહવાં પડે છે, અને મરણથીજ તે સંકટનુ સેવટ આવે છે.'

'**કલીઓપૅત્રા**' હું ગુસ્સાથી બુમ પાડી બોલ્યો. 'તેં મીસરને બચાવવા માટે કસમ લીધા હતા, અને હવે તું મીસરને દગો દે છે. મીસરના બચાવમા ખરચવા **મનકવરાનો** ખજાનો તું કસમ લઇ ઉઠાવી લાવી, અને હવે તું તે ખજાનો તારી મતલબ ખાતર ખરચે છે ? તુંએ મારી સાથ પરણવાનું વચન આપી તે વચન પાલવાના કસમ લીધા, અને હવે તું મારી મશકેરી કરે છે ? માટે હું કહું છું, કે તે પવિત્ર આકાશી દેવતાઓ અને પાક **મનકવરાના શ્રાપનો કોપ તારી ઉપર ઉતરજો ! અને તેના કોપની અગનીમાં તારૂં રાજ તાજ અને તખ્ત તથા તારી જાહોજલાલી બળી ખાક થજો.** ચાલ હવે મને હિંયાંથી જવા દે. જુઠી ! લબાડ ! કુચ્છંદી ! કાહાબા, પાપીણી, તુને ચાહી મેં મારી ખરાબી અને ખુવારી કીધી, વાસતે હવે મને જવા દે ? ચાલ રસતો છોડ, મને તારૂં કામ નથી.'

'જવા દેઉ.' **કલીઓપૅત્રા** ગુસ્સે થઇ બોલી. 'શું મારાં રાજમાં

નવો બલવો અને નવાં ફિતુર જગાડવા તુને હિંયાંથી જવા દેઉં ? નહીં તેમ બનશે નહી. તુને મારી સાથ **એનટની** પાસે આવવું પડશે, અને ત્યાં ગયા પછી કદાચ મારી મરજી પડશે તો હું તુને જતો મુકીશ.'

હું કાંઇબી જવાબ દેઉં તે આગમજ તેણીએ એક રૂપેરી ઘંટ વગાડયો, અને તે ઘંટનો અવાજ સાંભલી એક દરવાજેથી **ચારમીયન** અને બીજી દાસીઓ તથા બીજે દરવાજેથી ચાર મજબુત સરદારો દીવાનખાનામાં દાખલ થયા.

'પકડો આ ફિતુરી ફિતનગેજને.' મને દેખાડી **કલીઓપૅત્રા** બોલી.

આ સખુનો સાંભલી હું દીવાના જેવો થાઇ ગયો, અને પેલા ચાર સરદારો માહેલો એક પોતાની તલવાર ખેંચી મારાં આંગ ઉપર ધસી આવ્યો. તેજ વખતે મેં તેનો હાથ પકડી તેની તલવાર ઝુટાવી તેને જમીન ઉપર એવાં તો જોરથી ઉંચકી પટકયો, કે તે બેહોશ થઇ ત્યાંજ પડયો. તેની એવી હાલત જોઇ તેના સાથીઓ મારી ઉપર સામટો હુમલો લાવ્યા. તે ત્રણ માહેલા એકના કાન ઉપર તેજ વખતે મેં એની તો એક મુકી મારી, કે તેના કાનમાંથી લોહી વેહતું થયું, અને તે ઘુંમરી ખાઇ તેજ વખત જમીન ઉપર લોટવા લાગ્યો. જેવો તે પડયો, કે તેની તલવાર અને ઘાલ મેં ઊંચકી લીધાં, અને પેલા બાકી રહેલા બે માહેલા એકને તેજ તલવારથી મેં ઠાર કીધો. નજદીક હતું કે બીજાનેબી ઠાર કરૂં. પણ તેટલાં બીજા સરદારો બાહારથી દોડી આવી મારા ઉપર એકદમ સામટો ધસારો લઇ આવ્યા. ઘાલ અને તલવાર મારે હાથ આવ્યાથી દીવાનખાનામાં ખુનરેજી ચાલી રહી. હું મારા બચાવમાં જીવ ઉપર આવી લડવા લાગ્યો, અને શું પરીણામ આવશે તેની કાંઇ પણ દરકાર મેં કરી નહી. એવી રીતે મેં મારા બચાવમાં અગિયાર આદમીને તે દીવાનખાનામાં કતલ કીધાં, અને પાંચ જન સખત જખમી થાઇ જમીન ઉપર પડયાં.

પણ અંતે નસીબે વધુ યારી આપી નહી. મારામારી વખત જતે ગંભીર રૂપ પકડતી ગઇ. નવા નવા સરદારો દીવાનખાનામાં હથિયારબંધ આવતા ગયા, અને હું આંખ બંધ કરી તલવાર ચોમેર ઘુમાવતોજ ગયો.

એવામાં કમનસીબે મારો પગ સંગેમરમરની લીસી જમીન ઉપરથી લપસી ગયો, અને જેવો હું પટકાઇ જમીન ઉપર પડ્યો, કે કેટલાક ભાલેબરદારોએ મને ઉઠતો અટકાવવા ભાલાની નોકે વિંધી નાખવાની તજવિજ કરી. મેં જાણ્યું કે હવે મરવાનો વખત નક્કી છે. પણ તેટલાંમાં એકાએક **ચારમીયન** એક જબરી ચીસ પાડી દોડી આવી, મારા આંગ ઉપર પડી, રડતી આંખે બોલી :—'બચાવ ! બચાવ ! ઓ રાણી એની જીંદગી બચાવ ! આ ભાલેબરદારો એને વિંધી નાખી બેજાન કરશે.'

'નહી. મારે મરવું છે.' મે જવાબ દીધો. 'જીવવામાં હવે મજાહ રહી નથી. મરવામાં હું મારૂ સુખ સમજું છું.'

'આહા !' **કલીઓપૅત્રા** જે આ તમામ ખુનરેજી દીવાનખાનાના એક ખુનામાં ઉભી રહી જોતી હતી, તે બોલી. 'એણે પોતાનો બચાવ બાહાદુરીથી કીધો છે. જોકે મારાં અગિયાર માણસોનો એણે જીવ લીધો છે, પણ એણે પોતાનો બચાવ એખલે હાથે કીધો છે. એની શેરદીલી અને બાહાદુરી માટે હું એને માફ કરૂં છું. સરદારો લેઇ જાવો એને એના દીવાનખાનામાં અને એને થયલા જખમોની સારવાર કરાવો."

પછી શું થયું ?

મારૂ મગજ ઘુમવા લાગ્યું. મારી આંખે અંધારા આવવા લાગ્યાં. અને હું બેહોશ થઇ ગયો.

* * * * *

* * . *

પ્રકરણ ૨૨ મું.

હારમેચીસની બેહોશી—ચારમીયનની ઇનતેજારી—હારમેચીસ એક કેદી અને કલીઓપૅત્રાનો ગુલામ—તારસસ તરફ સફરની તૈયારી—કલીઓપૅત્રાનો દરીઆઈ કાફલો—તારસસ મધે કલીઓપૅત્રાની મેહફીલ—એનટની, કલીઓપૅત્રાનો મેજબાન.

કયારે અને કેટલે દાહાડે હું મારી બેહોશ હાલતમાંથી જાગરૂત થયો તેની મને કાંઇ ખબર નથી. મને થયલા જખમોમાંથી મારી બેહોશી દરમ્યાન ગએલાં લોહીથી મારી તબિયત બેહદ નાતવાન થાઇ ગઇ, અને તેથી સખત બુખારની બીમારીમાં હું બેભાન હાલતે પડયો. મારી આવી હાલતમાં મારી સારવાર કોઇજ નહી પણ **ચારમીયન** કરતી હતી. રાત અને દીવસ મારા પલંગની આગલથી તે જરાબી દુર થતી નહી હતી, અને મારી આગલ ને આગલ રેહવા માટે રાણી પાસથી તેણીએ પરવાનગી મેળવી હતી.

'અંતે તારી આવી હાલત થઇ!' એક દીવસે **ચારમીયન** મને સુતેલો સમજી મારાં બીછાના આગલ ઉભી રહી રડતી આંખે ધીમે અવાજે બોલી. 'અંતે તારી આવી હાલત થઇ! ધરતીને તું માથે ઉઠાવી ફરવા લાગ્યો! જમાનાએ પોતાની ઉમેદ તારા જોર ઉપર બાંધી, પણ તેબી નિરાસ થયો. મને તુએ નાહેક બદનામ થવાની ફરજ પાડી. અંતે તુ મરે છે! ઓ **હારમેચીસ** તુ જાય છે!! મને હિંયા મુકી તુ કયાં જાય છે!! મારાથી જો તારી સાથ અવાતું હોય તો હું આવવા ખુશી છું.'

તેણીના આવા સખુનો સાંભલી મેં મારી આંખો હલવે રહી ઉઘાડી જવાબ દીધો. 'ના રડ! ઓ દયાલું દોસ્ત! તારો ગમ જરા કંમ કર. હજી હું જીવું છું, અને મને લાગે છે કે હું મરનાર નથી.'"

• મારા આવા સખુનો સાંભલી તે ખુશી થઇ. તેણીનો ઘણા દીવસનો કરમાયલો ચેહરો ખુશીથી તાજા ગુલાબ જેવો ખીલવા લાગ્યો, અને ફરીથી તેણીની આંખો ચમકવા લાગી.

"તું જીવે છે! તું જીવશે **હારમેચીસ**!' **ચારમીયન** વાંકીવળી બોલી. 'હું તો તુને મુવેલો સમજતી હતી, સબબ હકીમે તારા જીવવાની આસા આજ કેટલા કેટલા દીવસો થયા મુકી બેઠા છે. તું જીવે એટલુંજ હું ચાહુ છું. પણ **હારમેચીસ**, તું વધારે બોલ ના. તુને નિંદ અને આસાએશની ઘણી જરૂર છે. તારા જખમોમાથી બેસુમાર લોહી ગયું છે, અને જખમથીજ તારી ઉપર બુખારે ગલબો કીધો છે. હાલ બુખાર બીલકુલ ઉતરી ગઇ છે, વાસતે હવે તુને નિંદની જરૂર છે.'

એમ બોલી મારાં કપાલ ઉપર તેણીએ પોતાનો ઠંડો હાથ મુકી, મને ઉંઘાઇ જવા તે વિનતી કરી સમજાવવા લાગી.

'પણ **ચારમીયન**,' મેં પુછ્યું. 'હું કેટલો વખત સુતો છું?'

'નવ કલાક તુએ ખુશ નિંદમાં કાહાડયા છે.' તે બોલી.

'અને શું નવ કલાક થયા તું મારા પલંગ આગલ મને તપાસતી ઉભીછે?' મે અજબ થઇ પુછ્યું. 'જા **ચારમીયન**. જા તું જરા આરામ કર.'

'મારા કરતાં તુંને આરામ કરવાની ઘણી જરૂર છે.' તે બજીદ થઇ બોલી.

અને ફરીથી એકવાર હું પાછો મારી નબલાઇના સબબથી પુર નિંદમાં પડયો. જ્યારે હું પાછો જાગરૂત થયો ત્યારે દીવસ અરધો પસાર થયો હતો. **ચારમીયને** મારે માટે કાંઇ ખાવાનું લાવી હાજર કીધું, અને મારી ભુખ પ્રમાણે મેં ખાઇ લીધું.

'નાહેક તુએ વચમાં પડી મારો જીવ બચાવ્યો **ચારમીયન**.' મેં વાત ચલાવી. 'મને જો તુએ મરવા દીધો હોત, તો કેવું બેહતર થાત, સબબ જીંદગી મને હવે ઝેર જેવી કડવી થઇ પડી છે.'

'એવી રીતે તુને હું કેમ મરવા દેઉ **હારમેચીસ**.' તે બોલી. 'તું મારો પીત્રાંઇ, અને એવી રીતે મારી નજર સાંમે તારૂ મોત આવે, એ હું કેમ જોઇ શકુ!'

'આ જગતમાં સરવે સંકટનું સેવટ, મોત જેવી સનતોશકારક રીતે લાવે છે, તેવું બીજું કસ્સાંથી આવતું નથી.' મેં જવાબ દીધો. 'વારૂ **કલીઓપૅત્રા તારસસ** તરફ ક્યારે જવા ધારે છે **ચારમીયન** ?'

'આજથી વીસમો દીવસ તેણીએ પોતાની **તારસસ** તરફની સફર માટે નક્કી કીધો છે.' **ચારમીયન** બોલી. 'સફરની તૈયારીઓ મોટા પાયા ઉપર ચાલી રહી છે. એવી તૈયારીઓ અને એટલો મોટો ખરચ આગલ કોઇબી સફર માટે તેણીએ કીધો નહી હતો. હુ સમજી નહી શકતી **હારમેચીસ** કે આટલો મોટો ખરચ **કલીઓપૅત્રા** કેમ કરી શકે છે. રાજનો ખજાનો ખુટી જવા છતાં આવી ધામધુમ માટે તે ક્યાંથી દોલત લાવતી હશે.'

આ નવી ખબર સાંભલી મે એક ઠંડી હાય મારી, મારા ગમને દાબી દીધો, સબબ હું જાણતો હતો, કે જે ખજાનો **કલીઓપૅત્રા** આવી ખોટી રીતે ખરાબ કરતી હતી, તે પવિત્ર **મનકવરા**ની છાતી માહેલો પવિત્ર ખજાનો હતો.

'તુંબી **કલીઓપૅત્રા** સાથે જનાર છે **ચારમીયન** ?' મે પુછ્યું.

'હા. હું અને આખ્ખી દરબાર. તુને પણ સાથે આવવું પડશે **હારમેચીસ**.' **ચારમીયન** બોલી.

'મને ! સબબ ?' મે સવાલ કીધો.

'સબબ, તુ **કલીઓપૅત્રા**નો ગુલામ અને કેદી છે.' **ચારમીયને** કહ્યું. 'તુને હિંયાં રાખી જવાનું તે ઠીક ધારતી નથી.'

'**ચારમીયન**, હું અગર નાહસી જાઉ તો કેમ ?' મે ધીમે અવાજે પુછ્યું.

'નાહસી જાય ! કોણ ! તું.' અરે તારા આંગમાં નાહસવા માટે શકતી ક્યાં છે.' તે દલગીર થઇ બોલી. 'હજી તો તારી બુખાર ગઇ નથી. તું કેમ નાહસી શકશે **હારમેચીસ** ! તારી પાછલ સખત ચોકી પેહરા રાખ્યા છે. વલી નાહસીને તું ક્યાં જશે ? કુલ મીસર તારી ચાલ ઉપર ધિક્કારની નજરેથી જુવે છે, અને લ્યાનતનો સરસાદ વરસાવે છે.'

ચારમીયનના આ સખુનો સાંભલતાંજ મારી આંખોમાંથી આંસુની ધાર વેહતી થઇ.

'ના રડ. ના રડ ઓ હિણભાગ્ય, બળવંત વીર! તું ના રડ!' **ચારમીયન** દીલાસો દેવા બોલી. 'તારા ગુરૂઓએ તુને સરવે ઇલમ અને હુંનરથી ખબરદાર કીધો ખરો, પણ અફસોસ કે **કલીઓપૅત્રા**ના નાંજ નખરાંની જાલમાથી છુટવાના ઇલાજથી તેઓએ તુને બેખબર રાખ્યો. હવે તો હિંમત રાખ, એટલે સરવે ઠીક થશે. જે બીજ તુએ રોપ્યાં છે, તેના ફલ તારેજ ચાખવાં ઘટે છે. **હારમેચીસ** હાલ તુરત તો **કલીઓ-પૅત્રા સાથ તારસસ** જવા તું તૈયાર થા. કદાચ ત્યાંથી તુને નાહાસવાની તક મલશે તેટલાં તુને તારૂં આગલું જોર અને કૌવતબી આવશે. **હારમેચીસ** હવે હું તારી રજા લેઉ છું.'

તે ગઇ. પણ તેના બોલવામાં મેં ઘણુંજ કીમતી વજુદ જોયું. તેણીએ આપેલી સલ્લાહ ઘણીજ વાજબી હતી, અને તે ઉપર અમલ કરવાનો મેં ઠેડાવ કીધો. રફતે રફતે હું હુશિયાર થવા લાગ્યો. મારા જખમો રૂજાતા ગયા, અને મારૂં આગલુ કૌવત હું મેળવતો ગયો. ચાર દીવસમાં હું મારા પલંગપરથી ઉઠી દીવાનખાનામાં ફરતો થયો, અને જેમ જેમ મને શકતી આવતી ગઇ તેમ તેમ હું મેહલ માહેલા બાગમાં ફરવા લાગ્યો. એક અઠ-વાડ્યુ વધું થાય, તેટલાં તો હું પુર તનદરોસ્ત થયો, પણ દરબારમા જવાનુ મેં છોડીજ દીધું.

અંતે એક દીવસે **ચારમીયને** આવી મને ખબર આપી, કે રાણી **કલીઓપૅત્રા**નો કાફલો એ દીવસમા **સિરીઆ**ને કીનારેથી સફર કરતો **સિલીશ્યા** તરફ જવા નિકલનાર છે, માટે મને પણ તૈયાર થઇ રેહવાનો હુકમ થયો છે.

'ઓ પાપી પ્યારની બુરી અગનમાં બલી મરનારાઓ! ઓ નિરદય કાંમદેવની આરાધના કરી તેને પંપાલનાર પુજકો!! ગગનમંડલ હેઠલ હસ્તી ધરાવતા સરવે ધરમના સેવકો!! તમો સરવે ધ્યાન ધરી જુવો, કે પ્રિત અને પ્યારની અગનથી આદમીની કેવી હાલત થાય છે!!! પ્યાર! ઓ પ્યારની ખુવારી અને પ્રિતની ખરાબીઓ!! તમારી હસ્તી આ ધરતી પરથી ફના થજો. !!!

અરે હું મીસરનો માલેક અને બાદશાહ! ફેરાઉનના તાજનો હું સાચ્ચો વારેસ! અને આ મારી હાલત!! એક ઓરત! એક સુંદર ઓરતની ખુબસુરતી ઉપર મોહી પડી તેના પ્યારનો હું પુજક બન્યો, અને આજે હું તેનો કેદી અને ગુલામ!!!

ચારમોયનનો આ પેગામ સાંભલી લાચારીથી મને મારી મુસાફરી માટે સરવે પ્રકારની તૈયારી કરવાની ફરજ પડી. **કલીઓપૅત્રા** સાથ **તારસસ** નહી જવું એવો મારો વિચાર હોવા છતાં, પાછલથી મને **ચારમીયન**ની સલ્લાહમાં લાભ જેવું લાગ્યું. મારી બાજુએ હવે કોઇ રહ્યું હતું નહી. કુલ મીસરે મને તજી દીધો હતો. મારાથી થએલી કસુરને લીધે તેમનું જે નખ્ખોદ વળ્યું હતું, તેથી મારી ઉપર કુલ મીસરની લ્યાનતનો વરસાદ વરસતો હતો.

કલીઓપૅત્રાનો કાફલો.

કલીઓપૅત્રાના દરીઆઇ કાફલા જેવો ભપકાદાર ગંજાવર અને સુંદર કાફલો કોઇબી બીજા રાજ પાસે હતો નહી. તે કાફલાનો દેખાવ દુનીયાના કોઇબી રાજવાલાને છક્ક કરી નાખવા બસ હતો. તે કાફલા માહેલાં દરેક વાહાંણના પાછલા ભાગોને સોનેરી પતરાંથી જડી લીધાં હતાં, અને તે વાહાંણોના સડો કીરમજી રંગના ઉંચા કિસમના રેસમી કપડાંના બનાવેલા હતા. તે વાહાંણોના હલ્લેસાં રૂપ્પાંમાં મઢી લીધેલાં, અને તેના સુકાણો સોનાના હતાં. વલી તુતક ઉપર રંગબેરંગી મખમલ અને સુંદર રેસમી કપડાંના શાંમીયાના ગોઠવેલા હતા. વાહાંણોના રંગબેરંગીન સડોને ખેચવા માટે રેસમના મજબુત રંગીન દોરડાં બનાવેલાં હતાં. તુતક ઉપર ગોઠવેલા એક ઉમદા શાંમીયાના અંદર **કલીઓપૅત્રા** પોતાની બેઠક લેતી હતી, અને તેણીની ખીદમતમા કોમલ ઉંમરના ગુલાબી ચેહરાના ખુબસુરત જવાન છોકરાઓ, યુનાની દંતકથામાં દરશાવેલા પ્યારના ફરેસતા (ક્યુપીદ) ના જેવી હાલતમાં હાજર રેહતા હતા. એ પ્યારના ફરેસતાઓને ફકત પરીઓના જેવી બે પાંખ અને પીઠ ઉપર તીરનો એક ભાથરો અને હાથમાં કમાન આપી **કલીઓપૅત્રા** દરબારમાં હાજર રેહવા ફરમાવતી હતી. વલી વાંહાંણો

ઉપર કોઇબી મરદ ખલાસીઓનુ નામ કે નિશાન માલમ પડતુંજ નહી હતુ, સબબ મરદોને બદલે સુંદર ચેહરાની રૂપવંતી ઓરતો જાતજાતના રંગબેરંગી પોશાકોમા ખલાસી તરીકે નજરે પડતી હતી. વાંહાણના તુતક ઉપર અત્તર અને ખુશબોના મેહકાટ વચ્ચે ભરાતી માશુકાની મેહફીલમાં **કલીઓપૅત્રા** પાછલ તેણીનો માનીતો પેહલવાન **બ્રુનુસ** નાગી તલવાર લઇ ઉભો રેહતો હતો.

એવા એક ઉમદા, અને જગતનુ ધ્યાન ખેંચી રેહલા કાફલાએ પોતાની સફર શરૂ કીધી, અને મને એ કાફલા સાથે જવાની ફરજ પડી. અને તેબી કવી રીતે. સીપાઇ અને સરદારોના ચોકી પેહરા હેઠલ એક ગુલામ અને કેદી તરીકે!

અફસોસ!! જે કાફલો લઇ હું રૂમ સામે મીસરના માલેક તરીકે લડવા જનાર હતો, તેજ કાફલામાં મને **કલીઓપૅત્રા**ના એક કેદી અને ગુલામ તરીકે જવું પડયું.

તે કાફલાએ પોતાની દરીઆઇ કુચ હેડવેલે વખતે શરૂ કરી. દરિયાની હવાથી મારી બગડેલી તબિયત અને ગુમાવેલી શક્તીમાં જોઇએ તે કરતાં વધારે સુધારો થવા લાગ્યો, અને હમારી સફર પુરી થાય તે આગમચ તો હું અસલ કરતાંબી વધારે તનદરોસ્ત થાઇ ગયો હતો.

અંતે હમો સફર પુરી કરી સહી સલામત **તારસસ** જઇ પુગ્યાં. હમારા આવી પુગવાની ખબર પુગતાંજ **એનટની**નું લશકર લેઇ **ડીલ્યુસ** હમુને માન આપવા માટે બંદર ઉપર આવી ઉભો.

'ઓ નુરમંદ મીસર, બાહાદુર **એનટની**એ તારા ઉતારા માટે સરવે સામગ્રી તૈયાર રાખી છે, અને તુને જણાવવા માટે મને ફરમાવ્યું છે, કે આજ રાતે નામવર **એનટની**ની મેહમાનદારી તું કબુલ કરશે.'

પણ **કલીઓપૅત્રા**એ **એનટની**નું ઇજન કબુલ કરવાની સાફ ના પાડી **ડીલ્યુસ**ને જણાવ્યું કે :—'હમો **એનટની**ની મેહમાનદારી કબુલ કરી શકતાં નથી, પણ તે નામવરે હમારે ત્યાં આજ રાતે ખાના ઉપર બીરાજવાની તજદી લેવી.'

રાણી કલીઓપૅત્રાનો પેગામ લઇ **ડીલ્યુસ** ગયો, અને **કલીઓપૅત્રાની સવારી પુર દમામમાં પોતાના ઉતારા માટે મુકરર કરેલાં મકાન તરફ**

ચાલી. **એનટનીએ** **કલીઓપૅત્રાનુ** ઇજન કબુલ રાખવાથી ખાનાંની તૈયારીઓ મોટા પાયા ઉપર ચાલી રહી. સાંજ પડવા આવી, અને હું **એનટની**ને નજરે જોવા માટે ઇનતેજાર બની રહ્યો.

આહા ! એ સરવે બનાવો જોઇ મારી દેખતી આંખો આંધલી થઇ જતી હતી. મારૂ જીગર ગુસ્સાથી ચીરાઇ ફંસાઇ જતુ હતું, અને અદેખાઇના અંગારથી તે બલી ખાકરાખ થતું હતું. પણ લાચાર ! લાચાર !! લાચાર !!!

અંતે **એનટની** પોતાના રસાલા સાથ **કલીઓપૅત્રાની** મેહફીલમાં આવી પુગ્યો. બેશક તે સુરતે સોહાંમણો, આંગે કદાવર અને જુવાનીના બાહારમા ખીલેલો હતો. **કલીઓપૅત્રાની** બેઠક નજદીક તે મેહફીલમાં આવી નમ્યો અને અજાએબી સાથ તેણીને જોતો ઉભો. **કલીઓપૅત્રા** પણ **એનટની**ને નીરખી જોવા લાગી, અને તેણીના ચેહરા ઉપર થતો ફેરફાર જોઇ હુ અદેખાઇથી બલવા લાગ્યો.

કલીઓપૅત્રા કાંઇ પણ બોલી નહી, પણ **એનટની**ને જોઇ તેણીએ પોતાનું સર હસીને નમાવ્યું, અને પોતાનો હાથ તેની તરફ લાંબો કીધો. **એનટનીએ** માન સાથ નમી તે હાથ પોતાના હાથમાં પકડી તે ઉપર ચુંબન કીધું.

'બાહાદુર **એનટની.**' **કલીઓપૅત્રા** બોલી. 'હમારાં ઇજનને માન આપી તું નામવર હિંયાં સીધારયો, તેથી હમે બેહદ ખુશી છૈયે. હમોં **એનટની**ના સુખનને માન આપવા **તારસસ** આવ્યાં છૈયે.'

'ઓ બળવંત મીસરના તુરમંદ સીતારા.' **એનટની** બોલ્યો. 'ઓ રાહાતે રૂહ, તું નામવરને **તારસસ** સુધી આવવાની જે તકલીફ પડી છે, તેથી હું દલગીર છું.'

'બાહાદુર **એનટની,** ખાનાંનો સુફરો તૈયાર છે. તું નામવર મારો મેજબાન છે. ચાલ મારી સાથ.'

તુરતજ **કલીઓપૅત્રા** પોતાની બેઠક પરથી ઉઠી ઉભી થઇ, **એનટની**નો હાથ પોતાના હાથમાં પકડી તેને ખાનાં ઉપર લઇ ગઇ, અને તમામ મેહફીલે તેણીની પાછલ અદબથી ચાલવા માંડયું.

પ્રકરણ ૨૩ મું.

હારમેચીસની હાલત—મેહફીલમાં કલીઓપૅત્રાની બડાઇ—કલીઓપૅત્રાનું મોતી—એક મોતીની જામ—મનકવરાના શ્રાપના કોપની યાદ—હારમેચીસ ઉપર કલીઓપૅત્રાનો કોપ—કલીઓપૅત્રાની બેવફાઇનો ખેલ—કલીઓપૅત્રાને એનટનીએ આપેલું વચન—હારમેચોસને મોતની સજા.

ત્રણ રાત સુધી જયાફ્તો અને મેજબાનીઓ **એનટની**ના માનમાં આપવી **કલીઓપૅત્રા**એ ચાલુ રાખી, અને **એનટની** તે મેજબાનીની ધુમધામ જોઇ દીલમાં હેરત રેહવા લાગ્યો.

આજની મેહફીલ અને જયાફ્તમાં ખાસ રંગ મચાવવાના ઇરાદાથી **કલીઓપૅત્રા**એ ખરચની કાંઇબી બખીલાઇ કરી હતી નહી.

પણ એ સઘલો વખત મારી હાલત સરવેથી બદતર હતી. મને એક ગુલામ માફક **ચારમીયન** અને બીજી દાસીઓ સાથ **કલીઓપૅત્રા**ના તખ્તની પાછલ મેહફીલમા તેમજ દરબારમાં ઉભું રેહવું પડતું હતું, અને દર કલાકે કેટલા વાગ્યા તેની મેહફીલને બુલંદ પુકારથી પુકારી મને ખબર આપવી પડતી હતી. એ હુકમને શરણ થવા સિવાય બીજો કાંઇબી ઇલાજ મારા હાથમાં રેહો નહી હતો, એટલે હું લાચાર થઇ મારાં કીસમત ઉપર અફસોસ કરી, સેંહકડો શ્રાપ મારા જીવને હું દેતો હતો. વધું એટલા માટે, કે **કલીઓપૅત્રા એનટની**ની પ્રિતમાં પડી હતી, અને મને દરબારમાં હમેશ તે એક ગુલામ તરીકે બુલાવી હુકુમ કરતી હતી.

એવી રીતે હું મીસરનો ફેરાઉન **હારમેચીસ**, **કલીઓપૅત્રા**ના એક અદના ગુલામ તરીકે તેણીની મેહફીલ અને જયાફ્તમાં તેણીની પાછલ ઉભો રહી ખીદમત કરતો રેહો, અને મારી નજર રૂબરૂ તે પોતાના આશક **એનટની**

સાથ નાજ નખરાંથી લાખો લાડ અને નાજ કરતી હતી. તેણીનો આવો હાલ જોઇ **એનટની** પોતાની આગલી દલેરીનું દફતર સરાહગાનથી ખોલી **કલી-ઓપૅત્રા**ની અકલ હેરત કરતો ગયો, અને દારૂની ખુમારીમાં મસ્ત થાઇ અવિવેકી બની, મેહફીલ દરમ્યાન **કલીઓપૅત્રા** સાથ ન છાજતી અલાપ અને અટકચાલી કરી, મજાક મશકરી કરવા લાગ્યો. પણ **કલીઓપૅત્રા**એ તે માટે જરાબી વાંધો લીધો નહી, અને આવી શરમભરી **એનટની**ની ચાલ જોઇ તે સેહેજબી શરમાઇ નહી, કે નહી તેને તેમ કરતો તેણીએ અટકાવ્યો.

અંતે જ્યાફતનું કામ પુરૂં થયું, અને હવે રંગ રાગ શરૂ થયો.

આવો ઉંદાર ખરચ, અને આવા ભપકાથી છક થાઇ **એનટની** દીવાનખાનાની આસપાસ નજર કરી બોલ્યો. 'ઓ રાહાતેરૂહ શું **નાઇલ** નદીના કીનારા ઉપરની રેતી સુંનાની બનેલી છે, કે આવો મોટો ખરચ તારી એકએક રાતની જ્યાફતમાં તું સેહલાઇથી કરી શકે છે? ઓ સુંદર રાણી, મને કહ કે મીસરમાં એટલી બધી દોલત કયાથી આવે છે?'

'બાહાદુર **એનટની**,' **કલીઓપૅત્રા**એ નખરાં કરી જવાબ દીધો. 'એતો કાંઇજ નથી. હમારૂ મીસર એક ભેદ અને ભરમભરી ભુમી છે, અને કોઇબી વખતે કેવી રીતે દોલત મેલવવી તે હમો જાણીએ છીયે. શું ધારે છે તું આજની જ્યાફતનો ખરચ **એનટની**?'

એનટની વિચાર કરી બોલ્યો. 'એક હજાર **સીસતરસ્યા*** હશે.'

'બરાબર આજના મારા ખરચની તુએ અરધી ગણત્રી કરી છે' **એ-નટની**.' **કલીઓપૅત્રા** બોલી. 'પણ એવી મેજબાની મારા દેશમાં હું રોજ આપી શકું છું. આજની જ્યાફતથી તું અજબ થયો છે, પણ એતો મારી કુચ બીસાદમા નથી. હું પોતે વીસ હજાર **સીસતરસ્યા** ફકત એકજ દારૂના ગોટમા પીઈ જાઉછું! તારે અજમાએશ કરવી છે?'

'સુંદર મીસર, તે કેમ બને?' **એનટની** હસી પડી બોલ્યો.

કલીઓપૅત્રા પણ હસી પડી, અને તેજ વખતે તેણીએ પોતાના ગુલામને સુફેદ સરકાની એક જામ લાવવાનો હુકમ કીધો. તે હુકમ થતાજ

*** એક હજાર સીસતરસ્યા, આજના ઇંગ્રેજી ચલનમા આઠ હજાર પાઉન્ડ યાને રૂ૦ ૧,૨૦,૦૦૦ જેટલી રકમ થાય છે.**

સરવે કોઇનુ રાણી તરફ ધ્યાન ખેચાયું. ખીદમતગારે સુફેદ સરકાની જામ મેહફીલમા લાવી હાજર કીધી, અને તમામ મેહફીલ **કલીઓપૅત્રા** શું કરેછે તે જોવા ઇનતેજાર બની રહી.

અને તેણીએ શું કીધું.

પેલાં બે કીમતી મોતી, જે **મનકવરા**ની છાતીમાથી **કલીઓપૅત્રા** લાવી હતી, તેમાનું એક પોતાની જેબમાથી કાહાડી પેલી સુફેદ સરકાની જામમા તેણીએ નાખી દીધુ.

તમામ મેહફીલ ચુપ થાઇ ગઇ. પેલું મોતી સરકા અંદર પીગળી ગયું, અને તેજ વખતે **કલીઓપૅત્રા** પેલી જામ ઉડાવી પીઇ ગઇ.

'બીજી એક જામ લાવ.' **કલીઓપૅત્રા**એ ફરી હુકમ કીધો.

કાઇ જરૂર નથી ઓ સુંદર રાણી.' **કલીઓપૅત્રા**નો હાથ પકડી **એનટની** બોલી ઉઠયા. 'મેં જોઇ લીધું. મારી ખાતરી થઇ ચુકી.'

પણ આ સરવે ખુવારી મારાથી સાંખી શકાઇ નહી. **મનકવરા**ના કીમતી ખજાનાનો આવી ઉડાઉ રીતે નાશ થતો જોઇ મારૂ માથું ફરી ગયું. કોઇ ગેબી શકતીથી મારૂ દીલ ઉસકેરાઇ ગયું. મારી આંખોમા ખુન ચહડી આવ્યું, અને હું **કલીઓપૅત્રા**નો ગુલામ છું એવું ભુલી જઇ, મેહફીલમા મોટે અવાજે હું પુકારી ઉઠયો:—

'ઓ મનકવરા તારા શ્રાપનો કોપ કયાં છે ! ઓ રાણી તેનો વખત થયો ! સાંભલ ! સાવધ થા ! મનકવરાનો શ્રાપ આવે છે!!! જો આવે છે ! તપાસ, તે આવે છે ! ! !'

એક ભયંકાર ચુપકીદી, તે રંગરાગભરી મેહફીલમાં ફરીવળી. ખુશાલી એકદમ નાબુદ થાઇ ગઇ, અને સરવેના હસતા ચેહરા ફિક્કા પડી ગયા. **કલીઓપૅત્રા**ના ચેહરાની લાલી મારો અવાજ સાંભલતાંજ ઉડી ગઇ, અને મારા ભેદભરયા સખુનો સાંભલી સરવે કોઇ ડોલા ફાડી જોવા લાગ્યાં.

કાલે મોહડેના નીચ ગુલામ.' **કલીઓપૅત્રા** ગુસ્સાથી દીવાની જેવી થઇ બોલી. 'મારી ખુશી ખુરમીની મેહફીલમાં આવા અપશુકન ! ફરીથી એવો એકબી સુખન બોલ અને જો તારી પીઠ ઉપરની ચામડીના કેવા હાલ થાયછે.'

'આ ગુલામના બોલવાનો શું ભેદ છે?' **એનટની**એ પુછ્યું. 'બોલ ઓ નફ્ફર, તારા આ ભેદી અપશુકનનો ખુલાસો કર.'

'મરવા દે એ નીચને.' **કલીઓપૅત્રા** બોલી. 'મારી મેહફીલના રંગમા એના અપશુકનથી ભંગ થયો છે, તેનો બદલો હું આવતી કાલે લીધા વગર રેહનાર નથી. નિકલ, લ્યાનતી કુત્રા, દુર થા એકદમ મારી દરબારમાથી.

તેણીના હુકમ પ્રમાણે હું નમી મેહફીલમાથી નિકલી ગયો, અને બેઠાં બેઠાં મેં મારાં સર ઉપર **કલીઓપૅત્રા**નો આ નવો કોપ ખેચી લીધો.

દરબારમાથી નિકલી, દરવાજાની બાહાર જઇ, મારે હવે કયાં જવું તેના વિચારમા હું ઉભો હતો, તેટલાં મારી પીઠ ઉપર કોઇનો હાથ લાગ્યો; અને ફ્રીને જોતાં **ચરમીયન** મારી નજરે પડી.

'ચાલ, જલદી ચાલ.' **ચારમીયન** ઉતાવલમાં બોલી. 'તારા અપશુકનથી મેહફીલમા દેહશત ફ્રીવળી છે, અને સરવે કોઇ ધાસતી ખાઇ ગયાં છે. ખુદ **એનટની**ની બેચેની એટલી બધી વધી ગઇ છે, કે **કલીઓપૅત્રા** દરબાર બરખાસ્ત કરી નાખી તેને પોતાની આરામગાહમા લઇ ગઇ છે. તારો જીવ જોખમમાં છે **હારમેચીસ**.'

મને કાંઇબી વધુ બોલવાનું, કે પુછવાનું સુજ પડયું નહી. મારી અક્કલ અને હોંશ સરવે મને તજી જવા લાગ્યાં, અને **ચારમીયન** મને જયાં લઇ જાએ ત્યાં મેં તેણીની પાછલ વગર આનાકાનીએ ચાલવા માંડયું.

આડેતીડે રસતે કેટલાક ઓરડાઓ પસાર કરી અંતે **ચારમીયન** એક સાંકડા ન્હાંના જેવા ઓરડામાં મને લઇ દાખલ થઇ. દાખલ થતાંજ તે ઓરડામા બલતી બત્તી તેણીએ બુજાવી નાખી, અને મારા કાંન ઉપર પડી કાંઇબી મોટે અવાજે નહી બોલવાની મને તેણીએ તાકીદ કરી.

તે ઓરડાના દરવાજા **ચારમીયને** હવે હલવે રહી બંધ કરી, મને તે અંધારા ઓરડામાં એક ખુરસી ઉપર બેસવા કહયું. 'બેસ **હારમેચીસ**, અને મારૂ સાંભલી લે. મેહફીલમાથી જેવો તું ગયો, કે તેજ વખત **કલીઓપૅત્રા**એ કસમ લીધા, કે આવતી કાલે તુંને જાનથી મારી નાખવો.'

'**ચારમીયન**.' મેં ધીમે અવાજે કહ્યું 'મરવાનો મને બીલકુલ ગમ નથી, પણ શું તે મારૂ ખુન કરશે!'

'ત્યારે તું મારૂં માનતો નથી?' **ચારમીયન** બોલી. 'ઓ હેમક મરદ! આ બધી બલાનું મુળ કારણ તુંજ છે. તારૂં ખુન તો તે દીવસનુજ થાઇ ગયું હતે, પણ કોણે તારો જીવ બચાવ્યો? મેં કે **કલીઓપૅત્રા**એ? સાંભલ, **કલીઓપૅત્રા**ના ફંદ અને ફિતુરથી હજી ઓ નાદાન તું બેખબર છે. તેણીએ અત્યાર આગમજ **એલેકઝાંન્ડ્રીયા**માં તુને ઠાર કીધો હતે, પણ તુને ઠાર કીધાથી મબાદા રઇયતમાં બલવો ઉઠે, તેથી ડરી જઇ તારી સાથ આવી પ્રિતની ખોટી બાજી રમવા લાગી, અને તું બેવકુફ ગાફેલ તેણીની પ્રિતમાં આંધલો બની તારૂં ખરૂં કામ ભુલી ગયો. સાંભલ, તેટલાં માટેજ તુને છુપી રીતે ઠાર કરવાની મતલબથી હિંયા દુર દેશમાં તે લાવી છે, કે તારાં મરણની ખબરથી મીસર બેખબર રેહ. તારી ખુબસુરતી અને પ્રિતથી તે હવે કંટાલી ગઇ છે, સબબ હવે તેણીને નવો આશક હાથ લાગ્યો છે. એ ફિતુરીએ શું શું કીધુ છે? માહાન પુરૂશો જે પોતાના બળથી કરી શકયા નથી, તે આ ઓરતે પોતાની ફિતુરભરી કળથી કીધુ છે. તારા જેવો એક અસાધારણ શક્તીનો જવાન, જે પવિત્ર **ઓસાઇરીસ** અને **આઇસીસ**ને પાક વચનથી બંધાઇ ચુકયો હતો, તેનો વચન તેણીએ ભંગ કરાવયો. ત્યાર પછી તું, કે જે મીસરનો માલેક અને બાદશાહ થનાર હતો, તેને પોતાની પ્રિતમાં તેણીએ દીવાનો બનાવી, મીસરની ગુપ્ત દોલત અને ખજાનાનો ભેદ જાણી લઇ, સેવટે પોતાનો ગુલામ બનાવ્યો. પોતાની દાસીઓ અને નોકરોની સાથ પોતાના તખ્તની પાછલ એક ચમરીબરદાર તરીકે મીસરના બાદશાહને, પોતાની દરબારમાં તેણીએ ઉભો રાખ્યો.'

'ખરી વાત છે. **ચારમીયન**, એ બધી વાત બીલકુલ ખરી છે.' હું રડી પડી બોલ્યો.

'તું જાણે છે, આ ઓરડામાં શું કામ હું તુંને લાવી છું.' **ચારમીયને** પુછ્યું. 'આ ઓરડાની પાસે જે દીવાનખાનું છે, ત્યાં **કલીઓપૅત્રા**એ પોતાની આરામગાહ બનાવી છે. હું તુંને કાંઇ નવો ખેલ દેખાડવા હિંયાં લાવી છું. હવે આ દીવાલની ફાટકમાંથી જો, અને કાન ધરી તારી વફાદાર **કલીઓપૅત્રા**ના સખુનો સાંભલ.'

ચારમીયનના કેહવા પ્રમાણે વાંકોવળી તે દીવાલની ફાટકમાંથી **ક્લીઓપૅત્રા**ની આરામગાહવાલાં દીવાનખાનામાં હું જોવા લાગ્યો.

અને મેં શું જોયું.

અરેરે મને કેવો દગો થયો !! ઓ પાપી કુચ્છંદી **ક્લીઓપૅત્રા**, મને તારી દગાઇની બીલકુલ ખબર નહી હતી. અફસોસ ! મારૂં નખોદ મેં મારે હાથેજ વાલ્યું !! જેવી રીતે હું અને **ક્લીઓપૅત્રા** એકમેકના ગલાંમાં હાથ નાખી પ્રિત કરતાં હતાં, તેવીજ રીતે તે દીવાનખાનામાં મેં **ક્લીઓપૅત્રા**ને **એનટની** સાથ એશઅસરતમાં ચમન કરતી, અને પ્રિતની વાતો કરતી જોઇ. આ તેની બેવફાઇનો ખેલ દેખાડવા **ચારમીયન** મને આ ઓરડામાં લાવી હતી.

'ખરૂં કેહ નામવર **એનટની**.' **ક્લીઓપૅત્રા**ને **એનટની** પાસ બેસી બોલતાં મે સાંભલી. 'મારી મેહમાનદારી તુંને પસંદ પડી કે નહીં ?'

'મનમોહન **ક્લીઓપૅત્રા**.' **એનટની** હસીને બોલ્યો. 'દુનીયાના જુદા જુદા રાજાઓએ આજ સુધીમા મને ઘણીબી જ્યાફતો આપી છે, પણ તારા જેવી કીમતી જ્યાફત આજ સુધી મને કોઇએ આપી નથી. પણ ગુલબદન **ક્લીઓપૅત્રા**, પેલો તારો ગુલામ **મનકવર**ના શ્રાપ વિશે શું બોલ્યો ? તેની મને કાંઇબી સમજ પડતી નથી ! તેના સખુનો જયારથી મેં સાંભલ્યા છે, ત્યારથી મારી ખુશી ઉડી ગઇ છે.'

'તે જવાન, મગજનો ખસેલો છે.' **ક્લીઓપૅત્રા**એ જવાબ દીધો. 'તેના કપાલ ઉપર જ્યારથી તલવારનો ફટકો પડયો, ત્યારથી તેનાં મગજની હાલત નબલી પડી ગઇ છે.'

'પણ મને તે દીવાનો લાગતો નથી.' **એનટની**એ જવાબ દીધો. 'તેના બોલવામાં કાંઇ કીમતી વજુદ હોય, એમ મેં તેના ચેહરા ઉપરથી નક્કી જોઇ લીધું છે.'

'બેશક, તે એક ફિલસુફ કરતાંબી હુશિયાર છે.' **ક્લીઓપૅત્રા** બોલી. 'વલી જાદુગરી અને બીજા ઇલમમાં તે એટલો તો પુરવીણ છે, કે હું હંમેશા તેનાથી બીહતી રહી છું. તુ જાણતો નથી **એનટની**, એ શખસ કેરા-

ઉનની બાદશાહી ઓલાદનો છે. મારાં રાજ ઉપર એ દાવો કરે છે, મને કતલ કરવા પાયતખ્ત ખાતે એણે એક જબરૂં ફિતુર રચ્યું હતું, પણ મેં એની બાજી જીતી લીધી, અને એને બેજાન નક્કી કીધો એટલાંજ માટે કે મીસરના બાબમાં એક એવા છુપા ભેદથી એ જાણીતો છે, કે ફકત તે ભેદની ચાવી જાણી લેવા ખાતરજ મેં એને આજ સુધી જીવતો રાખ્યો છે. પણ હવે જે કાંઇ મારે જાણવું હતું તે મેં એની પાસથી જાણી લીધું છે. એટલે મને એની વધુ દરકાર હવે રહી નથી. આહ! **એનટની**, મીસરના એક શાહાને મારા ગુલામ તરીકે મારી દરબારમાં મારી પીઠ પાછલ ઉભો રાખવામાં હું ફતેહમંદ થઇ છું. રૂમની તવારીખના સફા ઉપર શું એ બનાવની નોંધ નહી રેહશે? તે ચંડાલ આવતી કાલે સહવાર પડે તે આગમજ તો મરણ પામશે. તેબી એવી રીતે કે તેના મરણની ખબર કોઇનેબી માલમ પડે નહીં. એ વિશે મેં મારો વિચાર નક્કી કીધો છે.'

'સુંદર રાણી.' **એનટની** બોલ્યો. 'કોઇબી માણસને નિંદમા ઠાર કરવું હું પસંદ કરતો નથી. જો તેનો જાન લેવાનીજ મરજી હોય તો તેની જાગરૂત હાલતમા તેને ઠાર કરવો.'

'એ માણસને તું પીછાનતો નથી બાહાદુર **એનટની**!' **કલીઓ-પૅત્રા** બોલી. 'ઇલ્મે ગેબમા એ શખ્સ એવો તો બાહોશ છે, કે મારી અક્કલ તેથી હેરત રહી છે. કોણ જાણે હમણા તે આપણી સામે અદ્રસ્ય ઉભો રહી આપણ વચ્ચેની આ વાત સાંભલતોબી હોય! પણ **એનટની** એ વાતથી તું શું કામ દલગીર થાય છે?'

'નહી ઓ મનમોહન મીસર.' **એનટની**એ જવાબ દીધો. 'હું બીલ-કુર દલગીર નથી. અને મબાદા દલગીર હોઉં તો તે મારી દલગીરી તુને જો-તાંજ હું ભુલી જાઉ, એવી તારી સીકલ સુંદર છે. **કલીઓપૅત્રા**, તારી ઉપર મુકાએલાં બોહતાંન હું જાણુછું કે ખરાં છે, પણ જેવી તુ મારી નજ-રમા હાલ વસી ગઇ છે, તેવી જોતું વસી નહી જતે, તો કદીબી તું **નાઇલ** નદી પાછી પસાર કરી મીસરના તખ્ત ઉપર પાછી બેસવા પામતે નહી. પણ તે સરવે બોહતાન તારે ખાતર, તારાં નાજ અને નખરાં ખાતર, તારી

અદા અને અવાજ અને તારી ખુબસુરતીને ખાતર હું દરગુજર કરૂં છું; અને હું વચનથી તુને બંધાઉછુ સુંદર **કલીઓપૅત્રા**, કે તારા રાજના બચાવમાં **એનટની** સદા તારી મદદે અને બાજુએ હાજર રેહશે.'

'કેવું ઉદાર દીલ! કેવી બાહાદુરી!' **કલીઓપૅત્રા એનટની**ના ગલાંમા હાથ નાખી નખરાં કરી બોલી. '**એનટની**, ખરૂં કહુંછું કે તારા વિશે હું આજ સુધી બેખબર હતી. પણ જ્યારે મેં તુને પીછાન્યો, જ્યારે મેં તુને નજરે જોયો, ત્યારે હું મારૂં દીલ બીલકુલ ભુલી ગઈ. દુનીયાની ઓરતોએ તારી સોહામણી સિકલ માટે તુને એક ખુદા તરીકે પુંજવો જોઇએ. વ્હાલા **એનટની**, આજથી મારૂં રાજ તે તારૂં પોતાનું સમજ. આજથી તું મારો અને મીસરનો અરધો માલેક અને બાદશાહ છે.'

'તું જેવી સુંદર મીસરની રાણી હોય, તોજ હું મીસરનો બાદશાહ બનુ.' **એનટની**એ જવાબ દીધો. 'સબબ મીસર તારા વગર ઉજડ વન મીસાલ છે. આ જગતમાં એ માહતાબ હોય એમ હું માનુછું, કેમકે મીસરને દીપાવવા તે જગકરતાએ એક જુદોજ માહતાબ પેદા કીધો છે.'

'**એનટની**, મેં આજ સુધી મારો પ્યાર કોઇનેબી આપ્યો નથી. પણ આજે તે હું તુને આપુછું.' **કલીઓપૅત્રા** બોલી. 'લે મારો હાથ **એનટની**, અને જો તારો પ્યાર સાચ્ચોજ હોય તો આપણ બન્ને જન કસમ લઇ સાથે જોડાઇએ, કે આ ધરતી ઉપર જ્યાં સુધી આપણા તનમાં જીવ છે, ત્યાં સુધી આપણ એકમેકને વફાદારીથી વળગી રહીશું. સુખમા કે દુ:ખમાં આપણ સાથેજ જીવશું અને સાથેજ મરશું. પ્યારા દોસ્ત, દીલોજાન રફીક, આજથી તું મારો અને હું તારી છું'.

તેઓ વચ્ચે થતી વધુ વાતચીત હું સાંભલું તે આગમજ **ચારમીયને** મારો હાથ પકડી ખેંચી મને કહ્યું. 'ચાલ બસ કર. તુએ ઘણું જોયું અને ઘણું સાંભલ્યું છે. હજી મારે તુને ઘણું કેહવુ છે.'



તું જેવી મીસરની રાણી હોય તોજ હું મીસરનો બાદશાહ બનુ.
(એનતની.)

પ્રકરણ ૨૪ મું.

ચારમીયનની હિકમત અને હારમેચીસનો જીવ બચાવવા તેણીએ આપેલી મદદ—હારમેચીસના દીલમાં કિનાના આતશનુ સળગવું— ચારમીયને દીધેલા દગાનો ખુલાસો અને તેણીનો પસ્તાવો—હારમેચીસે બક્ષેલી માફી અને ચારમીયન સાથ તેના નવા કસમ અને કોલકરાર—છુપા વેશમાં હારમેચીસનુ તારસસથી નાહાસી જવું.

ત્યારે શું સરવેનું સેવટ આવું આવ્યું ! શું આવાં સેવટ માટે મે મારા કસમ ઉપર પાણી ફેરવ્યું. અને શું આવાં સેવટ માટે મીસરના પવિત્ર **પીરૅમીડ**માં છુપાવેલી **મનકુવરા**ની પવિત્ર દોલતનો ગુપ્ત ભેદ મે ખોલી દીધો ! શું આવાં સેવટ માટે મેં મારૂ તાજ અને તખ્ત ખોઇ દીધું. અને શુ આવાં સેવટ માટે મેં મારી જીવતી જીંદગીની આશા, અને મુવા પછી પેલી અમર્ગ દુનીયાના જાવેદાનનાં સુખનો મેં નાશ કીધો ? આ વિચાર આવતાંજ, અને આ દેખાવ જોતાંજ મારી આંખોમાંથી આંજુની નેહર વેહતી થઈ, અને મારી એવી હાલત જોઇ **ચારમીયન** પણ રડવા લાગી.

‘રડ ના ઓ સુરા, ઓ ભોલા, ભોલવાએલા પેહલવાન **હારમેચીસ** !’ તે ડચકાં ખાઇ મારી આગલ બેસી જઇ બોલી. ‘તુને રડતો હું કેમ જોઇ શકું. અરે કેમ નહી તુએ તારા પોતાના ભવિષ્યની આગાહી વરતી, કે આજે આવી આફત તારે માથે પડતે નહી. અરેરે આ શું ગજબ ! શું આફત !! અને શું હોનારત આ પવિત્ર મીસર ઉપર આવી પડી કે તેના એકપુરા તારનારની આવી નાંમોશીભરી ખુવારી થાઇ. અરે આજે તું હિંયાં, અને આવતી કાલે તુ કયાં ! અફસોસ ઓ મીસરના ફેરાઉન ! તારા જવાન જીવનું તે ખુન કરશે !’

'તે ઠીકજ થશે **ચારમીયન**.' મેં હિંમતથી જવાબ દીધો.

'નહી. નહી. તુ એમ ના બોલ.' **ચારમીયન** મારો હાથ પકડી બોલી. '**હારમેચીસ**, સરવે રીતે **કલીઓપૅત્રા** આજ સુધી તારી ઉપર ફાવી ગઇ છે, પણ આ વખતે તેણીને ફાવવા દેવી નહી જોઇએ. આ દુનીયામાં તુએ સરવે કાંઇ ખોયું છે. તારી કિરતી અને ઇજ્જતની ધુલધાની થાઇ છે. તારા ઇલમ અને હુન્નરોની શકતી નાબુદ થાઇ છે. તારા મગજ ઉપરનો કાબુ તું ખોઇ બેઠો છે. હવે તો ફકત તારી જીંદગીજ બાકી રહી છે. તેને તુ બચાવી લે. જીંદગી છે તો સરવે આશા છે, અને તે આશા તું કિના અને વેરથી તૃપ્ત કરી શકશે.'

આ કિના અને વેરના સબુનો સાંભલી મને કોઇ નવી ચીજ એકાએક યાદ આવી હોય તેમ હું ચમકયો. બચીત, કિનો અને વેર લેવાની વાતજ હું આજ સુધી બીલકુલ ભુલી ગયો હતો. હા, ખરેખર. ! એ કિના અને વેરનુ તો મને બીલકુલ ધ્યાંનજ નહી રહ્યું. કાં નહીં હું મારૂ વેર લેઉં.

'હવે સાંભલ **હારમેચીસ**,' **ચારમીયને** મને ધીમે અવાજે કહ્યું. 'તારે પેહલાં હિંયાંથી સહવારૂં પડે તે આગમજ નાહાસી જવું જોઇએ. આવતી કાલે સહવારને પોહર **એલેકઝાંન્ડ્રીયા** તરફ વેપારીનું એક વાહાણ ઉપડી જનાર છે. તે વાંહાણનો નાખુદા મારી પીછાનવાલો છે. એ વાંહાણમાં તારે એકદમ એક વેપારીને વેશે નિકલી જવું, કે જેથી તારા વિશે કોઇને શક પડે નહી અને તુંને કોઇ પીછાને નહીં. તે વાંહણ '**ઉસતાન**'ના નામથી ઓલખાય છે, અને જમની બાજુના ડંકાને છેડે લંગર કરીં પડેલું છે. તેને ત્રણ સઢ છે અને રંગમાં તે સુફેદ છે, તે ધ્યાન રાખજે. તે વાંહાણના નાખુદા ઉપર હું જે કાગળ તુંને આપું તે જો તું તેને પોહોચાડશે, તો તે તારી મદારત કરવાને ચુકશે નહી. વલી આ ભુકી જે હું તુંને આપું છું, તે પાણીમાં મેળવી તારા ચેહરા ઉપર લગાડવી, કે જેથી તારા ચેહરાનો રંગ બદલાઇ જશે, અને તુને કોઇબી ઓલખી શકશે નહી.'

એમ બોલી ઓરડામાં મને એખલો મુકી ચારમીયન એકદમ બાહાર નિકલી ગઇ, અને હું વિચારમાં પડયો.' પણ તુરતજ તે પોતાના હાથમાં એક ન્હાંની કપડાંની ગાંસડી, એક દાબડી, તથા એક રૂકકો લઇ પાછી ફરી.

'લે **હારમેચીસ.** આ વેપારીનો પોશાક તારૂં બદન છુપાવવા. આ પેલી ભુકી તારાં રંગ અને રૂપને છુપાવવા અને આ રૂકો **ઉસતાન**ના નાખોદાને આપવા. ચાલ હવે જલદી કર. હું બાહાર જઇ ઉભી રહું, તેટલાં તું આ તારો નવો પોશાક પેહડી તૈયાર થા.'

ચારમીયન ઓરડામાંથી બાહાર ગઇ, અને મેં મારો અસલ પોશાક કાહાડી નાખી, નવો વેપારીનો વેશ જે **ચારમીયને** મને લાવી આપ્યો હતો, તે મેં પેહડી લીધો, તથા પગમાં ચામડાના સાદાં ચંમ્પલ અને કંમરમાં એક સાદી છુરી ખોસી હું તૈયાર થાઇ ગયો. **ચારમીયન** મને આ નવા પોશાકમાં જોઇ ખુશી થવા લાગી, પણ મારાં માથાં ઉપર લટકતાં જુલફો ઉપર તેણીની નજર પડતાંજ તે બોલી. '**હારમેચીસ**, જરા સબર કર. તું સરવે રીતે એક વેપારી જેવો લાગે છે, પણ આ તારાં પેચદાર જુલફોથી તું ઓળખાએ નહી માટે હું તે કાપી નાખુછું.'

એમ કહી તુરતજ તેણીએ પોતાની જેબમાંથી કાતર કાહાડી, મારે માથે લટકતાં જુલફાં કાતરી નાખ્યાં, અને મારી આંખોમાં સુરમો આંજી, પેલી દાબડી માહેલી ભુકીને પાણીમાં મેલવી મારાં મોહડાં અને હાથ પગ ઉપર લગાડી, જેથી મારી ચાંમડીનો સુફેદ રંગ બેરો સામલો થઇ ગયો. ખરેખર તેણીએ આપેલો પોશાક અને પેલી ભુકીથી હું એવો તો બદલાઇ ગયો, કે હું ખુદ પોતાને આરસીમાં જોઇ પીછાની શકયો નહી. અને હવે હું મેહલમાંથી બાહાર નિકલવા તૈયાર થયો.

'હવે **ચારમીયન** હું તારી રજા ચાહું છું.' મેં જવાની ઉતાવલમાં કહ્યું.

'જરા સબર **હારમેચીસ.**' તે એક ઉંડો દમ ખેંચી બોલી. 'આપણ હવે સદાના છુટાં પડયે છૈયે. મારા પીત્રાઇ, આ દુનીયામાં કદાચ હવે આપણ મળીએ કે નહીબી મળીએ, વાસ્તે મારે જે કાંઇ તુને કેહવું છે તે સાંભલી લે, અને પછી છેલ્લી સલાંમ. **હારમેચીસ** સાંભલ—'

એ વખત **ચારમીયને** બોલવાની તજવિજ કરી, પણ તેણીની હિંમત ચાલી નહી, અને તે બોલતી બોલતી અટકી પડી. અંતે તે જેમ તેમ કરી

બોલી. '**હારમેચીસ** તુને ફસાવનાર હું છું! તુને દગો દેનાર હું છું? મેં તુને ફસાવ્યો છે! મેં તુને દગો દીધો છે! જે કાંઇ બન્યું છે તે મારાથી બન્યુ છે!'

' ચારમીયનનો એકરાર.'

આ સખુનો સાંભલી હું એકદમ ચમકયો, અને તેજ વખતે મારો હાથ પકડી તે બોલી. 'સબર. મેહરબાની કરી જરા સબર કર, અને મને સાંભલી લે, પછી તારે જે ગમે તે સજા મને કરજે. **હારમેચીસ,** જ્યારથી તારી ઉપર મારી નજર પડી, ત્યારથી હું તારી ઉપર મોહી પડી હતી. **કલીઓપૅત્રા** ઉપર તારો જેટલો પ્યાર હતો, તે પ્યારથી બેવડો પ્યાર મારી છાતીમાં તારે માટે સળગી ઉઠયો હતો. દીવસ જતે હું તુને વધારે ને વધારે ચાહવા લાગી, અને અંતે મને લાગ્યું, કે તારા વગર મારી જીંદગી બરબાદ થયા વિના રેહનાર નથી. તારૂં જીગર બરફ કરતાં બદતર હાલતે ઠંડું મને માલમ પડયું. પેલો મારો રેસમી રૂમાલ, તુંએ કચડી નાખી, મીનારા ઉપરથી તેને હવામા ફેકી દીધો, અને આ કુચ્છંદી ઓરતે આપેલી પેલી ફુલની માળાને તુએ સાચવી રાખી. મારી મિંન્નત અને આજીજીની તુએ જરાબી દરકાર કરી નહીં. મને તુચ્છકાર સાથ ધિક્કારી કાહાડી તુંએ મારૂં અપમાન કીધું. ત્યારેજ મારી ખાતરી થઇ કે તુ **કલીઓપૅત્રા**ના પ્યારમાં પડી ચુકયો હતો. ફરીથી તુને છેલ્લીવાર સમજાવવાનીબી મારી તમામ કોશિસો રદ ગઇ, અને અફસોસ હું લાચાર થઇ. તારી હુજજત આગલ મારૂં કાંઇ ચાલ્યું નહી, અને જે દીવસે તું મીસરનો માલેક થનાર હતો, જે દીવસે મેહલમાં લોહીની નદી તું ચલાવનાર હતો, અને જે દીવસે શેહરમાં બલવો ઉઠાવવા તારાં ત્રીસ હજાર માણસો તૈયાર હતાં, તેજ દીવસે મારાં દીલમાં દગાના દેવે પોતાનું ઘર કીધું અને હું તારી તરફ, મારાં વતન અને મારા કસમ તરફ, અને સેવટે મારા ખુદાની તરફ મારી ફરજ ભુલી, મેં તુંને દગો દીધો. '**કલીઓપૅત્રા**ને તું કેવી રીતે કતલ કરનાર હતો; તુંએ તેણીને કતલ કરવા માટે તારા જભા નિચે ખંજર છુપાવ્યું હતું, અને વાતચીતમાં કેવી રીતે તુ તેણીને ઠાર કરનાર હતો, તે સરવે બીનાથી મેં તેણીને જાણીતી કીધી હતી, અને તારાં ત્રીસ

હજાર માણુસો બલવો કરવા માટે શેહરમાં તૈયાર થાઇ રહ્યાં હતાં, તે પણ મેં તેણીને જાહેર કરી દીધું હતું.'

આ નવી વાત **ચારમીયન**ને મોહડેથી સાંભલી હું મુગોજ રહ્યો, અને પાછું તેણીએ બોલવા માંડયું.

'પોતાને માટે ઘડેલા ઘાટથી **કલીઓપૅત્રા** જેવી જાણીતી થઇ, કે તેણીના ગભરાટનો પાર રહ્યો નહી. જીવ બચાવવા માટે તેણીએ શેહર છોડી **સાઇપ્રસ** તરફ નાહાસી જવાનો વિચાર કીધો. પણ તેમ કરતાં મેં તેણીને મના કરી હતી, સબબ **હારમેચીસ**, તે વખતે મને તારી ઉપર કિનો લેવાનો હતો. મારો કિનો અનહદ હતો. જો હું ચાહતે તો તેજ વખત તુને કતલ કરાવતે, પણ તારી ઉપર વેર લેવા મારો જીવ તલપી રહ્યો હતો. સાંભલ **હારમેચીસ**, **કલીઓપૅત્રા** તારી સાથ જે કાંઇ ખેલ ખેલતી હતી, તે ખેલ મેં તેણીને શીખાડયો હતો. જે પાપી કરમ હું તે વખતે કરતી હતી, તે એટલાં જબુન હશે તેની મને તે વખતે બીલકુલ ખબર પડી નહી. અફસોસ ! પસ્તાવો હમેશાં માણસને પાછલથીજ થાય છે. પણ હવે જો, કે બનાવ શું બને છે. **કલીઓપૅત્રા** તારી ઉપર મોહી પડી હતી એ ખરી વાત છે. અને એબી વાત ખરી છે, કે તારી સાથ લગનના ગાંઠથી જોડાઇ તે તુને પોતાના ખાવિંદ તરીકે જાહેર કરનાર હતી. એટલાં માટેજ તેણીએ તારાં ફિતુરમાં સામેલ થએલાં તારાં ત્રીસ હજાર માણસોને જતાં મુકયાં. ત્યાર પછી તેણીએ તુને પોતાની પ્રિતમાં ભેરવી, ભંભેરી નાખી, મીસરની ગુપ્ત દોલતનો ભેદ જાણી લીધો, કે જે દોલતની બરકતથી આજે તે રંગરાગ ઉડાવી રહી છે. જે દીવસે **કલીઓપૅત્રા** પેલો ગુપ્ત ખજાનો લઇ મુસાફરીથી તારી સાથ પાછી ફરી, તે દીવસે તેણીનો વિચાર તારી સાથ લગન કરવાનો હતો, એ ખરી વાત. તેણીએ મારી સલાહ પુછી, કે **એનટની**ને પોતાનો દુશમન બનાવી તારી સાથ લગનના ગાંઠથી જોડાવું, કે તુંને પડતો મુકી **એનટની**ને મલવા **તારસસ** જવું. હું કમબખ્ત અદેખાઇથી આંધળી બની. તુને **કલીઓપૅત્રા**નો ખાવિંદ બની તેણીની ગોદમાં બેઠેલો જોવાના કરતાં, તારી ખુવારી, અને બરબાદી જોવાનું મને વધારે પસંદ

પડયું, અને મેં તેણીને **એનરટની**ની પાસે જવાની સખત ભલામણ કરી હતી. ત્યાર પછી શું બન્યું તે સરવે મેં તુને આ ફાટકમાંથી દેખાડયું છે.'

'**હારમેચીસ** હવે મારે વધુ કાંઈ કેહવું નથી. તારી છાતી આ બનાવથી ફાટી જતી જોઇ મારી છાતી ફાટવા લાગી, અને તે દુઃખ મારાથી નહી સહન થવાથી આ એકરાર કરવાની ખુદરતે મને ફરજ પાડી છે. પ્રિત અને પ્યારમાં ઘેલી બની મેં જે માહા બુરૂ પાપ કીધું છે, તેની સજા પેલી જેહાંનમાં મુવા પછી મને કેવી થશે તે વિચાર મને દીવાની કરેછે. મેં તારૂં નખોદ વાલ્યું ! મેં મીસરનું નખોદ વાલ્યું ! અને મારૂં પોતાનુબી નખોદ વાલ્યું ! એનો બદલો મને મોતની સજાથી મળવો ઘટેછે. વાસતે માર, મને તું જાનથી માર **હારમેચીસ**. તારે હાથ હવે હું ખુશીથી મરવા રાજીછું. મને કતલ કરી તું હિંયાંથી નિકલી જા. અગરજો તું મને નહી મારશે તો હું મારો જીવ તારી ઉપર સદકે કરીશ. તારા નામ ખાતર, **હારમેચીસ**, તારાં કામ ખાતર, અને સેવટે તારાં દીન અને ઇમાન ખાતર મારો જીવ હું સદકે કરીશ.'

ચારમીયન રડતી પોતાના ઘુટણ ઉપર પડી મારી કંમરમાં ખોસેલી છુરી ઉપર હાથ નાખી પોતાને કતલ કરવા મને કરગરી કેહવા લાગી. પણ તેમ કરવા મેં ના પાડી, સબબ મને યાદ પડી કે તેણીએ મારી જીંદગી બે મરતબે બચાવી હતી.

'નિચ દગલબાજ ફિતુરી ઓરત, ઉઠ.' મેં ધિક્કારથી કહ્યું. 'હું તારો જીવ લેનાર નથી.–તું જીવતી રેહ, અને જીવીને તારાં પાપી કાંમોની યાદ કરતી રેહ. એજ સજા તુને પુરતી છે. તારી અદેખાઇને પંપાલવા ખાતર તુએ મને, અને કુલ મીસરને દુઃખના દરિયાવમા જનમ જનમ સુધી ડુબાડી દીધાંછે. તું જીવજે, અને દીન અને રાત તારાં કરતુકનાં ફળ ચાખતી રેહજે. કદીબી તારી નિંદમાં તું જંપી પડતી ના.

'ચારમીયનનો પસ્તાવો.'

'ઓ એમ ના બોલ. **હારમેચીસ**. એમ ના બોલ.' તે રડી પડી બોલી. 'તલવારની તેજ ધાર પરવડે. તારા ખંજરની છેરી નોકનો

જખમ પરવડે. સુર્ય અને ચંદ્રનો કેહર પરવડે. **આઇસીસ** અને **ઓસાઇરીસ**નો કોપ પરવડે. પણ એ પ્યારા પિતરાઇ, મારા કુલના દિપક, તારા આ શ્રાપનો કોપ મારાથી નહી સહન થઇ શકશે. સાંભલ **હારમેચીસ**, એક દીવસ એવો હતો કે જ્યારે તું કુલ **મીસરનો** માલેક થનાર હતો. ત્યારે તેં મને ધિક્કાર સાથ તારી આગલથી હાંકી કાહડી હતી. આજે એક દીવસ એવો છે, કે તું નામોસીના દરિયાવમાં ગરક થઇ ગયો છે, અને તમામ મીસર તારી ઉપર કેહરભરી નજરથી જુવે છે. ત્યારે તેવે સમે હુ તારી પુંજા કરૂછું. જો તું મને કતલ નહી કરતો હોય, તો મને તારી સાથ આવવા દે. અને મેં તુને જે નુકસાન કીધુંછે તેનો બદલો તારી સેવા કરી, મારા સાચ્ચા અને ખરા પ્યારથી આપવા દે. જો એ વાત તુને નહી પસંદ પડતી હોય, તો તારી એક બેહન તરીકે, તારી લોંન્ડી તરીકે મને તારી સાથ લઇ જા, કે તારાં દુઃખમાં તારી ઉપર પડતી આફતોનો બોજો ઉઠાવી તારી મુશકેલીમાં હું તારી ભાગીદાર બની રહું.'

'નહી **ચારમીયન**, તેમ બનનાર નથી.' મેં સાફ ના પાડી. 'સાંભલ. મારો કિનો હવે અજીત થઇ પડયોછે, અને **કલીઓપૅત્રા** ઉપર મારો કિનો લેવામાં હવે કદાચ હું મારો જીવ આપીશ. વાસતે **ચારમીયન**, તું **કલીઓપૅત્રા**ની દરબારમાંજ રેહ. જો તું ત્યાં રહશે, અને જો હું જીવતો રેહવા પામ્યો, તો આપણુ એકમેકને પાછાં કામના થઇ પડશું. પણ તું કસમ લે, કે તે વખતે તું મને દગો કરે નહી. જો તારા કસમ ખરા હશે તો મારી તુને માફ છે.'

'જો તારો એવોજ વિચાર નક્કી હોય, કે મને તારી સાથ નહી લઇ જવું, તો તારી મારી ઉપર હું સંતોશ પકડી રહીશ. **હારમેચીસ** હું કસમ લઇ કહુંછું, કે કદીબી તુને હવે હું દગો કરૂં નહી.' **ચારમીયને** જવાબ દીધો. '**કલીઓપૅત્રા** ઉપર કિનો લેવા માટે હું તુને તારાં દરેક કામ અને હિકમતમાં મદદ કરવા કસમથી બંધાંઉછું. તારી તરફથી જો મને ખબર મલશે કે તું કયાં વસે છે, તો હું કસમ લઇ કહુંછું, કે તુને વખતે વખતના સમાચાર ખાનગી રીતે હું જણાવતી રહીશ. **હારમેચીસ**, હુ

તારી ગુનેહગાર છું, અને તારી માફી ચાહુંછું. તારાં ખરાં અંતઃકરણથી તુએ મને માફી બક્ષી છે એવું સાબેત કરવા મારાં કપાલ ઉપર એક ચુંબન લઇ મારી ખાતરી કર, એટલે તારા ગયા પછી મારાં મરણનો દાહડો આવે ત્યાં સુધી હું મારો વખંત નિરાંતે કાહડું.'

'**ચારમીયન** તારા કસમ અને વચન જો ખરાં હોય તો ખરાં અંતકરણથી હું તુને માફ કરૂછું, અને તે વિશે હું તારી ખાતરી કરૂછું.'

એમ કહી **ચારમીયન**ના કપાલ ઉપર મેં એક ચુંબન કીધું, અને તેવીજ રીતે તેણીએ મારાં કપાલ ઉપર ધ્રુજતે અને ઠંડે હોઠે પાછું ચુંબન કરી પોતાના દીલની આગ નરમ પાડી.

'હવે હું જાઉછું. છેલ્લી સલામ. **ચારમીયન**, જો જીવશું તે કિનાને ખાતર, અને જો ફરી મલ્યાં તો તેબી કિનાનેજ ખાતર.'

'છેલ્લી સલામ. વ્હાલા પિતરાઇ **હારમેર્ચાસ** તુને છેલ્લી સલામ.'

મેં તેણીને છેલ્લી સલામ કીધી, અને હું જેવો ઓરડામાંથી બાહર નિકળ્યો કે તેજ વખતે **ચારમીયન** જમીન ઉપર બેહોશ થઇ પટકાઇ પડી.

અને તેવીજ હાલતમાં હું તેણીને મુકી ત્યાંથી નિકલી ગયો.

હારમેચીસનો કિનો

અને

કલીઓપૅત્રાનું સેવટ.

પ્રકરણ ૨૫ મું.

મુશકેલીની શરૂઆત—તુફાનમાં કિશ્તી ઉસતાનનુ સપડાવું—હારમેચીસને દરિયાવમાં એક ભોગ તરીકે ખલાસીઓએ ફેકી દેવું—કિશ્તીનુ ગરક જવું—હારમેચીસનુ દરિયાવમાંથી બચી અબુથીસ જવું—બાપ બેટાનો મિલાપ—એમનામાહાતના શ્રાપ અને તેનું મરણ.

કેવી કાલી રાત! કેવી છાતી ફાડે એવી ચુપકીદી! કેવું એકાંત!

એવે સમે, અને એવી અંધારીમાં હું મેહલમાંથી બાહર નિકલી પડયો. બંદર ઉપર જઇ પુગતાં મને ઘણો વિલંબ લાગ્યો નહી, અને ઉસતાન નામના વાંહાંણને શોધી કાહડતાં મને જરાબી મુશકેલી પડી નહી.

ચારમીયને ઉસતાનના નાખોદા માટે મને જે રૂકકો આપ્યો હતો, તે મેં તેને હાથો હાથ આપ્યો, અને તે વાંચતાંજ તેણે મારી તરફ

ધ્યાનથી જોયું, પણ મને એકબી સવાલ કીધો નહીં. મેં તુતક ઉપર એક ખુનામાં સારી જેવી જગ્યા લીધી. પોહર ફાટે તે આગમજ ભરતીનાં પાણીમાં **ઉસતાન**નું લંગર ઉચકાયું અને હમોએ સફર શરૂ કીધી.

કીસમત! કઇ કઇ તરેહના નવા નવા રંગો તું આદમીને દેખાડે છે! મારી મુસીબત અને મુશકેલીનો અંત એટલેજ આવી અટકયો નહીં હતો. મુશકેલીના અંતને બદલે હવે તેની શરૂઆત થઇ હતી, એમ મને માલમ પડયું. સબબ હમારી કિશ્તી બંદરથી થોડેક માઇલને તફાવતે પુગતાંજ, દરિયો તુફાંની થઇ ઉછલવા લાગ્યો, અને પાહડ સમાન મોટા મોજા ઉપર મોજા હમારાં વાંહાંણને આવી અથડવા લાગ્યા. રાત અંધારી હોવાથી ખલાસીઓ મનમાં ડરવા લાગ્યા અને સહવારૂં પડતાંજ હમને માલમ પડયું કે રાતના તુફાનમાં વાંહાંણના સડો બીલકુલ ફાટી ગયા હતા,' અને સુકાણુ ઉંખડી ઘીલું થઇ ગયું હતું. સુકાણુ ઘીલું થએલું જાણી નાખોદા અને ખલાસીઓ નાઉમેદ થઇ વાંહાંણની સલામતી માટે ફિકરમાં આવી પડયા. તુફાન નરમ પડવાને બદલે વધતું જતુંજ હતું. આ સઘળી વખત હું એક ખુનામાં બેસી નિરાંતે દરિયાઇ ખુદરતનો ખેલ જોયા કરતો હતો, અને મરવા માટે મને જરાબી ડર લાગતો નહી હતો. મધ્યાન બપોરને સમે **સાઇપ્રસ**નાં ટાપુથી થોડે દુર **ઓલીમપસ** પરવત તરફ હમારૂ વાંહાંણ એક ગંજાવર વંટોલીયાના રોહવાલાં પાણીમાં ઘસડાવા લાગ્યું. ખલાસીઓએ આવો ભયભિત મામલો જોઇ પોતાના જીવની આશા છોડી, અને વાંહાંણને બચાવવાની તમામ કોશિસ ફોકટ જણાવી તેઓ પુકાર કરી રડવા લાગ્યા.

આવા જીવ સતોસતના મામલા દરમ્યાન મેં મારી જીંદગી માટે જરાબી ઇંતેજારી કે ચિંતા કરી નહી, અને એક ખુણામાં નિરાંતે બેસી રહ્યો. મારી આવી અજાએબ ચાલ ઉપર કેટલાક વ્હેમી ખલાસીઓને શક ગયો, કે આ નધારેલું તુફાન મારાં બુરાં પગલાં વાંહાંણ ઉપર આવ્યાથી થયું છે, માટે સરવેના જીવની સલામતીને ખાતર, દરિયાવને મારો ભોગ આપવો, એવા ઠેડાવ ઉપર તેઓ આવ્યા, કે જેથી આ તુફાન નરમ પડે અને સરવેના જીવ બચી જાએ.

મરવાનો મને ડર હતોજ નહી, પણ હાલ મરવા મને નહી ગમતુ હતું તેનું કારણ એજ હતું, કે મુવા પછી મારા જબુન પાપને લીધે હું પવિત્ર **આઇસીસ** માતાની રૂબરૂ જતાં ડરતો હતો.

ખલાસીઓના મનમાં ભમતા વિચારો હું તુરત સમજી ગયો, અને જેવા તેઓ મારી આગલ આવી ઉભા તેવુજ મેં કહ્યું :—

'જો તમારી મરજી મને દરિયાવમાં નાખવાની હોય, તો ભલે નાખો, પણ મને જો તમો દરિયાવમાં નાખશો તો તમો સરવે તેજ વખ્તે દરિયાવમાંજ દફ્ન થશો.'

પણ મારી ધમકી ઉપર તેઓએ કાંઇબી ધ્યાન આપયું નહી, અને સરવે જણે એક જોર કરી **ઓલીમપસ** પરવતની પડોસમાં આવેલા એક બુલંદ ખડક આગલ તુફાની દરિયાવમાં મને ફેકી દીધો. જેવો તેઓએ મને દરિયાવમાં ફેકયો, કે તેજ વખતે એક ગંજાવર મોજો પેલાં વાંહાંણ ઉપર ફરી વલ્યો, અને મારી નજર સામે તે વાંહાંણ તે માહેલા સરવે ખલાસીઓ સાથ દરિયાવને તલીએ ગરક ગયું ! સદાનું ગયું ! નાબુદ થયું !!

એવી રીતે વાંહાંણ **ઉસતાન** સરવે ખલાસીઓ સાથ ફના થયું, અને મેં પાછલથી જાણ્યું ત્યારે મારી ખાતરી થઇ, કે **કલીઓપૅત્રા**એ મારા ગુમ થયાની ખબર જાણી મારી શોધમાં મોકલેલી એક ખાસ કિસ્તીબી એજ તુફાનમાં ડુબી ગઇ હતી, અને તેમ થવાથીજ મારી હસ્તીની સેહેજબી નિશાન, આ ધરતી ઉપર રહી નથી એમ તેણીની ખાતરી થઇ.

તરવાના હુંનરમાં હું ઘણોબી હુશિયાર હોવા છતાં, દરિયાવના તુફાની પાણીમાં ઘણો વખત હું મારૂ જોર ટકાવી શકયો નહી, અને મારા હાથ પગ થાકી જવાથી મને વખતે વખત આંકરાં આવવા લાગ્યાં. હું થાકથી હાંફી ગયો. અજલની સિકલ મારી નજર સાંમે મને દેખાવા લાગી, એટલે તુફાની પાણીને મારૂ તનબદન સવાધીન કરી, હું બેહોશ થવા લાગ્યો.

* * * * * *

હું જ્યારે જાગરૂત થયો, ત્યારે મેં પોતાને એક મકાનમા પડેલો દીઠો, અને મારી આસપાસ કેટલાક દયાલું દીલના માણસોને મેં ઉભેલાં જોયાં.

'મને હિંયાં કોણ લાવ્યું.' મેં ધીમે અવાજે પુછ્યું.

'ગભરા ના ભાઇ.' એક જને જવાબ દીધો. 'હમો માછીમાર છૈયે. દરિયાવને કિનારે તુને બેહોશ થઇ પડેલો જોઇ, હમો હિંયાં તુને ઉંચકી લાવ્યા છૈયે. ઉઠવાની તું તજવિજ ના કરતો ભાઇ, સબબ તારા ડાબા પગની જાંગનુ હાડકુ ભાગી ગયું છે.'

તપાસી જોતાં મને પણ તેમજ લાગ્યું. ખરેખર મારા પગને સખત ઇજા થઇ હતી.

* * * * * *

આવી બીમાર હાલતમા પેલા દયાલું દીલના માછીમારોને ત્યાં હું લગભગ છ માસ પડી રહયો, અને તેઓએ મારી મેહમાનદારી જાનફેસાનીથી કીધી. ધીમે ધીમે મારા પગનું હાડકું સંધાતું ગયું. પણ હાડકું ભાગી ગએલું હોવાથી તેમાં ખોડ રહી ગઇ, અને તે ખોડના સબબથી હું બરાબર ચાલી શકતો નહી હતો.

આ અંજાણી જગ્યા ઉપર પારકા મુલકમાં કયાં સુધી મારે પડી રેહવું, તેનો વિચાર કરતાં મેં એકદમ મારા પીતા **એમનામાહાત** પાસ જવાનું નક્કી કીધું, અને એક કિસ્તી જે **અબુથીસ** તરફ જતી હતી, તે ઉપર હું એક ખલાસી નોકર તરીકે ખાધા બદલ રહી ગયો.

હમોએ પેહલું બંદર **એલેકઝાંડ્રીયા** કીધું. હિયાં હમારી કિસ્તીએ બે દીવસ લંગર કીધું. હિંયાં મને ખબર મલી કે રાણી **કલીઓપૅત્રા** **તારસસ**થી પાછી ફરી છે, અને પોતાની સાથ રૂમી **એનટની**ને લઇ આવી તેને મેહલમાં રાખ્યો છે, અને દીનરાત તેની સાથ એશઅસરતમાં ગુજારે છે. મારા પોતાના બાબમાં મને વધુ ખબર એવી મલી, કે **તારસસ**થી મારા ગુમ થયા પછી, **કલીઓપૅત્રા**એ ચોતરફ મારી શોધને સારૂ કાસદો દોડાવ્યા, તથા દરિયાવમાં એક કિસ્તી મારી શોધ માટે રવાના કરી, પણ તે કિસ્તી આજ સુધી પાછી ફરી નથી, એટલે પેલાં તુફાનમાં બેશક તે નાબુદ થવીજ જોઇએ. ખુદ મારા માટે **એલેકઝાંડ્રીયા**માં પુછપરછ ચાલી રેહવાથી રાણીએ એવી અફવા ફેલાવી, કે દરબારનો નજુમી **હારમેચીસ** એક

રાતનો **તારસસ** ખાતે મેહલની અગાસી ઉપરથી એકાએક ગગન ઉપર ઉડી હવામાં નાબુદ થઇ ગયો.

એલેકઝાંડ્રીયાથી નિકલી છઠે દીવસે હું **અબુથીસ** જઇ પુગ્યો.

મારા પીતા **એમનામાહાત** પાસ મારે જવું કે નહી તેની હવે હું ફિકરમાં પડયો. અંતે કાંઇબી જોખમે મેં તેની પાસ જવાનો ઠેરાવ કીધો.

ત્યાં સરવે કાંઇ જેવું અને તેવુંજ હતું.

તેજ વતન, તેજ દેશ. તેજ ઘર અને તેજ બાર. ફક્ત નહી હતો તે **હારમેચીસ** !!

ધીમે કદમે અને ધપકતે દીલે હું મારા પીતાના દીવાનખાનામાં દાખલ થયો, અને તે માનવંત માહાતમાને મેં નિચી મુડીએ પરેશાન હાલતે બેઠેલો દીઠો.

'હિંયાં આવ ! ઓ દગલબાજ પુત, હિંયાં આવ.' મારો પીતા બોલ્યો. 'મીસરનું નખોદવાલી તું તારી પાપી સિક્લ હવે મને દેખાડવા આવ્યો ! પણ હું તારી દગલબાજ સિક્લ મારી નજરે જોઉ તે આગમજ મારી આંખો અપંગ થઇ ગઇ છે. બેહતર થયું કે મારી આંખો અપંગ થાઇ, નહી તો તું દગલબાજની પલીદ સિક્લ જોતાંજ હું અપવિત્ર થતે.'

'પીતા. ઓ મારા માહાતમા બાપ ! અરેરે આ જગમાં હવે મારી કસુર કોણ માફ કરે !' હું તેના પગ આગલ ફસડાઇ પડી રડી પડયો. 'દયા, દયા કર ઓ મારા મેહરબાન બાપ, મારા હાલ ઉપર દયા કર.'

'દયા ! કોણ ઉપર ! એક દગલબાજ, જેણે પોતાના વતન અને ધરમને તારાજ કીધાં, તે ઉપર દયા !!' મારા પીતાએ જવાબ દીધો. 'જેણે મીસરની પવિત્ર અને ગુપ્ટ દોલત એક કુચ્છંદી ઓરતની પ્રિત ખાતર ખરાબ કીધી તેની ઉપર દયા ? આ પવિત્ર **અબુથીસ** અને એનુના મંદીરોનો જેણે હક ડુબાડયો તેના ઉપર દયા ! ઓ કમઅકલ કપુત, મીસર સરજમીનની તેં ખુવારી કીધી !! તેના ધરમગુરૂઓને પાયમાલ કરી તેં જાનથી મારયા, અને હું એખલો તે ખુવારીની ગણત્રી કરવા જીવતો રહયો. **હારમેચીસ**, કુલની લાજ લુટાવનાર, હેફ છે તારી ઉપર ! લ્યાનત અને

ફિટકાર તારી સિકલ ઉપર !! કદીબી આ ધરતી ઉપર તું સુખ જોવા જીવતો ના !!! દુઃખ અને વિપતીમા તું તારી જીંદગીના બાકી રેહલા દાહડા આ જગમા પુરા કરજે, અને મુવા પછી દોજખના ઉંડામાઉંડા ગારમા જઇ પડજે. જો, તારી આંખો ફોડી જો, કે તારાં પલીદ કામોંની ખબર મને પડતાં હું રડી રડી સેવટે આંધલો થઇ ગેયો છું. તારી અંદર મેં દુનિયાની આશા ભરી હતી, પણ હવે તું મારે મન જીવતો છતાં મુવા બરોબર છે.'

ગુસ્સાથી મારો પીતા બાહાવરો થઇ પોતાની બેઠક ઉપરથી લપેરો ખાઇ જમીન ઉપર પડયો, અને અફસોસ ! તેના દીલનો ધપકારો હલવે હલવે બંધ થતો ચાલ્યો.

'ઓ પીતા ! મારા બાપ ! મને માફ કર ! અરે' મને જવાબ દે ! અરેરે બાપ તારા શ્રાપનો કોપ મારાથી કેમ ખમી શકાશે ! ઓ બાપ, અરે બાપ જરા તો બોલ !' મેં બુમ પાડી રડી પડી અરજ કરી. 'અરે પીતા તારા શ્રાપના કોપથી હું બળી મરીશ.'

'**હારમેચીસ.**' તે દબાતે અવાજે મરતાં મરતાં બોલ્યો. 'તોબેસ કર ! પણ કિનો ! કિના સિવાય હવે બીજો ઇલાજ નથી. હજીબી તે ચંડાલ ઓરત ઉપર કિનો લેવો, એવું મારૂ અરમાન, અને છેલ્લું ફરમાન છે. જો કિના ખાતર દોલત તુને જોઇતી હોય, તો તે મેં છુપાવી રાખી છે. તારી દાસી **અટુવાને** પુછજે—તે તુને દેખાડશે—કપુત છેલ્લી—છેલ્લી સલામ—**હા-ર-મે-ચી-સ**—સ-લા—મ.

આ બોલો પુરા થતાંજ મારા પીતાએ પોતાનો પવિત્ર દમ પોતાના પેદા કરનારને સવાધીન કીધો, અને એ રીતે તેનું મરણ મારી નજરે જોવા ખાતર હું **તારસસથી** નિકલી **અબુથીસ** બરોબર વખતે આવી પુગ્યો.

મને લાગ્યું કે મને શ્રાપ દેવા માટેજ તે જીવતો હતો.'

પ્રકરણ ૨૬ મું.

ટેપ ના તાપુ તરફ છુપા વેશમાં હારમેચીસનુ નિકલી જવું—નવાં નામનુ ધારણ કરવું—હારમેચીસ ઉરફે ઓલીમપસ—ડુંગરોની ખાડી વચ્ચે કબ્રસ્થાનમા વનવાસ—આંઠ વર્ષની તપ—આઇસીસ અને ઓસાઇરીસની પાછી મેળવેલી મેહરબાની—ગુમ થાએલી મનશક્તિનુ પાછું મેળવવું—ઓલીમપસને એલેકઝાંન્ડ્રીયા આવવા માટે કલીઓપૅત્રાની અરજ—કિનાની તૈયારી.

એવી રીતે મને શ્રાપ દઇ મારો માહાતમા પીતા મરણ પામ્યો. મને લાગ્યું કે મારાં આવવા માટેજ તે ખોટી હતો. પોતાના મોતને હું આઉં ત્યાં સુધી તેણે થોભાવી રાખી મને શ્રાપ દઇ મરવાને માટે, અને મરતી વખતે પોતાનું અરમાન ફરમાન મને જણાવવા માટેજ તે જીવતો હતો. તેની લાસને મારાં ખોળામા લઇ હું તેના મરણ ઉપર હાય અને અફસોસ કરતો હતો, તેટલાં મારી દાસી **અટુવા** ત્યાં આવી લાગી, અને મને લાંબી મુદતે પાછો ફરેલો જોઇ અજબ થાઇ. પણ જેવું તેણીએ જાણ્યું કે તેનો માલેક—મારો બાપ—મરણ પામ્યો છે, ત્યારે તેણીના કલપાંત, અને શોકનો સુમાર રહ્યો નહી.

'અરે ઓ પાપી માણસ,' તે રડી પડી બોલી. 'આ પવિત્ર માહાતમાનુ જો તુંએ કેવી રીતે ખુન કીધું છે. તું શું એનું ખુન કરવા હિંયાં આવી લાગ્યો. ઓ દગલબાજ આખરે તેં તારા બાપનું ખુન તારે હાથે કીધું.'

'બેવકુફ ઓરત,' મેં ગુસ્સામા જવાબ દીધો. 'તારૂં મોહડું બંધ કર. તું શું મને ઓલખતી નથી હું કોણ છું?'

'હું તુને નહી ઓલખું?' તે બોલી. 'શું તું **હારમેચીસ** નથી? મેં તુને પાલી મોટો કીધો અને હું તુને નહી ઓલખું? હું તો તુને મુવેલો

સમજતી હતી. જો, તારાં કરતુકની નાખુશ ખબર સાંભલી તારો બાપ રડી રડી અંતે આંધલો થાઇ ગયો, અને અંતે તેના આવા હાલ થયા.'

'**અટુવા**, ખામોશ રેહ.' મેં રડી પડી કહ્યું. 'મારો બાપ મારે લીધે મુવો છે ખરો, પણ મને શ્રાપ દેવા માટેજ તે જીવતો હતો. ઓ પરમકૃપાલુ દાતાર, મારી ખતા મને માફ કર, અને મને તારો હવે આસરો આપ.'

'**હારમેચીસ**, જે શખસે તુને જનમ આપ્યો, તેનુજ તુએ ખુન કીધું.' **અટુવા** બોલી. 'એક ઓરતની લાલચમા પડી તેની મોહેનીની જાલમાં તું સપડાઇ ફસી ગયો. **કલીઓપૅત્રા**ની ખુબસુરતી આગલ તારૂ બળ અને કળ નાતવાન બની ગયાં. તુને ખબર નથી **હારમેચીસ**, કે એ તારી રાણીએ આપણાં મંદીરો જંપત કીધાં, જમીનદારો પાસથી જમીન છીનવી લઇ તેમને શેહરબદર કીધા, ખેતીવાડી કરનારાઓ ઉપર નવા કર નાખ્યા, ઇજ્જતદારોને અપમાન કીધાં, ધરમગુરૂઓને હાંકી કાહડી વતનથી બેવતન કીધા, અને ફક્ત એખલા **એમનામાહાત**ને શેહરમા રેહવા દીધો. ખુદા ખબર શું કારણથી **એમનામાહાત** ઉપર એટલી બધી તેણીએ મેહરબાની કીધી તે હજી સમજ પડતી નથી. તે દીવસથી આપણા દેવતા-ઓના મંદીર ઉજડ જેવાં એખલાં પડી ગયાં છે. એ દુઃખ **એમનામા-હાત**થી સહન થઇ શકાયું નહી. તેની જીંદગી તેને મન જંજાલ જેવી થઇ પડી હતી. પણ હવે તે સુખી થયો છે. આ જગની જંજાલથી તે છુટો છે. પોતાની જીંદગી દરમ્યાન જમાવ કરેલો ખજાનો તુંને આપવા માટે તે મારે સ્વાધીન કરી ગયો છે.'

'ખજાનાની વાત તું ના કર **અટુવા**.' મેં કહ્યું. 'મારાં પાપ ઘણાં જબુન છે, અને પસ્તાવો કીધાથી મને માફી મલે તેમ નથી. હવે હિંયાં રેહવામાં મારી સલામતી નથી.'

'તેં ખરી ગણત્રી કરી **હારમેચીસ**.' **અટુવા** બોલી. 'જો **અબુ-થીસ**ના ધરમગુરૂઓને ખબર પડે કે તું હિંયાં છે, તો તુંને મારી નાખ્યા વગર તેઓ રેહ નહી. પણ **હારમેચીસ** હું તુંને છુપાવીશ. આ **[illegible]**ની લાસને દફન કીધા બાદ, આપણુ બંને જન હિંયાંથી નિકલી જઇ કોઇ એવી

જગ્યામાં વસવું કરીશું, કે કોઇબી આદમીની નજર તારી ઉપર પડે નહી, અને ત્યાં તારો ગમ તુ ભુલી જાય.'

* * * * * *

બરાબર દોહડ માસ **અબુથીસ** મધે મને મારા પીતાને દફન કરવા માટે રેહવું પડયું હતું. તેને દફન કરવાની ક્રીરિયા પુરી થયા પછી બુઢી **અટુવાએ** મારા પીતાનો જમાવેલો તમામ ખજાનો મારે સવાધીન કીધો, અને હમો બંન્ને જન છુપા વેશમા **નાઇલ** નદી પસાર કરી '**ટેપ**' તરફ નિકલી ગયાં.

હિંયાં મારા વનવાસની શરૂઆત થાઇ.

એ શેહર ઉંચા નિચા બેસુમાર ડુંગરોથી ઘેરાઇ ગએલું હોવાથી, હું મારા છુપાવા માટે તે તરફ ડુંગરો વચ્ચે કોઇ એકાંત જગ્યા કે ખોહ જોવા, રાતને સમે એખલો નિકલ્યો, અને અંતે તેવી એક જગ્યા મેં ડુંગરોની ખાહી વચ્ચે શોધી કાહડી.

મારા રેહવા માટે શોધી કાહડેલા ખોહની બરાબર પડોસમાજ અસલના વખતનુ એક પુરાંનુ પડતલ કબ્રસ્થાન હતું, અને સેંહકડો સદીઓ આગમજની પુરાની કબરોની નિશાનો હિંયાં મારા જોવામાં આવી.

મારા વનવાસ માટે આ ડરામણી જગ્યા મેં પસંદ કરી, સબબ શેહરની વસતીથી તે ઘણીજ દુર હતી, અને આવી એકાંત જગ્યા ઉપર કોઇબી આદમીનું બીલકુલ આવવુ જવું હતું નહી.

પેહલાંતો મેં મારૂ નામ બદલી નાખી '**ઓલીમપસ**' રાખ્યું, અને એવી ડરામણી જગ્યામાં મુવાં મુરદાઓની પડોસમાં એક ડુંગરની તલેતી આગલ આવેલા ઉંડા ખોહ અંદર મેં મારૂ મુકામ મારી વફાદાર દાસી **અટુવા** સાથ કીધું. એ ખોહ અંદર આઠ વર્ષ સુધી રહી મેં મારાં પાપનો પસ્તાવો કરી પવિત્ર **આઇસીસ** અને **ઓસાઇરીસની** માફી ચાહી હતી.

અને એવી રીતે મેં આઠ વર્ષ પસાર કીધાં. દરેક દાહડાને આંતરે વફાદાર **અટુવા** ખોહમાંથી નિકલી, મારે માટે શેહરમાંથી પીવાનું

પાણી અને કાંઇ ખોરાક લઇ આવતી હતી. હું દરરોજ સુરજ ઉગવા આગમજ, અને ગુરુબ થયા પછી એક કલાક મારી તનદરોસ્તી જાલવવા અને તન મનને જરૂરિયાત જેટલી કસરત આપવા ફરવા નિકલતો હતો. કોઇ કોઇ વખત મધરાતની સિહાઇ વચ્ચે સીતારાની ગણત્રી કરવા હું મારાં પોહડી મકાનમાંથી બાહર નિકલી ડુંગરોના ઉંચાં સિખર ઉપર જતો હતો, અને કોઇ કોઇ વખત મારી સમાધીમાં કલાકનાકલાક સુધી ત્યાં પડી રેહતો હતો. એ આઠ વર્ષની મુદત દરમ્યાન રફતે રફતે મને મારાં પાપોની માફી મલતી ગઇ, અને એ મુદત દરમ્યાન પવિત્ર દેવતાઓની મેં ખોઇ દીધેલી મેહરબાની પાછી મેળવી હતી.

એવા ડરામણા દારુન વન વચ્ચે એકાંતવાસમાં વસી, કરેલાં પાપોની માફી ચાહવા રાતદીન સેંહકડો સંકટો સહન કરી બંદગી કીધાથી, તથા ગમ અને ઇનતેજારીને પોતાના સાથી કીધાથી મારાં શરીરના બાંધામા આંઠ વર્ષના અરસામાં મોટો ફેરફાર થઇ ગયો હતો. તનબદનના ભોગે મારા મનની સરવે આગલી શકતીઓ મેં પાછી હાંસલ કીધી હતી. વલી આકાશનો ગુપ્ત ઇલમ, જે **ક્લીઓપૅત્રા**ની મોહ અને માયામાં પડયા પછી મેં ખોઇ દીધો હતો તે સરવે પાછો સંપાદન કરવાને હું નસીબવંત થયો હતો.

અને હવે મારા વિશે રફતે રફતે શેહરમાં એવી ખબર ફેલાવા લાગી, કે **ઓલીમપસ** નામનો કોઇ પવિત્ર માહાતમાં મુવાંઓની સંગતમાં આજ મુદત થઇ સંસાર તજી વસેછે. આ ખબર સાંભલી શેહરમાંથી ગરીબ તેમજ તવંગરો મારાં દીદારનો દરશને રોજ આવતાં હતાં, અને મને પોતાનાં હકમાં નેક દુવા ગુજારવા, અને મારા આશીસ લેવા આજીજી કરતાં હતાં. તે સરવેની દાદ મારી ગુંજાસ પ્રમાણે હું લેતો, અને કોઇનેબી હું દલગીર કે નાસિપાસ કરતો નહી હતો. એમ કીધાથી મારી કિરતી ચોમેર ફેલાતી ગઇ, અને હું એક જબરો જાદુગર હોવાથી મુવેલાં માણસોની સિકલ દેખાડી આપુછું, એવી અફવા ચોમેર ઉડી રહી.

અને ખરેખર મારી મનશક્તિના જોરે હું તેવા અખતરા હવે પાછા કરતો હોવાથી, લોકો મારાં નામ ઉપર જાનફેસાની કરતાં દુર દરાજથી

આવતાં હતાં. મારાં દરશને રોજ સેંહકડો આદમીઓ આવતાં હતાં. કેટલાકો મને બેસુમાર જર નજર કરતાં, પણ તે હું બીલકુલ મંજુર નહી કરતો હોવાથી, દીન જતે લોક વિસ્વાસ મારા ઉપર બેહદ વધી ગયો, અને તેમ થવાથી રફતે રફતે માહાન પુરૂશો મને પયગમબર અને નબીના દરજ્જાનો ગણી પુંજવા લાગ્યાં.

મારી સરવે ફિકરોમાં મોટી ફિકર એ હતી, કે મારાં દરશને આવતાં દેશપરદેશના બેસુમાર લોકોમાંથી મબાદા મને કોઇ ગુમ થએલા **હારમેચીસ** તરીકે પીછાને. પણ તે મારી ફિકર ખોટી પડી, સબબ કોઇનેબી મારા વિશે જરાબી શક પડયો નહી, અને હું **ઓલીમપસ**ના નામથી સરવે ઠેકાણે વખણાઇ મશહુર થાઇ ગયો. મારા ઇલમ અને હુંન્નરની તારીફ **મેમફીસ** અને **એલેકઝાંન્ડ્રીયા** જઇ પુગી, અને ત્યાંથી પણ લોકો મારી મુલાકાતે આવવા લાગ્યાં.

એવી રીતે નવ વર્ષ પુરાં થયાં, એટલે મેં મારો કિનો લેવાનુ કામ શરૂ કરવા ધારયું. **અટુવા**ને છુપા લેબાસમા **એલેકઝાંન્ડ્રીયા** જઇ **ચારમીયન**ને મલી મારો સરવે હાલ કહી સંભલાવવા, તથા મને આપેલા વચનની તેણીને યાદ આપવા, મેં મોકલી. **એલેકઝાંન્ડ્રીયાથી અટુવા**ને પાછી ફરતાં પાંચ મહીના લાગ્યાં, અને એ મુદત પુરી થતાં તે એવી ખુશ ખબર લઇ પાછી ફરી, કે **ચારમીયન** સરવે રીતે **ઓલીમપસ**ને મદદ કરવા રાજી છે, અને નવ વર્ષની મુદત ઉપર **હારમેચીસ**થી છુતી પડતાં જે વચન તેણીએ તેને આપ્યું હતું, તે વચન પાળવા તે આજે તૈયાર છે.

તેજ વર્ષની આખેરીમાં એક દીવસ સહવારને પોહર નિંદમાથી ઉઠતાં વાર **કલીઓપૅત્રા**ના સરદારો મારે માટે કીમતી નજરાના સાથ રાજની મોહરવાલો નિચલો પેગામ લઇ આવ્યા.

'ગુરૂઓના ગુરૂ, માહાતમા ઓલીમપસ.

તારા ગેબી ઇલમ અને હુંન્નરોની તારીફ સાંભલી હમો હેરત છૈયે. તારા જેવા માહાજ્ઞાની, મહાપરાક્રમી નરને નજરે જોવા હમો ઇનતેજાર છૈયે. મીસર ઉપર આવી પડેલાં સંકટનું

સેવટ લાવવા માટે આ દાનેશમંદ ઊસતાદ ઓલીમપસ, રાણી કલીઓપૅત્રા તારી સલ્લાહ લેવા ઇનતેજાર બની રહી છે, અને તુને પોતાની દરબારમાં હાજર થવા તે ફ્રમાવે છે.'

'માહાતમા **ઓલીમપસ,'** એક સરદાર જે નજરાનુ લઇ ઉભો હતો. તે બોલ્યો. 'રાણી **કલીઓપૅત્રા**નો મને એવો હુકમ છે, કે અગરજો તું પાયતખ્ત ખાતે આવવા રાજી હોય, તો હમારી કિસ્તી તારી ખીદમતમાં હાજર કરવી.'

કલીઓપૅત્રાનું આ તેડું મે તુરતજ કબુલ કીધું, અને તેજ વખતે પેલા સરદારો સાથ જવા હું તૈયાર થયો. વફાદાર **અટુવા**ને મે મારી સાથે લીધી, અને હમોએ હમારી સફ્ર વગર ઢીલે શરૂ કીધી.

* * * *

એવી રીતે નવ વર્ષની લાંબી મુદતે મારો વનવાસ પુરો કરી, ફ્રી એક-વાર હું **એલેકઝાંન્ડ્રીયા** ગયો, અને મારે માટે મેહલમા તૈયાર કરાવેલાં ખાસ દીવાનખાના મધે મે વફાદાર **અટુવા** સાથ ઉતારો કીધો.

પણ મને હિંયાં બોલાવવામાં, મારા ઇલમ અને હુંનરોની તારીફ કરવામા, અને **કલીઓપૅત્રા**ને મારા વિશે તરેહવાર સમજાવવામાં મુખ્ય હાથ **ચારમીયન**નો હતો. **ચારમીયન** કે જેણે મને દગો દઇ ખુવાર કીધો હતો—**ચારમીયન** કે જેણે પોતાની મતલબ ખાતર મને કિરતીના કંગુરા ઉપર ચહડતો નિચે પાડી નામોશી અને ખરાબીમા ગરક કીધો હતો, તે **ચારમીયન** પોતાના પાપનો પસ્તાવો કરી મને મારાં વેર લેવાના કામમાં હવે મદદ કરવા તૈયાર થઇ હતી.

અને જે દીવસે હું મેહલમા જઇ ઉતરયો, તેજ રાત્રે **ચારમીયન** મારી મુલાકાતે મારાં દીવાનખાનામાં આવી.

મે તેણીને દીઠી!

આહા! નવ વર્ષની લાંબી મુદતે—બાદ મુદતે—મે ચારમીયનને ફ્રીથી મારી નજરે દીઠી!

પ્રકરણ ૨૭ મું.

નવ વર્ષમાં થયલા ફેરફાર—ચારમીયન અને ઓલીમપસ—હા. રમેચીસ તરફ ચારમીયનનો સાચો પ્યાર—બીજા ભવમા મળવાની ચારમીયનને ઉમેદ—ઓલીમપસનું કલીઓપૅ- ત્રાની રૂબરૂ જઇ પુગવું—હારમેચીસ માટે કલીઓ- પૅત્રાનો ગમ—એનટનીના ગમની દવા કરવા માટે કલીઓપૅત્રાની ઓલીમપસને અરજ.

હા, નવ વર્ષ !

મારી ખેજાલત પામેલી અને ખુવાર થએલી જીંદગીના નવ વર્ષ !

એ નવ વર્ષની લાંબી મુદત મેં એકાંત પાહડી વનવાસમાં ગુજારી, અને એ નવ વર્ષ **કલીઓપૅત્રા** ઉપર કિનો લેવાની નેમથી લાખો સીતમ અને હજારો આજાબ મેં મારી દેહ ઉપર ગુજારયા હતા. કદી તો દીવસો સુધી હું અપવાસમાં પડી રેહતો, અને કદી તો વંનજંગલના એકાંત ભાગોમાં પવિત્ર **આઇસીસ**ની બંદગી કરવા હું દીવસો સુધી રંજ ખેચતો. કદી તો મારી ગુમ થાઇ ગએલી ગેબી શકતીઓ પાછી મેળવવા દીવસો સુધી પાહડોને મથાલે હું સમાધીમા પડી રેહતો, જેથી મારાં તન ઉપર ચરંદા અને પરંદાઓ પોતાનુ ઘર કરી વસતાં હતાં. એ સરવે સીતમ, અને એ સરવે રંજ, **ચારમીયન**ની દગલબાજીથી મારા ઉપર આવી પડયા હતા, અને તે ફકત **કલીઓપૅત્રા** ઉપર કિનો લેવા માટે હું સેહતો હતો. હે ! જગદાતાર ! આજે તે કિનાનો દીવસ અંતે મારી નજર સામે આવી ઉભો હતો.

એ. નવ વર્ષમાં મીસરના બાબમાં મોટા ફેરફારો થઇ ગયા હતા. એ અરસામાં મીસરની ખુવારી થઇ હતી. તેના ધરમગુરૂઓ વિખરાઇ જુદે

જુદે મુલક છુટા પડી ગયા હતા. એ નવ વર્ષમા મીસરનાં પવિત્ર મંદીરો ઉજડ વેરાન જેવાં સુનાં પડી ગયાં હતાં, અને **હારમેચીસ** જે મીસરનો તારનાર તે દુનિયામાથી નાબુદ થઇ ગયો હતો. એ નવ વર્ષમા **અબુથીસ**નો વડો ધરમગુરૂ **એમનામાહાત** મરણ પામ્યો હતો. માહાતમાં **સેપા** વિશે એવુ ધારવામાં આવતું હતું કે **કલીઓપૅત્રા**એ તેનું ખુન કરાવ્યું હતું અને મીસરના પવિત્ર **પીરૅમીડ**ના ભીતરમાં છુપાવેલો **મનકશરા**નો ગુપ્ત ખજાનો **કલીઓપૅત્રા**એ ચોરી લીધો હતો.

એ મુદત દરમ્યાન ખુદ મારી અંદરથી મોટો ફેરફાર થઇ ગયો હતો. મારો સુંદર ચેહરો ફિક્કો પડી કરમાઇ જઇ તે ઉપર કરચલી ફરી વલી હતી. મારી આંખોમા ખાડા પડી ગયા હતા, અને મારો સદાનો હસ્તો અને મોજીલો સ્વભાવ, એકાંત અને કપટી બની ગયો હતો. મારૂ મજબુત અને કદાવર આંગ નવ નવ વર્ષની મુસીબત અને જંજાલથી તવાઇ એવું તો નાતવાન અને નિરબળ થાઇ ગયું હતું, કે ફકત ચામડી અને હાડકાં સિવાય બીજું કાંઇબી કોઇને જણાતું નહી હતું. નાતવાનીના સબબથી મારા હાથ હમેશ ધ્રુજતા હતા, અને મારા વનવાસના સબબથી મારાં મોહડાં ઉપર સુફેદ અને કાલા બાલની લાંબી દાહડી વધી જવાથી, મારી અસલ સિકલ બીલકુલ બદલાઇ ગઇ હતી. મારી હાલત આવી બેહાલત હોવા છતાં મારી છાતીમા પજરી રેહલો કિનાનો આતશ આજ સુધી જેવોને તેવોજ રહ્યો હતો.

* * * * * *

'જઇફ મરદ, કયાંછે ઉસતાદ **ઓલીમપસ**.' **ચારમીયન** જેવી મારાં દીવાનખાનામાં મને મળવા દાખલ થઇ તેવી મને વગર પીછાનવે જોઇને બોલી. 'હું રાણી **કલીઓપૅત્રા**નો પેગામ લઇ આવી છું.'

હું તરતજ ઉઠી ઉભો થયો, અને મને જોતાંજ તે ચમકી પાછલ હટી જઇ બોલી:—

કોણ! તુ! **હારમે**—
નહી **ઓલીમપસ**!' મેં કહ્યું

મારૂ બદલાયલું રૂપ સ્વરૂપ જોઇ તે અજબ થાઇ ગઇ, અને મારૂં અસલ નામ બોલતી તે અચકી ગઇ.

'હા **ચારમીયન**, હું તેજ. હું તેજ કમનસીબ **હારમેચીસ** છું, કે જેના પ્યાર ખાતર તેં મીસરને દગો દઇ તેને ફના કીધું. નવ વર્ષની વાત ઉપર જે **હારમેચીસ**ને તું ચાહતી હતી, તે **હારમેચીસ** હવે રહ્યો નથી, પણ હવે હું **ઓલીમપસ** તારી રૂબરૂ આવી ઉભો છું.'

'બસ.' તે બોલી. 'અરેરે આ શું ગજબ! આ તારા કેવા હાલ! નવ વર્ષમા કેટલો ફેરફાર! નવ વર્ષમા **હારમેચીસ** તારી હાલત આવી થશે એમ હું નહી ધારતી હતી! પણ ગઇ ગુજરી હવે યાદ કરવામાં કાંઇ સાર નથી. સાંભલ **હારમેચીસ**, તારી આટલી બધી ફિલસુફી અને તારાં ડાહપણ છતાં એક ઓરતના ખરા અને સાચ્ચા પ્યારની બેમુલ ખુબીથી તું બેખબર રહી ગયો છે. સાંભલ, સાચ્ચી મોહબત અને સાચ્ચો પ્યાર માણસનું રૂપ બદલાવાથી બદલાતો નથી, પણ સરવે મુસીબતો અને સંકટોમાં સેવટ સુધી તે પ્યાર વફાદાર અને જેવોને તેવોજ રહેછે, અને મરણ પછીબી તે પોતાની માશુકના જીવ પાછલ ભમતો ફરે છે. જ્યારે આ ફાની દુનિયાના સ્વપનાનુ ચક્કર બંન્ને આશક અને માશુક ફરી રેહ છે, ત્યાર પછી તેઓ પોતાના નવા ભવમાં, નવા આકારે પાછાં મલે છે. મારો પ્યાર તેવી કિસમનો છે. હજી તે જેવોને તેવોજછે, અને તારાં રૂપ સ્વરૂપ સાથ તેને જરાબી નિસબત નથી. કોઇ બીજાને માટે હવે તે રહ્યો નથી. તું વગર હવે તે મારી લાસ સાથ મારાં કફનમાં દફન થશે, અને આ ભવનો સ્વપનો પુરો કરી બીજા નવા ભવમા તે તારી દામન પકડી પાડવા ચુકશે નહી.'*

તેણીને મેં કાંઇબી જવાબ દીધો નહીં, અને નિચી મુડીએ હું વિચારમાં ગુપચુપ પડયો, તે જોઇ પાછું તેણીએ બોલવા માંડયું :—

* આ ફકરામાં જણાવેલા વિચારોમાં જેઓ મોજ માનતા હોય અને મારા મેહરબાન વાચકોને જો આવતા ભવમા વિસ્વાસ હોય 'તો તેઓને હું રાઈડર હેગારડનું 'શી' 'She' નામનું અતી વખણાયલું ઇંગ્રેજી 'નાવેલ' વાચવાની ભલામણ કર છું.—'કરતા.'

'**હારમેચીસ**, તારે હવે મારાથી અને મારા પ્યારથી કાંઇબી ડરવાનુ કામ નથી. હવે તે દીન વહિ ગયા છે. પણ મરવા આગમજ તારી સિક્લ મારી નજરે જોવાની જે મને ઉમેદ હતી, તે મારી ઉમેદ આંતે નવ વર્ષે બાદ બર આવી છે, એટલે હવે હું સંતોશ સાથ મરવા તૈયાર થાઇ છું.'

'**ચારમીયન**.' મેં જવાબ દીધો. 'હવે મારો કિનો લેવાનો વખત આવી પુગ્યો છે, અને મને લાગે છે કે નવ વર્ષની વાત ઉપર **તારસસ** ખાતે તેં જે વચન મને આપ્યું હતું તે વચન આજે તું પાલશે.'

'મને તે વચન યાદ છે **હારમેચીસ**.' **ચારમીયને** જવાબ દીધો. 'અત્યાર તુલીક જેબી કાંઇ થયુ છે, તે સરવે મેંજ કીધું છે. બુઢી **અટુવા** મને છુપા વેશે મળી ગયા પછી, તારા હુંનર અને ઇલમની તારીફ **કલીઓપૅત્રા** પાસે મેં કરી હતી, અને તુને દરબારમાં બોલાવી મંગાવવાબી મેંજ તેણીને ઉસકેરી હતી.'

'તે ફરમાન મુજબ હું આવી પુગો છું.' મેં જવાબ દીધો. 'અને હવે વખત ખોવામાં સાર નથી. વાસતે મને લઇ જા **કલીઓપૅત્રા**ની પાસ.'

ચારમીયન તુરતજ મને પોતા સાથ લેઇ **કલીઓપૅત્રા**ની આરામગાહ તરફ ચાલી, અને ફરી એકવાર હું મારી બદલાએલી હાલતમાં નવ વર્ષને આંતરે તેજ દીવાનખાનામાં, તેજ પલંગની સામે, તેજ **કલીઓપૅત્રા**ની રૂબરૂ જઇ ઉભો.

મને જોતાંજ તે બોલી :—

'માહાતમા **ઓલીમપસ** ! મુબારક તારાં કદમ ઓ ઉસતાદોના ઉસતાદ **ઓલીમપસ**. પણ સબર. ઓ માહતમા ગુરૂ, મેં તારી સિક્લ કોઇ ઠેકાણે જોઇ હોય એમ મને લાગે છે. બોલ ઓ પવિત્ર માહાતમા આપણુ છેલ્લે ક્યાં મલ્યાં હતાં. ?'

'કદીબી નહી ઓ મીસરની રાણી.' મેં ધાડે અવાજે જવાબ દીધો. 'મેં તું નામવરને આજેજ પેહલી વાર મારી નજરે જોઇ છે. હું એક અઘોર વનમાં વનવાસ લઇ બેઠેલો તુને ક્યાંથી મલું ! અને ક્યાંથી ઓળખું !!'

'તોપણુ તારો અવાજ મારા કાંનમા ખટકે છે.' તે હટ કરી બોલી. 'પણુ અજબ જેવું છે કે હું તારો અવાજ ભુલી ગઇ છું. સાંભલ દાનેશમંદ **ઓલીમપસ**, મારી વાત સાંભલી મને તારી સલાહ આપ. અફસોસ ! એક વખત મારી દરબારમા **હારમેચીસ** નામનો એક દાનેશમંદ ફિલસુફ હતો, જે હંમેશ મારી મુશકેલીની વખ્ત મને કીમતી સલ્લાહ આપતો હતો. પણુ આજ નવ વર્ષ થયાં તે મરણુ પામ્યો છે. આજે હું તેના સખુનો યાદ કરી તેનો ગમ કરૂં છું. ગુરૂ **ઓલીમપસ**, ખુદા મારી ઉપર નારાજ થયો હોય એમ મને લાગે છે.'

'નહી ઓ રાણી.' મે જવાબ દીધો. 'ખુદા પોતાના બંદા ઉપર વગર કારણે કદીબી નારાજ થતો નથી. તુને ખુદાના કોપથી ડરવાનું શું કારણુ છે? શું મીસરના પવિત્ર દેવતાઓના મંદીરો તુંએ ખરાબ કીધાં છે ? શું તુંએ મીસરને દગો દીધો છે ? શું તુંએ મીસરની પવિત્ર દોલતનો કાંઇ આડો ઉપયોગ કીધો છે ? જો એવી કાંઇ કસુર તુએ કીધી નહી હોય, તો ઓ **કલીઓપૅત્રા** ખુદાને તારી ઉપર નારાજ થવાનું કાંઇ કારણુ નથી.'

મારા આ સખુનો સાંભલી **કલીઓપૅત્રા** ફિકી પડી ધાસતી ખાઇ કાંપવા લાગી. તેણીના ચેહરા ઉપરની નુરાની ઉડી ગઇ, સબબ તેણીનું અંતઃકરણુ ભીત્તરથી તેણીને ડંખતું હતું.

'સાંભલ, દાનેશમંદ **ઓલીમપસ**.' **કલીઓપૅત્રા** મારા સવાલનો જવાબ આંપવાને બદલે પોતાની બાબદ ઉપર બોલવા લાગી. 'મારો **એનટની** રૂમ સાથની છેલ્લી લડાઇમા પોતાની હાર થવાથી શરમ અને ખેજાલતનો માર્યો બીમાર પડયો છે, અને ગંમમા ગીરફતાર થઇ મગજથી બેમગજ થાઇ ગયો છે. માણુસોની સંગતથી તે દુરનો દુર રેહ છે, અને કોઇનીબી તે મુલ્લાકાત લેતો નથી. મારી વટીક તે દરકાર કરતો નથી, અને મને મલવાં સાફ ના પાડે છે. હવે સાંભલ ફિલસુફ **ઓલીમપસ** મારી અરજ. આવતી કાલે મારી સખી **ચારમીયન** સાથ તુ **એનટની** પાસે જા. ત્યાં જઇ તું તેની મુલાકાત લે. કોઇબી રીતે તેની પાસે જઇ, તેની બીમારીની દવા કરી તેની છાતીમાં ભરાઇ બેઠેલો ગમ અગરજો તું દુર કરે, અને જો

તુ તારી હિકમતના જોરે, યા તો તારા ઇલમની બરકતથી તેને પાછો મારી પાસે લાવી બેસાડે, તો ઓ માહાતમા **ઓલીમપસ**, મારી ઉપર તારૂં બેહદ હેસાન થશે. તારી રાણીનું એટલું કાંમ કરવામાં જો તુ પાર પડયો, તો જર અને જવાહીર બક્ષી હું તુંને નેહાલ કરીશ.'

'ફિકર ના કર ઓ સીતારે મીસર.' મે જવાબ દીધો. 'એ તારી ફરિયાદનો નિકાલ બોલ બોલતાં હું કરી આપું છું. નિશંક રેહ **કલીઓ-પેત્રા**. એમ જાણ કે **એનટની** તારી પાસેજ છે.'

તુરતજ હું તેણીની રજા લઇ મારાં દીવાનખાનામા ગયો, અને જતાં વાર વફાદાર **અટુઆને** એક ચોકસ દવા બનાવવાનો મેં હુકમ કીધો.

પ્રકરણ ૨૮ મું.

એનટનીનો એકાંતવાસ—કલીઓપૅત્રાની પ્રિત માટે તેનો પસ્તાવો—ઓલીમપસ અને એનટની—ઓલીમપસની અફસીરની અસર—એનટનીનું ત્યાગ તજી તરછોડેલી કલીઓપૅત્રાને જઇ મલવું.

જે **એનટની** એકવાર પોતાના બળથી દુનિયા ધ્રુજાવી રહ્યો હતો, અને જેના નામથી રૂમ અને મીસર નેતરના ઝાડ મીસાલ કાંપતાં હતાં, તે **એનટની** આજે લડાઇની હારથી ગમ ખાઇ દુનિયા ત્યાગ કરી બેઠો હતો. * કોઇબી આદમીની સંગતથી તે હવે લજવાતો હતો, અને કોઇબી પીછાનવાલાને જોતાંજ લાજ અને શરમના મારથી તે મરવા જેવો થઇ જતો હતો.

તારસસ ખાતે **કલીઓપૅત્રા** સાથ પ્રિતમાં પડી જોડાઇ જવા પછી **એનટની**ની આવી નાલાયક ચાલ માટે રૂમની સરકારે તેને સજા કરવા ઠેડવ્યું, અને તેમ કરવા માટે રૂમને મીસર સાથ લડાઇમા ઉતરવું પડયું. એ લડાઇમાં **એનટની**ની હાર થાઇ. **એનટની**ને એ હાર ઘણીજ શરમ અને નામોશીભરી લાગી, અને એજ હાર તેના ગમ અને ખેજાલતનું મુખ્ય કારણ હતું.

દરિયાવના તુફાંની કીનારાથી થોડે દુર આવેલા એક ગંજાવર ખડક ઉપર બાંધેલા મજબુત પડતલ કિલ્લાની અંદરના એક એકાંત અંધારા ઓરડામાં **એનટની** પોતાની હાર થયા પછી, પોતાની નામોશીનું દુઃખ નહી

---

* વારતાનાં વલાંની કડી નહી તુટે, અને નકામી બીનાઓથી વારતા નહી લંબાય માટે કેઇ લડાઇમાં એનટનીની હાર થાઇ હતી તે અતરે જણાવવાની જરૂર નથી, પણ એટલું કેહવું બસ છે કે કલીઓપેત્રાની પ્રિતમાં એનટની પડયાથી રૂમે એનટનીને સજા કરવા માટે મીસર સાથ લડાઇ કરી હતી, અને એનટનીને તે લડાઇમાં રૂમે સામે ઉતરવું પડયું હતું, અને તે લડાઇમાં એનટનીની હાર થવાથી તેની શરમનો પાર રહ્યો નહી હતો.

ખમાવાથી ગમમા ગરક થાઇ પડયો હતો. ત્યાં તે હારેલો જંગી પોતાની હાલત ઉપર હાય અને અફ્સોસ કરતો હતો. કોઇબી આદમીને તે પોતાનો ચેહરો દેખાડતાં શરમાતો હતો, અને વિચારના વમલમાં પડી રેહતાં રફતે રફતે તેના મગજ ઉપર નબલાઇ હવે ગલબો કરતી હતી.

કેવી કંગાલ જગ્યા !

જ્યાં દમ લેવા માટે સાફ અને સ્વચ્છ હવા મુશકેલીથી મલતી હતી, અને ઉજાસને માટે છાપડાં ઉપર ફકત એક ન્હાંના બકારાં સિવાએ બીજું કાંઇબી નજર નહી પડતુ હતું, ત્યાં, જમીન ઉપર એક ફકીર કરતાં કંગાલ હાલતમાં વિખરાએલે બાલે એક સાદી ચટાઇ ઉપર ઉંધે મસ્તકે **એનટની** પોતાનો ચેહેરો છુપાવી પડયો હતો.

અફ્સોસ ! **કલીઓપૅત્રા**ના પ્યારમાં આ બલવંત નરની આવી દુર દશા થાઇ હતી.

બીજે દીવસે હું અને **ચારમીયન** એક ન્હાંની કિશ્તીમાં બેસી તે પડતલ કિલ્લા તરફ ગયાં, અને મોટી મુશકેલીથી **એનટની**ના નોકરને સમજાવી **ચારમીયન** મારી સાથે **એનટની**ના ઓરડામાં દાખલ થઇ.

'બાહાદુર **એનટની.' ચારમીયન** દાખલ થઇ ધીમે અવાજે બોલી. 'મારી ગમ જો. હું તારે માટે કાંઇ ખુશ ખબર લાવી છું.'

'શું રૂમની હાર થઇ ?' **એનટની** બોલી ઉઠયો.

'નહી. હજી થઇ નથી, પણ હવે થશે.' **ચારમીયને** જવાબ દીધો. 'તું મારૂ કહ્યું સાંભલે તો—

'ખોટી. સરવે વાત ખોટી.' **એનટની** પોતાનું માથું જમીન ઉપર પટકી બોલ્યો. '**ચારમીયન**, બસ મને મરવા દે. આ એકાંત મકાનમાંજ મને હવે મરવા દે, કે મારાં મરણની ખબરથી ખલકત બેખબર રેહ. મારા જેવા માટે હવે કાંઇબી ખુશ ખબર દુનિયામાં રહી નથી. 'પણ સબર ! તું એખલી નથી આવી ! મારી આવી બુરી હાલતનો તમાશો દેખાડવા તારી સાથે કોઇ બીજાનેબી તું લેતી આવી છે. એ કોઇ રૂમનો જાસુસ હોય એમ મને લાગે છે ! એ મને ટીકી ટીકી જોતો કેમ ઉભો છે ?'

'એ શખ્સ કોઇ નહી પણ માહાતમા **ઓલીમપસ** છે, જે પોતાના રમલ અને બીજા હુંનરોને માટે આજે દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યો છે.' **ચારમીયને** જણાવ્યું. '**કલીઓપૅત્રા**એ તારા ગમની દવા કરવા એને ખાસ બોલાવી મંગાવ્યો છે, અને હું એને હિયાં તારી આગલ લાવી છું. **કલીઓપૅત્રા**ની સાચ્ચી પ્રિતની **એનટની** તુને જરાબી કદર નથી. તે તારી જુદાઇમાં એખલી આજ મુદત થઇ તરફડે છે, અને તું તેને તરછોડી હિંયાં પડયો છે. અફસોસ! આ ફાની જગતમાં સાચ્ચી પ્રિતનો બદલો હૈયાત છેજ નહી.'

'સાચ્ચી પ્રિત! પ્રિત! ઓ પ્રિત!' **એનટની** પોતાના માથાં ઉપરના બાલ પીખી બોલ્યો. 'પ્રિત! શું એ પ્રિતે મારી ખુવારી, ખરાબી અને બરબાદી કીધી નથી? શું એ પ્રિતે મારી આવી હાલત બનાવી નથી? તેની પાપી પ્રિતમાં ભોરવાઇ, ભંભેરાઇ હું નામોશીમાં ગરક થયો છું. એક ઓરતની પ્રિતે મારા જેવા બળવંતની આ હાલત કરી છે. જા, ઓ ઓરત. તું જા, અને મારી હાલતનો ખરો હેવાલ કોઇ તવારીખના લખનારને જઇને કેહ, કે આવતી ઓલાદને ઓરતની પ્રિતમાં ફસતાં અટકાવવા માટે મારી હકિકતની નોધ કરી તે નસિયતના સખુનો લખે. પણ સબર! શું તારો હકીમ મારા ગમની દવા કરવા તૈયાર છે?' **એનટની** અધીરો બની બોલ્યો. 'શું એની દવાથી મારી ગએલી ઇજ્જત અને હુરમત મને પાછી મલશે? જા. જા. આ નવો રંગ મારે જોવો નથી. મને મરવા દે.'

'**એનટની**, તારા જેવા પેહલવાન મરદને આવા સખુનો એબ લગાડે છે.' **ચારમીયને** જવાબ દીધો. 'તું મરવા માગે છે, પણ એવી રીતે મરવાથી તું તારાં સંકટનું સેવટ લાવી તુ પોતે સુખી થશે, અને તારી પ્રિતમાં મરતી પેલી દુ:ખી ઓરતને તે સરવે સંકટોમાં તું એખલી રીબતી નાંખી જશે.'

'ખરી વાત! ખરી વાત!!' **એનટની** ભોલવાઇ બોલ્યો. 'મારે તેણીને એખલી નાખવી નહી જોઇએ. જોકે મારી આ હાલત તેણીનેજ લીધે થઇ છે, પણ મારે તેણીને એટલી સખત સજા કરવી નહી જોઇએ.

ઓલીમપસ તું શું સલ્લાહ મને આપે છે? મારો ગમ દુર કરવાની તારી પાસ શું દવા છે?'

'નામવર **એનટની**, તું એટલો રંજીદા ના થા.' મેં ધીમે રહી જવાબ દીધો. 'હજી તું ધારે છે તેટલું કાંઇ મોડું થયું નથી. હજી સરવે સારૂંજ થશે. તારા વિચારો ખ્યાલી છે, અને તારી તબિયત નાદરૂસ્ત હોવાથી તુ ખરાંમાથી ખોટું પીછાની શકતો નથી. વાસતે પેહલાં તો આ દવા જે હું તારી તબિયત સુધારવા માટે ખાસ બનાવી લાવ્યો છું, તે પીઇ લે.'

'લાવ જેબી હોય તે લાવ.' **એનટની** બોલ્યો. 'હું પીવા તૈયાર છું. ઓ મીસર! ઓ **કલીઓપૅત્રા**,!! તારે લીધે મારી આ હાલત થાઇછે. તારે લીધે હું ખુવાર થયો!!! અરેરે મને નહી ખબર હતી કે તારી પ્રિતમા મારી આવી ખુવારી થશે!!! લાવ, **ઓલીમપસ** તારી દવા લાવ. જેબી હોય તે લાવ, હું પીવા તૈયાર છું, કારણ જીવવાથી હું બેજાર થયો છું.'

'નહી **એનટની**. તારો ખ્યાલ ખામી ભરયો છે.' મે કહ્યું. 'મારી દવા પીતાંજ તેની અસર તુને માલમ પડશે.'

મારા હાથમાંથી તે દવા લઇ, કાંઇબી આનાકાની કીધા વગર **એનટની** તે એકદમ ગટાવી ગયો, અને થોડીજ પળમાં મારી દવાની અસરથી તેના દીલ માહેલો ગમ દુર થઇ જતો હોય એમ તેને લાગ્યું. નવી નવી આશાઓ તે દવાની અસરથી તેના દીલમાં પ્રગટી નિકલવા લાગી.

'તારી દવામાં અજબ અસર છે ઉસતાદ **ઓલીમપસ**.' **એનટની** બોલ્યો. 'મારો ગમ દુર થઇ ગયો છે! મારૂં અંતઃકરણ ઉછાલા મારી રહ્યું છે, અને નવી આશા મારાં દીલમાં ઘર કરી બેઠી હોય એમ મને લાગે છે! ખરેખર હજી સરવે સારૂંજ થશે એમ હવે મને લાગે છે!!'

'બેશક. સીતારાઓની ગણત્રી પરથી એવુંજ જણાય છે.' **ચારમીયન** બોલી. 'વાસતે **એનટની** હવે ઉઠ. વેહલો થા. આ ડરામણી જગ્યામાંથી નિકલી ચાલ રાજમેહલમાં **કલીઓપૅત્રા** પાસ. તુને જોવા તે તલપીરહીછે.'

'ચાલ હું આવવા તૈયાર છું.' **એનટની** બોલ્યો. 'ઓ ગુરૂઓના ગુરૂ, માહાગુરૂ **ઓલીમપસ**, આ તે કેવી અકસીર!'

•એવી રીતે **એનટનીને** એક પડતલ કિલ્લામાંથી બાહાર કાહડી **કલીઓપૅત્રા** સાથ મેં લાવી મેલવ્યો, અને એમ કરવામાં મારી મતલબ બંન્નેની ખુવારી એક્કી વખતે કરવાની હતી.

હું અને **ચારમીયન એનટનીને કલીઓપૅત્રા**ની આરામગાહમાં લઇ ગયાં, જ્યાં તે ઉંધે મસ્તકે પલંગ ઉપર પોતાના આશકની યાદમાં ગમ કરતી પડી હતી.

'ઓ ખુબસુરત પણ દીલફરેબ.' **એનટની કલીઓપૅત્રા**ને જોતાંજ બોલ્યો. 'ફરીથી એક વાર હું તારી આગલ મારાં ઘુટણ ઉપર પડવા આવ્યો છું.'

એનટનીનો અવાજ સાંભલી, સુંદર **કલીઓપૅત્રા** પોતાના પલંગ ઉપરથી કુદી ઉઠી ઉભી થઇ, તેને વલગી પડી બોલી. '**એનટની**, મારી આંખોના નુર! ઓ વ્હાલા **એનટની**!! જો, જો, **એનટની** તારી જુદાઇમાં **કલીઓપૅત્રા**ના હાલ કેવા થયા છે!!! બેસ, મારા વ્હાલા, મારી પાસ, અને તારો ગમ ભુલી ખુશી થા. **એનટની**, અગરજો આપણી પ્રિત અને મોહબતે રૂખસદ લીધી હોય, અગરજો પ્રિત અને મોહબત જેવું આપણ બંન્ને જન વચ્ચે હવે કાંઇબી રહ્યું નહી હોય, અગરજો તારી છાતીમાં મારી પ્રિતની સલગેલી અગન બુજાઇબી ગઈ હોય, તોપણ **એનટની** આપણ બંન્ને જન તો હજી જીવતાંજ છૈયે. યાદ કર **તારસસ** ખાતે તુએ મારી પ્રિતમાં પડતી વખતે લીધેલા કસમ, અને આપેલા કોલ. ઓ આકાશી ફરેસતાઓ, ઓ પવિત્ર સીતારાઓ, ઓ સુર્ય અને ચંદ્ર, તમો સરવે **કલીઓપૅત્રા**ના ગવાહ રેહજો, કે **કલીઓપૅત્રા એનટની**થી બેવફા થઇ નથી. ઓ ખુદા! શું આ જગતમાં ઓરતને ઇનસાફ મલશેજ નહી? શું મતલબી મરદો હંમેશાં ઓરતોને મીઠા વચનોથી ભમાવી પાછલથી સંકટ સમે તેમને છોડી તજી જશે!!'

કલીઓપૅત્રાની આવી કિસમની કલાપીત સાંભલી **એનટની** તેણીને વલગી પડી બોલ્યો. 'મને માફ કર **કલીઓપૅત્રા**. હું તારો અને તારોજ છું.'

* * * * *

પ્રકરણ ૨૯ મું.

મીસરે રૂમ સાથ લડવાની તૈયારી કરવી—રૂમી લશકરનું પાયતખ્ત ખાતે આવી પુગવું—એનટનીએ કલીઓપૅત્રા ઉપર મુકેલું દગલબાજીનું તોહમત—કલીઓપૅત્રાની એનટનીને આજેજી—પોતાનું મોત પસંદ કરવા કલીઓપૅત્રાએ માણસો ઉપર કરેલા ઝેરના અખતરા—ઓલીમપસે કાતેલ અકસીર બના-વવા માટે કલીઓપૅત્રાને આપેલી કબુલાત.

એનટની અને **કલીઓપૅત્રા** હવે પોતાના દીવસો પાછા એશ એસરતમા ગુજારવા લાગ્યાં, અને રાજ મેહલમા પાછી મેજબાની અને જ્યાફતોનો દોર ચાલી રહ્યો.

મીસરની રાણીએ સુલેહના પેગામ સાથ, રૂમની સરકાર પાસ પોતાના એલચી મોકલાવ્યા, પણ **સીઝરે** તેમની મુલાકાત લેવા ના પાડી લડાઇ માંગી, એટલે મીસરના બચાવ ખાતર **એલેકઝાંન્ડ્રીયા** ખાતે બાહાદુર **એનટનીએ** લડાઇની તૈયારીઓ ફરીથી મોટા પાયા ઉપર કરવા માંડી.

અને મેં પણ એવે સમે મારા કિનાની જાલ બીછાવવા માંડી.

એનટનીને હંમેશ ખુશી અને મોજમજાહમા રાખવો, અને તેને જરાબી દલગીર થવા નહી દેવો, એવી સલ્લાહ મેં **કલીઓપૅત્રાને** આપી, કે જેથી તે પોતાની ખરી ફરજો બજાવતાં ભુલે. વલી મારી પેલી ઉમદા અકસીર, તેની તબિયત સુધારવાને બાંહાંને તેને હું હમેશા પાતો હતો, કે જેથી તેનુ દીલ અને મન ખુશ રેહતું, પણ તે દવાની છુપી શક્તીથી તેના મગજ ઉપર નબલાઇની અસર દીન જતે વધતી જતી હતી.

કલીઓપૅત્રા તથા **એનટનીનો** વિસ્વાસ મારી ઉપર વધતોજ ગયો, અને મને તેઓ પોતાનો વિસ્વાસુ સમજવા લાગ્યાં. લડાઇની તૈયારીઓ

ચાલુજ રહી, પણ શેહરમા બેદીલીનો રોગ ફેલાવાથી રૈયત કંટાલી ગઇ હતી, અને હવે તમામ મીસર રૂમની સરદારી હેઠલ જવા બીલકુલ રાજી હતું. દોસ્ત કરતાં દુશમન રોજ વધતાજ જવા લાગ્યા. દરબારનો મામલો પણ તેવોજ થાઇ પડયો, અને જેવી દરબાર આજ હતી તેવી કાલે રહી નહી. લોક ચરચા રાણી **કલીઓપૅત્રા**ની હરામ પ્રિત વિશે વધી પડી, એક નાલેસી સમાન થાઇ પડી, અને સેવટે તે ચરચા રાણીને કાને પણ જઇ લાગી.

પણ **કલીઓપૅત્રા**એ તે નાલેસીની જરાબી દરકાર કીધી નહી, અને **એનટની**ને વફાદારીથી વલગી રહી. તેણીની આવી ચાલ ઉપર રૂમની સરકારે સખત ધમકી આપી પેગામ મોકલાવ્યો, કે જો **એનટની**ને જીવતો **કલીઓપૅત્રા** રૂમની સરકારને સવાધીન કરે, તો રૂમની સરકાર મીસર સાથ સુલ્લેહના કોલકરાર કરે. પણ **કલીઓપૅત્રા** જે **એનટની**ની પ્રિતમા દીવાની બની હતી, તેણીએ પોતાના દેશ અને વતનની તથા તાજ અને તખ્તની જરાબી દરકાર કીધી નહી. વલી મેં પણ તેમ નહી કરવાની તેણીને સલ્લાહ આપી, સબબ **એનટની**ને જો બંદીવાન કરી તે રૂમને સવાધીન કરે, તો હાલનો તુફાની મામલો બીલકુલ સુધરી જાય અને **કલીઓપૅત્રા** નચીંત થાઇ રાજ કરે.

એવા બારીક મામલાની એક મધ્યાન બપોરે **કલીઓપૅત્રા**, **એનટની**ને લઇ બેઠી હતી, તેટલાં **ચારમીયન** દોડતી, હાંફતી, ખબર લાવી, કે રૂમનુ લશકર કુચ કરતું **એલેકઝાંન્દ્રીયા** તરફ આવી પુગું છે. આ ખબર સાંભલતાંજ **એનટની**એ એક છેડાએલા વાઘની માફક **કલીઓપૅત્રા**ને ગરદનમાથી પકડી બુમ પાડી. ‘ ઓ દગલબાજ, અંતે તુંએ મને ફસાવ્યો. તું રૂમ સાથ મલી ગઇ. હવે હું તુને જીવતી રેહવા દેનાર નથી.’

એનટની તુરતજ પોતાની તલવાર મ્યાનથી ખેંચી **કલીઓપૅત્રા** ઉપર જરબ કરતો હતો, પણ તેટલાં તેના હાથને તે રડીને વલગી પડી બોલી:—‘**એનટની**, મારા જાન, હું બીલકુલ એ બીનાથી બેખબર છું. રૂમનુ લશકર આપણા શેહરમાં કેમ અને ક્યાંથી દાખલ થયું, તે હું કાંઇ જાણુતી નથી. ઓ **એનટની** હું તુને દગો દેઉ એ કેમ બને ? તારે ખાતર મેં મારી

આવી હાલત બનાવી, જગ અને જેહાનમા મેં મારી રૂસવાઇ કીધી. તારી પ્રિતમાં પડી મારી રૈયતનો કોપ મેં મારે માથે ખેંચી લીધો. મને લોકોએ વગોવી. મારી તેઓએ નિંદા કીધી. મને મારી રઇયત એક નીચમા નીચ, અધમ, પાપી, કુચ્છંદી અને છી – તરીકે ગણવા લાગી, એ સરવે તારી પ્રિતમા પડયા પછી બન્યું. એવી હાલતે હું તારા પ્યારને ખાતર પુગી, અને હવે હું રૂમ સાથ મલી જઇ તુને ફસાવી દઉં એ કેમ બને.'

તેણીની આવી માનતથી **એનટનીએ** પોતાના હાથમાથી તલવાર ફેકી દઇ પાછી **કલીઓપૅત્રાને** પોતાને ગલે લગાડી, અને દુશમનના લશકરની હાલત તપાસવા પોતે છુપા વેશમા મેહલમાથી બાહાર પડયો.

* * * * * *

લડાઇનો માંમલો સુધરવાને બદલે બગડતો ગયો. 'અને શેહેરમાં ફેલાતી ખબરો બનતાં સુધી હું અને **ચારમીયન**, **કલીઓપૅત્રાને** કાને પડવા નહી દેતાં હતાં. એવે સમે એક દીવસે મને **કલીઓપૅત્રાએ** પોતાની દરબારમાં હાજર થવા ફરમાવ્યું. તે હુકમને માન આપી હું તુરતજ તેણીની રૂબરૂ જઇ ઉભો. પણ અરે ખુદા! મેં ત્યાં શું દેખાવ મારી નજરે જોયો! દીવાનખાનામાં દાખલ થતાંજ કેટલાંક માણસોને જમીન ઉપર મુવેલાં પડેલાં, તો કેટલાંક તેમને થતાં દુઃખની વેદના નહી ખમાઇ શકાવાથી જમીન ઉપર તરફડતાં અને ચીસ પાડતાં પડેલાં મેં દીઠાં!!

'દાનેશમંદ **ઓલીમપસ**,' મને જોતાજ **કલીઓપૅત્રા** બોલી. 'તારા જેવા બાહોશ હકીમને માટે આ દેખાવ જોવા લાયક છે. મુવેલાં અને મરતાં માણસોના આ દેખાવ તુને કેવા લાગે છે વારૂ?'

'મને સમજ નથી પડતી કે એ શું બનાવ છે.' હું અજબ થાઇ બોલ્યો.

'**ઓલીમપસ**, હું તુને એની સમજ સેહલમા પાડીશ.' **કલીઓપૅત્રાએ** જવાબ દીધો. 'મરવાના જુદા જુદા રસતાની હું તપાસ કરૂ છું. આદમીનો જીવ મરતી વખતે કેવી રીતે જાય છે, તેની હું અજમાએશ કરૂ છું. મરતી વખતે આદમીને કેવાં કેવાં દુઃખ થાય છે, તેનો અનુભવ મેળવવા,



ક્લિઓપૅત્રાએ આનસ ઉપર કરેલા જેહરના અખતરા.

આ અખતરા મારાં માણુસો ઉપર હું કરૂ છું. **ઓલીમપસ**, ઝેરથી માણુસના ઉપર કેવી અસર થાય છે, તે તુએ કોઇ દીવસ જોઇ છે? બાર જુદી જુદી જાતના કાતેલ ઝેર મારી પાસે છે, તેમાનું દરેક ઝેર માણુસ ઉપર કેવી અસર કરે છે, અને તે દરેક ઝેર કેટલી પળમા માણુસનો જીવ લીએ છે, તે હું તપાસું છું. પેલો હબશી ઝેરની અસરથી દીવાનો થઇ બકબક કરી મુવો!! પેલો શખ્સ, ચીસ પાડી તુરતજ મરણ પામ્યો!! પેલો મીસરી હજી જીવે છે, પણ તેની બોલવાની શક્તી ઝેર પીતાંજ બંધ થાઇ ગઇ છે. પેલા ખુનામા પડેલાને ઝેર પાતાંજ લકવાની અસર થઇ છે!! આ સરવે હિચકારાઓ મરવા માટે ડરે છે, પણ જાણુતા નથી કે આ દુનિયાના દુઃખમાથી મોત સિવાય બીજુ કોઇ તેમને છોડવનાર નથી. આ બાકી ખલકતના સંકટનું સેવટ લાવવા મોત સિવાય બીજું કોઇ નથી. માત્ર મોતજ આદમીને સુખી કરે છે.'

અંતે મોતેજ આ ધાટકી અને દીલભેદક દેખાવ બંધ કીધો, અને તે દીવાનખાનામાં બાર માણુસોના જીવ **કલીઓપેત્રા**ના ઝેરથી નાહક ગયા. તેમની લાસને તેજ વખતે દીવાનખાનામાંથી બાહાર લઇ જવાનો તેણીએ હુકમ કીધો, અને મને પોતાની પાસે બેસાડી તે બોલી. 'માહગુરૂ **ઓલીમપસ**, મને લાગે છે કે રૂમની આખર ફતેહ થશે, અને હું તથા **એનટની** ખુવાર થઇશું. **ઓલીમપસ**, રૂમીઓની ફતેહ ભલે થાઓ. ભલે તેઓ મીસરનાં માલેક બને. ભલે તેઓની ફતેહના ડંકા ધરતી ઉપર ચોતરફ વાગે, પણ મીસર ફતેહ કરી તેઓ કદીબી **કલીઓપેત્રા**ને પોતાની કેદી કરી શકનાર નથી. હું રૂમની કેદી બનું? મીસરની રાણી, **સીઝર**ની કેદી બને? કદીબી નહી. ઘડી ભર એમ બને, કે આ અસ્ત પામતો સુર્ય પોતાનું સ્થલ બદલી એજ જગેથી તે પાછો ઉગવા માંડે; ઘડી ભર એમબી બને કે ધરતી અને આકાશ પોતાના સ્થાનો બદલી પલટાઇ જાય, પણ **કલીઓપેત્રા સીઝર**ની બંદીવાન બની ફેરાઉનના તખ્તને કદીબી કલંક લાગવા દેનાર નથી. હું પેહલાં મરીશ, અને મારા મુવા પછી મીસરનું ગમે તે થાઓ! **ઓલીમપસ**, મોતથી હું ડરતી નથી. છતાં મને મરવા ગમતું નથી. મને મરવા

ગમતું નથી એટલાજ માટે, કે મરતી વખતે થતી વેદના મારાથી ખમાય તેમ નથી. જેટલી હું મોતથી નથી ડરતી તેથી વધારે હું તેની વેદનાથી ડરૂ છું. એટલા માટે આ કાતેલ ઝેરની હું અજમાએસ લેઉ છું, કે કયુ ઝેર મને લેવુ ઠીક થાઇ પડશે. મેં તેના અખતરા કરી જોયા છે, અને આ ઝેરમાંથી મને એકબી ઝેર પસંદ પડતું નથી, સબબ કોઇ ઝેરથી મરતી વખતે વધતી વેદના થાય છે, અને કાહથી ઓછી થાય છે. તું દવાદારૂનો કાબેલ ઉસ્તાદ છે. માટે મારે ખાતર કાંઇ એવું ઝેર શોધી કાહડ, કે જે પીધામાં શરબત જેવું મીઠું અને અસરમાં એવું તેજ કે તે પીતાંજ માણસના જીવ તેનુ તન છોડી જાય, અને કાંઇબી દુઃખ કે વેદના તેને નહી થાય.

આ સખુનો સાંભલી મારા હરખનો પાર રહ્યો નહી. મારી ફતેહને મેં મારી નજર સામે આવી ઉભેલી જોઇ. જે ઓરત ઉપર કિનો લેવા હું નવ વર્ષ વનવાસ કરી આવ્યો, તેજ ઓરત મને પોતાનો જીવ લેવા કેહ એ કેવો સંજોગ !

'બેશક રાણી **કલીઓપૅત્રા**, તારા વિચારોમાં વજુદ અને ડાહપણ છે.' મેં જવાબ દીધો. 'મોત, એજ તારા દુઃખની દવા છે. અગર જો તારો હુકમ હોય. તો હું તારે માટે એક એવી કાતેલ અકસીર બનાઉ, કે તે પીતાંજ તું એવી ખુશ નિંદમાં પડશે, કે ફરીથી તે નિંદમાંથી ઉઠવાનો તારો વિચાર થશેજ નહી. બાહાદુર રાણી, મરણથી ડરવુ નહી. જેનું અંતઃકરણ સાફ હોય છે, તેને ખુદાની રૂબરૂ મોટું માન મલે છે. અને ફકત તેવાંજ આદમીઓ મોતમા માન અને મરતબા સાથ મોજ માને છે.

આ સખુનો સાંભલી તે દીલમાં ધ્રુજવા લાગી, અને બોલી. 'અને જેનું અંતઃકરણ સાફ નહી હોય તો તેનું શું ? ઓ **ઓલીમપસ**, કેહ તેનું શું ?

આ વાતચીત ચાલતી હતી તેટલાં **ચારમીયને** આવી ખબર આપી કે **એનટની** ઉપર રૂમની સરકારનો પેગામ આવ્યો છે. **કલીઓપૅત્રા** તે પેગામની મતલબ જાણવા ઘણીજ ઇંતેજાર થાઇ, અને **ચારમીયને** તે પેગામ નીચે પ્રમાણે વાચ્યો.

બાહાદુર એનટની

તારી સરકશીના જવાબમાં રૂમની સરકાર તુને જણાવે છે, કે તુએ તારી બેવફાઇ અને ગુનાહો માટે હમારી દરબારમાં હાજર થાઇ હમારી માફી ચાહવી, અને તેમ જો તું નહી કરશે તો સીઝરની તલવાંર અને તારી ગરદન વચ્ચે કોઇબી આવી શકનાર નથી.

સીઝર.

પ્રકરણ ૩૦ મું.

એનટનીના લશકરે કરેલો દગો—ઓલીમપસે મેહલમાં ચલાવેલી ખરાબી—કલીઓપૅત્રાના મરણની ખોટી ખબર સાંભલી એનટનીએ કરેલો ગમ—એનટનીનુ મરણ—કલીઓપૅત્રાનું માહેતમ—રૂમનો પેગામ સાંભલી કલીઓપૅત્રાનું મરવા તૈયાર થવું—ઓલીમપસે મરણ માટે દેખાડેલો ઇલાજ.

એનટની જોકે **કલીઓપૅત્રા**ની પ્રિતમાં પરી બળહિન થાઇ ગયો હતો, તોપણ રૂમની સરકારના મજકુર પેગામથી તે ડરી નહી ગયો. તેણે મીસરના કાફલાને અને પાએદલ લશકરને તૈયાર થવાનો એકદમ હુકમ કીધો, અને લશકરને દુશમન સાંમે કુચ કરવાની તેમજ કાફલાને શેહરનો બચાવ બારાંમાંથી કરવાની જોઇતી તાકીદ કરી.

પણ નસીબે તેને યારી આપી નહી. એક મોટી લડાઇ મીસરના મેદાનમાં થાય, અને હજારો નિરદોશનુ લોહી મીસરની જમીન ઉપર રેડાય, એવી મીસરના પવિત્ર દેવતાઓની મરજી નહી હોવાથી, **એનટની**ના તમામ લશકરે અંતની ઘડીએ તેને દગો દીધો, અને દુશમનના લશકર તરફ કુચ કરી જવાનો તેમને હુકમ થતાંજ, દુશમન સાંમે જઇ તેઓએ પોતાના હથિયાર રૂમના સરદારને શરણ કરી દીધાં.

આવી કિસમની ન ધારેલી દગલબાજીથી **એનટની** ગુસ્સાના જોશથી દીવાનો થાઇ છેડાયલા વાઘની માફક લડાઇના મેદાનમાં હિંયાંથી ત્યાં દોડી બુમ પાડવા લાગ્યો. **એનટની**ને એખલો પડેલો જોઇ દુશમનો તેને કેદ કરવાની તજવીજ કરે, તે આગમજ તે લડાઇના રણમાંથી નાહાસી મેહલમાં આવી છુપાઇ બેઠો, અને એ દુઃખ ભરી ખબર **કલીઓપૅત્રા**ને કેહવા **ચારમીયન** એકદમ દોડી ગઇ.

* * * *

'કેમ કેવા સમાચાર **ચારમીયન**?' **કલીઓપૅત્રા**એ તુરતજ સવાલ કીધો. 'મારા **એનટની**ની કાંઇ ખબર.'

'નબોદના સમાચાર ઓ રાણી.' **ચારમીયને** જવાબ દીધો. 'બાહાદુર **એનટની**ને તેના લશકરે દગો દીધો, અને એખલો પડવાથી **એનટની** મેહલમાં આવી છુપાયો છે. તેનું લશકર દુશમન સામે લડવા ગયું, અને ત્યાં જઇ પુગતાંજ તમામ લશકરે પોતાના હથિયાર દુશમનને હવાલે કરી દીધાં. આપણા લશકરની આવી કિસમની દગલબાજીથી દુશમનોની ફતેહ થાઇ છે, અને **સીઝર** શેહર તરફ કુચ કરતો આવે છે. **એનટની** કેહ છે કે **કલીઓપૅત્રા**એ મને દગો દીધો, માટે હવે તેણીને છેલ્લી સલામ.'

'ખોટી વાત છે. મેં તેને દગો દીધો નથી.' તે બુમ પાડી વિલાપ કરવા લાગી. '**ઓલીમપસ** તું જલદી જા. જા. ખુદા ખાતર તું જા, અને **એનટની**ને કેહ, કે **કલીઓપૅત્રા** મુઇ.'

એનટનીના બેકરારીનો હવે પાર રહ્યો નહી. તે દીવાના જેવો એક ભુખ્યા વાઘ મીસાલ પોતાના હાથ પગ અફાડતો દીવાનખાનામા ફરતો હતો, અને આકાશ તરફ ઉંચા હાથ કરી પોતાના નસીબની ફરિયાદ તે કરતો હતો. તેની આવી પડતી હાલતમાં ફકત તેનો એક વફાદાર નોકર **એરોસ** તેની આગલ રહ્યો હતો.

હું તુરતજ એનટની પાસ ગયો, અને મેં જતાં વાર કહ્યું 'બાહાદુર **એનટની**, **કલીઓપૅત્રા** મુઇ. તેણીએ પોતાનો જીવ તારી ઉપર નિસાર કીધો છે.'

'**કલીઓપૅત્રા** મુઇ!!' **એનટની** આ ખબરથી ઘવાઇ જઇ દબાઇ જતે અવાજે બોલ્યો. 'મીસરનો માહતાબ અસ્ત પામ્યો! મીસરનો સીતારો ગુરૂબ થયો! શું હવે તેનુ સુંદર બદન અને નાજુક તન, કીડાનો ખોરાક થવાનુ! અરે લાખો લાડ અને હજારો જતનથી સાચવેલી તેણીની સુંદર દેહનો આવો કંગાલ અંત આવવાનો! અંતે મારી પ્રિત અને પ્યારનું આવું સેવટ આવ્યું! **એરોસ**, મારાં નિમખહલાલ દોસ્ત, આ દુઃખ મારાથી

હવે નથી ખમાતું, માટે મારાં એ દુઃખનું તુ સેવટ લાવ. લે આ તલવાર, ખેંચ એને મ્યાનથી, અને **એનટની**નું કામ તમામ કર. **કલીઓપૅત્રા** મુઇ, હવે મારૂં હિંયાં કામ નથી.'

'બાહાદુર **એનટની.' એરોસે** કહ્યું. 'એ કામ હું કેમ કરૂં. તારો જીવ હું મારે હાથ લેઉં એ કેમ બને. અરેરે મારા માલેક, લાખોના પાલનાર અને તારનાર, તારી આ હાલત હું કેમ કરી જોઉં.'

એરોસની છાતી પોતાના માલેકને ઠાર કરવા ચાલી નહી, અને તે **એનટની**ને દીલાસાના સખુનો કહી સમજાવવા લાગ્યો. પણ બાહાદુર **એનટની** સમજાવેલો સમજ્યો નહી, અને તેજ વખતે તેણે પોતાનું ખંજર પોતાના કંમરબંધમાંથી કાહડી પોતાની છાતીના નાજુક ભાગમાં ભોકી દઇ, જમીન ઉપર લોહીની અંદર લોટતો જખમી વાઘ મીસાલ બરાડ મારવા લાગયો.

આ દેખાવ જોઇ, દયાથી મારૂં દીલ દુઃખી થવા લાગયું. શું હરાંમ પ્રિત અને પ્યારમાં પડેલાઓના આવા બુરા હાલ થવા જોઇએ! **એનટની**ની તરફડ જોઇ મારૂં દીલ પિગળવા લાગ્યું, અને તેની છાતીમાં ખુંચી બેહેલું ખંજર ખેંચી કાહડી, તેના જખમમાંથી વેહતું લોહી બંધ કરવાની મેં તજવીજ કરી. તુરતજ વફાદાર **અટુવા**ને બોલાવી તેની પાસથી મેં જોઇતી દવા મંગાવી **એનટની**ને પાઇ હુશિયાર કીધો, અને તેને પલંગ ઉપર સુવાડી, આ નધારેલા બનાવની ખબર **કલીઓપૅત્રા**ને પુગાડવાની હું તાકીદ કરવા લાગ્યો

* * * * * *

આ આફતની ખબર **કલીઓપૅત્રા**ને કાને પડતાંજ તે માહેતમ કરતી અને છાતી ફોડતી **એનટની**ની આગલ આવી ફસડાઇ પડી, તેના સરને પોતાના ખોલામાં મુકી પ્રિતના સખુનો તેના કાનમાં બોલવા લાગી. મુરછાંગત સ્થીતીમાં પડેલો બાહાદુર **એનટની, કલીઓપૅત્રા**નો અવાજ સાંભલતાજ જાગરૂત થઇ ડોલા ફાડી તેણીને જોવા લાગ્યો, અને હું તથા **ચારમીયન** આ શોકાતુર દેખાવ જોતાં ઉભાં.

કલીઓપૅત્રાનુ માહેતમ મારૂં દીલ છેદી નાખવા બસ હતું. મેં

તેણીના માહેતમના દરેક શબ્દો કાન દઇ સાંભલ્યા. મેં આ જોડાંની ખુવારી કરી સેવટે તેમને છુટાં પાડી ઠાર કીધાં, પણ હજી તેમના પ્યારને હું ઠાર કરી શકયો નહી.

'ઓ **એનટની**! મારા પ્યારા અને વફાદાર દીલદાર!! ઓ મારી ખરી પ્રિતના સાચ્ચા આસનાવ!!' **કલીઓપૅત્રા** પોતાની છાતી કુટી બોલી. '**એનટની** તું કેવો દયાલુ હતો, અને આજે કેમ એવો ઘાતકી બની ગયો કે મારો વિલાપ અને મારી વિનંતી તું સાંભલતો નથી? **એનટની**, મારા વગર તું તે જેહાન કેમ એખલો રેહશે!! મને મુકી જવાની તેં કેમ હિંમત કીધી ઓ વહાલા દીલબર!! ઓ દીલદાર મનમોહન! **કલીઓપૅત્રાને** તુએ કેમ દીલથી વિસારી દીધી!! ઓ મારી સાચ્ચી પ્રિતના માલેક, આ દુનિયામા તારો વખત હવે થોડોજ રેહ્યો છે, વાસતે મને તારી સાથ પ્યાર કરી લેવા દે!! અરે **એનટની**, મરતાં મરતાંબી મને તારી સાથ પ્યાર કરવા દે! કરવા દે ઓ માહવીર **એનટની**, મને એક છેલ્લી બગલગીરી! એક ચુંબન! અરે એક છેલ્લું—ચુંબન—

'ઓ મીસરના માહતાબ.' **એનટની** ધીમે અવાજે બોલ્યો. 'ઓ મારા નસીબના સીતારા! મને ભેટી લે. મને છેલ્લી બગલગીરી કરી લે! **કલીઓપૅત્રા** મારો ગંમ તું નાં કરતી. ઓ રાણી, તારે ખાતર મેં જે કાંઇ કીધુંછે, તેમાં તારી કસુર બીલકુલ નથી. તારા જેવી સુંદરને ખાતર કાંઇબી કરવામાં હું પાપ સમજયો નથી. ઓ મનમોહન દીલબર, જ્યારે તારી પ્રિતમાં હું પેહલો પડયો હતો, ત્યારે પેલા નજુમી **હારમેચીસે** કેહલા સખુનો મને આજે પાછા યાદ આવે છે. '**મનકવરાના શ્રાપના કોપનો વખત થયો.**' એ તેના બોલો મને હજી યાદ છે. પણ ઓ રાણી, તે વખતે **મનકવરાના કોપનો વખત** થયો નહી હતો, પણ આજે **મનકવરાના કોપનો વખત આવી લાગ્યો** છે.'

'અરેરે તે નજુમી આજ મુદત થાઇ ગુજરી ગયો છે.' રાણી બોલી.

'તે ગુજરી ગયો? ત્યારે તો હું પણ તેની પાસેજ જાઉંછું.' **એનટની** બોલ્યો.

'ઓ દીલદાર વફાદાર ! એક છેલ્લી બગલગીરી ! એક છેલ્લી ચુમી !! અરે ફરીથી તારી સાથ મારો મેલાપ તે દાદગરની દરગાહમાં થશે, પણ **એનટની** આપણુ ત્યાં મલીએ તે આગમજ મને એક વાર ભેટી લે.'

તેઓ એકમેકને હવે છેલ્લી બગલગીરી કરી મલી લેવા લાગ્યાં,' સબબ **એનટની** હવે મરણને કિનારે ઘસડાતો હતો.

'**કલીઓપૅત્રા**, છેલ્લી સલામ ! માફ કરજે દીલબર મારી ખતા ! છેલ્લી સલામ !!'

એનટનીનો દબાતો અવાજ સાંભલી **કલીઓપૅત્રા** તેના આંગ ઉપર વાંકી વલી ટીકાટીકી તેનો ખુબસુરત ચેહરો જોવા લાગી. અને **એનટની** મરતી વખતે પોતાની આંખો ફાડી એક છેલ્લી નજર પોતાની વફાદાર માશુક ઉપર ફેકી તેણીની સિક્કલ જોઇ લેવા લાગ્યો, અને **કલીઓપૅત્રા** પોતાના આ બાહાદુર આશકને મરતો જોઇ એક છાતી ફાટે એવી ચીસ પાડી બેહોશ થાઇ **એનટની**ની છાતી ઉપર પડી.

પણ **એનટની** હજી જીવતો હતો. તેણે પોતાની બોલવાની શક્તી જોકે બીલકુલ ખોઇ દીધી હતી, પણ તેની સાંભલવાની શક્તી જેમની તેમ હજી રહી હતી. મેં તેજ વખતે તેની પાસે જઇ વાંકો વલી તેના કાનમાં કહ્યુ :—

'**એનટની** તું મને ઓલખેછે, હું કોણછું ?'

મારા આ સખુન સાંભલી તે ડોલા ફાડી મારી તરફ જોવા લાગ્યો, અને મેં ફરીથી તેના કાનમાં ધીમે અવાજે કહ્યું :—

'પેલો ગુજરી ગયલો નજુમી **હારમેચીસ** તે હું પોતે છું. **એનટની, કલીઓપૅત્રા** તારી ઉપર મોહી પડી તે આગમજ તે મારી માશુક થઇ ચુકી હતી. મને તેણીએ દગો દીધો, મને ખુવાર કીધો, અને હું આજે આ હાલતે પુગો. હું મીસરનો માલેક અને **ફેરાઉન**ના તખ્તનો વારેસ, તેણીના ફિતુરના પેચમા ફસી પડયો. સાંભલ **એનટની, કલીઓપૅત્રા** ધારે છે તેમ હું મરી ગયો નથી, પણ હજી હું જીવુંછું. હા, હું જીવું છુ, અને ફક્ત મારૂં વેર લેવા ખાતર જીવું છું. મેં મારૂ વેર લીધું છે, અને તારી ખુવારી મેં પોતે કરી છે. **એનટની** જો **મનકંવરા**ના બાપનો કોપ કેવો છે!'

આ મારા સખુનો સાંભલી તેણે ગુંગલાતી છાતીએ ડોલા ફાડી મને જોયા કીધું, પણ કાંઇબી તે બોલી શકયો નહી. તેની જીભ ખેચાંઇ ગઇ, અને તેનો દમ રૂંધાઇ જવાથી તે હવે વધારે ગુંગલાવા લાગ્યો, અને અંતે તેવીજ હાલતમાં તેનો જીવ તેના તનમાંથી નિકલી ગયો.

એવી રીતે દુનિયાને ધ્રુજાવનાર અને જગતને જાણીતા **એનટની** જેવા બળવંત યોદ્ધા ઉપર મેં મારો કિનો લઇ, વેર માટે તલપી રેહલાં મારાં લોહીનો અરધો જોશ મે નરમ પાડયો, અને અરધો જોશ હજી મારી રગો અંદર ફરતાં લોહીમાં ઉછાલા મારી રહ્યો હતો.

* * * * * *

મીસરના કાયદા પ્રમાણે **કલીઓપૅત્રા**એ પોતાના વફાદાર આશનાવ **એનટની**ની લાસને કીમતી ખુશબોઇથી પોતાને હાથે તર કીધી, અને તેના ચેહરાની આબેહુબ નકલનું એક સોનેરી મોહરૂં તેના ચેહરા ઉપર જડી લીધું, અને એક સોનેરી તખ્તી ઉપર તેનું તથા તેના બાપદાદાનુ નામ તેની બાહાદુરીના લેખ સાથ કોતરાવી, તે તખ્તી તેની છાતી સાથ બાંધી લીધા બાદ, તેની લાસને ઉમદા કીમતી કફનમાં વિંટાલી લશકરી માન અને દબદબા સાથ તેને દફન કરવાની તૈયારી કીધી.

અને હવે પોતાના વફાદાર દીલદારની માહેતમમા **કલીઓપૅત્રા** હજારો રૂદન કરવા લાગી, અને મીસરનો આ માહાતાબ પોતાની વફાદારી બતાવવા પોતાની ખરી હાલત ભુલી જઇ, **એનટની**ની પાછલ જીવ આપી સતી થવા તૈયાર થાઇ હોય એમ દેખાવા લાગી.

એક તમામ કાળા સંગેમરમરની કીમતી ગંજાવર કબર એવી હિકમતથી બાંધવાનો **કલીઓપૅત્રા**એ હુકમ કીધો, કે તે કબરમાં બે લાસો એકએકની સાથે રહી શકે, સબબ જીવતાં જીવત જેને તેણીએ આટલો બધો ચાહયો હતો, તેનાથી મુવા પછી તે છુટી પડવા માંગતી નહી હતી. એટલાં માટે પોતાની લાસને પોતાના મોત પછી તેજ કબરમાં પોતાના દીલદારની લાસ પાસે ડાટવી એવો હુકમ તેણીએ પોતાના માણસોને આપ્યો હતો.

* * * * * *

એનટનીના મરણ પછી **કલીઓપૅત્રા** તેની યાદ ભુલી નહી. રાજ કારભાર તેણીએ તજી દીધો, અને એકાંતમા પોતાના દીવસો હાય અને વિલાપમાં માહેતમ કરી કાહડવા લાગી. ગમ અને માહેતમ તેના મુખ મટાડતાં, અને આંખોથી વરસતાં આંજુઓ તેની તરસ છીપાવતાં હતાં.

પાયતખ્ત ખાતે ચાલી રેહલાં અંધેર અને **કલીઓપૅત્રા**ની ચાલ ચલનની ખબર મેં એક જાસુસ પાસે છુપી રીતે રૂમની સરકારને પોહચાડી, અને તે ખબર મીસરથી રૂમ જઇ પુગતાં ઝાઝી વાર લાગી નહી. એ ખબર **સીઝર**ને કાને પુગતાંજ તેણે એવો હુકમ કાહડયો કે જેમ બને તેમ વગર ધીલે **કલીઓપૅત્રા**એ મીસરનો રાજકારભાર છોડી દઇ, રૂમ જઇ **સીઝર**ની દરબારમાં પોતાના વાંકનો જવાબ આપવો.

સીઝરના આ પેગામની ખબરબી **કલીઓપૅત્રા**ને મેજે પોહચાડી, અને તે સાંભલતાંજ રાણી **કલીઓપૅત્રા** પોતાનો સરવે ગમ અને માહેતમ ભુલી જઇ, એક છેડાએલી વાઘન મીસાલ બુમ પાડી બોલી :—

'કદીબી તેમ બનનાર નથી. **સીઝર**ની દરબારમાં મારી ઉપર મેલાયલાં તોહમતનો જવાબ દેવા હું જનાર નથી. **સીઝર** જેવા એક સો **સીઝર**ની મને હવે દરકાર નથી. પણ હવે હું શું કરૂં ? અરે મારો બચાવનાર અને મારો તારનાર હવે ગયો, અને હું તેના વગર એખલી પડી. અરે રે આ કેવી આફત! રાસ્ત સખુનના કેહનાર ઓ માહાતમા **હારમેચીસ**, આ વખત તુને યાદ કરવો પડે છે. જો તારા સખુનો મેં માન્યા હતે, અને રૂમની સામે તેજ વખત કંમર બાંધી હતે તો આજે તું મારી બાજુએ ઉભો રહી મારો અને આ પુરાતન વતનનો બચાવ કરતે. ઓ **એનટની** તું મને આવાં દુઃખમાં નાખી ગયો.'

'મુવાં પાછલ માહેતમ કરવું ફોકટ છે ઓ માહેતાબાં.' **ચારમીયને** દીલાસો દીધો.

'હા, મારો મનમોહન મુવો. અને મરવાથીજ તે સુખી થયો.' **કલીઓપૅત્રા** બોલી. 'તે જેમ સુખી થયો તેમજ હું કાં નહી સુખી થાઉ? મારાં દુઃખનો ઇલાજ હું મારે હાથે કરીશ. મને એવી ખબર મલી હતી, કે મધ્ય **એશિ-**

યામાં એક જાતના સુંદર સોહામણા ઝેરી સરપની પેદાયશ થાય છે. એ સરપોના દાંતમાં વસ્તુ ઝેર ઘણુંજ કાતેલ હોવા છતાં તેની અસર આદમી ઉપર ઘણીજ ધીમે થાય છે. હું તે સરપો મંગાવી તેમને મારી છાતીનુ દુધ પાઇશ; અને જેમ જેમ તે સરપો મારી છાતીનું દુધ પીતા જશે, તેમ તેમ તેમનું ઝેર મારાં લોહીમા ધીમે ધીમે મલતું જશે, અને તે ઝેરની ધીમી અને ધીરી અસરથી હું મારાં મોતને વગર દુઃખે ખુશીથી જઇ મલીશ, અને હું સદાની સુખી થઇશ.'

આ નવી હિકમતના નવા સખુનો સાંભલી મને લાગ્યું કે હું મારી ગણત્રીમાં ભુલ કરીશ, અને જો **કલીઓપૅત્રા** તે સરપના ડંખથી પોતાનું મોત લાવવાના ઠેડાવ ઉપર આવશે, અને સરપના ડંખે જો તે મરશે, તો મારાથી મારૂ વેર તેણીની ઉપર લેવાઇ શકાશે નહી, અને મારા કિના માટે ઉઠાવેલી મારી નવ નવ વર્ષની સરવે જેહમતો ફોકટ જશે. એમ સમજી મે **ચારમીયનને** છુપી ઇશારત કરી કે **કલીઓપૅત્રા**ના આ વિચારોને ટેકો આપવો નહી, અને કોઇ બીજા મોતે મરવાની તેણીને ભલામણ કરવી.

'આવા સોહામણા સરપો મધ્ય **એશિયા**મા છે, એવું મને પણ ધ્યાન છે ઓ રાણી.' મે **કલીઓપૅત્રા**ને કહ્યું. 'ખચીત જેઓ પોતાના મરણની સિકલ પોતાની નજરે જોવાની ખાએશ રાખતાં હોય, તેઓને એ મોત જેવું સુખી મોત બીજું એકે મલનાર નથી, સબબ રાણી **કલીઓ-પૅત્રા**, આદમીનો જીવ જ્યારે તેના તનમાથી નિકલી જવા કરે છે, ત્યારે તેની આગલી કરણીની ડરામણી સિકલ તેની સાંમે આવી ખડી રેહ છે.'

મારા આવા સખુનો સાંભલી તેણીને ઠંડી તાહાડનું એક લખલખું ચહડી આવ્યું હોય એમ મે જોયું, અને તુરતજ તે પડોસમાં પડેલી એક ખુરસી ઉપર બેસી જઇ ઠંડે અવાજે બોલી. 'બેશક તારી વાત ખરી છે. **ઓલીમપસ** મને કોઇ એવાં ઝેરની જરૂર છે, કે જે ગલામાંથી નીચે ઉતરતાંજ કાંઇપણ દુઃખ કે દરદ વગર મારી જીંદગીનો છેડો લાવે. તું **હકીમોનો હકીમ છે.** તારી પાસે તેવી **અકસીર છે એમ તુંએ મને એક દાહડે કહ્યું હતું.**

'હા ઓ માહેમીસર મેં એમ કહ્યું હતુ. જો રાણીની ખાએશ હોય તો આવતી કાલ સુધીમા તે અકસીર તૈયાર કરવાનુ હું માથે લઉં છું.' મેં આનાકાનીનુ ડોળઘાલી જવાબ દીધો.

'તુને મારી રજા છે ભલા **ઓલીમપસ**.' રાણીએ કહ્યું. જલદી જા. હવે મને તે અકસીરની ઘણીજ જરૂર પડી છે. મબાદા **સીઝર**ના સવારો હિંયાં આવી પુગશે તો મને તેઓ બંદીવાન કરી રૂમ લઇ જયા વગર રેહનાર નથી. વાસતે મારી તુને છેલ્લી અરજ છે, કે તે ઝેર બનાવી તારે હાથે મને આપ, કે મારી જીંદગીનો છેડો આવે, અને હું સુખી થઇ મારા **એનટની**ની ગોદમા જઇ પડું.'

હું તુરતજ ત્યાંથી નિકલી ગયો, અને મારાં દીવાનખાનામા જતાંજ મેં મારી વફાદાર દાસી **અટ્રુવા**ને એક કાતેલ ઝેરનો અરક ખેંચી કાહડવા બેસાડી દીધી.

અંતે **અટ્રુવાએ** મારા કેહ્યા પ્રમાણે તે ઝેર તૈયાર કીધું, અને મેં તે એક શીસીમા રેડી બંધ કરી લીધું.

પ્રકરણ ૩૧ મું.

કલીઓપૅત્રાએ કરેલો એકરાર—સીઝર ઉપર કલીઓપૅત્રાનો છેલ્લો પેગામ—અકસીરની અસરનો અખતરો—કલીઓપૅત્રાનો જમરાજને છેલ્લી વિનંતી—ઓલીમપસે દીધેલો કલીઓપૅત્રાને દગો—ઓલીમપસનુ હારમેચાસ તરીકે જાહેર થવું—કલીઓપૅત્રાના હારમેચોસને શ્રાપ હારમેચીસની બંદગી—હારમેચીસના કિનાનુ સેવટ—કલીઓપૅત્રાનુ મરણ.

બીજે દીવસે **કલીઓપૅત્રા** મરવા માટે પોતાની તૈયારી કરવા લાગી. **નાઇલ** નદીના પવિત્ર પાણી, ગુલાબની ખુશબોથી મેહકતાં કરી, તેણીએ પોતાનું બદન તેથી ધોઇ પાક કીધું, અને પોતાનો બાદશાહી પોશાક પેહડી, પોતાના સરવે આગલા ગમને દીલથી દુર કરી, દીવાનખાનામા **ચારમીયન** અને બીજી દાસીઓ સાથ ખુશ મીજાજથી વાતો કરતી બેઠી હતી, તેવામાં હું ત્યાં જઇ હાજર થયો.

આજના જેવી **કલીઓપૅત્રા** મારી નજરમા આગલ કદીબી ખુબસુરત લાગતી નહી હતી. મને દીવાનખાનામા દાખલ થતો જોઇ તેણીએ મને હસીને આવકાર દીધો, અને મારી આગલ પોતાની આગલી જાહોજલાલીની તે વાતો કરવા લાગી, તથા **એનટની**ની સંગતમા પોતે ગુજારેલા ખુશ દીવસોને યાદ કરી, પેલું કીમતી '**મનકવરાનુ મોતી**' જે **તારસસ** ખાતે એક ગોટમા પોતે પીઇ ગઇ હતી, તે હકિકતનુ બયાન કરી તે **હારમેચીસ**ની વીત ઉપર આવી.

'અને એ **હારમેચોસ** કોણ હતો રાણી?' મે પુછયું.

'તે **હારમેચીસ** મીસરના કોઇ અસલ **ફેરાઉન**ની ઓલાદનુ ફરજંદ હતું.' **કલીઓપૅત્રાએ** વાત આગલ ચલાવી. 'અને મારૂ તાજ અને

તખ્ત લેવાના ઇરાદાથી તે એક મોટું પ્રપંચ રચી, ત્રીસ હજાર આદમીની એક છુપી ફોજ પોતા સાથ લઇ **એલેકઝાંન્ડ્રીયા**મા આવી લાગ્યો હતો. કોઇ અજાએબ સંજોગ વચ્ચે તે મારા મેહલમાં દાખલ થવા પામ્યો, અને મેં તેને મારી દરબારનો નજુમી બનાવ્યો, સબબ સીતારાની ગણત્રી કરવામાં, તેમજ જાદુગરીના હુંનર ઉપરાંત ગેબી ઇલમમા તે ઘણોજ પુરવીણ હતો. વલી દેખાવમા તે જેટલો ખુબસુરત અને સોહામણો હતો, તેટલોજ તે બળવંત હતો. તેની મતલબ મેહલમા દાખલ થાઇ મને કતલ કરી મારૂં રાજ લઇ લેવાની હતી. તેની ગોઠવણુમા તે જરૂર ફાવી જતે, સબબ શેહરમા તેના ત્રીસ હજાર આદમીની હથિયારબંધ ફોજ ઉપરાત **નાઇલ** નદીના બારાંમા તેનો કાફલો છુપી રીતે લંગર કરી પડેલો હતો. જે રાતે તે મને કતલ કરવા આવ્યો, તેજ રાતે, તેજ વખતે મારી સખી **ચારમીયને** આવી મને **હારમેચીસ**ની ફિતુરભરી મતલબથી ખબરદાર કીધી. પણ હું આજે મારી છેલ્લી ઘડીએ એક ભેદ ખોલું છું, અને તે એ, કે **ચારમીયન** તે જવાન **હારમેચીસ**ના પ્યારમા પડેલી હતી, અને **હારમેચીસ** તેના પ્યારનો ધિક્કાર કરતો હતો. **ચારમીયને** પોતાનુ વેર લેવા માટે **હારમેચીસ**નો ભેદ મારી આગલ ખોલી તેને ફસાવી દીધો હતો. કેમ **ચારમીયન** એ વાત ખરી?'

ચારમીયન આ નવી વાત સાંભલી ડરથી ધ્રુજી બોલી. ' ખરી વાત ઓ મીસર. હું તે પ્રપંચમા સામેલ હતી, અને **હારમેચીસે** મારી પ્રિતનો ધિક્કાર કીધાથીજ મેં તેને ફસાવ્યો હતો.'

'મેં પણ એમજ ધારયું હતું.' **કલીઓપૅત્રાએ ચારમીયનને** કહ્યું. ' પણ તું **હારમેચીસ**ના ફિતુરમા સાંમેલ હતી, એમ મેં પાછલથી જાણ્યું. હું તે તારી કસુર તુને દીલથી માફ કરૂછું, સબબ ત્યાર પછી મારી નોકરી તુએ નિમખહલાલીથી બજાવી છે. સાભલ **ઓલીમપસ**. **હારમેચીસને** હું તે વખતે કતલ કરી શકી નહી, કારણુ તેમ જો થતે, તો તેના ત્રીસ હજાર માણુસો મારાં શેહરમાં બલવો ઉઠાવી મારી અને મારાં શેહરની ખુવારી કરતે. તેથી મને તેની સાથ ફરેબનો ખેલ રમવો પડયો, અને જ્યારે તે મને કતલ કરવા પોતાની જેબમા છુપાવેલું ખંજર ખેચતો હતો, તે વખતે મેં તેને મારી

પ્રિતની જાલમા ફસાવી ઘેરી લીધો, અને સેવટે તેને બેહોશીનો દારૂ પાઇ, ખાકમા નાખી તેની ખરી હાલતથી તેને મે જાણીતો કીધો. પાછલથી મે તેને મારો ખાવિંદ અને મીસરનો માલેક બનાવવાનુ વચન આપી, પેલા પવિત્ર **પીરૅમીડ** માહેલા ગુપ્ત ખજાનાનો ભેદ મે જાણી લીધો, સબબ તે વખતે મને દોલતની ઘણીજ જરૂર પડી હતી. મારાં રાજના બચાવને ખાતર, મીસરને રૂમીઓને હાથ જતું બચાવવા ખાતર, તથા મીસરની રૈયત અને ખુદાનો પ્યાર મેલવવા ખાતર, હું જવાન **હારમેચીસ** સાથ મોટી ખુશીથી લગનના ગાંઠથી જોડાવા તૈયાર થઇ હતી. **ડોલ્યુસ** જે **એનટની**નો પેગામ લઇ મને બોલાવવા આવ્યો હતો, તેને લડાઇનો પેગામ આપી જે દીવસે હું રવાના કરનાર હતી, તેજ દીવસે **ચારમીયને** મારો વિચાર તરેહવાર વાતો કરી ફેરવ્યો હતો. હવે તું જો **ઓલીમપસ**, કે અદેખાઇ આ જગમા શું શું કરે છે. મારી ખાતરી મેં કરી લીધી, કે **ચારમીયને** જે શખ્સને પ્યારની નજરથી ચાહયો, તે શખ્સ મને લગનના ગાંઠથી જોડાય એ **ચારમીયન**થી જોવાઇ શકાયું નહી, અને તેટલાં માટેજ **ચારમીયને** મને ઉલટું સમજાવી, **એનટની** પાસ **તારસસ** જવાની મને ભલામણ કીધી, અને **હારમેચીસ**ને પડતો મેલવા મને સમજાવ્યું. એવી રીતે તું જો **ઓલીમપસ**, કે જે કાંઇ બન્યું તે આ ઓરત **ચારમીયન**ની પ્રિત અને અદેખાઇથી બન્યું છે. **એનટની**ની ખુવારી **ચારમીયન**થીજ થાઈ. **હારમેચીસ**ની ખુવારીબી **ચારમીયન**-થીજ• થાઇ. ખુદ મીસરની ખુવારીબી **ચારમીયને** કીધી, અને અંતે મારી ખુવારીબી **ચારમીયન**થીજ આજે થશે. આહા! એ સર્વેનો જવાબ ખુદાને ત્યાં **ચારમીયન**, તુને દેવો પડશે.'

કલીઓપૅટ્રાના આવી કિસમના તાના સમજી **ચારમીયન**ની આંખોમાંથી આંસુ વરસવા લાગ્યાં.

'પણ ઓ રાણી, પેલા **હારમેચીસ**નું શું થયું?' મે સવાલ કીધો. 'તે હાલ ક્યાં છે?'

'ક્યાં છે? બેશક તે મુરી ગયો છે?' તેણીએ જવાબ દીધો. 'હું **તારસસ** ગઈ. ત્યાં હું **એનટની**ને મલી. અને ત્યાં હું તેની પ્રિતમા પડી. તે

દીવસથી **હારમેચ્યોસને** હુ ધિક્કારવા લાગી, અને કોઇબી રીતે તેની જીંદગીનો અંત લાવવો એવા મે કસમ લીધા, સબબ એક રૂઠેલો દોસ્ત જીવ્યા કરતા મુવેલો ભલો એમ હુ સમજી. મારી અને **એનટનો** વચ્ચે વધી ગયલો એખલાસ જોઇ તે અદેખો બની મારી દરબારમા અપશુકન બોલ્યો. તેજ રાતના તેને બેજાન કરવાનો મે હુકમ કાઢ્યો. પણ તેમ થાય અને હુ તેને કતલ કરાંઉ તે આગમજ તો તે ગુમ થઇ ગયો.'

'અને તે ક્યાં ગયો વારૂ ?' મે પુછ્યું.

'તે હુ જાણુતી નથી.' **કલીઓપૅત્રા** બોલી. 'તેની તલાશમા મે કેટલાંક વાંહાંણો ચોતરફ રવાના કીધાં અને તે સરવે તુફાનમા ફના થયાં. કોઇએ કેહુ કે તે આકાશ ઉપર ઉડી ગયો. કોઇએ કહ્યું કે તે જમીનમા ગરક થાઇ ગયો. અને કોઇએ કહ્યુ કે તે પોતાના ઇલમના જોરે હવા સાથ મલી હવા થાઇ ગયો. પણ મને એવો ભરોસો છે, કે તે તુફાની દરિયાવમાં ડુબી મુવો. કદાચ **ચારમીયન** એ વિશે કાંઇ ખુલાસો કરશે.'

'હુ કાંઇ કહી શકતી નથી કે તેનુ શુ થયુ.' **ચારમીયને** જવાબ દીધો. 'પણ એટલુ તો હુ નક્કી જાણુછુ કે **હારમેચીસ** જીવતો નથી.'

'હુ તેનાથી ઘણીજ ડરૂછુ.' રાણી બોલી. 'ડરૂ છુ એટલાં માટે કે હુ તેની ગુન્હાગારછુ. હુ મારૂ વચન તોડી તેની હુ ગુન્હાગાર બનીછુ. ડરૂછુ વધુ એટલાં માટે, કે તે જેહાનમા રખે મારી સાથ તેનો મેલાપ થાય. **ઓલીમપસ**, તુએ મારી તમામ હકિકત સાંભલી છે, હવે મારૂ એકજ કાંમ જે બાકી રહ્યું છે તે તુ પુરૂ કર.'

કલીઓપૅત્રાએ પોતાની બેઠક ઉપરથી ઉઠી મારા હાથમા કાગજ કલમ આપી નીચે પ્રમાણે એક રૂક્કો રૂમની સરકાર ઉપર લખાવ્યો.

'રૂમના માનવત શેહનશાહ

આવી રીતે મીસરનુ સેવટ આવ્યુ. આ જગમાં જે કોઇ કિરતી અને નામવરીના ઉંચા બુરજ ઉપર ચહડેછે, તે જીંદગીના અરસામા નીચે પડયા વગર રેહતુ નથી. એનટનોની હાલત તેવીજ થઇ છે. કદીબી તુ એવુ વિચારતો ના કે મીસર ઉપર ફતેહ

મેલશી, કલીઓપૅત્રાને તું તારી બંદીવાન કરી તેણીને રૂમ લઈ જશે. કારણ કે મીસર તું ફતેહ કરે, તે આગમજ કલીઓપૅત્રા બાહાદુર એનટનીને જઇ મલશે. પણ ઓ બુલંદબખ્ત શેહનશાહ! મીસરની એક છેલ્લી તુને અરજ છે, તે કબુલ કરવાની તું મહેરબાની કરજે, અને તે એજ કે મારી લાસને એનટનીની કબરમાજ ડાટેલા રેહવા દેજે.

કલીઓપૅત્રા.

આ પત્ર લખી તે ઉપર રાજની મોહર કરી તુરતજ **સીઝર** જે શેહર બાહાર ઘેરો ઘાલી પડયો હતો, તે ઉપર વગર ઘીલે મે મોકલાવી દીધો.

'ઓ મીસરના માલેક.' મે કહ્યું. 'જો તારી જીંદગીનો અંત લાવવાનો તુંએ નક્કી ઠેરાવ કીધો હોય, તો હવે વખત ખોવામાં સાર નથી. તારો પેગામ અરધા કલાકમા **સીઝર**ને પુગશે, અને તે પેગામ વાંચતાજ **સીઝર** પોતાના માણસો તુને જીવતી પકડવા દોડાવશે. વાસતે ઓ રાણી, **સીઝર**ના માણુસો આવી પુગે તે આગમજ તુંએ તારૂં કામ તમામ કરવું જોઇએ. આ રહી તે અકસીર, જે ગઇ રાત્રે મે તારે માટે ખાસ બનાવી છે.'

કલીઓપૅત્રા તે કાચની શીશી મારા હાથમાંથી લઇ બોલી. 'કેવી જાલમ દવા! એમા મારૂં મોત છુપાઇ બેઠું છે. પણ જરા સબર. એ અકસીરની અસરની મારે તપાસ કરવી છે. હું કેમ જાણું કે એ અકસીર પીતાંજ મારી મરજી પ્રમાણે મારૂં મોત આવશે.'

'માહેતાબાં, તું હવે ડર ના.' **કલીઓપૅત્રા**ની એક સખી જે ત્યાં હજિર હતી, અને જે તેણીને ઘણીજ ચાહતી હતી તે બોલી. 'તારા વગર આ જગમાં મારૂં જીવવું હવે મને હરામ છે, માટે આ અકસીર પેહલાં હું પીઇ તારી ખાતરી કરૂંછું. હું તારે ખાતર મરવામા માન સમજુછું. અવ્વલ તું જો કે મારા ઉપર એ અકસીરની અસર કેવી થાય છે, પછી તું એ અકસીર તારા ઉપયોગમાં લેજે. ઉસતાદ **ઓલોમપસ** લાવ તારી અકસીર.'

મે એક બીલોરી જામમાં તે અકસીરમાંથી થોડી રેડી તેણીને આપી, અને પેલી દાસી વગર અચકવે એકદમ તે પીઇ ગઇ, અને તે પીતાંજ

એકબી ચીસ પાડયા વગર તે ત્યાંને ત્યાંજ જમીન ઉપર પડી મરણ પામી.

'જોયું ?' મે **કલીઓપૅત્રા**ની ખાતરી કરી કહ્યું. 'આ અક્સીર કેટલી કાતેલ છે.

'બેશક એનું નામ તે અકસીર.' **કલીઓપૅત્રા** ખુશી થઇ બોલી. 'લાવ ઓ મેહરબાન ઉસતાદ, હવે વિલંબ ના કર. હું તરસી થાઇછું.'

આ વખતે તુરતજ પેલી બીલોરી જામમાં મે પેલી અકસીર નાખી, અને **કલીઓપૅત્રા**ની નજર ચુકાવી તેમાં થોડું પાણી રેડી, તે અકસીરના જોરને મે નરમ બનાવી **કલીઓપૅત્રા**ના હાથમાં તે જામ આપી. તે જામ **કલીઓપૅત્રા**એ મારા હાથમાંથી ખુશી સાથ લીધી, અને ગગન તરફ જોઇ તે મોટે અવાજે બોલી :—

ઓ મુજ ઉપર રૂઠેલા મીસરના દેવતાઓ, હવે મારા ગુન્હાની માફી માટે હું તમારી બંદગી કરતી નથી, સબબ મારાં દુઃખ અને સંકટથી તમો જાણીતા હોવા છતાં મારી તરફ બેરેહમ બન્યાછો. માટે મારી છેલ્લી અરજ હવે જમરાજને છે, કારણ કે તેના સિવાય મારી દાદનો લેનાર હવે કોઇ નથી. તેજ મને સુખી કરશે. માટે ઓ જગત ઉપર રાજ કરતા માહાવિર બાદશાહ, મીસરની રાણીની વિનંતી રેહમ કરી સાંભલ. આવ ઓ રાજોના રાજ, અને તારી મેહરભરી નજરથી મારી ગમ જો, અને મને તારો રેહમવંત આસરો આપ. તું રંક અને રાયને, અમીર અને ફકીરને તથા ગરીબ અને તવંગરને એક સરખી રીતે હમેશાં જોનાર છે, માટે આ મારી છેલ્લી અરજ કબુલ કરી મને તારા આસરામાં લે.'

એટલું બોલી ગગન તરફ નજર કરી **કલીઓપૅત્રા** તે જામ માહેલી અકસીર પીઇ ગઇ, અને પેલી બીલોરી જામને જમીન ઉપર ફેંકી ડોલા ફાડી મારી તરફ ટીકીટીકી જોવા લાગી.

અંતે મારા કિનાનો વખત હવે આવી લાગ્યો.

મનકવરાના શ્રાપના કોપનો વખતબી હવે આવી લાગ્યો.

પેલી અકસીરવાલી જામ ફેકી દેતાંજ કલીઓપૅત્રા પટકાઇ જમીન ઉપર પડી.

તે જમીન ઉપર પડી ખરી પણ જેવી રીતે તેણીની સખી મારી અકસીર પીતાંજ મરણ પામી હતી, તેવી રીતે **કલીઓપૅત્રા** મરણ પામી નહી, સબબ, તે અકસીરનું જોર તેમાં પાણી રેડી મેં નરમ કીધું હતું.

તેણીનું આંગ બરફ મીસાલ ઠંડુ થાઇ ગયું ! તેણીના હાથ પગના સરવે સાંધા ધીલા થાઇ ગયા, અને ઠંડો પસિંનો તેણીના બદન ઉપર ફુટી નિકલી તેણીના તનબદનમાં અગન બલવા લાગી, અને તે અગનનુ દુઃખ નહી ખમાવાથી એક જબરી ચીસ પાડી તે બોલી:—

'ઓ હું બલી મરૂંછું ! અરે મને બચાવ !! ઓ **ઓસીરીસ** મને બચાંવ!!! આ દુઃખ, અરે આ અગન મારાથી નથી ખમાતી !! તું ખુશી કેમ થાય છે ? તું કોણ છે ? ઓ દગલબાજ તેં મને દગો દીધો ? તેં મને ઠગી ? હું કેમ હજી સુધી મરતી નથી ? કયાં છે મારૂં મોત ? લાવ, લાવ. ઓ દગલબાજ મારૂં મોત લાવ ?'

'શાંત થા **કલીઓપૅત્રા**. શાંત થા.' મે ઠંડે અવાજે બેધડક હસીને કહ્યું. 'હમણા નહી તો પછી, પણ મરવા વિના તું રેહનાર નથી. મરણમાં કેટલી મોજ અને મજાહ છે, તેનો અનુભવ તારે મેલવી તુંને મરવું ઘટે છે. **કલીઓપૅત્રા**, તારી આંખો ખોલી જો, કે **મનકવરાના શ્રાપનો કોપ** કેવો છે. આખર આવ્યો તે કાળ, ઓ કંગાળ ઓરત ! જો હવે મારી તરફ ! જો મારો ચેહરો ! જો મારી હાલત ! એ સરવે તું જો, અને હવે મને જોઇને તું પીછાની લે કે હું કોણછું !!'

મારા સખુનો સાંભલી તેણીએ મારી તરફ પોતાની આંખો ફાડી જોયું, અને એક ઉંડી ચીસ પાડી પોતાના બંન્ને હાથો જમીન ઉપર અફાડી તે બોલી:—

'હા ! અંતે મેં તુને ઓલખ્યો ! હવે મેં તુને પીછાન્યો !! **હારમેચીસ** ! ! **હારમેચીસ** !!! શું હજી તું જીવે છે ? યા દફન કરેલાં કફનમાંથી તારી કબર ફોડી મારી ઉપર તારૂં વેર લેવા તું હીંયાં આવી ઉભો છે.'

'હા હું તેજ **હારમેચીસ** !! તેજ કારણ સર હું હજી જીવતો રહ્યો છું. અને તેજ કારણસર હૂં હિંયાં આવ્યો છૂં. હૂં મુવે

નથી, પણ તારી ઉપર વેર લેવા હજી જીવતો રેહ્યોછુ. **કલીઓપૅત્રા** જો, તારા દગા, ફરેબ અને બેવફાઈથી **હારમેચીસ**ની હાલત કેવી હતી અને આજે કેવી થઇ છે. જેવી રીતે તુએ મને ખુવાર કીધો હતો, તેવીજ રીતે મેં તુને આજે ખુવાર કરી છે. તારાં લશકરમાં બેદીલી ફેલાવનાર હુંજ હતો. તારા **એનટની**ને ખુવાર કરનાર પણ હુંજ હતો. સાંભલ, **અનટની**નું લશકર રૂમને શરણુ કેમ ગયું તે તું જાણે છે? તારા લશકરના વડાને મેં તારે નામે છુપ્યો પેગામ પોહચાડયો, કે મીસરનો હુકમ એવો છે કે '**એન-ટની**ને પડતો નાખવો, અને રૂમ સાંમે લડવા જતાંજ તેઓએ પોતાના હથિયાર છોડી તેમને શરણુ થવું. અને તેમજ તેઓએ કીધું. **એનટની** આ ગોઠવણથી બેખબર હોવાથી તે રણસંગ્રામમાં એખલો પડી ગયો અને એક રાંડીરાંડ મીસાલ ઘરમા આવી છુપાઇ બેઠો. તુને ફરેબ' દેનાર અને ફસાવનાર પણ હુંજ હતો. હું જો ચાહું તો આજે તારી આવી તબાહ હાલત છતાં રૂમના હાથમાંથી મીસરને બચાવી લેઉ. પણ તેમ હું કરવા માંગતો નથી, કારણ દગાનો બદલો મેં દગાથીજ લીધો છે. તેં જેવી રીતે મારી ખુવારી કીધી તેવીજ રીતે મેં તેનો બદલો તુને આપ્યો છે, અને અંતે તારો જીવ મેં મારા વેરના બદલામાં લીધો છે. ઓ કિના! તુ કેવો મીઠો લાગે છે. આ મીસરનો માહાતાબ, **હારમેચીસ**ના કિનાનો ભોગ!! મીસરની રાણીનો આ ફેજ! અને આ તેનું સેવટ!'

પોતાને થતાં દુઃખની વેદના નહી ખમાવાથી **કલીઓપૅત્રા** પોતાના હાથ લાંમબા કરી મુને શ્રાપ દેવા લાગી:—

'ઓ જગ દાતા. એક કલાક, એકજ કલાક, અરે ફક્ત એકજ કલાક મને થતાં આ દુઃખની વેદના નાબુદ કર અને મારૂં આગલું જોર મને બક્ષ, કે આ બંન્ને દગલબાજોને તેમની કરણીનાં ફલ ચખાડી એવે મોતે મારૂ, કે તેનો ખ્યાલ મુવા પછીબી તેઓ ભુલે નહી. **હારમેચીસ** તારી પ્રિતમાં ફસેલી પેલી પાપી ઓરત **ચારમીયન**ને જો કે શું શું કીધું છે! તેણીએ તુને અને મને બંન્ને જનને ખુવાર કીધાં છે. એ ખુવારીનું મુળ કારણ આ ઓરત છે. તું તો મને ખરાં દીલથી ચાહતો હતો, પણ મારા વિચારો

ફેરવનાર આ ફિતુરી ઓરત હતી. ઓ દેખતી આંખે આંધલા બનેલા **હાર-મેચીસ**, જો, તારી આંખો ફોડી જો, કે જે **કલીઓપૅત્રા**ની નાજુક છાતી ઉપર તું તારૂં માથું નાખી આરામ કરતો હતો, તે છાતી અંદર તારી દગલબાજી અકસીરથી કેવી આગ લાગી રહી છે ! ઓ દયાહિન, જો આ મારા હાથ કે જે હાથે તુને બગલગીરી કરી હતી, તેજ હાથની રગે રગમા અગનના ભડકાં ઉઠી રહ્યાં છે ! ! ઓ સંગદીલ કસાઇ, મારા મુંવા પછી એ સરવેની યાદથી તું બલતો રેહજે. મારાં તનબદનની અંદર લાગેલી અગન જેવી આગમા તું સદા જલતો રેહજે. મારી ઉપરના તારા પ્યારની અગન મારા મુવા પછી નવેસરથી તારા દીલમાં સલગી ઊઠે, અને તે અગનની આગમાં તું જીવે ત્યાં સુધી બલતો રેહજે. ઓ **એનટની** મારા જીવનહાર હવે હું તારી પાસે આવુછું.'

'જરા સબર કર. **કલીઓપૅત્રા** તું હજી મરનાર નથી. તારા શ્રાપ લીધા પછી હું તુને તારા **એનટની** પાસ એટલી જલદીથી જવા દેનાર નથી. વાસતે જરા સબર કર, અને જો કે હું તુને શું નવો ખેલ દેખાડું છું.'

એવી રીતે **કલીઓપૅત્રા**ને કહી હું મારી બંદગી કરવા લાગયો :—

'ઓ ગગન મંડલના માલેકો ! ઓ પવિત્ર રૂહની નિગેહબાની કરનાર ફરેસતાઓ ! અને ઓ જગતની હસ્તી અને નિસ્તીના ખાવિંન્દ ! તમો સરવે મારી અરજ સાંભલો. ઓ પવિત્ર **ઓસાઇરીસ**, અને પાક **આઇસીસ** આ પાપી ઓરત **કલીઓપૅત્રા**ને મરતી વખતે તેની કરણીની સિક્લ દેખાડવા મોકલ પેલા **ટાલેમી**ને કે જેનો **કલીઓપૅત્રા**એ ઝેર ખવાડી જાન લીધો હતો ! આવ ઓ **આરસીની** તારી બેહનની સનમુખ તે જેહાનથી આવી આ વખતે ઉભી રેહ, સબબ તારૂં એણે ખુન કીધું હતું ! આવ ઓ માહતમા **સેપા**, જલદીથી આ જગે **કલીઓપૅત્રા** સામે આવી ઉભો રેહ, કારણ એણે તારો જીવ રીબાવી રીબાવી લીધો હતો. ઓ પવિત્ર **મનકવરા**, **કલી-ઓપૅત્રા**એ તારૂં પાક બદન ફોડી તે માહેલો બેમુલ ખજાનો લઇ તેનો ઉપ્યોગ પોતાની હરામ મોજનું ખાતર કીધો અને તારા શ્રાપના કોપની દરકાર નહી કરી, માટે આવ, ઓ મીસરના ઠંભ **મનકવરા**, આ પાપી

ઓરતને તેના કર્મની સજા કરવા આવ! આવો તમે સરવે ન્હાનાં અને મ્હોટાં જેઓ **કલીઓપૅત્રા**ને હાથે નાહેક બેજાન થયાં હોવ, તેઓ સરવે આ વખતે આવી હિંયાં એની નજરે પડો!!!'

આવી રીતે મેં મારી બંદગી ખતમ કીધી, અને તેજ વખતે દીવાનખાનાને છેડે તેણીને હાથે મુવેલાં સરવે આદમીઓના આકારો તેણીને દેખાવા લાગ્યા. તે આકારો મધ્યે **કલીઓપૅત્રા**ની બેહેન **આરસોની**, જેનું **કલીઓપૅત્રા**એ ખુન કીધું હતું, અને **ટોલેમી** જેનો ઝેરથી તેણીએ જાન લીધો હતો, તેઓના દેખાવો જોઇ તે કાંપવા લાગી. ત્યાર બાદ પવિત્ર **મનકવરા**નો દબદબા ભરયો દેખાવ અને માહાતમા **સેપા**નો તુરમંદ આકાર જોઇ તે બીહીકથી ડરી, ચીસ ઉપર ચીસ પાડવા લાગી, અને એ સરવે વચ્ચે પેલા ગુલામો જેઓ ઉપર તેણીએ ઝેર અજમાવી બેજાન કીધા હતા, તેઓના ડરામણા દેખાવો જોઇ તે ધ્રુજવા લાગી.

'જો **કલીઓપૅત્રા.**' મેં મોટે અવાજે કહ્યું. 'જો તારી કરણીની સિક્કલ, અને હવે તું સુખેથી તારા **એનટની**ને જઇ મલ.'

ધાસતી અને ડરથી **કલીઓપૅત્રા**, હવે બીલકુલ હાંરી ગઇ. તેણીની આંખોનું તેજ ઝાંખુ પડી ગયું, અને તેણીની ચીસનો અવાજ રફ્તે રફ્તે દબાતો જતો હતો. પોતાની કરણીના ખ્યાલથી તેણીના હાથ પગમાં ખેચતાંન થવા લાગ્યાં. તેણીની સુંદર તેજવાલી આંખો ફાટી તેમાથી તેણીના ડોલા બાહાર નિકલી પડયા, અને ડચકાં ખાતે અવાજે એક છેલ્લી ચીસ પાડી, **કલીઓપૅત્રા**એ પોતાનો પ્રાણ મુકયો.

અને એવી રીતે મીસરની રાણીનો અંત આવ્યો. મારી ખુવારી કરનાર ઉપર મેં મારૂં વેર લીધું. એટલું છતાંબી મારૂ અંતઃકરણ શાંત પડયું નહી, સબબ **મનકવરાના બાપનો કોપ** હજી મારા સર ઉપર ભમી રેહો હતો.

પણ એ સરવે જે કાંઇ થયું તે ફકત પ્યાર! એક ઓરતના પ્યારને ખાતર થયું હતું.!!!

પ્રકરણ ૩૨ મું.

ચારમીયનનું મરણ—હારમેચીસનું અબુથીસ તરફ નિકલી જવું—સથીના મંદીરમાં માહાતમાઓને હારમેચીસનું શરણે જવું—હારમેચીસને થયલી મોતની સજા.

હા**રમેચીસ** તારો કિનો ખરેખર ગજબ ભરયો છે.' **કલીઓપૅત્રાનો** દેખાવ જોઇ **ચારમીયન** બોલી. ' આ મીસરની રાણી, જેની સિકલ ઉપર એકવાર જગત સારી મરતી હતી, તેનો આ કેવો બદરૂપો દેખાવ !! ઓ **કલીઓપૅત્રા,** આ તારી કેવી હાલત !! **હારમેચીસ, કલીઓપૅત્રાની** લાસને હવે દફનાવવાની તજવીજ કરવી જોઇએ.'

મેં અને **ચારમીયને કલીઓપૅત્રાની** લાસને તેણીના સોનેરી પલંગ ઉપર લેટારી. **ચારમીયને** તેણીના સુંદર કાળા બાલોને સફાઇથી સાફ કરી ખુશબો લગાડી, તેણીના સર ઉપર મીસરનુ તાજ ગોઠવ્યું, અને તેણીના ઠંડા પડી ગયેલા સુદર હાથોને છાતી ઉપર ગોઠવી, પગને સીધા કીધા. તેણીના માથાં ઉપર સુગંધી ફુલોને ભરી તેણીના તન ઉપર કીમતી પોશાક સજ્યો, તથા ઉંચી કીસમના કિમતી જવાહિરો તેણીને ગલે, હાથે અને કાંને સજી, પગમા ઉમદા રેસમી ચંપલ પેહડાવ્યાં.

ઓ સીતારે મીસર ! **કલીઓપૅત્રા** !! તારી આ કેવી હાલત !!!'

'હવે આપણું કામ પુરૂં થયું;' **ચારમીયન** બોલી. '**હારમેચીસ** તારો કિનો હવે લેવાઇ ચુકોછે, અને હવે મારે પણ મારૂં કામ તમામ કરવું છે. સાંભલ **હારમેચીસ** આ જગમા પ્યાર જેવી ચીજ બીજી એકે નથી. એ પ્યારની અગન સાંખી શકે એવું જગકરતાએ કોઇબી આદમી દુનિયામા પેદા કીધુંજ નથી. **કલીઓપૅત્રા** મને ચાહતી હતી, અને હવે જ્યારે તે મરી ગઇ છે, ત્યારે મારે પણ તેણીને જવાબ દેવા જવું જોઇએ. જીવવામાં હવે

મને મજાહ લાગતી નથી. જીવીને કરેલાં પાપોને યાદ કરી દુઃખી થવું, એના કરતા એકદમ મરી જઇ સુખી થવું વધારે બેહતરછે. હું કેવારની મરી ગઇ હોત, પણ તુને આપેલો વચન પાળવા ખાતરજ હું જીવતી રહીછું. હવે સલામ ! **હારમેચીંસ** તુંને છેલ્લી સલામ ! ફક્ત મેં મારી જીંદગીના સુખોની આશા તારી ઉપર બાંધી હતી.. તારી છાતીમાં મારે માટે હજી પ્યાર જેવું કાંઇ છેજ નહી, અને હજી તારી છાતીમા **કલીઓપૅત્રા**નો પ્યાર રહી ગયો છે. જેમ **કલીઓપૅત્રા**નો પ્યાર તું મેલવી શકયો નહી, તેમ તારો પ્યાર હું મેલવી શકી નહી, અને તેથી આપણ બંન્નેની સરજતનો આ હાલ થયો છે. એવી હાલતમા જીવવું ના રવા છે, અને તેથી હું ખુશીથી તારી નજર સામે મરીશ.'

એટલું બોલતાજ પડોસમાં પડેલી મારી અકસીરની શીસી ઉઠાવી તે માહેલી અકસીર તે એકદમ પીઇ ગઇ, અને તેજ ઘડી જમીનપર પડી તેણીએ પોતાનો જીવ પોતાના પેદા કરનારને સવાધીન કીધો.

ચારમીયન આ જેહાંન છોડી ગઇ, અને મને આ સુંદર દીવાનખાનુ હવે દોજખ જેવું ડરામણું લાગ્યું. હવે આ મકાન એકદમ છોડી જવું મેં વાજબી ધારયું, પણ જતી વખતે મેં એક નજર, મારી એક વખતની પ્યારી દીલબર **કલીઓપૅત્રા** ઉપર કરવા ધારી.

મેં એક છેલ્લી નજર **કલીઓપૅત્રા** ઉપર કીધી, અને દીવાનખાનામા કોઇ નહી હોવાથી તેણીના બરફ જેવા ઠંડા પડી ગયલા ફિક્કા ગાલ ઉપર મેં એક છેલ્લું ચુંબન કીધું, અને તેજ ઘડી હું દીવાનખાનુ છોડી બાહાર નિકલી મારાં દીવાનખાનામા **અટુવા**ને જઇ મલ્યો.

મને ઉતાવલમાં આવતો જોઇ **અટુવા** બોલી ઉઠી. 'કેમ કેંવા સમાચાર ?'

'સરવે વાતનુ સેવટ આવી રેહું **અટુવા**.' મે જવાબ દીધો. '**કલીઓપૅત્રા** મરણ પામી. તેની દાસીબી મુઇ, અને **ચારમીયને** પોતાનો જીવ આપ્યો. ફકત હુંજ હજી જીવતો રહ્યો છું. હવે હિંયાં રહેવામા સાર નથી, આપણને એકદમ **અબુથીસ** તરફ નિકલી જવું જોઇએ.'

* * * *

અટુવાને લઇ હું **અબુથીસ** જવા નિકલી પડયો. શેહરમા શોર મચી રહ્યો.

કલીઓપેંત્રાના મરણની ખબર ચોતરફ ફેલાઇ ગઇ, અને **સીઝરનું** લશકર મીસરમાં ફરી વલ્યું.

અને એ રીતે મીસરનો મનમોહન માહાતાબ ગુરબ થયો !!!

* * * *

આઠ દીવંસની સફર બાદ હું અને **અટુવા**, **અબુથીસ** ખાતે આવી પુગ્યાં. **અટુવા** પોતાને મકાને ગઇ, અને હું **સથી**ના મંદીરમાં દાખલ થયો.

તે દીવસે મોટો ઓચ્છ હોવાથી સરવે માહાતમાઓ બંદગી કરવા મંદીરમા એકઠા મલ્યા હતા. તેઓમાથી કેટલાકોએ મને તુરતજ પીછાન્યો.

'આ તો પેલો વિદ્વાન **ઓલીમપસ** છે? એ તો **કલીઓપેંત્રા**ની નોકરીમા હતો? **ઓલીમપસ**, હમુને ખબર મળી છે, કે રાણી **કલીઓપેંત્રા** મરણ પામી. શું એ ખરી વાત છે?'

'હા ઓ નામવરો, હું તેજ ખાકસાર બંન્દો **ઓલીમપસ** છું.' મેં જવાબ દીધો. '**કલીઓપેંત્રા** મરણ પામી એ ખરી વાત છે. મેં તેણીનો જીવ મારે હાથે લીધો છે.'

'તારે હાથે **કલીઓપેંત્રા** મુઇ!' એક જન બોલ્યો. 'એના જેવું નેક કામ બીજું તેં કાંઇબી કીધું નહીં હશે.'

'સાંભલો મેહેરબાનો, મારી સરવે હકિકત સાંભલો.' મે જવાબ દીધો. 'આજથી અગિયાર વર્ષની વાત ઉપર આ મકાન મધ્યે માહાતમા **ઓમનાંમાહત** સાથ તમો સરવે જન એકમત થઇ **હારમેચીસ** નામના એક શખ્સને છુપી રીતે મીસરનું રાજ **કલીઓપેંત્રા**ના હાથમાંથી છીનવી લેવા પાક કેસમ આપી રવાના કીધો હતો.'

'હા. તે વાત ખરી છે **ઓલીમપસ**?' એક જન બોલ્યો. 'પણ તે દગલબાજે હમુને દગો દીધો. તે નાપાકે મીસરની ખુવારી કીધી, અને

મનકવરાનો ગુપ્ત ખજાનો તે ફિતુરીએ લુટાવી દીધો. ખુદા **માલમ** તેનુ શું થયું. હજી તે હમારે હાથ સપડાયો નથી.'

'ખરી વાત છે.' મે કહ્યું. 'તે દગલબાજ થયો, પણ પોતા ઉપર પડેલા **મનકવરાના** શ્રાપનો કોપ તેને સર હજી ભમે છે, અને તે તમારે હાથે મરવા તૈયાર છે. **હારમેચીસ**, **કલીઓપૅત્રા**ની પ્રિતમા પડયો એ વાત ખરી છે. પણ અંતે તેનેજ હાથ **કલીઓપૅત્રા** મુંઇ છે. **કલીઓપૅત્રા**ને મારી **હારમેચીસે** પોતાનો કીનો લીધો છે. સાહેબો, હુંજ તે **હારમેચીસ** છુ! તમારે જોઇયે તે સજા હવે મારા હકમાં ફરમાવો, સબબ દગલબાજી કરી હું તમારો ગુનેહગાર થયો છું.'

આ મારા સખુનો સાંભલી કેટલાકો ચુપ થાઇ ગયા. કોઇ કાંઇ બોલ્યુ, કોઇ કાંઇ બોલ્યું. દીવાનખાનામાં શોર મચી રહ્યો. અંતે મેં પાછું બોલવા માંડયું :—

'હા હુંજ તે **હારમેચીસ**. હુંજ તે દગલબાજ. હુંજ તે ફિતુરી છું. હું દેશ ખેશ અને ધરમની તરફ નિમખહરામ થયો. મે પવિત્ર મંદીરોને તારાજ કરાવ્યાં, અને પવિત્ર **મનકવરાના શ્રાપનો કોપ** મેં મારે માથો ખેચી લીધો, તેની સજા મને થવીજ જોઇએ. ઓ મીસરના માહાતમાઓ, ફિતુરી અને દગલબાજોને જે સજા થવી જોઇએ તે સજા તમે મારા હકમો ફરમાવો, હું તેથી રાજી થઇશ.'

તેઓ સરવે જન હવે એકમેક સાથ મસલત કરવા લાગ્યા, અને અંતે એક ઠેડાવ ઉપર આવી તેઓમાંથી એક જઇફ માહાતમાએં બોલવ માંડયું:—'**હારમેચીસ**, હમોએ તારી હકિકત સાંભલી તે ઉપર પુરતો વિચાર કીધો છે. તારો ગુન્હા નહી માફ થાય એવો છે. મીસરની ખુવારી કરનાર અને **મનકવરાનો ગુપ્ત ખજાનો** લુટાવનાર તું પોતે છે, અને તેમ કરી તુંએ લીધેલા પાક અને પવિત્ર કસમનો તુએ ભંગ કીધો છે. એ ગુન્હાની સજા કેવી છે તે તું જાણુતો હતો, છતાં તુંએ તેની દરકાર કરી નહી. માટે તારા ગુન્હાની સજા તુને બેશક થવી જોઇએ, એવો હમારો સરવેનો વિચાર છે. **કલીઓપૅત્રા**ને તેં જાનથી મારી, તેથી તારા વાંકની સજામાં કાંઇ ફેરફાર

થાઇ શકતો નથી. તેમજ ચોલીચલાવી હમારી પાસ આવી તુએ તારા ગુન્હાનો એકરાર કીધો, તેથી તું ગુન્હેગાર નથી એમ હમો માનતા નથી. **મનહુવરાના શ્રાપનો કોપ** તારી ઉપર કોઇબી રીતે ઉતરવો જોઇએ. વાસતે ઓ દગલબાજ શખ્સ, હમો તુને હમેશના કાયદા પ્રમાણે મોતની સજા ફરમાવીએ છૈયે. તારી ગરદન તારા ધરથી છુટી પાડવાનો વધુ હુકમ જલ્લાદને હમો કરીએ, તે આગમજ આ મંદીરના એકાંત બંદીખાનામા તુને કેદ કરવાનો હમે હુકમ કરીએ છીયે.'

તેઓ તુરતજ મને પકડી દીવાનખાનાંમાંથી લઇ ગયા, અને હું તેમને નમી મારી સરજતને શરણ થયો.

અફસોસ ! મારી સરવે નામોશીમાં સરવેથી ભારી આ નામોશી હતી.

પ્રકરણ ૩૩ મું.

સેવટ.

એક સિહા બંદીખાનામા મને બંદીવાન તરીકે તેઓએ કેદ કીધો. હું જાણુતો નથી કે મારી ગરદન મારવા જલ્લાદ કયારે પોતાની તલવાર લઇ આવશે.

દીવસો પાછલ દીવસો અને અઠવાડીયાં પાછલ અઠવાડીયાં વહિ ગયાં, અને મહીનાઓ થાઇ ગયા, પણ હજી મારી ગરદન મારનાર જલ્લાદે પોતાની સિકલ મને દેખાડી નહી. હું જાણુતો હતો, કે મને મોતની સજા કરનારાઓ પોતાનો હુકમ હવે કદીબી પાછો ફેરવનાર નથી અને તેઓ પોતાનો હુકમ પાછો ફેરવે એ મને હવે પસંદબી નથી, સબબ આ જગમાં હવે મને જીવવા ગમતું નથી, અને પેલી અમર્ગ દુનિયાનો ખ્યાલ મને હરપલ આવતો હોવાથી હું ત્યાં જવા ઇનતેજાર બની રહ્યો હતો.

કદાચ જલ્લાદ હમણા આવતો હશે. કદાચ મારી જીંદગીના હેવાલના આ છેલ્લા શબ્દો કાગજ ઉપર હું લખુછું તેટલામાં તે આવી પુગશે, અને મારી ગરદન મારી મને સદાનો સુખી કરશે.

પણ હજી તે આવ્યો નહી.

મારી જીંદગીના અરસામાં બનેલા સરવે બનાવોનો સમપુરણ હેવાલ મેં લખી કાહડયોછે, અને તેમાં કાંઇબી જાણવા જોગ હવે રહી ગયું નથી, એમ મારા વાંચનારાઓએ નક્કી જાણવું.

કલીઓપૅત્રા ઉપર હું મારૂં વેર લઇ ચુકયો એટલે મને નિરાંત થઇ. પણ હજી તેની પ્રિતની મૌજમા મેં ગુજારેલી ઘડીની યાદ મારાં મગજમાંથી જતી નથી, અને તેણીને યાદ કરતાજ તેની મનમોહન મુરત મારી નજર રૂબરૂ આવી ખડી રેહછે.

'ઓ **કલીઓપૅત્રા** કેમ કરી તારી યાદ હું દીલથી ભુલું !! તારી સાથ ગુજારેલા સુખી દીવસો–ઓ તે દીવસોની મીઠી યાદ—ઓ તે મીઠી ઘડી—ઓ તે મીઠી મનમોહન મુરતની સુંદર સિકલ અને તેણીના પરવાલાં જેવા હોઠ ઉપર હોઠ મુકી મેં કરેલાં—

*   *   *   *   *

*   *   *

આ વારતાના લખાન બાબે કરતાનો ખુલાસો.

* હારમેચીસનો હેવાલ આ ઠેકાણે એકદમ બંધ પડયોછે. કરતા એવું અનુમાન કરેછે કે **હારમેચીસ** કાંઇ આગલ લખવા જતો હતો, તેટલાં તેને કતલ કરનાર જલ્લાદ આવી લાગ્યા હશે, અને તેથી તે વધુ લખાન કરતો રહી જવો જોઇએ.

સમાપ્ત.

મીસ્ત્રી પ્રીંટીંગ વર્કસ, કાલબાદેવી રોડ, મુંબઈ.

અંતે હવે છપાઈ બાહાર પડશે!

વેલાતનાં કાળાં મેંઢાં.

૧૮૯૨-૯૪ ના સાલમા મારી કલમથી લખાએલી '**વેલાતનાં કાળાં મેંઢાં**' એવે નામની વારતા નાંનાં ભાગોમાં છપાવવા માંડી હતી. એ વારતાના તે વખતે ૩ ભાગો જુદી જુદી વખતે ૧૮૯૨ થી ૧૮૯૪ સુધીમાં છપાઇ બાહાર પડયા હતા, અને તેની પુરેપુરી ૩૦૦૦ નકલ છપાઇ વેચાઇ ગઇ હતી, પણ પાછલથી ચોકસ કારણોને લીધે એ વારતાના બીજા ભાગો આગલ છપાવવા બંધ કરવા પડયા હતા.

હવે જણાવવાને ખુશી ઉપજે છે કે આ રસીલી વારતાનો છેલ્લો ભાગ (એટલે ચોઠો ભાગ) છપાવવાની ગોઠવણ થઇ છે.

એ ચોથા ભાગમા એ વારતા પુરી થશે.

શોખીન વાંચનારાઓને જણાવવામાં આવે છે કે આ વેલાતનાં કાળાં મેંઢાંની વારતાના **જેઓ આગમજથી ઘરાક થશે તેઓને** તેજ કીમતમાં એ વારતાના આગલ છપાઇ ગએલા પેહલા, બીજા અને ત્રીજા ભાગની એક એક નકલ કાંઇબી વગર દામે મલી શકશે.

લગભગ ૪૦૦—૪૫૦ સફાનુ એ એક આખુ દલદાર પુસતક થશે. અને તેની કીમત રૂ. ૨-૮ ઠેરવી છે.

આગમજથી જેઓને ઘરાક તરીકે નામ નોધાવવું હોય તેઓએ પોતાનુ નામ ઠામ વીગતવારે નીચલે ઠેકાણે મોકલી આપવાં. પુસતક પ્રગટ થવે વી. પી. પો. મારફતે મોકલી આપવામા આવશે.

ગીલડર સ્ટ્રીટ,
એડવર્ડ બીલડીંગ,
ગ્રાંટરોડ,—મુંબઇ.

ડી. એન. પટેલ.